
# યુગ પુરુષ



With Best Compliments
*Prakashchandra C. Shah & Family*
*(Valad wala)*

પંન્યાસ ચન્દ્રજિતવિજય

ચરમતીર્થપતિ શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# યુગપુરુષ

- પંન્યાસ ચન્દ્રજિત વિજય


પ્રકાશક

શ્રી તપોવન વિદ્યાલય • વર્ધમાન સંસ્કાર ધામ-મુંબઈ • શ્રી મહાવીરપુરમ્-અમદાવાદ

**લેખક :**

પૂજ્યપાદ યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર

**ગુરુદેવ ચન્દ્રશેખર મહારાજાના શિષ્ય**

**પંન્યાસ ચન્દ્રજિત વિજય**

**મુદ્રણ વ્યવસ્થા :**

**જૈનમ્ ગ્રાફીક્સ**

અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૬૨૭૪૬૯

**પ્રાપ્તિસ્થાન :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

ચંદનબાળા કોમ્પલેક્ષ, ફતેહપુરા પોસ્ટ ઓફિસ પાસે, પાલડી, અમદાવાદ.

**વર્ધમાન સંસ્કારધામ**

ભવાની કૃપા બિલ્ડીંગ, પહેલા માળે,


ગિરગામ ચર્ચની સામે, ઓપેરા હાઉસ, મુંબઈ-૪.

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ**

સુભાષચોક, ગોપીપુરા, સુરત.

**પ્રકાશન :** સં. ૨૦૭૧, માગસર વદ-૪, તા. ૧૦/૧૨/૨૦૧૪

**પ્રત :** ૫૦૦૦ **મૂલ્ય :** રૂ. ૨૫૦





# સમર્પણ...

દીર્ઘ સંયમી માતૃહૃદયા
સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના કર કમલમાં...
જેમનું મૌન, શબ્દ કરતા ય વધુ બોલે છે.
જેમનો પ્રશમ ગંગા પ્રવાહ જેવો છે.

\- ચન્દ્રજિત વિજય

પ.પૂ.સાધ્વી શ્રી મહાનંદાશ્રીજી
મૌન સમર્પણ અને બોલતી શ્રધ્ધાનું પ્રતિક

## ઋણ - સ્વીકાર

* પંન્યાસ ઇન્દ્રજિતવિજય નાનાભાઈ હોવા છતાં તેમણે મને શ્વાસની જેમ સાથ આપ્યો છે.

* યોગેશ મ. શાહે (મુંબઈ) સમગ્ર પુસ્તકની દિલ દઈને સજાવટ કરી છે. તેમના માર્મિક સૂચનોના લીધે પુસ્તક વધુ રૂડું બન્યુ છે.

# ચરિત્ર કથાની સર્જન કથા...

सुचीनां श्रीमतां गेहे योग भ्रष्टो डभि जायते...

ગત જન્મની અધુરી સાધનાને પૂર્ણ કરવા યોગીઓ માનવ અવતારને પસંદ કરે છે...

ઈન્દ્રવદન તરીકે જન્મ, જીવનનો આરંભ તે સાધનાની અપૂર્ણતાનું પ્રતીક હતું. મુનિ ચન્દ્રશેખરવિજયજી તરીકેની યાત્રા તે અધુરી સાધનાપથના પ્રારંભની યાત્રા છે અને પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી તરીકે જીવનને કરેલી અલવિદા તે સાધનાની ફલશ્રુતિ છે. ગુરુદેવ માટે કાર્ય મુક્તિ તે મોક્ષ ન હતો. ગુરુદેવ માટે નિષ્કામ કાર્ય કૃતિ (કાર્ય કરતા રહેવું) તે જ મોક્ષાનંદ હતો. અમે ગુરુદેવને રાત્રે હતાશ જોયા છે, પણ સવારે પુનઃ પાવર હાઉસ તરીકે ધમધમતા જોયા છે.

ન્યુ કૉર્પોરેટ વર્લ્ડમાં સ્ટીવ જૉબ્સ-જે એપલ કંપનીના CEO હતા તેને માટે ચેલેન્જ તે સ્ટ્રગલ ન હતી. તે ચેલેન્જ શોધતા હતા. કંઈક તેવી જ ઝનૂની શક્તિ સાથે સામાજિક અને ધાર્મિક જગતમાં ચન્દ્રશેખર મહારાજનું આગમન થયું. સ્ટીવ, એક કંપનીને દોડતી કરવા આવેલા, પણ ચન્દ્રશેખર મહારાજ તો વ્યક્તિને કંપની બનાવવા આવ્યા હતા. એક એક વ્યક્તિ ઉત્પાદન ક્ષમ બને તે જ તેમનું મિશન હતું.

આ ગુરુદેવનો દેહ સન. ૨૦૧૧માં છુટી ગયો. ૭૭ વર્ષના જીવનને અક્ષર રૂપે સ્થાપિત કરવાનું કામ આસાન ન હતું. આ તો પડકાર હતો. સન. ૨૦૧૩નું મારૂ ચાતુર્માસ નારણપુરામાં હતું. અનન્ય વફાદાર ગુરુભક્ત લલિતભાઈ મારી પાસે આવ્યા અને મને કહે છે કે ''ગુરુદેવશ્રીનું જીવન ચરિત્ર પ્રગટ કરવાનું છે, આપ લખશો'' ?

ગુરુદેવનું શિષ્યવૃંદ કલ્પવૃક્ષ જેવું છે. જેવા માંગો તેવા મહાત્મા મળી રહે. આ શિષ્યવૃંદમાં જ્ઞાની, વક્તા, તપસ્વી, લેખક, વૈયાવચ્ચી, સંયમી, સંગ્રાહક, આદિ અનેક છે. તેમાં મને યાદ કર્યો તે મારા માટે ભેટ હતી કે પડકાર, તે હું નક્કી ન કરી શક્યો. બે ચાર દિવસ વિચારવાનો સમય લીધો. છેવટે આ કાર્યમાં નિમિત્ત બનવાનું મેં પસંદ કર્યુ.

શા માટે પસંદ કર્યુ ? તેના થોડા કારણોમાં ગુરુદેવ સાથે સૌથી વધુ રહેવાનું મારું સદ્‌ભાગ્ય હતું. ગુરુદેવને ખૂબ નજીકથી મેં માંણ્યા છે. હું ગુરુદેવ સાથે કેવલ આસ્થાથી જોડાયો છું. માટે મેં આ કાર્યને સંપન્ન કરવા મન બનાવ્યું.

પૂ. ગુરુદેવશ્રીની આંતરિક ઇચ્છા એવી હતી. કે ''મારું જીવન કોઈ ગૃહસ્થ લેખક પાસે ન લખાવવું.'' સૌથી મહત્ત્વપૂર્ણ બાબત તો એ છે કે પૂ. પંન્યાસ ગુરુદેવ શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના સેંકડો શિષ્યોમાં પૂ. ગુરુદેવશ્રીને ખુબ નિકટથી માણવાનો લાભ મને મળેલ છે. તે મારું સૌભાગ્ય છે. વળી તેમની નિકટતાને લીધે તેઓની અનરાધાર કૃપાનો ભાગી હું બન્યો છું. અને તેમના અમૂલ્ય વિચાર વારસાને જીવન રૂપે દર્શાવવાનું સદ્‌ભાગ્ય પણ મને સાંપડ્યું, માટે મેં લેખન કાર્ય શરૂ કર્યુ. સૌથી મુખ્ય કારણ, આ જાજરમાન જીવનને ઈતિહાસ રૂપે ઢાળવામાં નિમિત્ત બનવાની તક મને મળે તે તો મારા જીવનની સાર્થકતા છે.

જ્યારે લલિતભાઈ આ ભલામણ લઈને આવ્યા ત્યારે મને મારા માટે શંકા હતી કે ''આ જીવનની હકીક્તો રજૂ કરવામાં હું તે જીવનને ક્યાંય અન્યાય તો નહી કરી બેસું ને ?'' પરંતુ લખતા લખતા મા સરસ્વતીની તીવ્ર કૃપાથી આ કામ શક્ય બન્યું.

અંગત સ્વાર્થની વાત કરું તો ૪૧ વર્ષ ગુરુદેવ સાથે રહેવા છતાં ગુરુદેવ સાથે જે તન્મયતા ન આવી તે તન્મયતા આ લખવાના ૪૧ દિવસમાં આવી છે. ખુબ ઓતપ્રોત થતો ગયો. આ તન્મયતા મારા મોહની શાંતિ માટે ઔષધ બનશે તે શ્રદ્ધા છે. આ પણ ગુરુદેવનો જ ઉપકાર ને ?

સમગ્ર જીવનની ઘટનાઓનું સંકલન કરીને લખવાનું કામ અઘરું લાગ્યું. ગુરુદેવનું જીવન તો એકલા પ્રસંગોથી જ ભરપુર છે. કોકને જીવન માટે શું લખવું તે સવાલ હોય પણ મારા માટે સવાલ તે હતો, શું છોડવું ? છતાં મારી અતિ અલ્પ બુદ્ધિથી જેટલું શક્ય બન્યું એટલું સમાવવાનો પ્રયાસ કર્યો છે. છતાં ઘણું છોડી દેવું પડ્યું છે. તો ખબર જ ન હોવાના કારણે ઘણું છુટી ગયું છે.

યાદ રહે માનવજીવન છે, મુનિજીવન છે, વળી છદ્મસ્થજીવન છે. માટે ચન્દ્રશેખર મહારાજના જીવન બાગમાં, ગુલાબ છે તો કાંટા પણ હોવાનાને ? ગુલાબને લીધે કાંટાની હાજરી ઢંકાઈ જાય છતાં કાંટાની હાજરી હોય તો ખરી જ. એટલે પ્રસ્તુત ગ્રંથમાં ક્યાંક જીવનની વાસ્તવિકતા રજૂ કરાઈ છે તે બાબતના ઉલ્લેખ વિના મને જીવન લેખનમાં અન્યાય થતો જણાતો હતો. માટે મેં ઉલ્લેખ કર્યો છે. ચિત્રનું સૌન્દર્ય બધા જ કલરના સમાવેશથી થાય, કાળો કલર પણ ચિત્રનું જ સૌન્દર્ય છે તે ન ભૂલશો.

આ લખાણને પૂર્ણ કરવા શીલજ પાસે કલ્હાર બંગલોઝ નામની સોસાયટીમાં, આવવાનું નક્કી કર્યું. ખુબ રળીયામણું સ્થાન છે. શ્રીયુત મુકુલભાઈ તેલીના બંગલાની બાજુમાં ખાલી બંગલો હતો. તેમાં રહેવાનું ગોઠવાયું. સંજયભાઈના ઘરમાં ૫૦૦ વર્ષ પ્રાચીન ગૃહ ચૈત્ય છે. પરમાત્મા અજિતનાથની પુણ્ય નિશ્રામાં આ પરિવાર ખુબ જ ભાવના આસ્થા સંપન્ન છે.

શ્રીમતિ ઈશાની બહેને અમને દીદી બનીને સાચવ્યા છે. જીવદયા ટ્રસ્ટ સાથે જોડાયા છે. નાના-પંખી, રખડતા કૂતરા વગેરે ૪૦૦-૫૦૦ જીવોની દિલ દઈને સેવા કરે છે. ઈશાની બહેનનું સમગ્ર અસ્તિત્વ દયા મય છે. કલ્હારમાં લઈ આવવાનું કામ ઋષભ (આલુ) ફોજદારે કર્યું. આ છોકરો પણ ઈન્દ્રજિત વિજયનો પરમ ભક્ત છે. આવા બધા સજ્જનોની મદદથી લેખન કાર્ય આસાન બન્યું. માટે તેમનો સહુનો ઋણી છું.


અનેક પરિબળોના જોરે આ કાર્ય સંપન્ન થયું છે. જિનાજ્ઞા વિરુદ્ધ કે પૂ. ગુરુદેવના વિરાટ જીવન વૃક્ષના કોક પાંદડાને કે થડને હું ન સમાવી શક્યો હોઉં તો તેનું મિચ્છામી દુક્કડમ્.

લિ.

**પં. ચન્દ્રજિતવિજયજી**

કલ્હાર બંગલોઝ, શીલજ

વિ.સં. ૨૦૭૦ વૈશાખ સુદ-૧૨



* પરમ ગુરુદેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મ.સા. તથા મુનિશ્રી ચન્દ્રશેખરવિજય
* શિષ્યસ્તેઽહં... હું આપનો શિષ્ય છું. આપની ખુશી, મારો ખજાનો

# ૧ યોગીની અગમવાણી

''કાન્તિ ! તારા આ બેય બાળકોને હું ઉપાડી જઈશ'' આ વાક્ય એક જૈન ઋષિનું હતું જેમનું નામ પૂજ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ. કર્મ શાસ્ત્ર નિપુણમતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. છે. બે બાળકોમાં એક હતો ઇન્દ્રવદન, જેની ઉંમર માત્ર ત્રણ વર્ષની હતી. બીજી હતી તેની બહેન મંજૂલા, જેની ઉંમર માત્ર બે વર્ષ હતી. યોગીઓના શબ્દો વાસ્તવિકતાનું બીજ હોય છે. મુંબઈના અંધેરીના ઉપાશ્રયમાં બોલાયેલા આ શબ્દો વિ.સં. ૨૦૦૮- વૈશાખ વદ-૬ના દિવસે ભાયખલા (મુંબઈ)માં વાસ્તવિકતા રૂપે પ્રગટ થયા. કેવલ ૧૮ વર્ષની નવયુવાન ઉંમરે મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી તરીકે ઇન્દ્રવદનનો પુનર્જન્મ થયો. આ વાસ્તવિકતાના દર્શન તે યોગીને, કદાચ પંદર વર્ષ પૂર્વે થઈ ચૂક્યા હશે !!!

પારિવારિક પાર્શ્વ ભૂમિકા જોવા જાઓ તો દીક્ષા જીવન શક્ય ન બને તેવું જણાય.

મુંબઈ શહેર. અત્યંત ધનાઢ્ય પરિવારમાં જન્મ, લાડ-કોડ ભર્યા વાતાવરણમાં ઉછેર, ભરપુર સુવિધા સાથેના વૈભવી જીવનનો આરંભ. આવા અનેક પરિબળો, કઠોર ચારિત્ર જીવન માટે સંપૂર્ણ પ્રતિકૂળ હતા. છતાં ગત જન્મની અધુરી સાધનાની પૂર્ણાહૂતિના મજબૂત સંકલ્પના બળે, કે ગત જન્મમાં રડી-રડીને કરેલી પ્રાર્થના''હે કિરતાર ! મને આવતા જન્મમાં ચારિત્ર જ ખપે છે''ના બળે આ શક્ય બનેલ છે.

સાધનાનો સંકલ્પ કે પૂર્ણ પ્રાર્થનાના બળે એક આત્મા, પ્રતિકૂળ સંયોગોના હિમાલયને ઓગાળીને ચન્દ્રશેખરવિજય બને છે.

જો કે ઇન્દ્રવદને ચન્દ્રશેખરવિજય બનવા માટે અનેક અવરોધોને પાર કરવા પડ્યા છે. ધન અને સાધનને સન્માર્ગે વાપરનાર ધનાઢ્ય પરિવારોના વડિલો, પોતાના સંતાનને સર્વવિરતિના સન્માર્ગે વાળવા માટેનું પરાક્રમ-બતાડવા સમર્થ ન હોય, તે સ્વાભાવિક છે.

વિકટ સ્થિતિ વચ્ચે વિરાટ મનોબળ હારે શેનું ? ચાલો હવે આપણે ઇન્દ્રવદનની વિકટ વિકાસ યાત્રાના હમસફર બનીએ. ''વર્ધમાનને પ્રભુ મહાવીર બનવાનું છે.'' તે વાત ગર્ભની પ્રથમપળથી જ નિશ્ચિત હતી. માટે એમ કહી શકાય કે વર્ધમાન, મહાવીર બનવાની યોજનાને સમયે સમયે આગળ વધારતા રહે છે. વર્ધમાનનો પ્રભુ મહાવીર બનવાનો પ્રવાસ રિઝર્વેશન સાથેનો હતો. વિકટ હોવા છતાં નિશ્ચિત હતો. મંજિલ તરફ જ તેમના કદમ હતા.

વર્ધમાન તે ગણિતનો દાખલો છે, તો પરમાત્મા મહાવીર દેવ તે જવાબ છે.

પણ ઊભા રહો, ઇન્દ્રવદનમાંથી મુનિ ચન્દ્રશેખરવિજય તરીકેનો પ્રવાસ, પ્રવાસ ન હતો પણ ખોજ હતી. ''ઇન્દ્રવદનમાં ચન્દ્રશેખરવિજય બનવાનું નક્કી જ હતું.'' તેવું કહેવું દુષ્કર છે. માટે આ પ્રવાસ અનિશ્ચિત ગન્તવ્યનો હતો, તેથી જ ખોજ છે અને તેથી જ આ યાત્રા વિકટ છે. યાદ રહે અહીં વિજય પ્રાપ્તિ માટે પરાક્રમ છે, પણ વિજય નિશ્ચિત નથી.

રાધનપુર નિવાસી પ્રતાપસીભાઈનો પરિવારમાં બે, દિકરા, જીવાભાઈ બાપાજી અને કાન્તીભાઈ પિતાજીનો પરિવાર ખૂબ સંસ્કારી જૈન પરિવાર હતો. *ચુસ્ત જૈન સંસ્કારોથી વાસિત તે પરિવારની* જીવન શૈલી હતી, અને પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યપાદ રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સત્સંગમાં વસનારો આ પરિવાર હતો. જોકે જૈન ધર્મના પ્રારંભિક સંસ્કાર તેમના જીવનમાં પૂજ્યપાદ વલ્લભસૂરીશ્વરજી મ.સા.ના કારણે પ્રવેશ્યા હતા. રાધનપુરના રહીશ જીવાભાઈ શેઠ વલ્લભસૂરિજી મ.સા.ના સત્સંગમાં આવેલા હતા તેથી સંસ્કાર અને સત્સંગનો સંયોગ, તે પરિવારનાં સાતેય સંતાનોને પ્રાપ્ત થયો હતો.

પણ સબૂર ! સંસ્કાર અને સત્સંગ સાતેય પાસે હોવા છતાં ચન્દ્રશેખરવિજય અને સાધ્વી મહાનંદાશ્રી, બે જ સંત બને છે બાકીના પાંચ સાંસારિક જીવનને વરે છે.

સંસ્કાર કે સત્સંગથી, ખાનદાન કે ધાર્મિક બની શકાય. પણ સંત બનવા ''સત્વ'' અનિવાર્ય છે, જે સત્વ ઇન્દ્રવદનના આત્માના અણુ-અણુમાં જાગ્રત થાય છે. આ સત્વને જગાડનાર ''ચિનગારી'' કોણ છે ?

તે ચિનગારીનો સમગ્ર જૈન સંઘ, યુગો સુધી ઋણી રહેશે. પ્રત્યેક આત્મા, સમાન સત્વનો માલિક છે. પણ ચિનગારી તો કો ક, વિરલાને જ સાંપડે છે. આ તે ચિનગારી છે જેણે જૈનસંઘને પંન્યાસ ચન્દ્રશેખરવિજયજીની ભેટ આપી, અને ભારતીય સંસ્કૃતિને વીર સપૂત ચન્દ્રશેખરવિજય મળ્યા. આ તે ચિનગારી છે. જે હજારો યુવાનોને જીવન દીપની ભેટ આપે છે.

જિનશાસનની પ્રભાવના કરનાર અનેક મહાત્માઓ, શ્રીસંઘને વારંવાર મળતા રહ્યા છે, પણ ચારપુરુષાર્થ પ્રધાન ભારતીય સંસ્કૃતિની સુરક્ષા માટે આહલેક જગાડનાર જૈન સાધુ, કેવલ પંન્યાસ ચંદ્રશેખરજી જ દેખાય છે...



હસતું બાળપણ



* તારા આશિષથી મારી જીંદગી બનશે

* જન્મદાત્રી માતા દ્વારા જિનશાસન માતાની સેવાના પ્રયાણને લીલી ઝંડી...

## ૨

# "બેટા ! શાસન દિપક બનજે"

તે સુશ્રાવિકાનું નામ સુભદ્રા હતું.

તે સુશ્રાવક કાન્તીભાઈના ધર્મપત્ની હતા. સગર્ભા હતા. વિ.સં. ૧૯૯૦ ફાગણ સુદ પાંચમના દિવસે સુભદ્રા બહેને એક દિકરાને જન્મ આપ્યો. માતા ભાનમાં આવે છે. બાળકને માતા, સૌ પ્રથમવાર હાથમાં લે છે. વ્હાલનો સાગર હિલોળા લે છે. સ્તનપાનની ક્રિયાનો પ્રારંભ કરતા પહેલા જિનશાસનની આ મહાન્ શ્રાવિકા પોતાના પ્રથમ સંતાનના કાનમાં નવકાર સંભળાવે છે અને તેના કાનમાં એક ચિનગારી જેવું વાક્ય વહેતું કરે છે. "બેટા! શાસન દિપક બનજે" આ ચિનગારી જ જાજરમાન સત્વની ઉદ્દીપક બની હશે અથવા તો આ વાક્ય, માતૃભાવનાનું પ્રતિબિમ્બ છે, માતૃ મોહનું નહી.

માતાનું આ વાક્ય કેવલ કથન હતું કે માતાનું પોતાના દિકરા માટેનું આયોજન ? તે સમજવા અનેક પડાવો પસાર કરવા પડશે.

તે સન્નારીને જિનશાસન કેટલું વ્હાલું હશે ! "કુદરતની પ્રિયતમ ભેટ જેવા પોતાના પ્રથમ સંતાનને તે, જિનશાસનના ચરણે ધરવા તત્પર બન્યા."

સુભદ્રા બહેનના સમગ્ર અસ્તિત્વમાં જિનશાસન માટેનું અમાપ બહુમાન ગૂંજતું હશે અને એવું કહી શકાય કે "નવ મહિના સુધી સતત પ્રભુ શાસનને અદ્દભૂત ભેટ ધરવાના ભાવોથી પોતાના સમગ્ર અસ્તિત્વને ભરી દીધું હશે," જેના રૂડા પ્રભાવે જૈન સંઘને જીવન્ત શાસન પુરુષ જેવા પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી સાંપડ્યા. જેમ સગર્ભા જિજા માતાના ભાવોમાંથી મહાન્ પરાક્રમી શિવાજી મહારાજ મળ્યા, તે જ રીતે સુભદ્રા બહેનના ભાવોએ સદીના યુગ પુરુષ, જિનશાસનને આપ્યા આ માતાએ પોતાનું પ્રથમ વ્હાલ, દૂધ રૂપે વહાવાને બદલે શબ્દ રૂપે વહાવ્યું.

ધન્ય માતા જેને ઉદરે અવતરીયા.....માનવ જગત્‌ને માતાઓએ જેટલી મદદ કરી છે તેટલી પિતાઓએ નથી કરી....

દેશને નેતાની જરૂર હતી, માતાએ આપ્યા. યુદ્ધમાં શુરવીરોની જરૂર હતી, માતાએ પોતાના નવલોહીયા રવાના કર્યા.

રાષ્ટ્ર નિર્માણ માટે શિક્ષકની જરૂર હતી, માતાએ શિક્ષક પેદા કર્યા.

જૈન સંઘને પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી જેવા ધરખમ પુરુષની જરૂર હતી. સુભદ્રા બહેન નામની માતાએ કમર કસવાની શરૂ કરી. ધનવાન પરિવાર વિરતિધર્મના ધારકોને પ્રગટ કરવામાં રણભૂમિ જેવો ઉખર સાબિત થયો છે. ધનને પ્રતિષ્ઠા ફાવે છે. વિરતિને નિષ્ઠાની જરૂર હોય છે, પણ શેઠ જીવતલાલ પ્રતાપશીના પરિવારે ધનવાન પરિવારોના માથે લાગેલા કલંકને નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો હોય, તેવો માહોલ, મા સુભદ્રાએ સર્જ્યો.

ઇન્દ્રવદનને દૂધ પીવડાવતા પીવડાવતા માતા દિકરાની આંખમાં આંખ નાંખીને એક ભાવ સતત વહાવતી ''બેટા ! તું ધન વૈભવનો ભોક્તા બનવા માટે નથી સર્જાયો. તું તો ધર્મ વૈભવને ફેલાવનાર વકતા બનવા સર્જાયો છે.'' માતા ખૂબ વ્હાલ કરતી અને વ્હાલના પેકીંગમાં શાસન ભક્તિને મૂકતી જતી. સુભદ્રાબહેનની પ્રત્યેક ચુમીમાં શાસનરસનું સંક્રમણ ઇન્દ્રવદનના હૃદયમાં થતું હતું.

સાત ભાઈ બહેનોના જુથમાં ઇન્દ્રવદન સૌથી વધુ ધાર્મિક હતો. નવ વર્ષના ઇન્દ્રવદનના અંતરાત્મામાં શાસનરસની પ્રતિતી પ્રગટ થાય છે...

ધનાઢ્ય પરિવારની માતા સુભદ્રા, પોતાના લાડકાને ધન્ય બનાવવાના આયોજનમાં આગળ વધી રહ્યા છે.

પોતાના સંતાનોને તથા તેણીના જેઠ શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીના સંતાનોને સંસ્કારિત કરે તેવી વ્યક્તિની શોધમાં માતા સુભદ્રા છે અને માતાની શોધની મંજિલ ઘરમાં જડી. શેઠશ્રી જીવાભાઈ અને

શેઠશ્રી કાન્તીભાઈના બહેન જેઓ બાળ વિધવા થયેલ, સાસરામાં રહેવાને બદલે પીયરમાં જ રહેવાનું પસંદ કરતા હતા. સાતેય સંતાનોના એક જ ફઈબા હતા. આ ફઈબા દરરોજ સાંજના સાતેય બાળકોને ભેગા કરીને, પૂર્વના મહાપુરુષોની કથાઓ, બાળ સહજ ભાષામાં સંભળાવતા, સાતેય બાળકો શ્રવણનો અદ્ભૂત આનંદ મેળવતા હતા. પણ ઇન્દ્રવદન માટે આ શ્રવણ જ અંતર જાગરણનું સાધન બન્યું. ધન્ના-શાલિભદ્રની વાતો સાંભળતા ઇન્દ્રવદનનું મન વધુને વધુ વિરક્ત બનવા લાગ્યું અને કેવલ અગિયાર વર્ષની ઉંમરે જ દીક્ષા માટેની ભાવના જાગી ગઈ.

પિતાજીના મોટાભાઈ જીવાભાઈને ઘરમાં ''બાપાજી'' ના નામથી બોલાવાતા હતા. બાપાજીના કાને ઇન્દ્રવદનની ભાવના પહોંચી અને બાપાજીએ માન્યું કે ''બાળક તરીકેની નાદાનીમાં બોલાતી આ વાત ક્ષણિક છે''. પણ ઇન્દ્રવદન તો જિદે ચઢ્યો. દીક્ષા માટે તોફાનો શરૂ થયા ત્યારે બાપાજીએ કોઠાસુઝ વાપરીને કહ્યું. ''ઇન્દ્રવદન ! દીક્ષા લેવા માટે ભણવું પડે. ભણ્યા વિના દીક્ષા લઈશ તો ત્યાં પણ ઘડા જ ઉચકવાની મજૂરી કરવી પડશે'' એટલે બેટા ! તું એસ.એસ.સી. પાસ કરી લે પછી આપણે તારી દીક્ષા માટે જરૂર વાત કરશું.

બાળ ઇન્દ્રવદનને બાપાજીની ચાલાકીમાં સચ્ચાઈની સુવાસ આવી અને ઇન્દ્રવદન બરાબર ભણવા માંડ્યો છે. પણ અફસોસ ! સ્કૂલના અભ્યાસમાં ઇન્દ્રવદન હોંશિયાર ન હતો. તેથી જ દરેક વાર્ષિક પરીક્ષામાં ચોરી કરીને પાસ થતો જતો હતો.

યાદ રાખજો આ અભ્યાસ દીક્ષા મેળવવા માટેનો હતો. બાપાજીની ધાક એવી સખ્ત હતી કે ''તેમનું ફરમાન અન્તિમ ગણાતું. માનવું જ પડે'' ઇન્દ્રવદન પણ સ્કૂલના અભ્યાસમાં ચોરી કરીને આગળ વધે છે. ઇન્દ્રવદનનું લક્ષ્ય વ્યવસાયિક કારકીર્દી ન હતી. માટે તે માત્ર પાસ થઈને જલ્દી એસ.એસ.સી. પાર કરવાની પેરવીમાં જ છે. કારણ કે તે વિના તેના અરમાન પુરા થાય તેમ નથી. પરિવારની કેદમાંથી મુક્ત થવા પાસ થવાની સજા કાપવી પડે તેમ હતી. ઇન્દ્રવદનનો અભ્યાસ પાસ થવા માટે હતો, સફલ થવા માટે ન હતો. તેનું લક્ષ્ય તો ચારિત્ર જીવન હતું.



* જનની અને સંતાનો આ હતો વ્હાલનો માળો

* શ્રી નીરુબેન-શ્રી મંજુલાબેન-શ્રી સુભદ્રાબેન-શ્રી ઈન્દ્રવદન (પૂ.ગુરૂદેવ)-શ્રી પ્રફુલભાઈ

# ૩ S.S.C. ના વર્ષ માં...

ઉંમર વર્ષ અગિયાર અને ધોરણ છ કે સાતની શિક્ષા ''અભ્યાસમાં ઇન્દ્રવદન મંદ છે''. બાપાજીને પાક્કો ખ્યાલ હતો કે એસ.એસ.સી. સુધી પહોંચતા તો આ છોકરો કેટલીયે ટ્રાયલ મારશે.

આસક્તિ અને વિરક્તિનો જંગ શરૂ થયો છે. બાપાજીની પુત્ર પ્રત્યેની આસક્તિ, દિકરાની વિરક્તિને હરાવવા મથી રહી છે.

આસક્તિને અધિકાર ખપે છે. પોતાની વ્યક્તિનો સહવાસ ખપે છે.

આસક્તિને ક્યાં સામેની વ્યક્તિની પીડા કે સ્વમાનની ચિન્તા છે ? ઇન્દ્રવદન ભણવામાં મન્દ છે તે વાત સાચી છે કે નહી તેની મને જાણ નથી પણ મને એટલો વિશ્વાસ જરૂર છે કે ''ઇન્દ્રવદનને સ્કૂલના અભ્યાસમાં રસ ન હતો.'' તેના માટે આ અભ્યાસ કેવલ જવાબદારી જ હતો. તે વહેલી તકે છુટવા મથતો હતો, માટે જ ચોરીના સરલ માર્ગે પાસ થવા લાગ્યો હતો.

ઇન્દ્રવદન સ્કુલ લાઇફમાં પણ વિશિષ્ટ વૈભવો સાથે જીવતો હતો. મુંબઈની ખ્યાત નામ ફેલોશીપ હાઈસ્કુલમાં તેનો અભ્યાસ ચાલતો હતો. પી.ટી. વગેરેના પીરિયડમાં શિક્ષક ઘાસના મેદાન ઉપર છોકરાઓને દોડાવે ત્યારે ઇન્દ્રવદન તે દોટમાંથી ખસી જતો. ત્યારે તેને ફઈબાએ સંભળાવેલી મેઘકુમારની કથા યાદ આવતી, અને ક્યારેક શિક્ષકની આંખે ચઢી જાય અને તેને પરાણે દોડાવે તો ઇન્દ્રવદન દોડ્યા બાદ ખૂબ રડતો. ઇન્દ્રવદનનું શરીર બાળકનું હતું, છતાં દિલ ભગવાનનું હતું.

ભાવિના પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સા.ની અપાર કરૂણાનું બીજ, નાનકડા ઇન્દ્રવદનના રુદનથી સિંચાયું છે.

આ ઇન્દ્રવદન ધો. ૬-૭-૮-૯ની નદીઓ પાર કરીને એસ.એસ.સી.માં પ્રવેશ મેળવે છે. પૂર્વના ચાર વર્ષ ચોરી દ્વારા પાસ થનાર વિદ્યાર્થી માટે દસમું ધોરણ ખૂબ વસમું હોય તે સ્વાભાવિક છે.

અને તે સમયે સરકારનો કાયદો હતો. કે ''દસમા ધોરણની પરીક્ષામાં ચોરી કરતા પકડાય તો ત્રણ વર્ષ એસ.એસ.સી. ની Exam આપી ન શકે. ઇન્દ્રવદન માટે ચોરીના દરવાજા આ વખતે બંધ હતા. ચોરી વિના જ આ Exam Pass કરવાનો નિર્ધાર હતો. કારણકે એસ.એસ.સી. પાસ થતા જ, ચાર વર્ષથી મક્કમનિર્ધાર સાથે જે વિરક્તિના ભાવને જીવન્ત રાખ્યો હતો તેના જોરે મુનિજીવન મળી જ જશે, તેવી શ્રદ્ધા હતી. આ કિશોરને ક્યાં ખબર હતી કે ''જમાનાના ખાધેલ બાપાજી, આટલી સરલતાથી પોતાના દિકરાને પોતાનું ધાર્યું કરવા નહી દે''

ઇન્દ્રવદન ચોરી વિના એસ.એસ.સી. પાસ કરવા માટે તનતોડ મહેનત શરૂ કરે છે અને વાર્ષિક પરીક્ષા પાસ થવાના દઢ સંકલ્પ સાથે આગળ વધે છે. ઇન્દવદન માટે આ ધર્મયુદ્ધ હતું. પાસ થવું તે લક્ષ્ય ન હતું, તે તો દીક્ષા માટેનું પગથીયું હતું, માટે તો ચોરી નથી કરતો. કેટલી માર્મિક વિચારણા માત્ર ૧૬ વર્ષના ઇન્દ્રવદનના હૃદયમાં ચાલતી હતી કે ''જો મારે પાસ જ થવું છે તો ચોરી આસાન રસ્તો છે.'' પણ ચોરી વિના જ આ Exam Pass કરવાનો નિર્ધાર હતો, કારણકે ''મારે તો દીક્ષા લેવી છે. ''ચોરી કરૂં અને પકડાઈ જાઉં તો દીક્ષામાં વિલંબ થાય જે મને મંજૂર નથી'' વિરક્તિના નભો મંડળમાં વિહરી રહેલા ઈન્દ્રવદનનો આ તર્ક છે. તેથી જ ચોરી કર્યા વિના Exam આપે છે.

તે જ અરસામાં જીવતલાલ પ્રતાપશી પરિવારમાં આઘાત જનક ઘટના ઘટે છે. વિરાગ એવું પુષ્પ છે કે ''તે અનુકૂળ કે પ્રતિકૂળ સ્થિતિમાં કરમાય.''

પણ ઈન્દ્રવદનનો વિરાગ, પુષ્પ જેવો નથી પવન જેવો છે. સદા બહાર છે. તેના માટે ઘટનાર્ન સ્થિતિ બાહ્ય છે, પણ વિરક્તિની અનુભૂતિ આંતરિક છે.

# ૪ ૧૫ વર્ષના ઈન્દ્રવદને પિતા ગુમાવ્યા !

વિ.સં. ૨૦૦૬ વૈશાખ સુદ-૯, નો દિવસ મહારાજજી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં જીવતલાલ પ્રતાપશી પરિવાર દ્વારા આયોજિત શાશ્વત મંત્રાધિરાજની આરાધના શાશ્વત તીર્થાધિરાજ પાલીતાણા ખાતે ચાલતી હતી. એક ઈન્દ્રવદન સિવાય આખો પરિવાર પાલીતાણા ખાતે જ નમસ્કાર મહામંત્રની આરાધનામાં લીન હતો.

બે શાશ્વતો વચ્ચે અશાશ્વત સંસારે પોતાની લીલા પ્રગટ કરી. ધારેલું ન જ થાય તે જ સંસાર કહેવાય ને ? અને મુંબઈ ખાતે ઈન્દ્રવદન સાથે રહેતા પિતાજી શેઠશ્રી કાન્તીભાઈનું ''હાર્ટ ફેઈલ'' થઈ જતા અવસાન થાય છે. જો કે પિતાજી પણ પાલીતાણા નવકાર મંત્રની આરાધનામાં જોડાવાની ભાવના સાથે સમય પસાર કરી રહ્યા હતા.

વૈશાખ સુદ-૯,ના સાંજે સુશ્રાવક કાન્તીભાઈ પ્રતિક્રમણ માટે કટાસણુ પાથરે છે અને સામાયિક લેતા પહેલા લઘુ શંકા માટે બાથરૂમ જાય છે. બાથરૂમથી બહાર આવતા જ સુશ્રાવક શ્રી કાન્તીભાઈનું આયુષ્ય પૂર્ણ થાય છે. ત્યાં જ ઢળી પડે છે. કેવું કમાલ મૃત્યુ કે ''માત્ર પ્રતિક્રમણની લેશ્યામાં જ પ્રાણ છુટે છે.'' પવિત્રતાની ઝંખના સાથે પાલીતાણાના બદલે પિતાજીની પરલોક યાત્રા શરૂ થાય છે. અદ્‌ભૂત સમાધિથી મૃત્યુ વરેલા પિતાજીના અવસાનના સમાચાર પાલીતાણા પહોંચે છે.

સુશ્રાવિકા સુભદ્રા બહેન અવઢવમાં હતા. આરાધના છોડું કે ન છોડું ? જો કે સુભદ્રાબહેનને મહારાજજી સમજાવે છે કે ''જુઓ સુભદ્રા ! હવે જઈને શું કરશો ? આવી ઉત્તમઆરાધના શા માટે છોડો છો ? વળી અંતિમવિધિ માટે મોટો દિકરો ઈન્દ્રવદન ત્યાં જ છે. તો તમે શા માટે આરાધના છોડો છો.''

સુભદ્રબહેન મહારાજજીની વાત માનીને મુંબઈ જવાનું માંડી વાળે છે. પાલીતાણા જ રોકાઈને ઉત્તમ ભાવો સાથે આરાધનામાં જોડાયેલા રહે છે. આ છે જિનશાસનની મહાશ્રાવિકાની જાગ્રતિ અને સંબંધો પ્રત્યેની વિરક્તિ. તે જ વિરક્તિના હોરમોન્સ ઈન્દ્રવદનમાં મેજર બનીને નવપલ્લવિત થાય છે. ઈન્દ્રવદન સખ્ત મહેનત કરીને મેટ્રીક પાસ થાય છે અને બાપાજી પાસે પોતાની મક્કમ ભાવના પુનઃ રજૂ કરે છે.

''બાપાજી ! આપની આજ્ઞા અનુસાર હું મેટ્રિક પાસ થઈ ગયો છું. હવે મારે ગૃહત્યાગ કરીને દીક્ષાના માર્ગે જવું છે.''

આનો ઉત્તર આપતા શેઠશ્રી જીવાભાઈ જણાવે છે બેટા ! તને ખબર છે તારા પિતાજીનું અવસાન થયું છે. તું તેનો મોટો દિકરો છે. જો હું તને દીક્ષાની રજા આપું તો લોકો એવું માનશે કે ''જીવાભાઈએ પોતાના ભાઈના દિકરાને દીક્ષાની રજા આપી ભાગીદાર રહેવા જ ન દીધો.'' હવે બધો દલ્લો તેમનો જ રહેશે. આવી લોક વાયકા થાય તો બેટા ! મારી ઇજ્જતનું શું થાય, એ તો વિચાર કર. તારા પિતાજીના અવસાન બાદ તું પણ મારો જ દિકરો છે. સાતેય બાળકો મારે મન સરખા છે. હું ઇજ્જત બગડવાના ડરથી પણ રજા હમણાં નહી આપું.

પણ હવે જો તું પુખ્ત થઈને દીક્ષા લઈશ તો મારી ઇજ્જત સચવાઈ જશે. માટે ઇન્દ્રવદન ! મેટ્રિક બાદ ગ્રેજ્યુએટ B.Com. કરી લે. પછી તને દીક્ષા અપાવુ તો મારી ઇજ્જત ખૂબ વધે, માટે મારી આટલી વાત માની લે. ઇન્દ્રવદન, બાપાજીની આવી લાગણી સભર સેલ્સમેન શીપને, કેમ ઠુકરાવી શકે ? અને પરિવાર જનોની માંગણીનો સ્વીકાર કરીને ઇન્દ્રવદને કોલેજ જવાની પણ સંમતિ આપી.

ઇન્દ્રવદન યૌવનના થનગનાટવાળા દેહ સાથે કોલેજમાં પ્રવેશ કરે છે. યૌવન-ધન-બળ જ્યાં હોય ત્યાં રૂપ અને આકર્ષણ આપોઆપ શરણાગતિ સ્વીકારે છે. પણ ઇન્દ્રવદન અલગ માટીનો યુવાન છે. તેનો વિરાગ એવો જાજરમાન છે. તે રાગ કે આકર્ષણ સામે હારે તેમ નથી.

તે જ વર્ષ દરમ્યાન પરમતારક ગુરુદેવ પ્રેમસુરીશ્વરજી મ.સા. પોતાના વિદ્વાન શિષ્ય ભાનુવિજયજી સાથે મુંબઈ પધારે છે. મુંબઈના વિલાસી વાતાવરણમાં, ભાનુવિજયજીના વિરાગી વાણીના વાદળોની ગર્જના થવા લાગી અને ઈન્દ્રવદનનો વિરાગ વધુ ખીલી ઊઠે છે.

# ૫ ભાનુ વિજયજીની વાણી કે ચિનગારી...

વિ.સં. ૨૦૦૬ની સાલ તપાગચ્છના શિરતાજ આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાલીતાણાથી વિહાર કરી, પોતાના પ્રભાવક શિષ્ય મુનિશ્રી ભાનુવિજયજી સાથે, મુંબઈ પાયધુનીના નેમિનાથજીના ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે પધારે છે. પૂજયપાદ આચાર્યદેવશ્રીનો દૃઢ સંકલ્પ હતો કે ''જિનશાસનના સંચાલક શ્રમણ પ્રધાન જૈનસંઘને પચ્ચીસ યુવાન જૈન શ્રમણોની ભેટ ધરવી છે''

આ સંકલ્પ ન હતો, આ તો વાસ્તવિકતા હતી. મહાપુરુષનો વિચાર સ્વયં સર્જક બને છે. સ્વાર્થ-આશંસા, પ્રસિદ્ધિ અાદિથી મુક્ત કેવલ પરાર્થ પ્રચુર આ વિચાર, શક્તિ બનીને લહેર ઉભી કરશે તેવી કલ્પના તો કયો પામર જન કરી શકે ?

શાશ્વત ગિરિરાજ ઉપર વિરાટ પવિત્રતાના પુંજ જૈનાચાર્યનો વિચાર, સંકલ્પ બનીને જીવન્ત બને છે અને મુંબઈના ૨૦૦૬-૭-૮ના ત્રણ ચાતુર્માસ દરમ્યાન મુંબઈના જૈનસંઘમાં યુવાનોની દીક્ષાનો માહોલ સર્જાયો, પ્રવ્રજ્યાની શૃંખલા શરૂ થઈ હતી. પ્રેમસૂરીશ્વરજી મ.સા. વચન સિદ્ધ મહા-પુરુષ હતા. જેના માટે કલ્પના પણ ન થઈ શકે તેવા પરિવારના યુવાનો, દીક્ષા જીવનને સ્વ કલ્પનાનું જીવન સમજીને સ્વીકારે છે.

ઇન્દ્રવદન, નેમિનાથજીના ઉપાશ્રયમાં ભાનુવિજયજી મહારાજના પ્રવચનોમાં શ્રોતા બનીને આવવા લાગે છે અને ભાનુવિજયજીની વિરક્તિની વર્ષા જેવી વાણીનો રંગ, ઇન્દ્રવદનના સમગ્ર અસ્તિત્વને બદલી રહ્યો છે. વિરાગ એટલે (માનવ જીવનના) સમયનું સાચુ મૂલ્યાંકન અને સાધનોની તુચ્છતાનું સ્પષ્ટ દર્શન છે. ઇન્દ્રવદન પોતાનામાં જાગેલા આ દર્શનથી હાલી ઉઠે છે. તેનો માહ્યલો પુકારે છે. ''દસ વર્ષથી સત્તર વર્ષ સુધીનો સાત વર્ષનો અમૂલ્ય સમય હે પામર ! તેં માત્ર સ્વજનોના મોહ ખાતર સંસારમાં વેડફયો ? ઊઠ ! ઊભો થા...તારું આત્મ પરાક્રમ જગાડ અને તારા માર્ગનો પ્રવાસી બન''

ઇન્દ્રવદન પ્રતિદિન દેશનામાં જાય છે અને રડતી આંખે ઉઘડતી દૃષ્ટિએ દેશના સાંભળતો જાય છે. શ્રવણની અસર તળે ઇન્દ્રવદને પ્રતિજ્ઞા લીધી કે ''જ્યાં સુધી દીક્ષા ન મળે ત્યાં સુધી ઘીનો ત્યાગ'' અને આ ઘીના ત્યાગે સંસાર-ત્યાગના ભવ્ય નિર્માણનો શીલાન્યાસ કર્યો. લુખ્ખી રોટલી ખાવાના પહેલા જ દિવસે બાપાજીના તીવ્ર આવેશનો ભોગ, ઇન્દ્રવદન બને છે. બાપાજી સવાલ કરે છે. કેમ ઘી નથી ચોપડતો ? ત્યારે ઇન્દ્રવદન પ્રતિજ્ઞાનું નિમિત્ત જણાવે છે. ઘરમાં ધમાલ થાય છે. માતા સુભદ્રા, દિકરાને કહે છે ''બેટા ! તું ઘરમાં મોટો દિકરો છે. તારા માટે તારા બાપાજીના અરમાન જુદા છે. તું શી રીતે તારા ત્યાગને સફલ બનાવીશ ?'' ત્યારે ઇન્દ્રવદનની સિંહ ગર્જના થઈ કે ''માં ! તેં જ મને જન્મ સમયે એક વાક્ય સંભળાવ્યું હતું ને ? તે વાક્ય, બીજ બનીને મારા અંતર મનમાં રોપાયું છે. હવે તે બીજ, વૃક્ષ બનીને આજે પરિપક્વ બન્યું છે. માં ! હવે તો આ પ્રતિજ્ઞા પ્રવ્રજ્યા અપાવશે. જન્મ સમયે મારા મનમાં મૂકેલી તારી ભાવના ફળશે કારણ કે ''તું જિનશાસનની શ્રાવિકા છે'' માં ! આશિષ આપજે માં ! મને તારા આશિષમાં અપૂર્વ શ્રદ્ધા છે.

ઇન્દ્રવદન હવે ઘરના વડિલજનોના અધિકાર સામે પોતાની દૃઢ વિરક્તિને પ્રગટ કરતો જાય છે. બાપાજી પોતાના પુત્રના વિરાગથી હાલી ઉઠ્યા છે. તમને ખબર છે આ તે જીવાભાઈ છે કે ''જે અન્ય માબાપોના સંતાનોને વૈરાગ્ય જાગ્યો હોય અને દીક્ષા ગ્રહણ કરવામાં અંતરાય આવતો હોય, તો તેઓ તે અંતરાય દૂર કરવામાં અગ્રેસર રહેતા. પણ હવે રેલો પોતાના ઘરે જ આવ્યો છે. શું કરવું તેની તીવ્ર મુંઝવણ જીવાભાઈને સતાવી રહી છે. ઇન્દ્રવદન દીક્ષાગ્રહણ માટે મજબૂત છે તો બાપાજી દીક્ષા ન થાય તે માટે પ્રયત્નશીલ છે.

ઇન્દ્રવદનનો વિરાગ ભાનુવિજય મહારાજની દેશનાના કારણે જ્વલંત બનતો ચાલ્યો છે. હૃદયના ભાવો હવે ઘરની કે વડિલોની આમન્યા જાળવે એટલા મર્યાદિત નથી રહ્યા. એક બાજુ મનની દોટ ગુરુદેવ તરફ છે, તો બીજી બાજુ બાપાજીના અનુરોધનો સ્વીકાર કરીને કોલેજમાં પદાર્પણ થાય છે. ઈન્દ્રવદન વિરક્તિ સુધી પહોંચતા હજુ કેટલા કોઠા પાસ કરશે તે ભાવિ જ જણાવશે.

# ૬ સેન્ટઝેવીયર્સ કોલેજમાં પ્રવેશ...

કોલેજનું વાતાવરણ, સ્વચ્છંદતાની આબોહવા અને રાગના ભરપુર નિમિત્તો વચ્ચે ઇન્દ્રવદનનો વિરાગ મુંઝાયા કરે છે. હવે તો ઇન્દ્રવદન અને વિરાગ અભિન્ન થતા ગયા હતા તેથી કોલેજમાં કેવલ પંદર જ દિવસ પસાર કરતા તો ઇન્દ્રવદનને પંદર ભવ પસાર કરવા જેવું ભારેખમ લાગવા માંડ્યુ ઇન્દ્રવદન આવા સમૃદ્ધ અને સ્વતંત્ર વાતાવરણ વચ્ચે પણ પોતાના નિયમોને ચુસ્ત પણે વળગી રહ્યો છે.

દરરોજ ગાડીમાં કોલેજ આવનાર આ યુવાન પોતાના કપાળે લાંબુ પૂજા તિલક રાખતો અને હાથમાં ઉકાળેલા પાણીનો કુંજો સાથે રાખતો. કલાસના સહાધ્યાયીઓ તેની હાંસી ઉડાવતા, છતાં લગીરેય ચલાયમાન થયા વિના, પોતાના નિયમને ખુમારી પૂર્વક સાચવતો રહ્યો.

મનથી એવો દઢ નિયમ બનાવે છે, કે ''માત્ર દીક્ષા માટે જ કોલેજ જવું છે'' પણ વિલાસી વાતાવરણ સામે મનમાં વિદ્રોહની લાગણી સળવળે છે.

હવે દઢ મનોબળથી નક્કી કરે છે ''દીક્ષા જ લઈશ, આ વાતાવરણ કે આ સ્વચ્છંદ જીવન શૈલી મારા જીવન સાથે મેચ થાય તેમ નથી.'' અને એક દિવસ મન વિદ્રોહ કરે છે અને ઈન્દ્રવદન કોલેજ છોડવાનો નિર્ણય કરી લે છે. સાંજના સમયે બાપાજી જીવાભાઈ પાસે જઈને જણાવી દે છે. ''પિતાજી ! ઉચ્ચ શિક્ષણ અપાવવાની આપની ઉમદા ભાવનાની હું કદર કરું છું, પણ હું કાલથી કોલેજના પગથિયા ચઢી શકું તેમ નથી. મને માફ કરી દો. ઇન્દ્રવદનના દિલની સચ્ચાઈને પારખી, જીવાભાઈ પણ પીગળી જાય છે.

જીવાભાઈ કોલેજના અભ્યાસ માટેનો આગ્રહ છોડી દે છે. છતાં બાપાજીનો તે આગ્રહ તો ઉભો જ છે કે ''દિકરો ઈન્દ્રવદન દીક્ષા ન લે.'' માટે હવે નવી યોજના બાપાજી રજૂ કરે છે. ચાલાક બાપાજી, સરળ ઈન્દ્રવદનને સમજાવે છે.

# ઈશ્વરચન્દ્રજી અને ઈન્દ્રવદન... ૭

હવે બાપાજી નવું ગતકડુ કરે છે, અને ઇન્દ્રવદનને કહે છે. ''દીક્ષા જ લેવી છે ને ?'' હા. ઇન્દ્રવદને કહ્યું. ત્યારે બાપાજી કહે છે ''સાધુ થયા પછી વિહાર-ક્રિયા આદિના લીધે અભ્યાસ માટે વધુ સમય ફાળવી શકાય નહી, માટે ''બેટા ! આપણા ઘરે સરસ પંડિતજી રાખી સંસ્કૃત આદિનો અભ્યાસ શરૂ કરી દે'' ઇન્દ્રવદનને બાપાજીની આ વાત સાચી લાગી. તે જ અરસામાં મુંબઈમાં પાકિસ્તાનથી ભાગીને આવેલા સંસ્કૃત-ન્યાય આદિના પ્રકાંડ પંડિત ઈશ્વરચન્દ્રજી સાથે ઇન્દ્રવદનનો ભેટો થાય છે અને પંડિતજી પાસે સંસ્કૃત આદિનો અભ્યાસ શરૂ કરે છે.

પોતાની વિરક્તિને ત્યાગનું ગગન મળે તે માટે બધી જ શરત માનવા ઇન્દ્રવદન તૈયાર છે. ઇન્દ્રવદનની મહા યોજનાના ભાગરૂપે પંડિત ઇશ્વરચન્દ્રજી પાસે અધ્યયન શરૂ થાય છે. પંડિતજીને જે આર્થિક હૂંફની જરૂર હતી તે પણ તેમને મળી રહે છે. વિદ્યાગુરુ પ્રત્યેનું અપૂર્વ બહુમાન, ઇન્દ્રવદનના વ્યવહારમાં ઝળકતું દેખાય છે.

જીવનની અડધી સદી પુરી કર્યા બાદ પુનઃ નવસર્જન માટે કામે લાગેલા પંડિતજીના ખોળીયામાં કામ કરવાની શક્તિ ન હતી છતાં ખોળીયાને દોડાવ્યા સિવાય રસ્તો ય ક્યાં હતો ? કેવી વિષમ વિચિત્રતા છે કે ''મનને ખુશ રાખવા શરીરને દોડાવવું પડે છે''. પંડિત તરીકે શાસ્ત્રાભ્યાસ કરાવવો તે જ આજીવિકાનું સાધન હતું. આખો દિવસ ઘર-ઘર ફરીને સંસ્કૃત આદિનો અભ્યાસ કરાવતા પંડિતજીને આજથી નવા ધનાઢ્ય પરિવારમાં પ્રવેશ મળ્યો છે. પંડિતજીએ ઇન્દ્રવદનને, ઘરે જતા પહેલાનો અને દિવસના છેલ્લા ટ્યુશનનો, સાંજનો સમય ફાળવેલ હતો. આ એવો સમય હતો જેમાં દિવસભરના અધ્યાપનના થાકથી મન થાકેલું હોય અને મુંબઈના વિવિધ પરાઓમાં દોડવાના કારણે શરીર પણ આરામ ઝંખતું હોય. થાકેલાં શરીર સાથે અધ્યાપન માટે આવતા પંડિતજી ઇન્દ્રવદનના વાતાનુકૂલિત ઘરમાં આવીને ગાદી પર બેસતા જ ઝોકે ચઢી જતા, ઇન્દ્રવદન પોતાના અધ્યયનનો વિચાર સુદ્ધા કર્યા વિના પંડિતજીને દશ પંદર મિનિટનો વિશ્રામ કરવા દેતો હતો. ત્યારબાદ પંડિતજીને સાંજના સમયે સ્વ-ગૃહે બનેલા સ્વાદિષ્ટ ફરસાણની ડીશ દ્વારા તેમના મનને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરતો હતો. દરરોજ પંડિતજી આરામ કરતા, નાસ્તો કરતા, ખુબ

ભાવ સાથે ઇન્દ્રવદન પંડિતજીને સહેલાવતો હતો. અને આ અપૂર્વ સેવાથી પ્રસન્ન થયેલા પંડિતજી તાજામાજા થઈને પૂર્ણ પ્રસન્નતા સાથે ઇન્દ્રવદનને અધ્યયન કરાવતા અલ્પ સમયમાં જ પૂર્ણ કાલીન અભ્યાસ કરાવી દેતા.

આ કમાલ ઇન્દ્રવદનની બુદ્ધિની ન હતી, બલ્કે તેના વિનયની હતી. બુદ્ધિ મહેનત પ્રમાણેનું ફળ આપે, પણ વિનય, અલ્પ સમય અને અલ્પ મહેનતે વિપુલ પરિણામ આપી દે છે, બુદ્ધિમાન્ બનાવી દે છે અને લોકપ્રિય પણ બનાવે છે.

વિદ્યાગુરુના આશિષથી પ્રગતિ થવા લાગી, છતાં ય ઇન્દ્રવદનનું મન ગ્લાનિમાં જ હતું કારણ સ્પષ્ટ છે. તેનું મન વિરક્ત હતું અને સ્વજનો ઇન્દ્રવદનમાં આસક્ત હતા. સમય વહે છે. મુંઝવણ વધતી જાય છે. વિરક્તિ પણ ત્યાગના ગગનને ઝંખે છે.

આ સ્થિતિમાં ઈન્દ્રવદન પોતાના વિરક્તભાવોને સ્પષ્ટ કરવા આતુર છે. સંસ્કૃત આદિના અભ્યાસ વચ્ચે ઈન્દ્રવદનને સંતોષ નથી કારણકે તેને સંસારથી છુટવું છે. આવી નાજુક પળોમાં ઈન્દ્રવદનને મુંબઈમાં એક વડિલ-જેમનું નામ ગોરધનદાસ માસ્તર હતું, તે મળે છે. તેઓ ઈન્દ્રવદનની ગ્લાનિનું કારણ જાણતા હતા તેથી તેમણે દીક્ષિત જીવન પામવા માટેનો જલદ માર્ગ બતાડી દીધો અને ઈન્દ્રવદને ધાર્યું નિશાન તાકી લીધું.

# બાપાજી દિકરાના શરણે...! ૮

સંસારમાં આસક્તિને તમામ સુવિધા-સ્વતંત્રતા મળે છે પણ વિરક્તિને વેઠવું પડે છે. કદાચ સંસારને, સચ્ચાઈને કસોટીએ ચઢાવવાની ફાવટ છે. પણ કમાલ તો જુઓ ! લાખ્ખો વર્ષમાં એકપણ વાર સચ્ચાઈ, સંસારની જલદ કસોટી વચ્ચે પણ ફેઈલ નથી થઈ. ઇન્દ્રવદન તો સચ્ચાઈનું બીજુ નામ છે.

જે દિવસે સુશ્રાવક ગોરધનદાસે ઇન્દ્રવદનને કહ્યું, જો તારો પરિવાર અતિધનાઢ્ય છે, તેથી માબાપને સંતાનો ઉપર તીવ્ર મોહ હોય છે. માટે ઘરમાં રહીને ગૃહત્યાગની વાતો કરવાથી તું ફાવશે નહી. તારે રજા મેળવવા ઘર છોડવું જોઈએ.

''ઘરમાંથી ભાગી જા'' ઇન્દ્રવદન કહે પણ બાપાજીની ઇજ્જતનું શું ? ત્યારે ગોરધનદાસ કહે છે ભલા માણસ બાપની ઇજ્જતની ચિંતા છે તો તું સંઘ કે શાસનનું ગૌરવ શી રીતે બની શકીશ ?

અને ઇન્દ્રવદન તે રાતે સૂઈ ન શક્યો.... દીક્ષા મેળવવાની તીવ્ર આતુરતામાં કશો જ વિચાર કર્યા વિના રાતે જ ઘર છોડીને ભાગે છે. અડધી રાત સુધી ઇન્દ્રવદન ન આવતાં, તપાસ ચાલુ થાય છે. આ તે સમય હતો કે જ્યાં ભાગીને લગ્ન કરવા પણ મુશ્કેલ હતા. ત્યાં ભાગીને દીક્ષાનો વિચાર પણ ક્યાંથી હોય ?

પણ કમાલ ભાનુવિજયની દેશનાએ કરી. અનેક મમુક્ષુ યુવાનો માબાપની અનિચ્છાએ ભાગીને દીક્ષા લેવા માંડ્યા. જાણે કે ભાગીને દીક્ષા લેવી તે તે સમયની ફેશન બની ગઈ. યુવા મુમુક્ષો માટે આ ગૌરવ ગણાતું હતું. વળી પ્રેમસૂરીશ્વરજી મ.સા.નું સંયમબળ અને સ્નેહબળ એટલું તાકાતવર હતું કે ''અનેક યુવાનોનો સંસાર માટે કે સ્વજન માટેનો મોહ સરળતાથી ઉતરી જતો હતો. ઈન્દ્રવદન પણ આ જ પરંપરામાં હતો. તેના માટે ધન-સાધન સંબંધ કરતા સંયમ જ મહત્ત્વનું હતું. તેથી ઇન્દ્રવદન ભાગી જાય છે.

ઇન્દ્રવદનનો પત્તો ન લાગતા સંઘ મોભી જીવતલાલ શેઠ, પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના ઉપાશ્રયમાં આવે છે. આખો ઉપાશ્રય જોઈ લે છે. તેમને શંકા હતી કે "આ મહારાજ, છોકરાઓને ભગાડીને દીક્ષિત કરે છે" કારણકે ભૂતકાળમાં આ મહારાજે એવા બે-ચાર છોકરાઓને ભગાડીને જીવાભાઈ શેઠને ત્યાં જ આસરો અપાવેલો. પણ પ્રસ્તુત ઘટના વખતે પ્રેમસૂરીશ્વરજી મ.સા. એ સ્પષ્ટતા કરી અમે નથી જાણતા અને ત્યાં જ પેલા ગોરધનદાસ સમાચાર લાવે છે કે "ઇન્દ્રવદન સુરત પાસે રાંદેરમાં છે". જીવતલાલ શેઠે તરત સંપર્ક કર્યો અને પહેલી વખત ગદ્‌ગદિત અવાજે દિકરાને કહે છે "બેટા ! તું અમારા પરિવારનો કુલદિપક બને, તેનો અમને કેટલો આનંદ હોય !!! તારા માટે મોહ જરૂર છે. પણ તારા ભવ્ય અરમાનો અમે નહી તોડીએ, અને બાપાજી કહે છે, બેટા ! પાછો આવી જા, આપણે તુરત મુહૂર્ત કઢાવશું.

ઇન્દ્રવદન તુરત પરત આવે છે. બાપાજી જીવતલાલ શેઠ તેને વ્હાલથી ભેટે છે. બેટા ! તને સંમતિ પૂર્વક વિદાય આપશું. તું નાના પરિવારથી મોટા પરિવાર તરફ જઈ રહ્યો છે અને માતા સુભદ્રા, ઘરે પરત આવેલા દિકરાને ગહુંલી દ્વારા આવકારે છે. હૃદયના વ્હાલથી ચુમીઓ ભરી આશિષ આપે છે.

તે દિવસ વિ.સં. ૨૦૦૮ વૈશાખ સુ.૬ નો હતો. બપોરે જ શેઠ જીવાભાઈ, પરિવાર સાથે પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે જાય છે. ઈન્દ્રવદનની દીક્ષાનું મુહૂર્ત માંગે છે.

સદી સુધી જિનશાસન અને જૈનસંઘને સાચવનાર એક શુરવીર સંઘને મળનાર છે તેનો આનંદ મહારાજજીને પણ અપરંપાર છે.

છ વર્ષથી સાચવી રાખેલી વિરક્તિને હવે Perfect ત્યાગ મળશે તેનો આનંદ, ઇન્દ્રવદનના રોમ-રોમમાં છલકાઈ રહ્યો છે. અતિ ધનાઢ્ય પરિવારની આ દીક્ષા, સમગ્ર ભારતની શ્રેષ્ઠ ઘટના બનનાર છે.

# ઐતિહાસિક પળ

૯

વૈશાખ સુદ ૬, વિ.સં. ૨૦૦૮ બપોરના ત્રણ આસપાસનો સમય. જો કે આ સમય દૈનિક સમય જેવો જ સામાન્ય હતો. પણ ભાવિમાં આ જ સમય ઐતિહાસિક બનનાર છે.

રાજકુમારી મયણા, પિતાના આદેશથી જે પળે ઉંબર રાણાનો હાથ પકડે છે તે પળમાં જ શ્રીપાલના સર્જનના શુભ સંકેતો ગોઠવાયેલા હતા. તેવું જ નિર્માણ આજની પળમાં હશે. આ પળમાં જ ચન્દ્રશેખર મહારાજના સર્જનના સંકેત પડ્યા છે. માટે જ સમગ્ર પરિવાર સાથે શેઠશ્રી જીવાભાઈ, મહારાજની પાસે આવ્યા. શુભ મુહૂર્તના પ્રદાન માટે વિનંતી કરે છે. ઇન્દ્રવદન ધનાઢ્ય પરિવારમાં જન્મવાના કારણે પુણ્યવાન્ જરૂર હશે, પણ તેની "Body Languageમાં હાલ તો ''સદીના યુગપુરુષ ચન્દ્રશેખરવિજય'' બનશે તેવું તેજ દેખાતું ન હતું. ઉંબર રાણામાં શ્રીપાલ જણાતો ન હતો. પણ આ કમાલ, મુહૂર્ત પ્રદાનની પળમાં અને પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રેમસભર પ્રસાદે (કૃપા) કરી દીધી.

મહારાજજી શુભ મુહૂર્ત જોવા માટે પંન્યાસ કાન્તિવિજયજી મ.સા.ને ભલામણ કરે છે. પરમ પવિત્ર તે પંન્યાસજી ભગવંત - મહારાજજીને વૈશાખ વદ-૬, વિ.સં. ૨૦૦૮નો દિન કહે છે.

તારણહાર સંઘમોભી ગુરુદેવ, સુશ્રા. જીવાભાઈને વૈ.વ.૬.નો દિવસ દીક્ષા પ્રદાન માટે આપે છે.

પોતાનો દિકરો-માત્ર પંદર જ દિનમાં પોતાનું સંતાન મટી, પ્રભુ મહાવીર દેવનો સાધુ બનશે, તે જાણતા જ, શેઠ જીવાભાઈ મોહાધીન બનવાને બદલે ભાવ વિભોર બની નાચવા લાગે છે. ઇન્દ્રવદનને મન ભરીને વ્હાલ કરે છે. દીક્ષાનો દિન નક્કી થતા જ, ઇન્દ્રવદનના સમગ્ર અસ્તિત્વમાં એવો જબ્બર કેમીકલ ચેઇન્જ થવા લાગ્યો કે તેનું સમગ્ર અસ્તિત્વ, આનંદ ઊર્જાથી ઉછળી રહ્યું હતું. ઇન્દ્રવદન હવે માત્ર વદનથી જ ઇન્દ્ર ન રહેતા તેની સમગ્ર ઉર્જા, વિશુદ્ધ વિરક્તિમય બની. તે સાક્ષાત્ મુનીન્દ્ર સ્વરૂપ બની ગયો. તેના અંતરમાં દીક્ષા દિનથી વિશુદ્ધ ચારિત્ર જીવન જીવવાના દૃઢ સંકલ્પનો મહાસાગર હીલોળા લેવા લાગ્યો. આ સંકલ્પ અને વિશુદ્ધ ભાવોના આંદોલનમાં વિહરતા ઇન્દ્રવદનના આત્મચૈતન્યે, વિશિષ્ટ પુણ્ય રાશિનું ઉપાર્જન શરૂ કર્યું. કદાચ તે પુણ્યરાશિ જ ''ઊર્જાપુરુષ'' ચન્દ્રશેખરવિજયનો સર્જક બનેલ હશે.

માતા સુભદ્રા હવે ઇન્દ્રવદનના શરીરની જ માતા બનવાની સાથો સાથ જિનશાસનની સદીના શ્રેષ્ઠ ક્રાન્તીવીર ચન્દ્રશેખરવિજયની સર્જક માતા બનવા તત્પર બની છે અને આ તે જ માતા છે જેણે તાજા જન્મેલા દિકરાને ''શાસન દિપક'' થવાનો મંત્ર કાનમાં ફુંકેલો. ૧૮ વર્ષ પહેલા પોતે જ આપેલો આ મંત્ર હવે પોતાનો ચમત્કાર બતાડવા તત્પર બન્યો છે. તેનો આનંદ સુભદ્રાના રોમ-રોમમાં ઉછળી રહ્યો છે અને મા સુભદ્રા, નારી કે માતા મટી સાક્ષાત્ જિનશાસનની માતા બનીને પોતાના દિકરાને પુનઃ કાનમાં કહે છે ''બેટા ! જગત્‌ના તમામ જીવોનો બેલી બનજે''. આ જ આશિષ, ચન્દ્રશેખરવિજયને કરૂણા સ્વરૂપ અસ્તિત્વના માલિક બનાવે છે.

ઇન્દ્રવદન હવે તેજ પુંજ બને છે. પોતાની વિશુદ્ધ ભાવનાના રંગીન સ્વપ્નો હવે મૂર્ત બનવાની પળ નજીક નજીક આવતી જાય છે. અને તે પુણ્ય પળને ભેટવા માટેની ઇન્દ્રવદનની આતુરતા, આકાશને આંબવા લાગે છે.

સમગ્ર મુંબઈમાં ઇન્દ્રવદનના દીક્ષાના સમાચાર Facebookની જેમ ફેલાઈ જાય છે. લોકોના હૃદયમાં આશ્ચર્ય સાથે આઘાતના મિશ્ર ભાવો જન્મે છે. ખ્યાતનામ પરિવારનો નબીરો છે. વળી તે સમય હતો, જ્યારે વૃદ્ધો પણ દીક્ષા લેવા ઉત્સાહિત ન હતા, ત્યાં ૧૮ વર્ષનો નવ યુવાન નબીરો ત્યાગી બને છે... આ કમાલ પંન્યાસ ભાનુવિજયજીની દેશનાની છે. મુંબઈમાં લોક મુખે તરહ તરહની વાતો વહેતી થાય છે.

કોઈ કહે છે ધનવાન્ દિકરો...બિચારો હાથે કરીને ભિખારી બનવા જઈ રહ્યો છે. તો વળી કોક એવુંય કહેનાર મળે છે આ તે કેવું પરાક્રમ....

બધું જ છોડી દેવા છતાં સમ્રાટ જેવી ખુમારીનો માલિક ઇન્દ્રવદન બનશે. યાદ રાખજો મળેલા વૈભવોને ભોગવી લેવા એ તો સંસારનો અનાદિકાળનો ક્રમ રહ્યો છે. પ્રત્યેક જીવ અનાદિકાળથી આ જ કરી રહ્યો છે પણ આશ્ચર્ય તો ત્યારે સર્જાય છે, મળેલું બધું જ છોડી દેવું. એટલે એક આધ્યાત્મિક સૂત્ર છે કે ''સંસાર ભોગવવો તે ક્રમ છે. છોડવું તે પરાક્રમ છે.'' ઇન્દ્રવદન શૂરવીરોના માર્ગનો હમસફર છે...

# દીક્ષા પૂર્વના પંદર દિવસ... ૧૦

ભોજન પહેલા સુવાસ હોય છે.

યુદ્ધ પૂર્વે શસ્ત્રને ધારદાર બનાવવાની તૈયારી હોય છે.

ઇન્દ્રવદનની તૈયારીમાં ત્યાગની સુવાસ, શિષ્ય બનતા પૂર્વેની ગુરુમિલનની મીઠાશ અને શ્રેષ્ઠ સાધુતા માટેનો ધારદાર સંકલ્પ હતો.

આપણે ઇન્દ્રવદનના પંદર દિવસની મુલાકાત શરૂ કરશું...

દર્શન કરીને ઇન્દ્રવદન ગુરુવન્દન માટે મહારાજજી પાસે જાય છે અને તારક ગુરુદેવ કહે છે "જો ઇન્દ્રવદન ! તારી દીક્ષા નક્કી થઈ ગઈ છે. તો હવે સાધુ ક્રિયાના સૂત્રો કંઠસ્થ કરવા પડશે. તારી પાસે સમય છે માટે આજે પક્ખીસૂત્ર ગોખી લે". મહારાજજીના આ શબ્દો સાંભળતા જ ઇન્દ્રવદન હાલી જાય છે અને મહારાજજી ને કહે છે. "ગુરુદેવ ! હું તો જ્ઞાનીઓની સેવા કરવા સંયમ લઉં છું. મને ભણવાનું ફાવે તેમ નથી." મહારાજજી ! મારી બુદ્ધિની મંદતા એટલી છે કે એક ગાથા તો માંડ માંડ એક દિવસમાં થાય અને ઇન્દ્રવદન મહારાજજીની વાત હસીને કાઢી નાંખે છે અને ઘરે ચાલ્યો જાય છે.

ઇન્દ્રવદનને પોતાની મર્યાદાનો અનુભવ હતો. માટે તે મહારાજજીના શબ્દોને અનુસરવાનું સાહસ શી રીતે કરે ?

ઇન્દ્રવદન જાણતો હતો કે સ્કુલની મોટા ભાગની પરીક્ષાઓ તેણે ચોરી કરીને જ આપી હતી. એક વખત પરમ શાસન પ્રભાવક આચાર્ય દેવ શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ને વન્દન માટે સપરિવાર ઇન્દ્રવદન ગયેલ ત્યારે તેણે આચાર્ય ભગવંતને વિનંતી કરી હતી કે "સાહેબ ! મારી ભાવના દીક્ષાની જ છે. માટે મારો વૈરાગ્ય ટકી રહે તેવો કોઈ શાસ્ત્ર ગ્રંથ ગોખવો છે, તો તે ગ્રંથનું

નામ આપો અને તે ગ્રંથની દરરોજ એક ગાથા ગોખવાની બાધા આપો. જે દિવસે ગાથા ન થાય તેના બીજા દિવસે ઘી નહી ખાવાની પ્રતિજ્ઞા આપો .

ગુરુદેવે ઇન્દ્રવદનને વૈરાગ્ય કલ્પલતા નામનો મહોપાધ્યાય યશોવિજયજી મ.સા. એ બનાવેલા ગ્રંથનો પ્રથમ સ્તબક જે ૨૬૯ શ્લોકનો છે તે ગોખવાની બાધા આપી.

ઇન્દ્રવદન આખા દિવસમાં ક્યારેક એક ગાથા પણ કંઠસ્થ ન કરી શકતો અને તેને ઘી બંધ રહેતું. આના કારણે તો ઇન્દ્રવદન, પિતા શ્રી કાન્તિભાઈના ગુસ્સાનો ભોગ બનતો હતો.

આવા પોતાના જાત અનુભવથી ઇન્દ્રવદનને ગુરુદેવની પક્ખીસૂત્ર ગોખવાની વાત ગળે ન ઉતરી. તે ગોખવાનું શરૂ નથી કરતો. તે જ દિવસે બપોરે પુનઃ ઇન્દ્રવદન ગુરુદેવશ્રીના દર્શન-વંદન માટે જાય છે. ગુરુદેવશ્રી તરત જ પુછે છે. ''દોસ્ત ! કેટલી ગાથા ગોખી?'' ઇન્દ્રવદન હસતા હસતા પગ દબાવતા મહારાજજીને કહે છે, શરૂ જ નથી કર્યું. ''ગુરુદેવ ! મારી શક્તિ બહારની વાત છે.'' કીડીના માંથે અંબાડી ન મૂકાય !! અને ઈન્દ્રવદન મહારાજજીના ખોળામાં માંથુ મૂકી દે છે. ત્યાં મહારાજજી સહજતાથી પોતાનો હાથ ઈન્દ્રવદનના માંથા ઉપર ફેરવે છે અને આ સ્પર્શ ઈન્દ્રવદનના દોઢ અબજ સેલને આંદોલિત કરે છે. આ કેવલ વ્હાલનો સ્પર્શ ન હતો આ તો ઈન્દ્રવદનને ચન્દ્રશેખર વિજય બનાવનારો, શક્તિપાત હતો.

મહારાજજી પુનઃ તેમના સુપ્રસિદ્ધ સ્મિત સાથે ઇન્દ્રવદનને સમજાવે છે. અરે ! ભલા મારી વાત માન. હજુ તારી પાસે પંદર સોળ કલાક છે. જા ઘરે જઈને બેસી જા. સવાર સુધીમાં પક્ખી સૂત્ર ગોખાઈ જશે અને મહારાજજી કહે છે ''લાવ હું તને વાસક્ષેપ નાંખી આપું''.

આ એક ઋષિનો એક શિષ્યમાં, શક્તિપાત હતો. મહારાજજીએ પોતાની વિશુદ્ધ ચેતનાશક્તિનું ઇન્દ્રવદનમાં આરોપણ કર્યું.

આ પળ જિનશાસનના મહાન્ ઇતિહાસના સુવર્ણ પૃષ્ઠની પ્રથમ લાઇન જેવી હતી.

ઇન્દ્રવદનને પોતાની જડતા માટેની જે શ્રદ્ધા હતી તે તૂટે છે અને મહારાજજીના મંત્રતુલ્ય શબ્દો માટે શ્રદ્ધા જામતી જાય છે.

ગુરુનું કામ જીવન બદલવાનું નથી. ગુરુ તો શિષ્યનો માનસિક અભિગમ બદલે છે. આધ્યાત્મિક જગત્નું એક માર્મિક સંશોધન યાદ આવે છે. આંકડા બદલવાને બદલે ગણવાની રીત બદલો તો પરિણામ ધાર્યું આવશે. ૪+૪=૮ થાય, પણ ૪ x ૪ = ૧૬ થાય. આ જ આધ્યાત્મિક જગત્નો ચમત્કાર છે. પરિણામ બદલવા માટે જીવનશૈલી બદલી જુઓ. વિચારો બદલતાં જીવન બદલાશે.

ઇન્દ્રવદન પોતાના માટેની જે દૃઢ છાપ ધરાવતો હતો, તે છાપ ઉપર ગુરુદેવનું વ્હાલ પાણી બનીને વહે છે અને નવા ભાવ સાથે ઇન્દ્રવદન ઘરે પહોંચે છે. સાંજના ચોવિહાર કરી ઇન્દ્રવદન પાંચ કલાક સુધી પક્ખીસૂત્ર ગોખે છે. અડધુ થઈ જાય છે ગુરુવાણી ઉપર શ્રદ્ધા દૃઢ બને છે. વહેલી સવારે ઉઠીને પુનઃ પાંચ કલાક ઇન્દ્રવદન ગોખવા બેસે છે. અને માત્ર દસ કલાકમાં ૩૫૦ શ્લોકનું પક્ખીસૂત્ર કંઠસ્થ કરીને ઇન્દ્રવદન દોડતો મહારાજજી પાસે આવે છે. કહે છે ''ગુરુદેવ ! ચમત્કાર થઈ ગયો''...

ઇન્દ્રવદન એક જ વખતના આ શક્તિપાતથી પોતાની બદલાતી ઊર્જાનો અનુભવ કરી ચૂક્યો છે અને ઇન્દ્રવદનમાં ચન્દ્રશેખર નામનું શિષ્યત્વ પ્રગટવા લાગ્યું. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ને ઈન્દ્રવદનના લલાટે જિનશાસનની અપૂર્વ સેવાનું કૌવત દેખાતું હતું. ઇન્દ્રવદન પુનઃ ગુરુ ચરણમાં ઝુકે છે અને ગુરુદેવ કહે છે ''ઇન્દ્રવદન ! હાલ નવ વાગ્યા છે. તારી પાસે બે કલાક છે અહીં ઉપાશ્રયમાં બેસી જા અને પગામ સજ્ઝાય (વંદિત્તા જેવું સૂત્ર) ગોખી લે'' અને માત્ર બે કલાકમાં તે સૂત્ર પણ કંઠસ્થ કરી લીધું.

# ૧૧ મુમુક્ષુઓની શિખરજી યાત્રા...

શ્રમણ સંઘ કર્ણ ધાર પ્રેમસુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં, મુંબઈની હવામાં જન્મેલા-ઉછેરલા અનેક યુવાનો ભાનુવિજયજી મ.સા.ના પ્રવચનોથી, વિરક્તિના માસુક બન્યા હતા. લગભગ બારેક યુવાનોની ટીમ, દીક્ષા માટે થનગની રહી હતી. તે બધા જ યુવાનોને સંયમયાત્રા પહેલા તારક તીર્થોની તીર્થયાત્રા માટે મોકલવાનો મહારાજજીનો ભાવ હતો. તારક તીર્થ શિરોમણિ શિખરજીની સ્પર્શના માટે, બારેયને મહારાજજીએ પ્રેરિત કર્યા.

તીર્થયાત્રા દ્વારા સમગ્ર જીવનની સંયમ યાત્રાને નિરંતરાય બનાવવાનો મહારાજજીનો મનસુબો હતો. પ્રભુની કૃપા સંયમ જીવનનો પ્રાણવાયુ છે. બાર યુવાનો સમાન ભાવનાથી ભાવિત હતા. અને બારેય મુમુક્ષુઓ સંગ્રામ પહેલાની તૈયારી જેવી તીર્થયાત્રાએ સાથે જ જવાનું નક્કી કરે છે. પ્રભુની કરૂણા ભક્તની શ્રદ્ધા દ્વારા જ સક્રિય બને છે. ઇન્દ્રવદનને પણ બધાની સાથે જ તીર્થયાત્રા માટે જવાની રજા મળે છે. આ તેર મુમુક્ષુઓની ટીમમાં હીરાલાલ પણ હતા જેમની ઇન્દ્રવદન સાથે પહેલેથી જ દોસ્તી હતી.

ભવિષ્યમાં જે હેમચન્દ્રવિજય બને છે તે, તથા ઇન્દ્રવદન આદિ ૧૩ મુમુક્ષુ, શિખરજીની યાત્રા માટે નીકળે છે. ''શેઠશ્રી જીવાભાઈનો દિકરો શિખરજીની યાત્રા માટે દીક્ષા પૂર્વે આવી રહ્યો છે. આ સમાચાર રસ્તામાં આવતા સ્ટેશનોના સંઘોને મળે છે. શેઠની નામનાના કારણે ઠેર ઠેર ઇન્દ્રવદન આદી મુમુક્ષુ મંડલીનું હારતોરાથી સ્વાગત થવા લાગ્યું.

ઈન્દ્રવદને સ્વનિર્વાણની સાધના પૂર્વે, તીર્થંકર દેવોની નિર્વાણ ભૂમિની સ્પર્શના કરી અને આત્મભાવોમાં નિર્વાણપદની અનુભૂતિને ઉજાગર કરી.

આ યાત્રા દરમ્યાન એક ગામમાં મુમુક્ષુ મંડલીનું રોકાણ હતું. ત્યાં ઉપાશ્રયમાં એકલ વિહારી મહાત્મા સ્થાયી હતા. જે ઉપાશ્રયમાં મહાત્મા હતા, તે જ હોલમાં સાંજના સમયે ગામની શ્રાવિકાઓ પ્રતિક્રમણ કરવા આવતી હતી. મુમુક્ષુઓ મહાત્માને વન્દન-સુખશાતા પુછીને બહાર

આવે છે ત્યાં સહુની નજરમાં શ્રાવિકાઓના પ્રતિક્રમણનું દશ્ય પડે છે. તેરમાંથી બાર તો મૌન જ રવાના થાય છે પણ ઇન્દ્રવદન આ દશ્યથી વિહ્વલ બને છે અને પોતાનો વિરોધ પ્રગટ કરે છે કે ''સાધુના ઉપાશ્રયમાં શ્રાવિકાઓ પ્રતિક્રમણ શી રીતે કરી શકે ?'' ઇન્દ્રવદન તો તે મહાત્માને ચારિત્ર જીવનના નિયમો દઢતાથી સમજાવવા દોડે છે. આ પરાક્રમ ૧૮ વર્ષની ઉંમરે જ હતું.

સિંહ સત્વનો તણખો ત્યાં જ દેખાયો હતો. પણ અજાણ્યા ગામમાં ફિજુલ સંઘર્ષ વહોરવો અનુચિત્ત સમજી અન્ય સાથીઓએ તેમને વાળ્યા. આ હતી ઈન્દ્રવદનની નિષ્ઠા.

આ મુમુક્ષુસંઘ વિવિધ તીર્થ સ્થાનોની સ્પર્શના કરીને છેલ્લે શાશ્વત ગિરિરાજ પાલીતાણાની સ્પર્શના કરે છે અને ત્યાંથી સહુ મુંબઈ પહોંચે છે.

ઈન્દ્રવદન હવે વૈશાખ વદ-૬ની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યો છે. તેના માટે હવે દરેક પળ કલાક જેવી બની રહી છે. મનમાં નાદ ચાલે છે,

ક્યારે બનીશ હું સાચો રે સંત...



* ઈન્દ્રવદન સાથેના મુમુક્ષુઓ, સાથે હરશુ, સાથે ફરશુ, સંઘ-શાસન સેવા સાથે કરશું.

# ૧૨ મંગલ ઘડીની તૈયારી

ઇન્દ્રવદનનો આત્મા સંયમ પ્રાપ્તિ પૂર્વે, સંયમની નૈસર્ગિક અનુભૂતિમાં પોતાના આત્માને ડુબાડી રહ્યો છે.

દીક્ષા પૂર્વેના બહુમાનોની શ્રેણી ચાલે છે, તેમાં ઇન્દ્રવદનનું બહુમાન મુંબઈના શેરબજારના હોલમાં ગોઠવાય છે. તે સમયે શેર બજારના પ્રમુખ કોઈ પારસી સજ્જન હતા. આ પારસી સજ્જનને કોકે જૈન દીક્ષાની જીવનશૈલીની કઠોરતાની વાત કરી હતી.

તેથી તે સજ્જન તો વિચલિત થઈ ગયા હતા અને ઇન્દ્રવદનના પરાક્રમને ઇન્દ્રવદનની મજબૂરી સમજી તેઓ વિહ્વળ બની જીવાભાઈ શેઠને કહે છે, ''શા માટે આવા કઠોર જીવન માટે દિકરાને રજા આપો છે?'' પારસી સજ્જન આવી ભાવ સભર વાત સાથે પોતાના વક્તવ્યને વિરામ આપે છે.

ત્યારબાદ ઈન્દ્રવદન પોતાના વક્તવ્યમાં પોતાના ભાવોને રજુ કરતા કહે છે ''દીક્ષા જીવન તે મારી મજબુરી નહીં, મારી ઝંખના છે.'' આ સર્વહિતનો માર્ગ છે ઇત્યાદિ વાતો પોતાના વક્તવ્યમાં રજુ કરે છે. તેથી ''પારસી સજ્જન તથા સમગ્ર સભા, જૈન દીક્ષાના જીવનને વૈભવી ત્યાગમય જીવનરૂપે નીહાળવા લાગ્યા. સહુ ઈન્દ્રવદનના પરાક્રમી ચહેરાને ભાવ સભર નેત્રોથી જોઈ રહ્યા છે.

પારસી સજ્જન પણ પ્રભાવિત બને છે. તેથી તેમણે દીક્ષા દિને, શેર બજાર બંધ રાખવાની જાહેરાત કરી અને જૈન દીક્ષા માટેના પોતાના ભ્રમને દૂર કર્યા. જૈન દીક્ષા માટે તેમના અંતરમાં શુભ ભાવો જાગ્યા.

છેલ્લી એક ઘટના નોંધીને આગળ વધીએ.... વૈશાખ વદ ૫ મનો દિવસ, ભાયખલાના ઉપાશ્રયનું સ્થાન, બપોરની ગોચરી માંડલીમાં, સ્વયં પ્રેમસૂરીશ્વરજી મહારાજ સમગ્ર સાધુ માંડલી (સમુહ)માં પધારે છે. ભાવ વિભોર ઉદ્‌બોધન કરે છે.

યાદ રહે, મહારાજજી માટે આવતી કાલની દીક્ષા પ્રથમ ન હતી. આવી અનેક દીક્ષાઓ તેઓની નિશ્રામાં ઉજવાઈ હતી. પણ આવતીકાલની દીક્ષાને લઈને સ્વયં મહારાજજી, કોક અનુઠા ભાવોથી ભાવિત હતા.

ગોચરી માંડલીમાં ક્યારેક જ પધારતા મહારાજજીના ઉદ્‌બોધનને સાંભળવા સહુ તત્પર બને છે. મહારાજજી કહે છે.

''જુઓ સાધુઓ ! આવતી કાલથી આપણી માંડલીમાં એક નવા મુમુક્ષુનો પ્રવેશ થશે. આ યુવાન અતિ ધનાઢ્ય પરિવારમાંથી આવી રહ્યો છે. તેના બાપાજી જૈનસંઘના પ્રસિદ્ધ નેતા છે. આપણી ફરજ છે કે ''આવનાર મુમુક્ષુને આપણે આપણી ઉદારતા, સજ્જનતા, ખાનદાનીથી, આપણામાં એવો ભેળવી દઈએ કે તેને ઘરના સ્વજનો યાદ જ ન આવે. મહારાજજી આગળ ફરમાવે છે'' મને લાગે છે ઈન્દ્રવદન જૈન સંઘ માટે આપણા સમુદાયનો મહાન્ શાસન પ્રભાવક બનશે''

સહુ સ્થવિરોને મારી નમ્ર ભલામણ છે કે ''તેના યોગ-ક્ષેમની બાબતમાં વિશેષ કાળજી લે''

આ ભાવ વિભોર વક્તવ્ય સાથે મહારાજજી આવતી કાલની દીક્ષા પ્રદાન માટેની પોતાની આંતરિક આત્મ પરિણતિને વિશુદ્ધ ભાવોથી ભાવિત કરતા રહ્યા. રત્નોની ખાંણમાંથી ઝવેરીને કોહીનૂર બનનાર પત્થર માટે જે અહોભાવ હોય તે અહોભાવ મહારાજજીના અંતરમાં હતો, જે શબ્દો રૂપે પ્રગટ થયો.





* વિરાગની વૈભવી રજુઆત
મેરો યાર ફકીરી મેં...

* જા સંયમ પંથે...



* નયણ માલા સહસ્સે હિં.... હજારો નજર એક સિતારા ઉપર...



* હોંશે હોંશે તું વેષ ધરે, બહેન મંજુલાના માંથે ઈન્દ્રવદનનો વેષ...



* શિષ્યો ડહં... મૈં બંદા આપ ખાવિંદ...

* પરમ ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા.

* માનસ ગુરુદેવ ભાનુવિજયજી મ.સા.

* નૂતન મુનિ ચન્દ્રશેખરવિજય

# ૧૩. મહાભિનિષ્ક્રમણના મહામાર્ગે....

માતા સુભદ્રાબહેન, બાપાજી જીવાભાઈ તથા શેષ છ ભાઈ બહેનો સાથેના જન્મથી થયેલા લોહીના સંબંધો ઉપર પૂર્ણ વિરામ મૂકી, પ્રભુશાસન સાથેના ગતજન્મના લાગણીના સંબંધોના પુનર્જન્મની પળ હતી.

"વૈશાખ વદ-૬, વિક્રમ સંવત ૨૦૦૮"

મુંબઈના પ્રિન્સેસ સ્ટ્રીટ વિસ્તારથી જૈનસંઘના અતિ ધનાઢ્ય પરિવારના એક નવયુવાન, (લોકોને મન આજનો શાલીભદ્ર જેની ઉંમર માત્ર ૧૮ વર્ષની છે) વર્ષીદાનનો વરઘોડો શરૂ થાય છે. શહેર વિસ્તારના અનેક રાજ માર્ગો ઉપરથી પસાર થતો આ ત્યાગ વૈભવ, શેઠ મોતીશા ચેરીટી દ્વારા નિર્મિત ભવ્ય જિનાલયના પટાંગણ, ભાયખાલામાં ઇન્દ્રવદનની દીક્ષાનો વરઘોડો સંપન્ન થાય છે.

પરમાત્મા આદિનાથનો વિશાલ રંગમંડપ ખીચોખીચ છે. સમગ્ર શહેર આ દીક્ષાના પ્રસંગથી અને સમાચારથી ઉત્તેજિત છે, ભાવ વિભોર છે. ઇન્દ્રવદન અને તેનો ત્યાગ હાલ Talk of the Town છે.

મહારાજજી પ્રેમસૂરીશ્વરજી, સમગ્ર શ્રમણ સંઘના કેન્દ્રમાં વ્યાસપીઠ ઉપર બિરાજમાન છે. ઇન્દ્રવદનનો માહ્યલો વિશુદ્ધ સંયમ જીવન અને નૈષ્ઠિક બ્રહ્મચર્યના પાલનના દઢ સંકલ્પને વધુ ને વધુ દોહરાવી રહ્યો છે. દેવેન્દ્રોને દુર્લભ ચારિત્ર જીવનની પ્રાપ્તિની ગૌરવશાલિ પળોની ભવ્ય અનુભૂતિમાં ઇન્દ્રવદન સાતમા આસમાને વિહરી રહ્યો છે.

ઈન્દ્રવદન પોતે જે સંબંધો કે સાધનોનો ત્યાગ કરી રહ્યો છે તે તેને તુચ્છ દેખાય છે, કારણ કે ત્યાગ સામે જે આનંદના આંદોલનો તેના અંતરાત્મામાં ઉઠી રહ્યા છે તે દેવેન્દ્રોના આનંદ કરતા પણ વધુ જીવંત, ઈન્દ્રવદનને ભાસે છે. તેથી ઇન્દ્રવદનનું અંતર કહે છે. દોસ્ત ! જે ભૌતિક પદાર્થો છોડે છે वह मीट्टी जैसा था. પણ આ ત્યાગ સામે જે સ્વાનુભૂતિનો આનંદ મેળવે છે તે તો સોનાની ખાણ છે.

ઇન્દ્રવદનના મુખ ઉપર ત્યાગનો ભાર દેખાતો ન હતો. બલ્કે તેના મુખ ઉપર આનંદરસનો સ્વાદ ઝળુંબતો દેખાતો હતો.

ઇન્દ્રવદન, સુભદ્રા બહેનનો દિકરો મટી પ્રેમસૂરીશ્વરજી મ.સા.નો શિષ્ય બને છે. માતાના સંતાન કરતા ગુરુમાતાના શિષ્ય બનવામાં પોતે વધુ સમૃદ્ધ થયો તેવો અહેસાસ ઈન્દ્રવદનનું રોમરોમ કરી રહ્યું છે અને શુભ સમયની મંગલ પળે ઇન્દ્રવદન, **મુનિશ્રી ચન્દ્રશેખરવિજય** તરીકે જાહેર થાય છે.

કેશ લુંચનની નાનકડી પ્રાણવંત ક્રિયાની પળે પંન્યાસ ભાનુવિજયજી મ.સા. ઇન્દ્રવદનના માંથાના સાતવાળની ત્રણ ચપટી ઉઠાવે છે અને ઇન્દ્રવદનના બ્રહ્મરન્ધ્રમાં જિનશાસનની પ્રભાવિકતાને આરોપિત કરે છે. "सप्रव्रवाज" ભોગની ટોચ કરતા ઇન્દ્રવદનને ત્યાગનું ગગન વધુ વિસ્તૃત લાગ્યું. ભોગ પુનરાવર્તનના કલંકવાળા છે. જ્યારે ત્યાગ તો પળે-પળે નવા આનંદને અડતો જાય છે. આનંદ પુનરાવર્તનથી મુક્ત છે. આનંદ પૂર્ણતાનું શિખર છે. તે આનંદનો પ્રવાસી ઈન્દ્રવદન બને છે.

''ઇન્દ્રવદન'' પુનરાવર્તનની પરંપરાને પ્રદર્શિત કરનાર નામ છે. ''ચન્દ્રશેખરવિજય'' તો સંસારના રણ મેદાનના યોદ્ધાનું નામ છે જે નામ સાથે સંઘ શાસન ભક્તિ જોડાયેલી છે.

# ૧૪ સંયમ અને સ્વાધ્યાયના મહાયોગી...

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, મુનિ ચન્દ્રશેખરવિજયજીના જીવન રથના સુકાની બને છે. ભાનુવિજયજી મહારાજ, નૂતન મુનિના ગાઇડ બને છે અને પદ્મવિજયજી મહારાજ, ચારિત્ર જીવનના સહાયક તરીકેના રોલને કુનેહ પૂર્વક ભજવી રહ્યા છે.

ચારિત્ર જીવનના પહેલા જ દિવસથી પળ-પળને, મનો જગત્ ઉપર દોરેલા પ્લાન પ્રમાણે ગોઠવી રહ્યા છે. મુનિ ચન્દ્રશેખરવિજયજીને, પ્રેમસૂરીશ્વરજી મહારાજમાં અપૂર્વ મહાયોગી તરીકેના દર્શન થયા હતા. અનુભવ થયો હતો. તેથી તેમણે ગુરુની ઇચ્છાને જ જીવન વિકાસનો Map બનાવી દીધો હતો.

ચન્દ્રશેખરવિજયજીને તે ખ્યાલ આવી ગયો કે ''મારા ગુરુદેવ કેવલ સ્વાધ્યાય અને સંયમથી પ્રસન્ન થાય છે. ચન્દ્રશેખરવિજયજીએ જબ્બર શાસ્ત્રાભ્યાસની ધૂણી ધખાવી દીધી.

દીક્ષા જીવનના પ્રારંભના ૮-૯ વર્ષમાં મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીએ લગભગ ૨૦ હજાર શ્લોક કંઠસ્થ કર્યા. સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય, ન્યાય અને જૈન આગમોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. શાસ્ત્રાભ્યાસની સાથે સાથે જિનશાસનના અનુપમ ઋણની અનુભૂતિ સતત થવા લાગી અને તે અનુભૂતિમાંથી જિન શાસનના પ્રસાર-પ્રચાર માટે ભવ્ય-મનોરથો અંતરમાં ઉઠતા ગયા. આ મનોરથો જ ઉગ્ર પુણ્ય બનીને ઉદયમાં આવવા લાગ્યા હશે.

ચન્દ્રશેખરવિજયજી મહારાજના અધ્યાપકો તરીકેની જવાબદારી પંન્યાસજી ભદ્રંકરવિજયજી મ.સા., પંન્યાસજી ભાનુવિજયજી મ.સા. અને મુનિશ્રી ગુણાનંદવિજયજી આદિએ ઉઠાવી હતી, તો સાહિત્ય, ન્યાય આદિના અભ્યાસ માટે પંડિતવર્ય ઈશ્વરચન્દ્રજી તેમજ પંડિતવર્ય દુર્ગાનાથજીએ જબ્બર ભોગ આપેલો.

મહારાજજીની કૃપા મેળવવા, ઢગલાબંધ સ્વાધ્યાય કરવાની અપૂર્વ ભાવનાના જોરે તન તોડ પ્રયાસ ચાલતો હતો. તે પ્રયાસોની કેટલીક ઝાંખી....

- ''ચન્દ્રશેખર ! આજે તારી દીક્ષાનો ૨૦૦ મો દિવસ છે. શું ભેટ આપીશ ? અને ચન્દ્રશેખરવિજય પરમગુરુદેવને કહેતા ''ગુરુદેવ ! આજે ૨૦૦ નવી ગાથા કંઠસ્થ કરીશ'' અને મહારાજજી ભાવ વિભોર બનીને ચન્દ્રશેખરવિજયના માંથે આશિષની વર્ષા કરતા હતા.

- મહારાજજી પોતાના શિષ્યોને સ્વાધ્યાયમાં સતત જોડેલા રાખતા. ૫૦ સાધુની માંડલીમાં સવારે નવકારશીમાં વાપરનાર માંડ છ-સાત સાધુઓ જ હોય. તેમાં ચન્દ્રશેખરવિજય પણ રહેતા. પિત્તના કારણે સવારે ચા વિના માંથુ દુ:ખી જતું. તેથી તેમની નવકારશી જ હોય પણ સબૂર ! પોતાની નબળાઈના કારણે, તથા ગુરુની ઈચ્છાના કારણે નવકારશી કરતા હતા. છતાં તેમને નવકારશીમાં કેવલ બે જ મિનિટ લાગતી, માત્ર ચા-દૂધ વાપરીને તુરત સ્વાધ્યાયમાં લાગી જતા. કેવો યોગાનુયોગ. ગુરુની ઈચ્છાથી નવકારશી અને ગુરુની ખુશી માટે સ્વાધ્યાય.

મુનિ ચન્દ્રશેખરવિજયને પ્રેમસૂરીશ્વરજીમાં દૈવી પુરુષના દર્શન થતા હતા. તેમની ખુશી માટે તેઓ (ચન્દ્રશેખરવિજય) કાંઈ પણ જહેમત ઉઠાવી શકતા હતા. દરરોજ પાઠ લીધા બાદ ચન્દ્રશેખરવિજય એકધારું કલાકો સુધી લખે જ રાખતા હતા. ચક્કર આવી જાય ત્યાં સુધી લખતા હતા. સાંજ પડતા જ મહારાજજીને વંદન કરવા ચન્દ્રશેખરવિજય જતા હતા.

વંદન બાદ મહારાજજી પૂછતા ''આજે મારો ખોરાક કેટલો તૈયાર થયો'' મહારાજજી પૂ. ગુરુદેવશ્રી (ચન્દ્રશેખરવિજય)નું લખાણ દરરોજ વાંચતા હતા. એટલે તેઓ લખાણને ખોરાક કહેતા હતા. અને સામે ચન્દ્રશેખરવિજય મહારાજજીને કહેતા ''આપ જ બોલો મેં કેટલા પૃષ્ઠ લખ્યા હશે ?'' ત્યારે મહારાજજી કહેતા ૪૦-૪૫ પેઇજ અને ત્યાં ચન્દ્રશેખરવિજય કહેતા ''ગુરુદેવ ! આપની કૃપાથી આજે ૬૦-૭૦ પેઈજ લખાયા છે''. આ સાંભળી મહારાજજીનું અંતર ભાવ વિભોર બની જતું અને તેમના મુખમાંથી ઉદ્ગારો સરી પડતા. ''ચન્દ્રશેખર આટલું બધું લખાણ !!!'' ત્યારે ચાલાક ચન્દ્રશેખર મહારાજ - મહારાજજીને કહેતા ''ગુરુદેવ ! આપ રાજી છો'' ?...અરે ! હું તો ખૂબ રાજી છું.

તો ગુરુદેવ ! હૃદયના આશિષ આપો કે આપની અનુપસ્થિતિમાં મારું ચારિત્ર અને મારું બ્રહ્મચર્ય અતિ નિર્મલ રહે'' અને મહારાજજી ખુબ વ્હાલથી ચન્દ્રશેખરવિજયના શિર ઉપર હાથ ફેરવતા હતા. આ હાથમાંથી વહેતી ઊર્જા, ચન્દ્રશેખરવિજયની પ્રભાવકતાનું રો મટીરીયલ હતી.

કોઈક વખત અતિ પરિશ્રમ કરતા ચન્દ્રશેખરવિજયજીને મહારાજજી, સ્વાધ્યાય ન કરવાનો આદેશ આપતા.

મારા ગુરુદેવ મને અનેકવાર આ વાત કરતા અને કહેતા. તે સમયે મળેલા આશીર્વાદના જોરે આજે મસ્ત-મસ્ત છું.

વળી મહારાજજી વારંવાર એકવાત સાધુઓ વચ્ચે કરતા હતા કે ''મારે સાધુઓને વારંવાર સ્વાધ્યાય માટે પ્રેરણા કરતા રહેવી પડે છે પણ કેવલ ચન્દ્રશેખરને સ્વાધ્યાય કરતા રોકવો પડે છે''. આ સ્વાધ્યાય માત્ર ગુરુદેવની ખુશી માટે હતો.

***નાસિકમાં સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીને વાચના આપતા પૂ. ગુરુદેવે કહ્યું હતું કે ''शरीरेणैव युध्यन्ते दीक्षा परिणतौ बुधाः'' ''દીક્ષિત સંયમી આત્મસલામતી માટે શરીર સાથે જ યુદ્ધ કરે છે.***

***મુમુક્ષુ માટે શરીર સાધન છે, આત્મા સર્વસ્વ છે.***

***આ વાચના, સાધ્વી મહત્તરાની વિનંતીના ફલ સ્વરૂપે ન હતી, બલ્કે પૂ. ગુરૂદેવ દ્વારા અજાણતા આશાતના થઈ હતી, તેના પ્રાયશ્ચિત રૂપે આપી હતી.***

# વિહવલ માતા વિફરે છે.... ૧૫

મુનિ ચન્દ્રશેખરવિજયજીના દીક્ષા જીવનના શરૂઆતના ચાતુર્માસ મુંબઈ થયા. મુંબઈમાં જ તેમનો પરિવાર રહેતો હતો. માતુશ્રી સુભદ્રા બહેન પોતાના દિકરાને વંદન કરવા આવે ત્યારે ઉપાશ્રયના કોક ખૂણામાં માથુ ભીંત તરફ રાખીને સ્વાધ્યાય કરતા પોતાના દિકરાને જોઈ, માનું હૃદય હર્ષ વિભોર બનતું. વંદન કરીને માંડ પાંચ-મિનિટ બેઠી હોય ત્યાં દિકરા મુનિ કહે ''ચલો હવે હું સ્વાધ્યાયમાં બેસું છું.'' મા, વજનદાર પગે ઉભા થઈ જતા. આવું બે ચાર વાર બનતા મા ભાવાવેશમાં આવી મહારાજજીની પાસે જાય છે અને માતૃહૃદયનો ભાવાવેશ, ગર્જના બનીને બહાર આવે છે અને મહારાજજીને ફરિયાદના સુરમાં સુભદ્રા બહેન કહે છે, સાહેબ ! મેં દિકરાને દીક્ષા આપી છે. પણ મારું માતૃત્વ તો આજે પણ જીવન્ત છે.

આ ચન્દ્રશેખરવિજય, ઇન્દ્રવદન તરીકે મટી ગયા હશે પણ દિકરા તરીકે તો ખરાને ? અને સુભદ્રા બહેન હીબકે ચઢી જાય છે. ત્યારે મહારાજજી ખુબ પ્રેમથી સાન્ત્વના આપતા પૂછે છે ''સુભદ્રા ! ! શું વાત છે ? આટલો આક્રોશ શેનો છે ?'' સાહેબ ! ચાર વારથી મારા દિકરા મહારાજને વંદન કરવા આવું છું અને તેઓ મારી સાથે પાંચ મિનિટ પણ વાત નથી કરતા. શું દીક્ષા આપવાથી તે દીકરો મટી જાય છે ? માતાની આ ફરિયાદ સાંભળી તેણીને આશ્વાસન મળે તે માટે મહારાજજી ચન્દ્રશેખરવિજયને બોલાવે છે અને આદેશ કરે છે, ''જો ચન્દ્રશેખર, આ તારી ઉપકારી સંસારી માતા છે. તેણી તને વંદન કરવા આવે તો દશેક મિનિટ તેમની સાથે વાત કરજે''. ત્યારે વિનીત શિષ્યત્વના સ્વામી ચન્દ્રશેખરવિજય ''તહત્તિ'' કરે છે. પણ દિલની વાત રજૂ કરી દે છે અને કહે છે. ગુરુદેવ ! મારા સ્વાધ્યાયમાં અંતરાય ઉભો થાય છે માટે વાત નથી કરતો. દર વખતે શું વાત કરું ?

મા તો વિદાય થઈ ગયા પણ મહારાજ પ્રેમસૂરીશ્વરજી આજે અત્યંત પ્રસન્ન હતા. તેમના દિલમાં તીવ્ર સંતોષનો સાગર હિલોળા લઈ રહ્યો હતો અને મહારાજજીએ ચન્દ્રશેખર મહારાજને બોલાવ્યા. હૃદયપૂર્વક ભેટી વ્હાલથી આશિષ આપતા કહે છે ''ચન્દ્રશેખર ! મારા દિલનો એક ડર નિર્મૂળ થયો. મને તે વાતનો ખુબ આનંદ થયો કે ''તું તારી માની સામે પણ જોવા રાજી નથી. તેથી સ્ત્રી બાબતમાં તું કાયમ આવો જ રહીશ તેવી મારી શ્રદ્ધા આજે પ્રગટી છે.''

## ૧૬. શ્રેષ્ઠ કાળજી...

પ્રેમસૂરીશ્વરજી મહારાજ ભૂતકાળના મહાસંયમીઓની પ્રતિકૃતિ તુલ્ય હતા. તેમની વિશુદ્ધ સંયમશક્તિ જ તેમની પ્રભાવકતા હતી. તેમની હાજરી જ પ્રવચનની ગરજ સારતી હતી.

શિષ્યોની પણ કેટલી મહાન્ ખાનદાની કે ''સહુ શિષ્યો મહારાજજીને ખુશ રાખવા સતત તત્પર રહેતા હતા.'' કેવું વાતાવરણ હશે તે શ્રમણ સમુદાયનું ! આ વાતાવરણમાં કયો પાક્કો સંસારી પીગળ્યા વિનાનો રહી જાય ?

મહારાજજી શિષ્યોની, માની જેમ માવજત કરતા. તમને ખબર છે આ તે સમય હતો કે ''જ્યાં ૬૦ સાધુના જુથમાં સવારની નવકારશી કરનાર માંડ બે કે ત્રણ જ મહાત્મા હોય, બાકીના બધા આયંબિલ કે એકાસણામાં જ હોય''.

૫૫-૫૮ સાધુઓ બપોરના ગોચરી વાપરતા (જેમાં ચરિત્રનાયક ચન્દ્રશેખર વિ. આદિ હોય) મહારાજજીની ગોચરી વહેલી પતી જાય. પછી મહારાજજી, ગોચરી વાપરતા બધા સાધુઓ વચ્ચે શાસ્ત્રનો કે કર્મ શાસ્ત્રનો એવો સવાલ રજૂ કરતા કે ''વાપરવા બેઠેલા સહુ સાધુ તે સવાલનો જવાબ શોધવામાં મશગુલ થઈ જતા'' અને વાપરવાનું પતી જતું. રસનાની આસક્તિ સ્વયંભુ શાંત થઈ જતી હતી.

''ચન્દ્રશેખરવિજય'' નામનું શ્રમણ પુષ્પ જે માંડલીમાં ખીલ્યું તે સમયના વાતાવરણની થોડી ઝાંખી કરી લઈએ.

- સવારના સુર્યોદયથી જ સૂત્રો કંઠસ્થ કરવાનો અવાજ શ્રમણોના નિવાસમાંથી વહેતો હતો. આ સ્વાધ્યાયનો નાદ દૈવી સંકેત જેવો હતો.
- એવો નિયમ હતો કે જેને સવારે નવકારશી વાપરવાની હોય તે ગોચરી લેવા જાય. માટે ચન્દ્રશેખરવિજય નવકારશીની ગોચરી વહોરવા જતા.
- પંન્યાસ પદ્મવિજયજી મહારાજ, શ્રમણોના Coach તરીકેની ફરજ બજાવતા હતા.

- પંન્યાસ ભાનુવિજયજી મહારાજ શ્રમણોને, શ્રેષ્ઠ સાધક તરીકેના જીવન માટે પ્રાણવાયુ જેવી વાચનાઓ આપતા હતા.

- ત્રિલોચનવિજયજી મહારાજ, સાધુ જીવનના ઉપકરણોના વિતરણની વ્યવસ્થા સંભાળતા હતા.

આ ઉલ્લેખ કરતા મને એક નાનકડી વાત યાદ આવે છે.

પૂર્વાવસ્થામાં અતિધનાઢ્ય પરિવારમાં ઉછરેલ ઈન્દ્રવદનના સુકુમાલ દેહનું નામ બદલાય છે અને ચન્દ્રશેખરવિજય નામ ધારણ થાય છે. પણ દેહની મુલાયમતા થોડી ભૂંસાય છે, આદત ભૂંસાય, પણ અવયવોની તાસિર કેમ બદલાય ? એ વાત નક્કી છે કે સાધના માટે સગવડ ન લેવાય પણ સાધના માટે સમાધિ તો અનિવાર્ય છે.

બધા જ સાધુઓને ચોલપટ્ટા (નીચે પહેરવાનું વસ્ત્ર), ત્રિલોચનવિજયજી મહારાજ આપતા હતા. ચન્દ્રશેખરવિજયને પણ તેઓ જ ચોલપટ્ટો આપતા હતા. ગરમીના સમયમાં પસીના આદિના લીધે ચોલપટ્ટાની નીચેની ધાર વધુ તીક્ષ્ણ બનતી. અન્ય સાધુઓ તો આનંદથી સહજતા પૂર્વક વાપરતા પરંતુ ચન્દ્રશેખરવિજયની ચામડી મુલાયમ હોવાના કારણે તે ધાર ઘસાતા ચામડી ઉપર લોહીની ટસરો ફુટતી. આ ઘસાતી ધારના લીધે કપડાનો કલર સ્હેજ બદલાઈ જતો. આ ધાર મહારાજજીની નજરે ચઢી ગઈ અને તેમણે જ ત્રિલોચનવિજયને સૂચન કર્યું કે ''ત્રિલોચન ! ચન્દ્રશેખરને ચોલપટ્ટાનું કાપડ થોડું મુલાયમ આપજે''. આ ભલામણ હતી. આ વ્હાલ હતું.

આ કાળજી હતી. આ જ માતૃત્વ છે. માત્ર કઠોરતા જ મુનિજીવનનું ચિહ્ન નથી. મુનિ જીવન તો અપાર પ્રસન્નતાનું પ્રતિક છે. ગુરુનો પ્રેમ મુનિ જીવનના પાલન માટે જડીબુટ્ટી જેવો છે. કઠોરતાને હસતા-હસતા વધાવી લેવાની દિલેરી ગુરુના, પ્રેમમાં રહેલી છે.

# ૧૭ સમર્પણ vs સ્વચ્છંદતા...

મુનિ ચન્દ્રશેખરવિજય, મહારાજજી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના પરમ વિનીત શિષ્ય હતા. ચન્દ્રશેખર મહારાજ પરમગુરુદેવને ભગવાન સ્વરૂપ માનતા હતા. છતાં જનમોજનમના કેટલાક "સંસ્કારો" સાધકની સાધનાને વિચલિત કરી મૂકે છે. ચન્દ્રશેખર મહારાજના જીવનમાં પણ તે ઝંઝવાત આવે છે.

ચન્દ્રશેખરવિજય, મહારાજજીની પ્રતિ અપૂર્વ સમર્પિત હતા. સમર્પણ, આધ્યાત્મિક તમામ સિદ્ધિઓનું સોપાન છે. મારા ગુરુદેવ સમર્પણના અપૂર્વ ઉપાસક હતા. સમગ્ર જીવન સમર્પણની સાધનામાં જ હતું, છતાં ક્યારેક અનાદિકાલીન સ્વચ્છંદતા માથું ઉચકતી હોય છે તેવું જ ચન્દ્રશેખરવિજયના જીવનમાં પણ બને છે. અમને તેમના જીવનની વાતો કરતા હતા ત્યારે તેઓ આ પ્રસંગ વર્ણવતા હતા.

મુંબઈથી વિહાર કરીને ગુજરાત તરફ જવાનું હતું. મહારાજજી એવું ઇચ્છતા કે "ચન્દ્રશેખરવિજય પણ ગુજરાત આવે" પણ ચન્દ્રશેખરવિજય નવ યુવાન હોનહાર સ્વાધ્યાયી સાધુ છે તેથી તેમની ઇચ્છા એવી હતી, કે "વિહાર કરવા કરતા મુંબઈમાં રહીને જ સ્વાધ્યાય કરવો" અને મહારાજજી ઇચ્છતા ન હતા કે "ચન્દ્રશેખર મુંબઈ રહે". પ્રેમસૂરીશ્વરજી મહારાજ યોગી હતા. તેમને અગમ ભાવિના દર્શન થતા હતા. પણ મહારાજજીની પરાશક્તિથી અજ્ઞાત આ યુવા મુનિ, કેવલ અભ્યાસના જ લોભે મુંબઈ રોકાઈ જવામાં સફલ રહ્યા.

ભારે મન સાથે મહારાજજી મુંબઈ છોડે છે. મહારાજજીની અનિચ્છા ઉપર સફલ થવું તે તો આસમાનમાં મહેલ બનાવવા જેટલું અસંભવિત હતું. અને મુંબઈ રહેલા યુવામુનિ વધુ સ્વાધ્યાય કરવાના મનોરથ સાથે ખુબ પાઠ કરવાની શરૂઆત કરે છે. પણ મહારાજજીના વિહારને માત્ર સાત જ દિવસ થયા હશે ત્યાં તો યુવામુનિનું સ્વાસ્થ્ય કથળે છે. સ્વાધ્યાય છુટી જાય છે. સખ્ત માંથાનો દુ:ખાવો ચાલુ થાય છે. અધ્યયનમાં બેચેની શરૂ થાય છે.

મહારાજજીને સમાચાર મળે છે. કરૂણા સાગર મહારાજજી પુનઃ ચન્દ્રશેખર મહારાજને લાગણી સભર શબ્દોમાં જણાવે છે કે ! તું મુંબઈ સ્વાધ્યાય માટે ભલે રોકાયો હોય, પણ તે સ્વાધ્યાય કરતાય મહત્ત્વું અંગ ગુરુનું "સાન્નિધ્ય" છે તે ન ભૂલીશ. મારી તો હજુ પણ ભાવના છે કે તું મારી પાસે આવી જા...

બસ...

આ અક્ષરો વાંચતા જ સ્વચ્છંદતાની નિદ્રા તૂટે છે. માહ્‌લો જાગે છે. તીવ્ર પશ્ચાતાપ પેદા થાય છે. માત્ર મહારાજજીના પાવન સાન્નિધ્ય મેળવવાની ઝંખના સાથે જ મુંબઈથી વિહાર શરૂ થાય છે. માત્ર વીસ જ દિવસમાં મુંબઈથી શંખેશ્વર, મહારાજજી પાસે પહોંચે છે અને ગુરુચરણને અપૂર્વ અશ્રુપાતથી પખાલે છે. મહારાજજી પણ માતૃવાત્સલ્ય છલકાવી દે છે અને ભુલેલા શિષ્યની ભૂલ જોવાને બદલે, પુનઃ માર્ગ પ્રાપ્તિના તેના પુરુષાર્થને બિરદાવે છે. આ છે જિનશાસનના ગુરુપદની ગરિમા. શિષ્યના દિલમાં પોતાની ભુલનો પશ્ચાતાપ જાગે તેના કરતા ય ગુરુ પ્રત્યેનો પ્યાર જન્મે, તે ભાવ વધુ પરિવર્તક છે. આ પ્યાર જ શ્રેષ્ઠ સમર્પણ છે.

ગુરુ પ્રત્યેના અપૂર્વ સમર્પણના કારણે મુનિ ચન્દ્રશેખરવિજય, તે સમયના સમકાલીન શ્રમણો વચ્ચે શાસ્ત્રાભ્યાસમાં મોખરે રહેતા હતા. ગ્રંથ ગૌરવના ભયે વધુ પ્રસંગો ટાંકતો નથી.

ચન્દ્રશેખર મહારાજને પ્રેમસૂરીશ્વરજી મ.સા.માં દૈવી શક્તિથી પણ ચઢીયાતી પરમાત્મ શક્તિનો અનુભવ થયેલો, તેથી તેમના આશિષ મેળવવાનું જ લક્ષ સતત રહ્યા કરતું હતું. "મહારાજજીને ખુશ કરવા તે મારું સંયમ, મારી સાધના, તે જ મારો સ્વાધ્યાય" આ ચન્દ્રશેખર મહારાજના સમગ્ર અસ્તિત્વમાંથી પ્રસરતો ઘોષ હતો.

યાદ રહે ગુરુની શક્તિ કરતા ગુરુ પ્રત્યેની શ્રદ્ધા જ શીઘ્ર ફલદાયી હોય છે. ચન્દ્રશેખર મ.સા.ના નાજુક સ્વાસ્થ્યની ચિંતા મહારાજજીને સતત રહેતી હતી. નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણે મહારાજજી ચન્દ્રશેખર મહારાજને પીંડવાડા પાસે જોઈલા ચોમાસા માટે મોકલે છે.

# ૧૮ શ્રમણ અને ગુરુ, સેવાના પંથે...

સેવા, પ્રગટતી આંતરિક શક્તિઓનું પાચક પરિબળ છે. સેવા, અહંકાર શૂન્યતાનું પ્રતિબિમ્બ છે. સેવા, અંહકાર વ્યાધિનું નિવારક ઔષધ છે.

પૂર્વાવસ્થામાં ઈન્દ્રવદન અને હીરાલાલ મિત્રો હતા. દીક્ષા જીવનમાં પણ ચન્દ્રશેખરવિજયજી અને હેમચન્દ્રવિજયજી, મિત્ર મુનિ તરીકે જ રહ્યા હતા.

વાત એવી છે કે "હેમચન્દ્ર મહારાજનું સ્વાસ્થ્ય શરૂઆતથી જ નાજુક હતું. પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના તેઓ પણ ખુબ કૃપાપાત્ર હતા. મહારાજજીને તેમના આરોગ્યની ખુબ ચિંતા સતાવતી હતી. એકવાર વધુ પડતી અશક્તિના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા અને મહારાજજીએ સેવા માટે ચન્દ્રશેખરવિજયજીને મૂક્યા.

હેમચન્દ્ર મહારાજને એવો વહેમ સતત રહ્યા કરતો હતો કે "મને ખોરાક પચતો નથી માટે તેઓશ્રી ખુબ ઓછું વાપરતા" અને ખોરાક પુરતો ન જવાના કારણે શરીર ગળતું જતું હતું. તેથી સઘન ઉપચાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ચન્દ્રશેખરવિજયજીની સેવા ચાલુ થાય છે. માંડ માંડ એક ટૂકડો સફરજનનો કે એકાદ જ રોટલી વાપરતા મુનિશ્રીને ચન્દ્રશેખરવિજય ચાર-પાંચ રોટલી કે આખેઆખુ સફરજન વપરાવી દેતા... કેવી રીતે...? તેની કરામત તો જુઓ ! ચન્દ્રશેખરવિજયજી પોતાના મિત્ર મુનિની આંખે પાટા બાંધી દેતા અને નાનકડી પાતરી હાથમાં આપતા અને કહેતા "જુઓ મહારાજ ! આ પાત્ર કેટલું નાનુ છે ? મહારાજને પણ વિશ્વાસ જામતો કે ના... પાત્ર તો નાનુ જ છે. આમાં જેટલું સમાય તેટલું જ વાપરવાનું અને પછી આંધળાદાવ શરૂ થતો. ચન્દ્રશેખર મહારાજ નાના પાત્રમાં સફરજનો એક એક ટૂકડો મૂકતા જાય, અથવા રોટલીનો કોળીયો મૂકતા જાય એમ કરતા ચાર-પાંચ રોટલી ખવડાવતા જાય. તેથી અશક્ત થતું શરીર પુનઃ વજનદાર થવા લાગ્યું અને આંખના પાટાની કરામતે હેમચન્દ્ર મહારાજનું શરીરનું વજન ૨૦ કીલો જેટલું વધી ગયું.

શક્તિના જોખમને દૂર કરવા સ્વાધ્યાયી, સાધુઓને ગ્લાનની સેવા માટે મુકતા, જેથી સ્વાધ્યાયનું પાચન થાય, સેવા અહંકારનાશક જડીબુટ્ટી છે.

# ગુરુ સેવાના છેલ્લા પાંચ વર્ષ

૧૯

ગુરુ-શિષ્યનો સંબંધ ઋણાનુંબંધનો છે.

ગુરુ માટે, શિષ્યની શોધ નથી હોતી. શિષ્યની પાત્રતા, ગુરુને ખેંચી લાવે છે.

જયતાક અને યશોભદ્રસુરિ જે કુમારપાલ અને હેમચન્દ્રસૂરિરૂપે પ્રગટે છે.

ત્રિપૃષ્ઠ અને ત્રિપૃષ્ઠના રથનો સારથિ જ, ૨૭ મા ભવમાં મહાવીર અને ગૌતમરૂપે અવતરિત થાય છે.

ઈન્દ્રવદનની દીક્ષા ૧૮ વર્ષની ઉંમરે થઈ ત્યારે મહારાજજીની ઉંમર ૬૮-વર્ષની. મહારાજજીનું સ્વાસ્થ્ય આમ તંદુરસ્ત, છતાં મહારાજજીને ફરતા 'વાની પીડા વારંવાર ઊપડતી હતી. મહારાજજીની વિશુદ્ધિ અને વાત્સલ્ય એવા હતા કે "તેમના પ્રત્યેક શિષ્ય, મુનિ નંદીષેણ બની તેમની સેવા કરવા તત્પર હતા".

છેલ્લા પાંચ વર્ષ એટલે કે ૭૯-વર્ષની ઉંમરથી મહારાજજીની સંપૂર્ણ સેવામાં ચન્દ્રશેખરવિજયજી અપૂર્વ ઉલ્લાસથી જોડાય છે. ચન્દ્રશેખરવિજયજી અને પ્રેમસૂરીશ્વરજી મ.સા.નું જોડાણ જલ-મીન જેવું કહેવાને બદલે મને તો કહેવાનું મન થશે કે "હવા અને સુવાસ જેવું છે" પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપાની હવા ચન્દ્રશેખરવિજય નામની સુવાસને સમગ્ર ભારતમાં ફેલાવતી રહી. સુવાસ પણ એવી ગુણિયલ કે હવાને સદૈવ કેન્દ્રમાં રાખી નમતી રહી. યાદ રહે એકલી હવા ગમે તેવી વ્યાપક શક્તિમાન હોય છતાં તે સુવાસ ન ફેલાવી શકે જો વાતાવરણમાં સુવાસ ન હોય તો. ચન્દ્રશેખર વિ. પુષ્પ છે. ગુરુકૃપા હવા છે.

૭૯ વર્ષના મહારાજજી સ્થિરવાસનો વિચાર કરતા હતા. હવે પાદ વિહાર શક્ય ન હતો માટે સંયમજીવનની આરાધના માટે કોઈક સાનુકૂળ ક્ષેત્રમાં સ્થિર થઈ જવું, તેવો વિચાર મનમાં ઉદ્ભવ્યો. તેમણે પોતાનો વિચાર શિષ્યો સમક્ષ પ્રગટ કર્યો.

આ સાંભળતા જ હિમાંશુવિજયજી, હેમંતવિજયજી, ભાનુવિજયજી, ચન્દ્રશેખરવિજયજી આદિ પ્રખર શિષ્યોએ વિરોધ કર્યો. સહુ એકી અવાજે કહેવા લાગ્યા ''મહારાજજી ! આપ એક ઠેકાણે રહો તો આપની આ વાડી લીલી શે રહેશે ?'' પાણી ફરતું રહે તો ઝાડો ફળ આપતા રહેશે. આપ તો સકલ શ્રમણ સંઘના સંવર્ધક જલ છો અમારી હરિયાળી સંયમછાયા આપની જ દેન છે. માટે ''કૃપાલુ ! જો આપ માણસો દ્વારા ઉપાડાતી ડોળીમાં વિહાર કરવા સંમત ન હો તો અમે સહુ આપને સ્ટ્રેચરમાં વિહાર કરાવશું.'' પોતાના પ્રખર શિષ્યોનું આવુ શ્રેષ્ઠ સમર્પણ નિહાળી મહારાજજી ભાવ વિભોર બની જાય છે. છતાં ખેદ પૂર્વક કહે છે, ''સંયમીઓ પાસે સંયમ શિથિલ આ દેહ મારાથી ન ઉપડાવાય''. મહારાજજી કહે છે ''તમે તો મહાત્માઓ છો. જિનશાસનના તમે જવાહરો છો, તમારા સંયમ કે સ્વાધ્યાય સ્ખલિત થાય તે મારાથી ન કરાય. ગુરુ-શિષ્યો વચ્ચે શરૂ થયેલી આ રકઝકના અંતે વિજય, શિષ્ય ભક્તિનો થાય છે. દરેક શિષ્ય દિપક છે તો ગુરુ ફાનસ છે. આ એવા ઉત્તમશિષ્યો છે કે ''જેમને ગુરુની નિશ્રા જ નહી, ગુરુનું સાન્નિધ્ય ખપે છે અને હવે શ્રમણ સંઘમાં શરૂ થાય છે અનોખી વિહાર યાત્રા....જંગમતીર્થ સ્વરૂપ શ્રમણો... ૬૦ સાધુઓ એક સાથે વિહાર કરતા, છતાં એક પણ માણસ સાથે રહેતો નહી. આ હતી તે શ્રમણોની ફકીરી. સહુ પોતાની ઉપધિ સ્વયં ઉઠાવતા. મહારાજજીનું સ્ટ્રેચર ઉપાડનારા ચાર-મહાત્માઓ રહેતા હતા. દર એક કિ.મી. પછી ટુકડી બદલાતી રહેતી. અને અપૂર્વ ઉલ્લાસ સાથે પ્રભાવક સાધુઓ મહારાજજીને વિહાર કરાવતા હતા. સરખી હાઈટના મહાત્માઓની ટૂકડીઓ બનાવવાનું કામ ચન્દ્રશેખરવિજયના શિરે રહેતું. ચન્દ્રશેખરવિજયની સૂચના મુજબ દરેક મહાત્માઓ, મહારાજજીને ઉઠાવતા હતા.

ચન્દ્રશેખરવિજયજીએ બનાવેલી ટૂકડીઓમાં ભાનુવિજયજી મહારાજનું નામ ન હોય તો ૫૦ શિષ્યોના ગુરુ મહાસંયમી, શ્રેષ્ઠ પ્રવચનકાર તે મહાત્મા, ચન્દ્રશેખરવિજયને ઠપકો આપતા અને કહેતા ''જો ચન્દ્રશેખર ! મારું નામ રદ કર્યું તો ખબરદાર છે. ચન્દ્રશેખર તને ખબર છે?'' આ મહારાજજી, પ્રભુ સીમંધરની ઝાંખી છે? વળી તમારા બધા કરતા મારું શરીર હળવું છે. માટે હું બહુ સ્ફૂર્તિથી ઉચકીને ચાલીશ અને ભાનુવિજયજી મહારાજ કહેતા ''આ તો તે મારા ગુરુદેવ છે જેમણે મારા સમગ્ર ભવ ચક્રનો ભાર હળવો કરી નાંખ્યો છે.'' અનેં ભાનુવિજયજી જેવા ધુરંધર મહાત્મા, મહારાજજીને વિહારમાં ઉપાડતા હતા.

કલ્પના કરો કેવો હશે તે સમય, કેવી રળીયામણી હશે તે પળો, કેવો ઉલ્લાસ ઉછળતો હશે તે સમયે શિષ્યોના હૃદયમાં અને કેવા અપૂર્વ આશિષ મહારાજજીના હૃદયમાંથી વહેતા હશે... ?

આ મહારાજજીની તમામ સેવાનો લાભ ચન્દ્રશેખરવિજયજી લઈ રહ્યા છે. તે સમયમાં મહારાજજીની ખુબ નિકટમાં રહેવાનો અવસર ચરિત્ર નાયકને ઉપલબ્ધ થયો.

મહારાજજીને વાની પીડા ન ઉપડે તે માટે ચન્દ્રશેખરવિજય દરરોજ સવારે કલકત્તાના પહાડોમાં થતી મોટી હરડે પત્થર ઉપર ઘસીને મગના પાણી સાથે ચટાવી દેતા. જેથી મહારાજજી આખો દિવસ ખુબ પ્રસન્ન રહેતા હતા, કારણ કે હરડેના લીધે ગૅસ થતો ન હતો.

મને મારા ગુરુદેવ કહેતા કે ''જ્યારે હું હરડે ઘસું ત્યારે પ્રત્યેક સેકન્ડે હૈયામાં એક સંકલ્પ સતત ઊઠતો કે આ સેવાના પ્રભાવે મારું ચારિત્ર જીવન અતિનિર્મલ રહો, મારો મોહ શાંત થઈ જાઓ.'' અને સેવા પ્રત્યેની શ્રદ્ધાના કારણે તેઓ આ પરિણામ મેળવી પણ શક્યા.

આ અપૂર્વ સેવાનાં પાંચ વર્ષ, કેવલ સંકલ્પ સાધના રૂપે ચંદ્રશેખરવિજયજીએ પસાર કર્યા. સેવામાં સમયનું ઈન્વેસ્ટમેન્ટ થાય છે, જેનું રીટર્ન આ જ ભવમાં મળે છે.



*વિવિધ પ્રતિકૃતિમાં સાધુતાની પ્રકૃતિના ભાવ દર્શન*



* હું પંચ સમિતિ ધારક જૈન સાધુ

* નજર નીચે છે પણ શુદ્ધિ ઉંચી છે.

# ૨૦ અનોખી સેવા

અમદાવાદ-ઉસ્માનપુરાનો ઉપાશ્રય.....

પ્રેમસૂરીશ્વરજી મ.સા. સમગ્ર શિષ્ય પરિવાર સાથે બિરાજમાન હતા અને તે જ ઉપાશ્રયના બાજુના ભાગમાં શાસન સમ્રાટ સમુદાયના ઉદયસૂરીશ્વરજી મ.સા. પણ સપરિવાર બિરાજતા હતા. આ બંનેય મહાપુરુષો વચ્ચે અપૂર્વ મૈત્રી હતી.

આ શુભગ મિલન, પરમાત્મા શ્રી સંભવનાથજીના જિનાલયમાં પ્રાણ પ્રતિષ્ઠાના નિમિત્તે હતું. શ્રી સંઘની અદમ્ય ભાવના હતી કે ''કલિકાલના કલ્પતરૂ સમાન બેય મહાપુરુષોના વરદ્ હસ્તે પ્રભુજી ગાદિનશીન થાય. બન્નેય મહાપુરુષોની એવી ઈચ્છા પણ ખરી કે આ નિમિત્તે સાથે રહેવાશે.''

એક રાતે પ્રેમસૂરીશ્વરજી મહારાજની તબિયત એકાએક એકદમ ગંભીર થઈ ગઈ. છાતીમાં સખત દુખાવો થવા લાગ્યો,. શ્વાસોચ્છવાસ પણ અનિયમિત થઈ ગયા. સમગ્ર રાજનગરનાં ઉપાશ્રયોમાં આ સમાચાર વાયુવેગે પ્રસરવા લાગ્યા. રાતનો સમય હતો, છતાં અનેક મહાત્માઓએ તો મહારાજજીની બિમારીની ગંભીરતા સમજીને, રાતના જ વિહાર કરીને આવી રહ્યા હતા. ત્યારે ચન્દ્રશેખરવિજયજી તાતપાદશ્રીની સેવામાં હતા.

પૂજ્યશ્રીના ઉપચારોમાં ક્યાંય ખામી ન રહે તે હેતુથી ચંદ્રશેખરવિજયજીએ પાંચ-પાંચ દવાનાં પેકેટ્સ પોતાની સાથે રાખ્યા હતા. એલોપથી, આયુર્વેદિક આદિ વિજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો હતો. તબિયત વધુ નાજુક થાય ત્યારે તેના ઈલાજ તરીકે Life Saving ઇન્જેકશનો પણ સાથે જ રાખેલા.

રાતના સમયે સંઘવાળા કોઈ ડૉક્ટરને લાવ્યા. તે ડૉક્ટર તો હોસ્પિટલમાં દાખલ કરી દેવાની સૂચના સાથે ચાલતા થયા. ત્યારે ચંદ્રશેખરવિજયજીએ જોખમ ઉઠાવી એક ઇન્જેકશન આપી દીધું અને ચમત્કાર થયો. માત્ર બે જ મિનિટના સમયમાં મહારાજજીના શ્વાસોચ્છવાસ, છાતીની વેદના વગેરે બધું જ શમી ગયું. ઉદયસૂરીશ્વરજી મ.સા. પણ મહારાજજીના સ્વાસ્થ્યની ગંભીરતાથી ચિંતિત હતા. તેઓ પણ ખુશખુશાલ થઈ ગયા, ચંદ્રશેખરવિજયજીની જિગરથી બધા આશ્ચર્યચકિત

થઈ ગયા અને ચન્દ્રશેખર મહારાજ, મહારાજજીના આયુષ્યની ઘાતના નિવારક બન્યા.

તે સમયે મહારાજજીએ, ચંદ્રશેખર મહારાજને હૃદયથી આશિષ આપ્યા. ચંદ્રશેખર મહારાજ તો, મહારાજજીની શેષ જિંદગીને બચાવવામાં પોતે નિમિત્ત બન્યા તેના આનંદમાં સાતમા આસમાને હતા. મહારાજજી પણ પુલકિત હૃદયે ચંદ્રશેખરવિજયજીને ખોબે ખોબે આશિષ આપતા રહ્યા.

મારા ગુરુદેવ અમને એક વાત વારંવાર કહેતા કે ''મારી લીલીવાડી જે દેખાય છે તે માત્ર મારા ગુરુદેવશ્રીના મને મળેલા આશિષના લીધે જ છે. બાકી મારી પાસે આ જન્મ કે ગતજન્મની કોઈ સાધના નથી.'' અને મારા ગુરુદેવનું એક પ્રસિદ્ધ વાક્ય અમને સંભળાવતા કે ''મારી પાસે કેવલ બાપકમાઈ છે આપ કમાઈમાં તો મીંડું છે''.

આ ઘાત ગયા પછી મહારાજજી પાંચ વર્ષ સુધી ધરતીને પાવન કરતા રહ્યા.

જેનો અમાપ આનંદ સહુને હતો. પણ સૌથી વધુ આનંદ ચંન્દ્રશેખર મહારાજને હતો. વળી મહારાજજી પણ વાત વાતમાં આ વાત દોહરાવતા ''ચંન્દ્રશેખરના કારણે મારી જિન્દગી લંબાઈ''. ગુરુ શિષ્યનો સંસાર ટૂંકો કરે. પણ આ શિષ્યએ ગુરુની જિન્દગી લાંબી કરીને સકલ સંઘ ઉપર શ્રેષ્ઠ ઉપકાર કર્યો હતો.



* સંઘ ભાવિના દૃષ્ટા

શાસનના ભાવિના દૃષ્ટાની માર્મિકદૃષ્ટિ



* આ ચાલ નથી નિશ્ચલ લક્ષ છે.

# ૨૧ ગુરુ-શિષ્યના ખટ-મીઠા સંબંધો...

માણસ થયા એટલે સંજ્ઞામાંથી સમજમાં આવ્યા. અને સમજ આવતા જ સંબન્ધનું વર્તુળ સર્જાવા લાગે છે. વ્યક્તિ કે વસ્તુ વાપરવી તે સંજ્ઞા છે. પણ તેને સાચવવી તે સંબન્ધ છે.

સંબન્ધોના વર્તુળમાંથી જ્યારે સંબન્ધની સીડી બને છે ત્યારે વિકાસ કે પતનનું નિમિત્ત તે સંબન્ધ બની જાય છે. ગુરુ-શિષ્યના સંબન્ધો સીડી જેવા છે. સંભાવના બેય હોવા છતાં વિશેષ સંભાવના વિકાસની જ છે.

પરમ ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા. સાથે ચન્દ્રશેખર મહારાજનો ઋણાનુંબન્ધનો સંબન્ધ હતો તેમ કહેવામાં કેટલાક મજબૂત પુરાવાઓ સાંપડે છે. ઈન્દ્રવદન તરીકેના જીવનમાં તેના માનસગુરુ અન્ય હતા, છતાં મહારાજજી જ ઈન્દ્રવદનના ગુરુપદે આરૂઢ થયા. વળી મહારાજજી પોતાના શિષ્ય તરીકે જલ્દી જલ્દી કોઈ મુમુક્ષુને દીક્ષીત કરતા ન હતા. વાત્સલ્ય સાગર અને ઉદારતાની ટોચે બિરાજેલ મહારાજજી પોતાની પાસે દીક્ષીત થવા આવનાર પાત્ર આત્માઓને મહારાજજી કહેતા "જા ભાનુવિજયનો શિષ્ય થા".

આવા સંયોગો વચ્ચે મહારાજજી ઈન્દ્રવદનના સંસારી બાપાજી સુશ્રાવક જીવાભાઈની વિનંતીને માન આપી ઈન્દ્રવદનને સ્વશિષ્ય તરીકે સ્વીકારવા સંમત થયા. આ જ ઋણાનુંબન્ધ છે.

છતાં આ સંબન્ધમાં ય ખટાશ આવી હતી તે ઘટના નોંધવાનું મન થાય છે. જો કે ખટાશ પણ મીઠાશની પ્રતિતી જેવી હતી. ઉસ્માનપુરાની પ્રતિતી જેવી હતી.

મહારાજજી અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં વિચરતા હતા. તેમાં મહારાજજી ૬૦ સાધુ સાથે શહેરની ઉજમફઈની ધર્મશાળાના ઉપાશ્રયમાં પધારે છે.

૬૦ સાધુના પરિવારને સાચવવા વ્યવસ્થા તંત્ર ગોઠવાયેલું હતું. સાધુઓની ગોચરી-પાણી-બેસવા આદી તમામ બાબતોની વ્યવસ્થા સમુદાયના સ્થવિરો ગોઠવતા હોય છે. મહારાજજીના સમુદાયની વ્યવસ્થા તંત્રના અનુશાસક પૂ. ધર્મઘોષ મહારાજ (જેઓ વર્તમાન ગચ્છાધિપતિશ્રીના પિતા મહારાજ) હતા.

ધર્મઘોષ મહારાજે સાંજના સહુ સાધુઓને વ્યક્તિગત રીતે જાણ કરેલી કે "કોણે ક્યાં સંથારો કરવો". પ્રસ્તુત વ્યવસ્થાનું પાલન કડક રીતે થાય તે પ્રકારનું શિસ્ત મહાત્માઓમાં સ્વયંભુ હતું જ.

પણ રાતના સમયે સ્વાધ્યાય પતાવી મુનિશ્રી ચન્દ્રશેખરવિજય પોતાના જણાવેલા સ્થાને સંથારો કરવા લાગે છે ત્યારે તેમનો શિષ્ય ગુરુજીને પુછે છે. કે " ગુરુજી! આપના પગ નીચે સંથારો થાય તેવું છે તો હું કરૂ?" આ બાબતને સહજ સમજી - મુનિશ્રી પોતાના શિષ્યને સંમતિ આપે છે.

આ ઘટનાની નોંધ વ્યવસ્થાપકે ગંભીરતા પૂર્વક લીધી અને મહારાજજીને વહેલી સવારે જ જાણ કરી દેવાઈ કે "આ રીતે આપની વ્યવસ્થાનું પાલન થયું નથી".

રોજના ક્રમ મુજબ મુનિશ્રી ચન્દ્રશેખર મહારાજ સવારે ચાર-સાડા ચારે ઉઠી મહારાજજીને પગે લાગવા જાય છે. ત્યાં એકાએક ખુબ શાન્ત રહેનાર મહારાજજીનો પુણ્ય પ્રકોપ નિરવ શાન્તીમાં મોટા અવાજે મુનિશ્રીને કહે છે. "ચન્દ્રશેખર ! તને શું રાઈટ છે મારી સ્થાપિત વ્યવસ્થાનો ભંગ કરવાનો ? તું ધનવાન પિતાનો પુત્ર હતો તેની રાઈ ન રાખીશ. હવે તું મારો શિષ્ય છે. તે ન ભુલતો તારે પણ આ વ્યવસ્થાને પાળવી પડશે." મહારાજજીના આક્રોશ સભર શબ્દોનું એકાએક આક્રમણ થતા ચન્દ્રશેખર મહારાજ તો એકદમ વિહ્વલ બની જાય છે. કારણ કે તેઓ જાણતા જ ન હતા કે "તેમના શિષ્યને અન્યત્ર સંથારાની જગા ફાળવવામાં આવી છે."

મહારાજીનો ક્ષણિક આક્રોશ શાન્ત થઈ ગયો. તાતપાદશ્રી તો પુનઃ, જપમાં સ્થિર થઈ ગયા પણ ચન્દ્રશેખર મહારાજ તો તીવ્ર આઘાત અને રંજમાં ગરકાવ થઈ ગયા. ચૌદ કે પંદર વર્ષના મુનિ જીવનમાં આ પહેલો જ પ્રસંગ હતો. કે "જેમાં મહારાજજીએ આવેશ કરવો પડ્યો હોય". છતાંય સમર્પણની ટોચે રહેલા મુનિને પોતાને મળેલા ઠપકામાં દુઃખ કરતા કંઈક ઘણું દુઃખ તે બાબતનું થયું કે "મારા નિમિત્તે મારા તારક ગુરુદેવને સંકલેશ થયો."

પ્રતિક્રમણ આદિ બધું પતાવી મુનિશ્રી ગમગીન થઈને આસન ઉપર બેઠા હતા. સતત પશ્ચાત્તાપનું રૂદન ચાલે છે.

કમાલ ! તો જુઓ નિર્દોષ હોવા છતાં મહારાજજી પાસે જઈને ખુલાસો કરવા ચન્દ્રશેખરવિજયજી નથી જતા. ખુલાસો કરી પોતાની નિર્દોષતા જાહેર કરવામાં "ગુરુનો આક્રોશ ખોટો હતો" તેવું પુરવાર

કરવામાં  મારી પાત્રતા કે શિષ્યત્વ નથી તેવું ચન્દ્રશેખર મહારાજ દૃઢતાથી માનતા હતા. માટે હકીકત જણાવવા પણ નથી જતા અને રડ્યા કરે છે. સવાર કે બપોરની ગોચરી પણ વાપરતા નથી. બપોરે બે-ત્રણ વાગે મહારાજજીને ચન્દ્રશેખર મહારાજના રૂદનની અને ગોચરી નથી વાપરી તેની, વળી સવારની ઘટનામાં હકીકત શુ હતી તેની પણ મહારાજજીને જાણ થાય છે કે ''ચન્દ્રશેખર તો ધર્મઘોષ વિ. દ્વારા થયેલી વ્યવસ્થાથી અજ્ઞાત હતો. તેનો કોઈ અપરાધ જ નથી.''


ઉદારતા-વાત્સલ્યના સાગર જેવા મહારાજજી પાટ ઉપરથી ઊભા થઈ ચન્દ્રશેખર મહારાજના આસન ઉપર આવે છે અને રડતા ચન્દ્રશેખર મહારાજને ખુબ વ્હાલથી છાતીએ લગાડે છે. અને ૩૦૦ શિષ્યોના ગુરુ પોતાના નાના શિષ્યને કહે છે. ''ચન્દ્રશેખર ! મને હમણાં જ જાણ થઈ કે ''તું નિદોર્ષ હતો''. મેં તને ખોટો ઠપકો આપ્યો હતો.'' અને મહારાજજી માફી માગે છે. ચન્દ્રશેખર મહારાજ તો વધુ શરમીંદા બનીને મહારાજજીના પગે પડીને કહે છે, આપે માફી માંગવાની હોય ? વધુ સ્પષ્ટતા કરતા મુનિશ્રી કહે છે ''ગુરુદેવ ! આપ ક્યાં જાણતા હતા કે ''હું નિર્દોષ છું.'' ગુરુદેવ ! આજે મને તે વાતની ખુશી છે કે ''આપ મને ઠપકો આપવા પાત્ર ગણો છો.'' પછી તો મહારાજજી જાતે ચન્દ્રશેખર મહારાજને ગોચરી વપરાવે છે.

આ હતી ગુરુ-શિષ્ય વચ્ચેની મીઠી-મીઠી-ખટાશની ઘટના. હવે એક બીજી ઘટના પણ નોંધવી છે તેમાં નક્કી કરવું મુશ્કેલ થશે કે ''આ ગુરુનો ચમત્કાર કે શિષ્યનું સમર્પણ''. આ જ અરસામાં મહારાજ વિચરતા-વિચરતા સુશ્રાવક રમણલાલ વજેચંદના નવા બનેલા બંગલામાં પધારે છે. રમણભાઈ, મહારાજજીના પરમભક્ત શ્રાવક હતા. તે વખતે મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી, મહોપાધ્યાય યશોવિજયજી મ.સા. એ રચેલ અધ્યાત્મ સાર ગ્રંથનો ભાવાનુંવાદ કરતા હતા. ૯૫૦ શ્લોકના આ ગ્રંથનું કેવલ મૂળ જ ઉપલબ્ધ હતું. તેથી ગ્રંથકારના આશયને ઉજાગર કરતા ભાવાનુવાદ કરવાનું કાર્ય પડકાર રૂપ હતું. ન્યાય, વ્યાકરણ આદિના પ્રચુર અભ્યાસને લીધે ચન્દ્રશેખર મહારાજે આ હિંમત કરેલી અને ૯૪૫ શ્લોકનો ભાવાનુવાદ ખુબ સરસ રીતે પાર પાડેલો હવે પાંચ જ શ્લોકનો ભાવાનુવાદ જામતો ન હતો. તેથી ચન્દ્રશેખર મહારાજ મુંઝાતા હતા. કાર્ય અધુરું છે તેનો રંજ પણ સતાવતો હતો.

બપોરનો સમય હતો ગોચરી માંડલી પુરી થઈ ગઈ હતી. મહારાજજી વાપર્યા બાદ આંટા મારતા હતા. કોઈ મહાત્માએ મહારાજજીનો હાથ પકડેલો હતો. ત્યારે ચન્દ્રશેખર મહારાજ પેલા પાંચ શ્લોક લઈને બેઠા હતા. પન્યાસજી ભગવંત ભદ્રંકરવિજયજી આદિ અનેક મહાત્મા દ્વારા અર્થ બેસાવડા પ્રયત્નો કર્યા પણ સફળતા ન સાંપડી.

મુનિશ્રી તીવ્ર મુંઝવણમાં બેઠા છે. ત્યારે જ મહારાજજી ત્યાંથી પસાર થાય છે. તે જ સમયે ચન્દ્રશેખર મહારાજના અંતરમાંથી અવાજ આવે છે. ''મહેનત કરીને સિદ્ધિ મેળવવાનો અહંકાર છોડ અને ઉભો થા. સાક્ષાત્ સરસ્વતી તુલ્ય પૂ. ગુરુદેવશ્રીનો હાથ પકડ'' અને ચન્દ્રશેખર મહારાજ, મહારાજજીની પાસે પહોંચી જાય છે. ચાલતા મહારાજજીને ટેકો આપવા પોતાનો હાથ આપી દે છે. જેવો હાથનો હાથને સ્પર્શ થયો અને ચન્દ્રશેખર મહારાજને પાંચેય શ્લોકોનો ભાવાનુવાદ મનમાં ગોઠવાઈ ગયો. જેવા મહારાજજી વિરામ માટે આસને બેઠા તેવા તરત જ ચન્દ્રશેખર મહારાજ ગોઠવેલ ભાવાનુવાદ બતાડે છે. રાજી થઈ જાય છે. આ છે સમર્પણનો ચમત્કાર અને પરમ ગુરુદેવની પરાશુદ્ધિનો પરચો. આવી અનેક ઘટનાઓ ગુરુ-શિષ્ય વચ્ચે બને છે સમય પસાર થતો જાય છે.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, ચન્દ્રશેખર મહારાજના સમગ્ર અસ્તિત્વ-વ્યક્તિત્વનું અવિભાજ્ય સ્વરૂપ હતા. પંન્યાસજી આ તન્મયતા જ ચન્દ્રશેખર મહારાજમાં Power Provider Cable હતી.



* સ્વાધ્યાય મગ્રતા

**સ્વાદયાચીનું**
**સ્મિત**



* સ્મિત, શ્રેષ્ઠ અસ્મિતાનું દર્શક છે.

# ૨૨ ગુરુની દીર્ઘ દષ્ટિ કે પ્રારબ્ધનું પરાક્રમ

ગુરૂ-શિષ્યનો સંબન્ધ જોડાણનો નથી, બલ્કે સ્વીકાર અને સમર્પણનો છે. છતાં ગુરૂ, શિષ્યની મોહદશાને જ્ઞાનદશામાં ફેરવવા ક્યારેક અનોખા કિમીયા અપનાવે છે...

૮૪ વર્ષની ઉંમરે શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. ખંભાતમાં રોકાયા હતા. તેમની સેવામાં ચંદ્રશેખરવિજયજી હતા. ચન્દ્રશેખરવિજયજી એક દિવસ સવારના મહારાજજીને નવકારશી કરાવતા હતા ત્યારે મહારાજજી કહે છે, ''ચંદ્રશેખર ! તારી સેવાથી મારી તબિયત સારી થવા લાગી છે. હાલ કોઈ જ ફરિયાદ નથી. પરંતુ મને તારી નબળી તબિયતની ચિંતા રહે છે. માટે ચંદ્રશેખર ! તું ચુડા જા. ત્યાં રસિકભાઈ વૈદ્ય છે તેમના ઉપચાર કરાવી લે. પછી ચોમાસામાં પાછા આપણે ભેગા થઈ જઈશું.'' ચંદ્રશેખર મહારાજ અપૂર્વ ગુરુસેવા છોડી ક્યાંય જવા માગતા ન હતા. ચન્દ્રશેખર મહારાજે પોતાની અરુચિ પ્રગટ કરી, પણ આ તો શ્રેષ્ઠ ગુરુ હતા. શિષ્યના હિત અને સુખને જોનાર હતા.

અંતે ચન્દ્રશેખરવિજયનો સ્વ સ્વાસ્થ્ય માટે વિહાર નક્કી થયો. વિહારની પૂર્વે રડતી આંખે-ભારે હૈયે ચંદ્રશેખરવિજય ઉપસ્થિત થાય છે અને પોતાના અંતરની વ્યથા રજૂ કરે છે. ગુરુદેવ ! આપ મને સ્વાસ્થ્ય માટે રવાના તો કરો છો પણ મારું મન મને રોકે છે અને ચન્દ્રશેખર મહારાજ કહે છે. ''મહારાજજી ! મનમાં વિહવલતા છે પુનઃ આપ મળશો કે નહીં તેની ચિંતા છે'' અને નાના બાળકની જેમ ૩૪ વર્ષના મુનિ ચંદ્રશેખરવિજયજી મહારાજના ખોળામાં માથું મૂકી રડવા લાગે છે. કૉસ્મિક દુનિયાનો એક નિયમ છે "તમે જેના પ્રતિ હૃદયથી સમર્પિત છો તેના માટે તમને સંકેત મળતા રહે છે.'' પ્રેમસૂરીશ્વરજી મ.સા. ચંદ્રશેખરવિજય માટે ''સમર્પણ તીર્થ'' હતા. તેથી મન ગુરુદેવથી અલગ થવાની ના પાડે છે. ડર પણ છે કે ''આ ગુરુદેવના દર્શન છેલ્લા તો નહીં હોય ને !''

મહારાજજી વ્હાલલથી સમજાવે છે.''ચંદ્રશેખર ! તું ફિકર ન કર હાલ જા...મારા સ્વાસ્થ્ય કરતા તારા સ્વાસ્થ્યને સુધારવાની વધુ જરૂર છે. ચન્દ્રશેખરવિજય કમને મહારાજજીની વાત માને છે અને ચંદ્રશેખરવિજય વિહાર શરૂ કરે છે. મહારાજજી સ્વયં દરવાજા સુધી આવે છે. આ

વિહારયાત્રા, વિરહયાત્રાના આરંભની હતી તેવું પ્રારબ્ધ નિશ્ચિત હતું, છતા અજ્ઞાત હતું. અંદાજ તો ગુરુશિષ્ય બેયને થઈ ચૂક્યો હતો. ખંભાતથી વિહાર કરી ચુડા તરફ જતા રસ્તામાં બોટાદ આવે છે ત્યાં સાંજના સમયે પહોંચે છે. રાત્રિવાસ ત્યાં જ હતો.

સવારે ત્યાં જ રોકાયા હતા. વૈશાખ વદ ૧૧નો દિવસ હતો. રાતથી જ ચંદ્રશેખરવિજયજીનું મન બેચેન હતું. ગભરાયેલું હતું. ઉદ્વેગ સભર દિલ હતું. ત્યાં જ પોસ્ટ ઓફિસથી ટેલિગ્રામ લઈને પોસ્ટમેન આવે છે. ધ્રૂજતા હાથે ચંદ્રશેખરવિજય ટેલિગ્રામ લે છે અને ખોલીને વાંચે છે. ચક્કર આવી જાય છે. તાર ખંભાતથી જ આવેલો. મહારાજજીના કાલધર્મ (મૃત્યુ)ના સમાચારનો જ હતો.

ચંદ્રશેખરવિજયજીના જીવનમાં શૂન્યાવકાશ સર્જાય છે. મંથન શરૂ થાય છે. ૧૮ વર્ષની સંયમયાત્રા રથયાત્રા જેવી નિરાંતવાળી હતી. કારણ કે તે યાત્રા સારથિ સાથેની હતી. હવે પછીની સંયમયાત્રા ઘોડેસ્વારી જેવી છે. પોતે જ ચલાવનાર અને ચાલનાર. ૧૮ વર્ષના સમયમાં જ્યારે મૂંઝવણ થતી ત્યારે ગુરુદેવ માર્ગ બતાડનાર હતા. હવે મૂંઝવણ થશે માર્ગ સ્વયં શોધવો પડશે. જોકે ૧૮ વર્ષ સુધી સેવેલા ગુરુના પડખા અને મેળવેલા ગુરુદેવના હૃદયના આશિષના બળે ચન્દ્રશેખરવિજયજી પોતાની નવી સંયમ-દુનિયા વસાવવા ઉત્સાહિત થતા જાય છે.

***યહ તન વિષ કી વેલડી...***

***ગુરુ અમૃત કી ખાંણ શીશ દિયે ગુરુમીલે તો ભી સસ્તા જાણ...***

***ગુરુ દૃષ્ટ પરમાત્મા છે...***

***યાદ રહે ગુરુ ત્યારે જ પરમાત્મા બને છે જ્યારે શિષ્યની શ્રદ્ધા એકલવ્યના ગોત્રની હોય***

# ૨૩ આઘાતથી ઉત્કર્ષ...

પં. ચન્દ્રશેખરવિજયજી મ.સા.ના જીવનના બે ભાગ જોવા હોય તો એક ભાગ સમર્પણનો હતો, તો બીજો ભાગ શેર જેવા શૌર્યનો હતો. ચન્દ્રશેખર મહારાજ, સમર્પણ અને શૌર્યનું મેચિંગ હતા.

કાળધર્મના પંદર જ દિવસમાં, શરીરની અસાધ્ય કહી શકાય તેવી બિમારીઓ શાન્ત થઈ જાય છે. સંઘમાં બહુમાન્ય ચન્દ્રશેખરવિજયજીનું પ્રાગટ્ય થાય છે. ગુરુકૃપાએ ચન્દ્રશેખર મહારાજનો આખો નકશો બદલી નાંખ્યો.

૩૪ વર્ષની ઉંમરે ચંદ્રશેખરવિજયજીએ વ્યક્તિરૂપે પ્રેમસૂરીશ્વરજી મ.સા.ને ગુમાવ્યા. મહારાજજીનો દેહ વિલુપ્ત થયો. પણ શક્તિરૂપે મહારાજજી, ચન્દ્રશેખરવિજયજીની આસપાસ સક્રિય થતા ગયા તેવા અનુભવો ચન્દ્રશેખરવિજયજીને વારંવાર થતા રહ્યા છે.

વિ.સં. ૨૦૧૪ની સાલનું ચાતુર્માસ લીંબડી કરવાનો નિર્ણય મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીએ, લીધો હતો. તેનું કારણ એ જ હતું, કે ''લીંબડી નાનું ગામ, જૈનસંઘ નાનો, વ્યાખ્યાન આદિમાં સંખ્યા પાંખી રહે છે. તેવો અનુભવ ચન્દ્રશેખર મહારાજને થયો હતો. પણ લીંબડી જૈનસંઘનો જ્ઞાનભંડાર સમૃદ્ધ હતો, તેથી મુનિશ્રીએ એવો દોહલો સેવેલો કે ''ચાતુર્માસમાં એક કલાક પ્રવચન આપી દઈશું. બાકીના સમયમાં કેવલ શાસ્ત્રાભ્યાસ કરશું.''

મહારાજજીની વિદાય પછી આ જ દોહલો વધુ દૃઢ બનેલો તેમની અંતર્મુખી જીવન જીવવાની ભાવના હતી તેના ય કારણો હતા.

ચંદ્રશેખરવિજયજી જ્યારે પણ પ્રવચન કરવા જાય, ત્યારે પ્રવચન પહેલાં ઇન્જેકશન લેવું પડતું. ઇન્જેકશનની શક્તિથી પ્રવચન થઈ જતું...પણ પાટ ઉપરથી નીચે ઊતર્યા બાદ આખો દિવસ પ્રવચનના પરિશ્રમના કારણે શરીરમાં તાવ જેવી તપી, રહ્યા કરતી. આથી ચન્દ્રશેખર મહારાજ પ્રવચન આદિ પરિશ્રમ માટે ઉત્સાહિત ન હતા. તેથી નાનકડા અને શ્રવણ રુચિની ન્યુનતાવાળા લીંબડીમાં ચાતુર્માસ ગોઠવેલું હતું.


હવે વાંચો ગુરુકૃપાના ચમત્કારોની વણઝાર...તાતપાદ મહારાજજીના કાળધર્મના પંદર જ દિવસ પછી ચન્દ્રશેખરવિજયની શારીરિક સમસ્યાઓ ઉકેલાતી ગઈ. થાક-તાવ-અપચો આદિ બધું જ દૂર થઈ ગયું.

મહારાજજીના કાળધર્મ બાદ પંદર દિવસ પછી જ, લીંબડીમાં ચન્દ્રશેખર મહારાજનો ચાતુર્માસ માટે પ્રવેશ થાય છે.

જે લીંબડીમાં આ જ મહારાજ પૂર્વે આવેલા ત્યારે પ્રવવચનમાં માંડ ૫૦ જણ આવતા હતા તે જ લીંબડીમાં પુનઃ ચાતુર્માસ માટે પધારેલ ચન્દ્રશેખર મહારાજનાં પ્રવચનોમાં પાંચ-પાંચ હજારની માનવમેદની ઉમટવા લાગી. પ્રવચનો એવા લોકભોગ્ય અને લોક ગ્રાહ્ય બન્યા કે સમગ્ર ઝાલાવાડમાં ચન્દ્રશેખર મહારાજની બોલબાલા થવા લાગી.

લીંબડીની આસપાસનો ઇલાકો દરબાર અને ગરાસીયાઓનો ગણાતો. નાની-નાની વાતોમાં બેય કોમો વચ્ચે ભયાનક અદાવતો ચાલતી હતી. એક કોમ, બીજીકોમના લોહીની ભૂખી બનેલી હતી. ત્યાં જ મહારાજના પ્રવચનોએ સચોટ અસર જન્માવી. બંનેય કોમે પરસ્પરની દુશ્મની છોડી પ્રેમથી રહેતા થયા. દરબારો અને ગરાસીયાઓને દારૂની પણ ભૂંડી આદત, જેના કારણે કંઈક ઘરો તારાજ થયેલા હતા. ઘરની મહિલાઓ આ દારૂના પાપે ખૂબ ત્રાસમાં જીવતી હતી. આથી ગુજરાત સરકાર, ગાંધીજીના આદર્શ જેવી દારૂબંધીને અમલમાં મૂકવા, ખૂબ પ્રયત્નશીલ હતી. છતાં સરકાર ધાર્યા પરિણામ લાવી ન શકી. ઘરો ઘરોમાં દારૂના દૈત્યથી અણબનાવ, અપમૃત્યુ, ગરીબી, બિમારી આદિ ખૂબ વધતા જતા હતા. ત્યારે ચંદ્રશેખરવિજયજીની પદયાત્રા લીંબડી ઈલાકાનાં નાનાં-નાનાં ગામોમાં ચાલતી હતી. ગામે-ગામ તેમના પ્રવચનો થતાં હતાં. ''વ્યસનમુક્તિની'' વાતો પ્રવચનોમાં એવી મુકાતી કે ''ગામોનાગામ દારૂ આદિ વ્યસનોથી મુક્ત થવા મંડ્યા.'' ગામે-ગામના દરબારો જૈન મહારાજ પાસે આવતા અને મહારાજના ચરણે દારૂના નામે પાણી મૂકતા. આ રીતે સમગ્ર ઝાલાવાડના ઈલાકામાં સ્વૈચ્છિક દારૂબંધીનું અભૂતપૂર્વ આંદોલન છેડાયું.

આનો સંપૂર્ણ યશ ચન્દ્રશેખરવિજયજી મહારાજને જાય છે. ગુજરાત સરકારે તે સમયે, એટલે કે આજથી ૪૮ વર્ષ પહેલાં રેડિયો ઉપરથી જૈન મુનિના દારૂબંધીના પ્રયાસને ખૂબ પ્રશંસનીય ગણાવ્યો હતો. ગામેગામની ઘર-ઘરની કન્યાઓ, માતાઓએ જૈન સાધુને હૈયાના આશીર્વાદ પાઠવ્યા. દરબારોની સ્ત્રીઓએ ચન્દ્રશેખર મહારાજને યુગપુરુષ તરીકે વધાવ્યા. ચન્દ્રશેખરવિજયજીની લોકપ્રિયતાનો ગ્રાફ આસમાને અડતો જતો હતો. મહારાજ સતત ચાર વર્ષ સૌરાષ્ટ્રમાં જ રહ્યા અને સૌરાષ્ટ્રની જનતા, મહારાજજીના તેજસ્વી પ્રવચનો અને સાદગી સભર જીવનથી, પ્રભાવિત થઈ રહી હતી અને ચન્દ્રશેખર મહારાજ સોરઠના સંત તરીકે પ્રસિદ્ધ થયા હતા.



* લીંબડી મુકામે પ્રવચન શક્તિનો પ્રથમ પરચો

# ૨૪ ધર્મ પિતાની પાસે...

વિ.સ. ૨૦૨૫નું ચાતુર્માસ રાજકોટ, માંડવી ચોકમાં નક્કી થયું. ''રાજકોટ'' સોરઠની રાજધાની ગણાતી હતી. વૈભવો અને શોખમાં મુંબઈને ટક્કર મારે તેવી રાજકોટની પ્રજા વચ્ચે, ચંદ્રશેખરવિજયનું પદાર્પણ થાય છે. પ્રવચનોમાં તો પાંચ-દસ હજારની મેદની સામાન્ય ગણાતી હતી. પચાસ વર્ષ પહેલાનો સમય હતો કે ''જ્યાં જૈન સંઘોમાં યુવાનો ધર્મ વિમુખ હતા.'' તે સમયમાં યુવાનો ચંદ્રશેખર મહારાજની પાછળ પાગલ હતા. રાજકોટમાં દર રવિવારે બપોરે રામાયણ ઉપરનાં જાહેરપ્રવચનો યોજાતા. જેના લીધે સમગ્ર રાજકોટમાં વિશિષ્ટ જાગરણની લહેર ખડી થઈ હતી. પોતાના પુસ્તક ''સ્વરાજનું લોખંડી ચોખઠું'' માં ચન્દ્રશેખર મહારાજ લખે છે કે અનંત અનંત ઉપકાર માનું છું મારા ગુરૂદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા.નો જેમણે મને કહી રાખ્યુ હતું કે અવકાશ મળે ત્યારે પ્રભુદાસભાઈનો પરિચય કરજે. તેમની પાસે જે શુધ્ધ સમજ છે. તેને સારી રીતે સમજીને આત્મસાત્ કરજે. જિન શાસનના મુર્ધન્ય શ્રમણોપાસકોમાં ઝળહળતું એ શ્રાદ્ધ રત્ન છે.

પ્રભુદાસભાઇને મળતાં જ ચન્દ્રશેખરવિજયજીમાં એક અનોખો બદલાવ આવે છે. પ્રભુદાસભાઈની વિચારધારા ચન્દ્રશેખર મહારાજના અંતરને પરમાત્મા આદિનાથે સ્થાપેલી ચાર પુરુષાર્થ પ્રધાન સંસ્કૃતિની ગરીમાથી ભરી દે છે. તો બીજી બાજુ તે જ સંસ્કૃતિની ગમગીન દશા કરનાર અંગ્રેજી વિદેશી વિલાસ પ્રચુર સંસ્કૃતિ સામે તીવ્ર રોષ પ્રગટ થાય છે. ચન્દ્રશેખર મહારાજના અસ્તિત્વમાં સંઘ-શાસન સાથે સંસ્કૃતિ રક્ષા પણ ઉમેરાય છે.

પ્રભુદાસભાઈની વિચારધારા સાથે સંમત થતા પહેલાં ચન્દ્રશેખરવિજયજીએ તેમની સાથે ખૂબ વિવાદ પણ કરેલો. પ્રસંગોપાત વાચકોને નજરમાં રાખી, શ્રાદ્ધવર્ય પ્રભુદાસભાઈની વિચારધારાને પણ જાણી લઈએ.

પ્રભુદાસભાઈ, યુવાનીમાં ચુસ્ત ગાંધીયન હતા પણ ગાંધીની કેટલીક અંગ્રેજ અને નહેરુ તરફી ઝુકેલી મનોદશા જણાતા પ્રભુદાસભાઈની Sixth Sense કામે લાગી. તેમને એવું દેખાવા લાગ્યું કે ''ગાંધીજીનો ઉપયોગ કરી અંગ્રેજો ભારતની મહાન્ સંસ્કૃતિ- કે જેના સ્થાપક પરમાત્મા

આદિનાથ છે તે સંસ્કૃતિનો જ ખાત્મો બોલાવવા માગે છે. વિશ્વની અતિ સમૃદ્ધ ધરતી, વિશ્વની અતિ બુદ્ધિમાન અને સંસ્કારી પ્રજાને જ પતાવી દેવા માટે અંગ્રેજો, ગાંધીનો મીડિયા તરીકે ઉપયોગ કરવા માંગે છે. માટે જ ગાંધીનું કદ વિરાટ કરવા માટે અંગ્રેજોએ તેમને રાષ્ટ્રપિતા બનાવ્યા. તેમની નબળાઈઓને નજર અંદાજ કરી. તેમને યશ આપવા આઝાદી આપી. પ્રભુદાસભાઈ તેવું માનતા હતા કે ''ગાંધીજીના વિચાર સારા હતા, તેમની સરળતા પણ અદ્‌ભૂત. પણ ગાંધીજીની વધુ પડતી ઉદારતા દેશ કે હિન્દુ પ્રજાના હિત માટે યોગ્ય ન હતી. સરળતા, ધર્મનીતિમાં શ્રેષ્ઠ છે પણ રાજનીતિમાં કેવલ સરળતા ન જ ચાલે. ચાણક્ય જેવી શ્રેષ્ઠ બુદ્ધિમત્તા જ કામે લગાડવી પડે. જે ગાંધીજી પાસે ન હતી.

પ્રભુદાસભાઈ, અંગ્રેજ પ્રજાની કૂટનીતિને જોતા ગયા અને તેમણે પોતાની વિચારધારાને પંચ-પ્રતિક્રમણ સૂત્રોના અર્થમાં રજૂ કરી.

જૈનચાર્યોથી માંડી અનેક સાધુઓ, પ્રભુદાસભાઈને પાગલ ગણતા હતા. પ્રભુદાસભાઈ પોતાના વિચારોને ભાવિત કરવા કોક મહાત્માની શોધમાં હતા અને તેમની નજર ચન્દ્રશેખરવિજયજી ઉપર ઠરે છે.

પ્રભુદાસભાઈ અણિશુદ્ધ ચારિત્રધર મહાત્માને શોધતા હતા. સુશ્રાવક પ્રભુદાસભાઈ, ચન્દ્રશેખર મહારાજને પોતાનું જ્ઞાન આપતા પહેલા બાવીશ સવાલો વ્યક્તિગત જીવન સંબંધી પૂછે છે. બધા જ જવાબો સંતોષકારક મળતા, પ્રભુદાસભાઈ પોતાનું અપૂર્વ જ્ઞાન ચન્દ્રશેખરવિજયજીને પ્રદાન કરે છે. આ જ્ઞાનના કારણે ચન્દ્રશેખરવિજયના પ્રવચનો વધુ ધારદાર અને અસરકારક બનતા ગયા. ચંદ્રશેખરવિજયજી હવે માત્ર જૈનસાધુ તરીકે જ ઓળખાવાની સાથોસાથ ભારતીય સંસ્કૃતિના રક્ષક સંત તરીકે પ્રગટ થયા. ચંદ્રશેખર મહારાજ પાશ્ચાત્ય સંસ્કૃતિની સામે આગ બનીને વરસતા રહ્યા. તેથી યુવા મુનિ ચન્દ્રશેખરવિજયના દુશ્મનો પણ વધવા લાગ્યા કે જેઓ જે પાશ્ચાત્ય જીવનશૈલીના પ્રચારક હતા. જે તે જીવનશૈલીના પ્રસાધનોના વ્યવસાય કરતા હતા. તેમના માટે યુવા જૈન મુનિ પડકાર રૂપ હતા. માટે તેમના જાનનો ખતરો ખડો થવાના સંકેતો મળવા લાગ્યા.

# ૨૫ પાટડી ગામે જાન લેવા પ્રયાસ

સુરેન્દ્રનગર જિલ્લાનું ગામ પાટડી. ત્યાં ચાર દિવસનું મહારાજશ્રીનું રોકાણ હતું. ચાર દિવસ જોરદાર પ્રવચનો થતા હતા. રોકાણ દરમિયાન એક ઘટના બને છે...

પાટડી ઉપાશ્રયમાં મહારાજને મળવા ચાર જણા ગાડી લઈને આવે છે. સાંજનો સમય છે. પેલા ચારમાંથી એક જણ કહે છે.

અમારે તમારી સાથે વાત કરવી છે. ચન્દ્રશેખર મહારાજ કહે છે બોલો...''પેલા લોકો કહે છે. અમારે રૂ. ૨૦,૦૦૦ની જરૂર છે જાણવા પ્રમાણે તમારા બાપાજી મુંબઈના ધનાઢ્ય વ્યક્તિ છે. તમે અપાવો'' ચંદ્રશેખર મહારાજ કરુણા સાગર હતા. પણ તે ન ભુલશો કે તેઓ સત્ત્વપુરુષ હતા. મહારાજ કહે છે જુઓ અમે સંસાર ત્યાગી છીએ. અમે આ રીતે કોઈને પૈસા અપાવી ન શકીએ. ત્યારે પેલા લોકો કહે છે, તમે નહીં અપાવો તો પરિણામ ભયાનક આવશે. આ રીતે થોડી ગરમાગરમી સાથે વાતો કરીને તે લોકો કોક જૈનના ઘરમાં રાત રોકાયા હતા. ત્યારે ચાર જણા અંદર-અંદર વાતો કરતા હતા. તેમાં સલીમ-સલીમ કહીને બોલાવતા હતા. જૈન પરિવાર ડઘાઈ જાય છે.

ઘરના વડીલ-મહારાજ પાસે આવે છે. પૂછે છે ''આવનાર મહેમાનને આપ ઓળખો છો ?'' મહારાજ કહે છે ''ના'' : તો સાહેબ મારાથી તેમને રાખી નહીં શકાય. ચારમાં બે મુસ્લિમ લાગે છે. આ વાતથી મહારાજ પણ ચોંકી ઊઠ્યા. જૈન શ્રાવક કે જેના ઘરે ચાર જણ ઊતર્યા. હતા ત્યાં પાછા આવે છે, ત્યારે ચારેય ફરવા નીકળ્યા હતા. તકનો લાભ લઈ, તેમના સામાનને જુએ છે. સામાનમાંથી બે મોટા છરા અને એક નાનકડી ચીઠ્ઠી મળે છે, જેમાં લખ્યું હતું "danger Rs. 20,000". આ ચિઠ્ઠીથી પરિવારવાળા ડરી જાય છે.

પાંટડી ગામમાં સમાચાર વાયુવેગે ફેલાય છે. ઘરની બહાર લોકોની ભીડ જમા થાય છે. લોકો ચીઠ્ઠી-છરા આદિનો અર્થ એવો કરવા લાગ્યા કે ''પાંચ સાધુ ભયમાં છે'' ચારેય ભાવનગરના છે.

તે જાણી ઘરવાળાએ મુસ્લિમ છોકરાના બાપનો Phone જોડ્યો. બાપ સજ્જન હતા. તુરત ગાડી લઈને આવે છે. ગુરુદેવ પાસે રાતે બે વાગે બધા આવે છે. મુસ્લિમ પિતા કહે છે.

देखो महाराज ये मेरा लड़का है, जुवान है, पैसा कमाने की जल्दबाजी में सट्टा-खेलने लगा और वो हार गये है, कर्जे चुकाने के लीए आपके पास आ गये क्युंकी आपका नाम अखबारोमें बारबार पढ़ते थे । लड़के का अपराध की हम माफी मांगते हैं ત્યારે પાટડીમાં શાન્તી થાય છે. પાટડીના હિન્દુઓ ઝનૂનમાં હતા. પોલીસ પહેરાની વચ્ચે તે ચારેયને રવાના કર્યા.

મહારાજજી, પ્રેમસૂરીશ્વરજી મ.સા.નું સાક્ષાત્ સુરક્ષાકવચ છે, માટે ચંદ્રશેખરવિજય અનેકવાર બચતા રહ્યા છે.

ચંદ્રશેખર મહારાજનું સમગ્ર જીવન પુણ્ય અને શૌર્યનું મેચિંગ હતું. શૌર્ય તો તેમનો સ્વભાવ હતો, પુણ્યની મદદ સતત મળતી રહી છે.

કમાલ તો મને એ દેખાય છે કે ગુરુદેવ ચન્દ્રશેખર મહારાજની હયાતીમાં, શાસન-સંઘ-સંસ્કૃતિ વારંવાર જોખમમાં મુકાતા રહ્યા છે અને ગુરુદેવનું સમગ્ર જીવન એક યા બીજી લડતમાં જ, પસાર થતું રહ્યું છે, જાણે જોખમોને પણ આ જ સમય યોગ્ય લાગ્યો હોય.

પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી સંઘ, શાસન, સંસ્કૃતિના રક્ષક સૈનિક હતા. સૈનિક યશ માટે લડતો નથી, તેની લડત માત્ર ને માત્ર, સુરક્ષા માટે છે. તેની કોઈની સાથે દુશ્મની નથી હોતી.

પંન્યાસ ચન્દ્રશેખર મહારાજની જિંદગી લડતની હતી. તેમની લડતોની નોંધ આપણે જોતા જઈએ. વાંચતા હૈયું ઝૂકી જાય તેવું છે. ચન્દ્રશેખર મહારાજ one man army હતા.

# ૨૬ સાબરમતીથી સંઘર્ષ યાત્રાના મંડાણ

મુનિશ્રી ચન્દ્રશેખર મહારાજ, ધર્મ કે સંસ્કૃતિ વિરુદ્ધની પ્રવૃત્તિ સામે આક્રમક લડતના મુખ્યનેતા તરીકે ''બાય ડીફોલ્ટ'' રજુ થતા હતા. વિ.સં.૨૦૨૬, ૨૦૨૭, ૨૦૨૮ના ચાતુર્માસ ધ્રાંગધ્રા, જામનગર, ભુજ પસાર પસાર કર્યા અને વિ.સં. ૨૦૨૯ની સાલમાં પાલીતાણા યાત્રા માટે ચન્દ્રશેખર મહારાજ પધાર્યા હતા. ત્યાં શ્વેતાંબર કોન્ફરન્સ નામની સંસ્થાની મીટીંગ હતી. આ સંસ્થાના અધ્યક્ષ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ હતા.

દેશના ખ્યાતનામ જૈનો, પાલીતાણા આવેલા હતા. આ મીટીંગમાં સંસ્થા ભારત સરકારને અનુરોધ કરતો એક ઠરાવ પસાર કરવાની હતી. ''જે ઠરાવની વિગત એવી હતી કે ''પ્રભુ મહાવીર દેવની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિની ઉજવણી રાષ્ટ્રીય લેવલે થાય''.

સંસ્થાના શ્રદ્ધા સંપન્ન શ્રાવકોની એવી ભાવના હતી કે ''મહાવીર દેવ ભારતની મહાન્ વૈશ્વિક વિભૂતિ હતા.તેથી ભારત સરકાર દ્વારા જ, આ પ્રસંગ ઉજવાય તો પ્રભુને અને જૈન ધર્મને અનોખી પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય''.

જૈનોના આવા અનુરોધને ધ્યાનમાં લઈને ભારત સરકાર દ્વારા ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ શતાબ્દિની ઉજવણી કરવાનું નક્કી થાય છે, જેમાં જૈનધર્મનાં આચાર્યોની સર્વોપરિતાને બદલે સરકારની સર્વોપરિતા થવાનો મોટો ભય ઉભો થાય છે, તેથી ચન્દ્રશેખર મહારાજનું સિંહસત્ત્વ છંછેડાય છે અને સરકારી નિર્વાણ શતાબ્દિ સામેનું આંદોલન શરૂ થાય છે.

૨૦૨૯નું ચાતુર્માસ સાબરમતી (અમદાવાદ) નક્કી થાય છે. તે વખતે અમદાવાદમાં બિરાજમાન અનેક પ્રસિદ્ધ જૈનાચાર્યની સહીથી દર અઠવાડિયે ૨૫૦૦ની ઉજવણીનો વિરોધ દર્શાવતી પત્રિકાઓ પ્રસિદ્ધ કરવી ''તેવું આયોજન ચન્દ્રશેખર મહારાજે કરેલું.'' તે સમય હતો જ્યારે પ્રચાર મીડિયા તરીકે વર્તમાનપત્રો કે આવી પત્રિકાઓ જ હતી. ચન્દ્રશેખર મહારાજની પ્રવચન શક્તિ સકલ શ્રમણસંઘમાં સર્વોપરિ હતી. તેથી રવિવારીય રામાયણનાં પ્રવચનોમાં આઠ-દસ હજારની

મેદની ભેગી થતી. અમદાવાદના છેડે રહેલા સાબરમતીમાં થતી ગર્જનાઓનો અવાજ સમગ્ર અમદાવાદને ગજવતો હતો.

સાબરમતી ચાતુર્માસ દરમિયાન રવિવારીય પત્રિકા આંદોલન ચાલુ થયું જ હતું. રાજનગરના સંઘોમાં જાગૃતિ આવતી જતી હતી. હવે આ આંદોલનમાં યુવાશક્તિને સક્રિય કરવાની ભાવના ચન્દ્રશેખર મહારાજને જાગી અને જન્માષ્ટમીનો દિવસ પસંદ થયો. પંદરથી ચાલીસ જ વર્ષના માત્ર યુવાનોની એક જાહેરસભા રાખવાનો નિર્ણય થયો.

વીસમી સદીની માત્ર જૈન યુવાનોની આટલી જંગી સભા સમગ્ર ભારત ખાતે પ્રથમ જ હશે તેવું કહીશ તો અતિશયોક્તિ નહીં ગણાય.


આ યુવાસભામાં સાબરમતી મંડળના ગાયક યુવાન... લલિતભાઈ ધામી હતા જેમણે યુવા સભાના આરંભમાં શાંતિલાલ શાહનું ગીત ''લડતી ઝઘડતી આ દુનિયાને'' ગાયું અને ત્યારથી લલિતભાઈ સમગ્ર જીવન દરમિયાન ચન્દ્રશેખર મહારાજના વફાદાર સૈનિક તરીકે જોડાયા. લલિતભાઈની વફાદારીએ ચન્દ્રશેખર મહારાજની કાર્યશક્તિની દોટમાં ઍક્સિલરેટરની ગરજ સારી હતી. લલિતભાઈના સમર્પણને હૃદયથી વંદન.

તે સભામાં લગભગ દસથી બાર હજાર યુવાનો હતા. લગભગ ત્રણ કલાકના ધારાવાહી પ્રવચનમાં સમગ્ર યુવા વર્ગ હલબલી ઊઠ્યો. યુવાનો રોડ ઉપર ઊભા રહીને, ઝાડ ઉપર ચઢીને, ચન્દ્રશેખરવિજયજીને સાંભળી રહ્યા હતા અને ત્યારબાદ લગાતાર ૪૦ વર્ષ ચન્દ્રશેખર મહારાજ સમગ્ર યુવા માનસના "Icon" બની રહ્યા હતા.

આ સદીમાં યુવાનોને ધર્મ તરફ વાળવામાં સિંહ ફાળો ચન્દ્રશેખર મહારાજનો છે. આ વાતમાં સમગ્ર ભારતના જૈન સંઘો સંમત છે. આજે જૈન સંઘોમાં યુવાનોની જે દોડાદોડ કે ઉત્સાહ દેખાય છે તે વડલાનું બીજ વિ.સં. ૨૦૨૯ની જન્માષ્ટમી એ રોપાયુ હતું.

યુવાનોને સક્રિય રાખવા, ઉજવણીનો વિરોધ પ્રગટ કરતા હોર્ડિંગો સાથે એક વિરાટ ચૈત્યયાત્રાનું આયોજન કરેલ. સાબરમતીથી હઠીસીંગની વાડી સુધીની આ ચૈત્યયાત્રા લગભગ ૨ કિમી. લાંબી હતી. લગભગ દસ હજાર યુવાનો જોડાયા હશે. ચન્દ્રશેખર મહારાજ હવે જૈન સંઘના વજનદાર જૈન સાધુ બની ગયા. તેમનો અવાજ સાંભળવો પડે તેટલો વગદાર હતો. શાસન પ્રત્યેની વફાદારી તેમની રગરગમાં ધબકતી હતી અને આ બાબતની નોંધ સકલ શ્રમણસંઘે લીધી હતી. માટે શ્રમણસંઘમાં ચન્દ્રશેખર મહારાજ બહુ માન્ય હતા. વિરોધીઓ પણ ચન્દ્રશેખર મહારાજની શાસન વફાદારી અને શાસન ભક્તિને વખાણતા હતા.





* રાજા આમ અને બપ્પભટ્ટસૂરિની અર્વાચીન જોડી એટલે પૂ. ગુરુદેવ અને લલિતભાઈ

# વિદ્રોહની ચિનગારિ... ૨૭

ભારત સરકારે રાષ્ટ્રીય સ્તરની ઉજવણી માટે ચારેય સંપ્રદાયના ધનાઢ્ય જૈનોની એક સમિતિ બનાવેલ જેના અધ્યક્ષ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રાદ્ધવર્ય કસ્તુરભાઈ શેઠ હતા. તેમની સાથે મોનોગ્રામ મિલના માલિક ચન્દ્રકાન્તભાઈ શેઠ તથા શેઠશ્રી જીવતલાલ પ્રતાપસી (પૂ. ગુરુદેવ શ્રીના બાપાજી) હતા.

શ્વે.મૂ.જૈન સંઘના આચાર્યો એવું ઇચ્છતા હતા કે ૨૫૦૦મી શતાબ્દિ સમિતિમાંથી શ્વે.મૂર્તિપૂજક સંપ્રદાય બાકાત થઈ જાય. તેથી સરકારી હસ્તક્ષેપથી આપણે બચી જઈએ. અર્થાત્ ઉજવણીની આડ અસરથી શ્વે.મૂ. જૈન સંઘ બચી જાય.

વિ.સં. ૨૦૩૦નું ચાતુર્માસ અમદાવાદ શહેરમાં કરવાનો વિચાર, ચંદ્રશેખર મહારાજે કર્યો. તે સમય એવો હતો કે તપાગચ્છ જૈન સંઘમાં એક તિથિ અને બે તિથિના વિખવાદ ચાલતા હતા. તેથી શહેરના એક તિથિ પક્ષનાં ઉપાશ્રયોમાં, બે તિથિના સાધુ-ચન્દ્રશેખર મહારાજનું ચાતુર્માસ શક્ય ન હતું. વળી જે ઉપાશ્રયોમાં ચન્દ્રશેખર મહારાજનો પ્રવેશ શક્ય હતો, તે ઉપાશ્રયોના ટ્રસ્ટી મંડળો ઉપર શેઠશ્રી કસ્તુરભાઈનો ભારે પ્રભાવ હતો.

અમદાવાદના જૈન સંઘોમાં રહી કસ્તુરભાઈ શેઠની સામે આંદોલન ચલાવવું એટલે મગર સાથે પાણીમાં લડવા જેવી સ્થિતિ ગણાય. તે સમયમાં સમગ્ર રાજનગરના સંઘો ઉપર કસ્તુરભાઈ શેઠનો પ્રભાવ જબ્બરજસ્ત હતો. ''આ રાજનગરના સંઘોની શેઠ પ્રત્યેની આમન્યા હતી, કે શેઠનું સંચાલન રાજનગરના સંઘો માટે આશિષરૂપ હતુ'', તેનો આ પ્રભાવ છે. તે જાણવું દુષ્કર હતું. છતાં એકવાત નિશ્ચિત હતી કે શેઠ, રાજનગર જૈન સંઘોના સર્વમાન્ય નેતા હતા.

વળી આવી પ્રભાવી પક્કડમાં, તે સમયે વર્તમાનપત્રમાં એક જાહેરાત છપાઈ, જેમાં એવો ઉલ્લેખ હતો. કે ''ચંદ્રશેખર મહારાજ દ્વારા ઉજવણીનો વિરોધ થઈ રહ્યો છે .

તે રાજનગરના જૈન સંઘોમાં હાનિકર છે કારણ કે "આ વિરોધના કારણે દરેક સંઘોના ઘરોમાં વિખવાદ શરૂ થયો છે." જેમાં ઘરોના વડીલો ઉજવણીના કાર્યની તરફેણમાં છે જ્યારે તે જ ઘરોના યુવાનો ઉજવણીના વિરોધમાં છે. આમ ઘરઘરમાં અરાજકતા ચન્દ્રશેખર મહારાજે ઊભી કરી છે".

છાપામાં આવુ નિવેદન આવતા જ, ચન્દ્રશેખર મહારાજ અંદરથી હતાશ થઈ ગયા અને મહારાજને વિચાર આવ્યો "હવે મને કોણ મદદ કરશે"? મારા વિરોધમાં સમગ્ર રાજનગરના સંઘો છે.

કુરુક્ષેત્રના રણમાં અર્જુન હતાશ થાય છે તે જ રીતે ચન્દ્રશેખર મહારાજમાં પણ હતાશા આવે છે. તે સમયના શ્રાવક શ્રીકાન્તભાઈ (જેઓ પૂ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ભક્ત હતા) તે મલવા આવે છે અને કહે છે, સાહેબ! વર્તમાનપત્રના નિવેદનથી હતાશ ન થાઓ, બલ્કે ઉત્સાહમાં આવો. આ નિવેદન તો આપણા ઉત્સાહને વધારનાર છે. અને પછી શ્રીકાન્તભાઈ કહે છે જુઓ સાહેબ નિવેદનમાં સ્પષ્ટ લખ્યું છે કે વૃદ્ધો શેઠ સાથે છે. પણ યુવાનો તો આપની સાથે છે.... આ કેટલું મોટું જમા પાસુ છે. આંદોલન તો યુવાનો જ કરશે ને ?

હતાશ ચન્દ્રશેખર મહારાજ, પુનઃ આગ બનીને મેદાનમાં ઊતરે છે અને ત્યારબાદની પ્રવચન સભામાં ચન્દ્રશેખર મહારાજ એક વાક્ય વારંવાર દોહરાવતા "પાર્થને કહો ચઢાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ."

ચન્દ્રશેખર મહારાજનું આંદોલન રાષ્ટ્રીય લેવલની ઉજવણી સામે હતું. તેમનો વિરોધ ક્યારેય વ્યક્તિગત દ્વેષ રૂપે પ્રગટ્યો નથી. બલ્કી ચન્દ્રશેખર મહારાજને શેઠશ્રી કસ્તુરભાઈ આદિ મહાનુભાવો માટે ભારોભાર આદર હતો. તો તે જ રીતે કસ્તુરભાઈ આદિ શ્રાવકોને પણ ચન્દ્રશેખર મહારાજની શાસનદાઝ અને તેમની પુણ્યશક્તિ માટે વિશેષ અહોભાવ હતો. કસ્તુરભાઈ શેઠના પ્રભાવના કારણે રાજનગરના સંઘો, ચાતુર્માસ માટે વિનંતી કરતા ન હતા. ત્યારે

શહેરની દોશીવાડાની પોળમાં આવેલ વિદ્યાશાળાનો ઉપાશ્રય જે સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મ.સા.ના સમુદાયનો ઉપાશ્રય હતો ત્યાંના ટ્રસ્ટી સુશ્રા. રમણભાઈ જરીવાળા આદિ હતા. તેમણે અપૂર્વ પરાક્રમ બતાવી ૨૦૩૦ના ચાતુર્માસ માટે ચન્દ્રશેખર મહારાજને વિનંતી કરી હતી. વિનંતી વખતે જ ચન્દ્રશેખર મહારાજ સ્પષ્ટતા કરે છે, કે આ ચાતુર્માસ કેવલ આરાધનાનું નથી, આંદોલનનું છે.

આ ચાતુર્માસ ચન્દ્રશેખર મહારાજના પૂર્વના ૨૨ ચાતુર્માસમાં શિરમોર રહ્યું. સંઘર્ષો અને આંદોલનોનું ચાતુર્માસ હતું. ગમે તે હોય ચન્દ્રશેખર મહારાજની નિષ્ઠા અને સરળતા માટે સહુને માન હતું. તેથી તેમના વિરોધમાં જન માનસને કડવાશ જણાતી ન હતું. બલ્કે વિરોધની સચ્ચાઈ દેખાતી હતી. આ વિરોધ શ્રી સંઘના હિત માટે છે'' તેવું સહુ માનતા હતા.

ચાતુર્માસમાં રવિવારીય પ્રવચનો અમદાવાદની ફેલોશીપ હાઈસ્કુલના પટાંગણમાં મંડપ બાંધીને થતા હતા. સમગ્ર અમદાવાદના લોકો ઊમટતા હતા. જંગી સભા, હૃદયસ્પર્શી પ્રવચનોની લહેર, સમગ્ર અમદાવાદને હલાવી રહી હતી. લોકહૃદયમાં ચન્દ્રશેખર મહારાજનું રાજ ચાલવા લાગ્યું. તેઓ લોકપ્રિયતાની ટોચ ઉપર બિરાજતા હતા.

વિદ્યાશાળાના ચાતુર્માસ દરમ્યાન અનેક શકવર્તી કાર્યો થયા. રાષ્ટ્રીય સ્તરની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિનો વિરોધ દાવાનલની જેમ વિસ્તરતો જતો હતો.

રાષ્ટ્રીય ઉજવણી સમિતિમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાંથી ગુજરાતના ત્રણ મુરબ્બીઓ હતા. શેઠશ્રી કસ્તુભાઈ, શેઠશ્રી જીવાભાઈ અને શેઠશ્રી ચન્દ્રકાન્તભાઈ બકુભાઈ હતા. આ ત્રણ મુરબ્બીઓ જૈનસંઘના પ્રભાવી નેતા હતા. તેથી સરળતાથી પદ ત્યાગ કરવો તેમના માટે દુષ્કર હતો. તેથી પર્યુષણ પર્વ બાદ આંદોલનને વધુ ઉગ્ર બનાવવા પર્યુષણાના પાંચ કર્તવ્યમાંનું એક કર્તવ્ય ચૈત્ય પરિપાટી હોય છે. તે કર્તવ્યના પાલનને ધ્યાનમાં રાખી, વિદ્યાશાળાથી પાલડી

જૈનનગર ખાતે બકુભાઈ શેઠના દર્શન બંગલામાં આવેલા ''ગૃહ ચૈત્ય''ની ચૈત્ય યાત્રા ગોઠવાઈ હતી. આ ચૈત્ય યાત્રા મુનિશ્રી હેમચન્દ્રવિજયજી (જેહાલ હેમચન્દ્રસૂરિજી મ.સા.)ની નિશ્રામાં યોજાઈ હતી. આ યાત્રામાં લગભગ દશહજાર યુવાનો સામેલ હતા. સહુના હૃદયમાં ''ચન્દ્રશેખર જુસ્સાનો'' જુવાળ જાગ્યો હતો. ચૈત્યયાત્રા શેઠના બંગલે પહોંચે છે. વિરાટ સંઘને સન્માન ભેર આવકાર મળે છે. કારણકે આ ઘર શ્રાવકનું હતું, સકલ સંઘના પધરામણાંને ભાવથી વધાવે છે. પરમાત્મા-ભક્તિ બાદ સમગ્ર સંઘ બંગલાના ચોગાનમાં બેસી જાય છે. હેમચન્દ્ર મહારાજ ચન્દ્રકાન્તભાઈને શ્રમણ પ્રધાન જૈનસંઘની મહત્તા સમજાવે છે. અને મુનિશ્રી તે પણ કહે છે કે ''આપ તો રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. સાહેબના ભક્ત છો, અને પૂજ્યશ્રી આ ઉજવણીની વિરુદ્ધ છે. તેથી રાષ્ટ્રીય સમિતિના સભ્ય તરીકે આપ રાજીનામું ધરી દો.''

શેઠ ચન્દ્રકાન્તભાઈ લોકજુવાળને ઓળખી ગયા હતા. સાથોસાથ ઉત્તમ ખાનદાની દર્શાવીને તુરત જ રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ કસ્તુરભાઈ શેઠને પોતાના રાજીનામા અંગે ફોન કર્યો. અને રાજીનામાનો પત્ર હેમચન્દ્ર મહારાજના હાથમાં મૂકી દીધો. ચૈત્ય યાત્રામાં આવેલા તમામ યુવાનો ત્યાં નાચવા લાગે છે આંદોલનનો આ પ્રથમ વિજય હતો, શ્રમણ પરંપરાની સર્વોપરિતા સ્વીકારનાર એક ધનવાન શ્રાવકનો આ ખાનદાની પૂર્વકનો નિર્ણય હતો.

સંસારી પક્ષે જે બાપાજી થતા હતા. તે શેઠ જીવાભાઈના રાજીનામા માટે માત્ર ચન્દ્રશેખર મહારાજ એકલા જ નવરંગપુરા કલ્પના બંગલામાં પહોંચે છે. સંસારી પક્ષે બાપાજી અને સંઘના નેતા હતા. એક બાજુ દીકરા મહારાજનો વિરોધ બીજી બાજુ કસ્તુરભાઈ શેઠનો પ્રભાવ આમ જીવાભાઈ તો દ્વિધામાં છે. ધારણા પ્રમાણે રાજીનામું મળ્યું નહી. પણ રાજીનામાની ભૂમિકા જરૂર ઊભી થાય છે. જીવાભાઈ પણ સંઘના મોભી હતા. એમ સરળતાથી તો રાજીનામું શી રીતે આપે ? પણ તેમનું રાજીનામું લેવા સુશ્રાવક કુમુદભાઈ આદિ યુવાનો જાય છે. પરિવારનું પણ દબાણ થતા જીવાભાઈ રાજીનામાનો પત્ર આપી દે છે.

હવે માત્ર શેઠ કસ્તુરભાઈનું રાજીનામું લેવાનું બાકી રહેતું હતું. શેઠ સ્વયં અનુભવી અને દીર્ઘદષ્ટા હતા. તેથી તેઓ પોતાના નિર્ણયથી પીછેહઠ કરવાના મૂડમાં ન હતા. શેઠ પહેલેથી લોખંડી મનોબળના માલિક હતા. વિરોધથી ડરીને પીછેહઠ કરે તો તે કસ્તુરભાઈ શેના ? અહીં એક વાતની સ્પષ્ટતા કરવી છે કે "શેઠ કસ્તુરભાઈ પણ જિનધર્મ અને જિનશાસનના પરમભક્ત હતા. તેથી તેઓ એવું દૃઢતાપૂર્વક માનતા હતા કે **"જો સરકારી રાષ્ટ્રીય સમિતિમાંથી આપણે બધા જ નિવૃત્તિ લઈશું તો ભારતભરમાં જૈન ધર્મ કેવલ ત્રણ સંપ્રદાયનો જ બની રહેશે."** સમગ્ર વિશ્વમાં આમઆદમી માટે શ્વે. મૂર્તિપૂજક સમાજની ઓળખ ભૂંસાઈ જશે. આ ડર કસ્તુરભાઈને હતો.

સંઘના નેતા તરીકે આ ડર તેમનો વાસ્તવિક હતો. તેથી જ રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ તરીકેની પોસ્ટ તેઓ છોડવા તૈયાર ન હતા.

૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિના વિરોધનું આંદોલન ખૂબ જોર પકડતું જ હતું. ચંદ્રશેખર મહારાજ શેઠશ્રી કસ્તુરભાઈના ગૌરવને જાળવી રાખવાનું પણ તેટલું જ ધ્યાન રાખતા હતા. આથી શેઠની માનસિકતાને મુલાયમ બનાવવાની જુદી જુદી રીત અજમાવાતી હતી .

કસ્તુરભાઈ શેઠ મક્કમ મનોબળવાળા હતા, દીર્ઘદષ્ટા હતા. લીધેલા નિર્ણયમાંથી પીછેહઠ કરવા તેઓ તૈયાર ન હતા. તેથી જ શેઠ અને શ્રમણ વચ્ચેનો આ નિખાલસ સંઘર્ષ લાંબો ચાલ્યો. શેઠ પણ પોતાના દૂતો દ્વારા ચન્દ્રશેખર મહારાજની ધર્મસભાના Report મેળવતા હતા. આમ તો શેઠ અને ચન્દ્રશેખર મહારાજ વચ્ચેનો સંબંધ પરસ્પરના વિરોધ વચ્ચે પણ મીઠાશ ભર્યો રહ્યો હતો. આગળ ઉપર આપણે તેની નોંધ લઈશું. શેઠ પણ અંદર ખાને એવું જરૂર વિચારતા થયા હતા કે "આ સંઘર્ષ દ્વારા મારે શા માટે મારી યશસ્વી કારકિર્દીને ડહોળવી"છતાં તેઓ હજુ ઝુકવા તૈયાર ન હતા.

* દિલ દીયા હૈ જાન ભી દેંગે જિન શાસન તેરે લીયે



* આ છે ચન્દ્રશેખર મહારાજનો વજનદાર પુરાવો



* સહુના હૈયે શ્રમણ સંઘનો જય જયકાર...

# આમરણ ઉપવાસની જાહેરાત

૨૮

ચન્દ્રશેખર મહારાજ વર્તમાન સદીના ધરખમ વ્યક્તિ છે. તેવો અંદાજ તે સમયે કોઈને ન હતો. પણ સહુ સંતો અને સજ્જનોએ એવી નોંધ જરૂર લીધી હતી કે **"ચન્દ્રશેખરવિજયજી આ સદીના ક્રાંતિકારી છે"** તેથી તેમનો ડર સહુને લાગતો હતો અને પુનઃ તે ડર સાચો પડ્યો.

ચંદ્રશેખર મહારાજ સત્તા સામે બાથ ભીડે છે. તેમનો સંગ્રામ સંઘ-શાસન રક્ષા માટેનો છે.

ભારત સરકારના માહિતી ખાતાએ દિગંબર જૈન તીર્થ શ્રવણ બેલગોડાની ડૉક્યુમેન્ટરી ફિલ્મ તૈયાર કરેલી. તે ફિલ્મ વીસ મિનિટની હતી. સરકારે એવો આદેશ જારી કર્યો કે **"દરેક ટોકિઝમાં આ ફિલ્મ દરેક શો ની શરૂઆતમાં બતાડવી"** અને આ ફિલ્મને જોતાં પ્રેક્ષકો જૈનધર્મની ખૂબ હાંસી ઉડાવતા હતા. આ સમાચાર શુક્રવારે મળ્યા અને રવિવારના જાહેર પ્રવચનમાં પૂ. ગુરુદેવ આ બાબતે આક્રમક રજૂઆત કરી. જૈનોના ભગવાનોની થતી હાંસી સામે ચંદ્રશેખર મહારાજ આગ બની ગયા હતા. તેમનો વિરોધ હાંસી ઉડાવનાર પ્રેક્ષકો કરતાંય ફિલ્મ રજૂ કરનાર સરકારી પરિપત્ર સામે હતો, આ પરિપત્ર ૨૫૦૦ મી ઉજવણીના આયોજનના ભાગ રૂપે હતો. પ્રવચન દરમિયાન જ એલાન થઈ ચૂક્યું હતું. કે **"સમગ્ર પ્રવચન સભાએ સરઘસ રૂપે શહેરની મુખ્ય ચાર ટોકિઝે જવું અને ડોક્યુમેન્ટરી ફિલ્મ નહીં બતાડવાનું વચન લેવું."**

આ જ પ્રવચનમાં ચન્દ્રશેખર મહારાજે બીજી જલદ જાહેરાત કરી કે **"૨૫૦૦મી ઉજવણી સમિતિના અધ્યક્ષ પદેથી શેઠ કસ્તુરભાઈ રાજીનામું ન આપે ત્યાં સુધી હું કાલથી આ મરણ ઉપવાસ શરૂ કરીશ."**

પ્રવચન સમાપ્ત થતા જ સમગ્ર સભાનો પ્રત્યેક શ્રોતા, શ્રોતા મટી સૈનિક બની ગયો અને હજારોના સૈન્યના સેનાધિપતિ તરીકે ચન્દ્રશેખર મહારાજ ચાલે છે. સમગ્ર અમદાવાદ આ દશ્યોથી ઉત્તેજિત હતું. દરેક ટોકિઝના મેનેજરને રોડ ઉપર બોલાવી જાહેરમાં વચન લેવાયું કે **"ડોક્યુ. ફિલ્મ નહી દર્શાવાય"** અને સાંજે વિદ્યાશાળા ખાતે સમગ્ર સરઘસ વિરામ પામ્યું. આખો ગાંધીરોડ

દોશીવાડાની પોળ માનવ મહેરામણથી ખીચોખીચ ભરાયેલી હતો. આ દૃશ્યો લેખકે પોતાની બચપણની આંખોથી નોંધેલાં છે.

સમગ્ર અમદાવાદના જૈનોમાં હવે શેઠ વર્સીસ શ્રમણની આરપારની લડાઈની ચર્ચા શરૂ થાય છે. ગુજરાતના તમામ વર્તમાનપત્રોમાં ચન્દ્રશેખર મહારાજના ઉપવાસની નોંધ સમાચાર રૂપે લેવાઈ હતી.

અહીં એક વાતની સ્પષ્ટતા કરવી છે કે **''શેઠ કસ્તુરભાઈ પણ જિનધર્મ અને જિનશાસનના પરમભક્ત હતા.''** તેથી તેઓ એવું દૃઢતાપૂર્વક માનતા હતા કે **''જો સરકારી રાષ્ટ્રીય સમિતિમાંથી આપણે બધા જ નિવૃત્તિ લઈશું તો ભારતભરમાં જૈન ધર્મ કેવલ ત્રણ સંપ્રદાયનો જ બની રહેશે.''** સમગ્ર વિશ્વમાં આમઆદમી માટે શ્વે. મૂર્તિપૂજક સમાજની ઓળખ ભૂંસાઈ જશે. આ ડર કસ્તુરભાઈને હતો. સંઘના નેતા તરીકે આ ડર તેમનો વાસ્તવિક હતો. તેથી જ રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ તરીકેની પોસ્ટ તેઓ છોડવા તૈયાર ન હતા.

''जस्स जगुत्तम सासणस्सा''

***અજિત શાન્તી સ્તોત્રની ૩૦મી ગાથાની પંક્તિ પૂ. ગુરુદેવની પ્રિય પંક્તિ હતી. ''શાસન'' શબ્દ ગુરુદેવનો ધબકાર હતો. સીતાના અસ્તિત્વમાંથી કેવલ ''રામ'' શબ્દ પ્રગટતો હતો. તેમ શાસન શબ્દ પૂ. ગુરુદેવના અસ્તિત્વની ઓળખ હતી.***

# અનશનના પ્રથમ ત્રણ દિવસ

૨૯

સોમવારની સવાર વિ.સં. ૨૦૩૦ની સાલ અને વિદ્યાશાળાથી ચૈત્ય યાત્રા રૂપે ચતુર્વિધ સંઘ સાથે – (જેમાં હજારો યુવાનો હતા) મહાવીર સ્વામીના દેરાસરે ચન્દ્રશેખર મહારાજ દર્શન માટે પહોંચે છે. અને ત્યાં જ ઉપવાસનું પચ્ચક્ખાણ લે છે. બહાર આવી રોડ ઉપર જ ઉદ્‌બોધન કરે છે. જેમાં તેઓશ્રી જણાવે છે કે "રાષ્ટ્રીય સ્તરે ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિના આયોજન દ્વારા સરકારનો હસ્તક્ષેપ જિનધર્મમાં વધી જશે. શ્રમણોની સર્વોપરિતા સામે પડકાર ઊભો થશે. જૈન સિદ્ધાંતોના ગૌરવની હાનિ થશે.

આવા સંયોગોમાં જિનશાસનની સુરક્ષા કાજે મેં આજથી ઉપવાસ શરૂ કર્યા છે. મારી એક જ માંગણી છે. "રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ સ્થાને બિરાજમાન શેઠશ્રી કસ્તુરભાઈ પોતાના પદનો ત્યાગ કરે અને શ્વે.મૂ. જૈનસંઘના સન્માનને સાચવીને તેમના નેતૃત્વને ઊજ્જવળ બનાવે" આવા ભવ્ય ઉદ્‌બોધન સાથે ચતુર્વિધ સંઘની હાજરીમાં ઉપવાસનું પચ્ચક્ખાણ લેવાય છે. સમગ્ર સંઘમાં આ શહિદીને સમગ્ર સદીની અણમોલ શહીદી તરીકે નવાજવામાં આવી હતી. ચન્દ્રશેખરવિજયજી મ.સા. સાથે બીજા ૨૪ મહાનુભાવો પણ ઉપવાસમાં જોડાયા હતા.

હજારોના ટોળેટોળા વિદ્યાશાળામાં એકધારા આવતા જતા હતા. સહુ ચન્દ્રશેખર મહારાજની શહીદીને અંતરથી નમતા જાય છે. ઉપવાસનો બીજો દિવસ પણ તે જ રીતે ભારે ભીડ સાથે હજારો દર્શનાર્થીઓ વચ્ચે પસાર થયો.

ત્રીજા ઉપવાસના મંડાણ થઈ ચૂક્યા હતા. સવારે બાર વાગ્યા સુધી સફળતાના કોઈ એંધાણ જણાતા ન હતા. શેઠશ્રી કસ્તુરભાઈ પણ પોતાના જીદ્દી સ્વભાવ ઉપર હતા. તો આ બાજુ ચન્દ્રશેખર મહારાજ પહાડની જેમ અડીખમ હતા. બંનેય પક્ષે સાથીઓ ચિંતિત હતા.

બપોરે ચાર વાગે શેઠની સાથે જીવાભાઈ પણ વિદ્યાશાળા આવ્યા હતા. બંનેય મુરબ્બીઓ પોળના નાકેથી ભારે ભીડ વચ્ચે માંડ માંડ રસ્તો કરીને ઉપાશ્રયના દરવાજા સુધી આવે છે. દાદરો ચઢીને ઉપર રૂમ સુધી આવતા બંનેય મુરબ્બીઓને પંદર મિનિટ લાગી. શેઠ તો આ લોકજુવાળને જોતા જ અંદરથી હાલી ગયા. જીવાભાઈ પોતાના જ દીકરાના આ પુણ્ય પ્રતાપને હૃદયથી ઝૂકી ગયા.

મીટિંગ શરૂ થાય છે. શેઠ ગુસ્સામાં હતા. શેઠ કહે છે ''મહારાજ ! પહેલા પારણું કરો પછી આપણે વાતો કરશું. અને રસ્તો કાઢશું હાલ તમે વાત કરવા સક્ષમ નથી. તમારું માથું ઠેકાણે નથી શેઠના આ વાણીવિલાસ સામે મારા ગુરુદેવ યોદ્ધાની જેમ પડકાર ઝીલીને શેઠને કહે છે

''શેઠ ! પહેલા રાજીનામું લખી આપો પછી પારણાની વાત, શેઠ અને શ્રમણ વચ્ચેના આ જ ગજગ્રાહમાં મીટિંગ માત્ર દસ જ મિનિટમાં સમાપ્ત થઈ ગઈ. ગુસ્સા સાથે શેઠ ઊભા થયા. હવામાં મીટિંગની નિષ્ફળતાની ગંધ બહાર બેઠેલા હજારો લોકોને આવી જાય છે. શેઠ અને જીવાભાઈ માટે રૂમથી બહાર નીકળવું દુષ્કર હતું.

દાદરો નીચે ઊતરતા બંનેય મહાનુભાવો પ્રજાના ઉપહાસનો, હુરિયાનો ભોગ બને છે. વિદ્યાશાળાથી બહાર જવાના મુખ્ય દરવાજા પાસે હાથ આડા કરીને ટોળુ ઊભેલું, તેથી શેઠ અને જીવાભાઈ તે દરવાજા પાસે જતા ડરી ગયા. મામલો ઉગ્ર હતો યુવાનોમાં ગુરુદેવ પ્રત્યેનો પરાકાષ્ઠાનો સદ્‌ભાવ ઊછળી રહ્યો હતો. શું થઈ જશે ? તે સમજાતું ન હતું. ઉભેલા લોકોમાંથી કેટલાક સમજદાર લોકોને પરિસ્થિતિ વણસશે તેવો અંદાઝ આવતા જ સીધા ઉપર ચંદ્રશેખર મહારાજ પાસે પહોંચે છે, નીચેની તંગ સ્થિતિનું બ્યાન આપે છે.

ત્યાં જ વળી સમાચાર આવ્યા કે ''શેઠની ગાડી ઉપર પથ્થરમારો થયો.'' આ સ્થિતિની ગંભીરતાને પામી ચન્દ્રશેખર મહારાજ દોડતાં નીચે આવે છે. ઊભેલા આખા ટોળાને હટી જવાના ઉગ્રતાપૂર્વક આદેશ આપે છે. અને કહે છે. ''શેઠ આપણા નેતા છે. આપણા બારણે મહેમાન બનીને આવ્યા છે તેમની વિદાય સન્માનભેર થવી જોઈએ, ગુરુદેવના આ શબ્દોએ દૈવી અસર ઊભી કરી સહુ યુવાનો શાંત થઈ ગયા. તથા બંનેય વડીલો ચન્દ્રશેખર મહારાજની અદ્‌ભૂત સરળતા અને પ્રેમ સંપન્ન દુશ્મનીથી અભિભૂત થઈ જાય છે. શેઠ અને જીવાભાઈના હૈયામાં ચન્દ્રશેખર મહારાજ માટે અહોભાવ ઊભરાય છે. બન્નેય મુરબ્બીઓને ચન્દ્રશેખર મહારાજ ખુદ તેમની ગાડીઓ સુધી દોરી જાય છે. બેય મહાનુભાવોને ગાડીમાં બેસાડવા સુધી ગુરુદેવ ત્યાં જ ઊભા રહ્યા. કસ્તુરભાઈ અને જીવાભાઈને જે નાલેશીના ભોગ બનવું પડ્યું, તેની ક્ષમાયાચના

યુવાનો તરફથી ખુદ ચન્દ્રશેખર મહારાજ માગે છે. ત્યારે તે મુરબ્બીઓ પણ હૃદયથી ઉદ્ગાર કાઢતા કહે છે.

''સાહેબ ! આ યુવાનોની આપના પ્રત્યેની આસ્થાનો અમને પણ અનુભવ થાય છે.''

ઉપસ્થિત જનમેદની પૂ. ગુરુદેવની ''બોડી લેંગ્વેજ''થી જાણી લે છે. કે ''આવી તોફાની નાદાનીથી તેઓ રાજી નથી. ઉગ્રતાના શમન પછી સમગ્ર ભીડને ઉપરના હોલમાં એકઠા થવાની જાહેરાત કરાય છે. બધા જ ઉપર આવી જાય છે. જેમણે ઉશ્કેરાટ કરેલ હતો તે યુવાનો તો શરમથી માથું ઝુકાવીને બેઠા છે. ચન્દ્રશેખર મહારાજ સાધુતાની શ્રેષ્ઠતાનું દર્શન કરાવતું ઉદ્બોધન કરે છે.

જુઓ પ્રભુશાસન, સંઘની સુરક્ષા માટેનું આપણું આંદોલન છે, આપણો વિરોધ શેઠશ્રી કસ્તુરભાઈ પ્રત્યેની દુશ્મનીમાં ન ફેરવાવો જોઈએ. છેલ્લે ચેતવણી આપતાં કહે છે ''હવે પછી આવી નાદાની કરશો, તો હું આંદોલન છોડી દઈશ, કાયમ માટે જાહેર જીવનનો ત્યાગ કરીશ'' અને ગુરુદેવે તે પણ કહ્યું.

તમારી સજ્જનતા તે જ મારી શક્તિ છે. માટે જેમણે શેઠની ગાડી ઉપર પથ્થર માર્યો હોય, તે મને મળીને પ્રાયશ્ચિત્ત લઈ જાય'' શબ્દોની જાદુઈ અસર વચ્ચે ઉદ્બોધન સમાપ્ત થતા, બે-ચાર યુવાનો આવી, ક્ષમાયાચના સાથે પ્રાયશ્ચિત્ત લઈ લે છે. આમ ભારે ઘમસાણ સાથે ત્રીજો ઉપવાસ પૂરો થાય છે.

શેઠ અને જીવાભાઈ સ્વસ્થાને પહોંચે છે. શેઠનું હૃદય લોકજુવાળનું સામર્થ્ય જોઈ પોતાના અફર નિર્ણય માટે ફેરવિચાર શરૂ કરે છે.

# ૩૦ ઉપવાસનો ચોથો દિવસ

એક શહિદની શક્તિ, એક સૈન્યથી વધુ હોય છે.

ચંદ્રશેખર મહારાજના આંદોલન સામે શેઠને તીવ્ર આક્રોશ હતો. તો શેઠને ચંદ્રશેખર મહારાજની નિષ્ઠા માટે એવું જ માન હતું. સંઘના મોવડીઓ અને શ્રમણ સંઘના આચાર્યો હાલ ચિંતામાં છે. આચાર્ય ભગવંતો ચંદ્રશેખર મહારાજના પારણાની રાહ જોઈ રહ્યા છે. તો સંઘના મોવડી સજ્જનો શેઠના ગૌરવને સાચવવા માટે તત્પર છે.

ત્રીજા દિવસની મીટિંગની નિષ્ફળતા પછી સહુને તે ચિંતા હતી કે ઉપવાસ કેટલા થશે ? વળી આ આંદોલન લાંબુ ચાલે તો લોક પ્રતિસાદ કેટલો મળશે ? આ બધા વિચારોને ધ્યાનમાં લઈ શ્રાવકોમાંથી બે-ચાર શ્રાવકો દ્વારા બંને પક્ષોને સમજાવવાનો પ્રયાસ હાથ ધરાયો.

ચંદ્રશેખર મહારાજ સકલ સંઘની મહામૂલી થાપણ જેવા હતા. ખુદ કસ્તુરભાઈ શેઠ પણ આ ઉપવાસથી બેચેન હતા. પણ હવે વાત તંત ઉપર આવી હતી.

આ સંયોગમાં ''ચન્દ્રશેખર મહારાજનું પારણું સત્વરે શી રીતે થાય'' તે માટે પ્રયત્ન ચાલુ થયો. તો સામા પક્ષે શેઠનું ગૌરવ શી રીતે જળવાઈ રહે તેના માટેના મંથન શરૂ થયા.

ચોથા દિવસે પુનઃ મીટિંગ માટેનો તખ્તો રચાયો. સાંજે ચાર વાગે મીટિંગ શરૂ થઈ. આ ઐતિહાસિક મીટિંગ હતી. વિદ્યાશાળાની તે રૂમમાં ચાર-પાંચ શ્રાવકો-શેઠ અને ચન્દ્રશેખર મહારાજ સાથે બેસે છે.

શેઠ વાતની શરૂઆત કરે છે, ''આપનું આંદોલન સદીના વિરાટ આંદોલન તરીકે ગણાશે. આપની નિષ્ઠા માટે નતમસ્તક છું. બોલો શું ઇચ્છો છો ?''


ત્યારે ગુરુદેવ ચન્દ્રશેખર મહારાજે કહ્યું શેઠ ! ''તમારું ગૌરવ સચવાઈ જાય અને અશાસ્ત્રીયતા દૂર થાય તેવો સમાધાનનો મુસદ્દો તૈયાર કર્યો છે.''

કસ્તુરભાઈના હાથમાં કાગળો મૂક્યાં, અશાસ્ત્રીય પંદર બાબતો દૂર થાય તેવી માગણી હતી. અને જો આ પંદર બાબતો દૂર ન થાય તો, શેઠ ઉજવણી સમિતિના અધ્યક્ષ પદેથી રાજીનામું આપે. શેઠે સમગ્ર લખાણ બરાબર બે વાર વાંચી લીધું. પંદર મુદ્દામાંથી બે બાબતો એવી હતી. જેમાં શેઠનો હસ્તક્ષેપ શક્ય ન હતો. માટે શેઠે તે બે બાબતો સિવાયની તેર બાબતોમાં સંમતિ દર્શાવી આ તેર બાબતો દૂર કરવાની જે સમય મર્યાદા હતી. તે પણ માન્ય થઈ આ રીતે ઉપવાસના ચોથા દિવસે બંને પક્ષમાં સંપૂર્ણ સમાધાન થઈ ગયું.

* સમાધાન થતા જ સમગ્ર ભારતના જૈનસંઘના ઇતિહાસમાં સદીની સર્વશ્રેષ્ઠ ઘટનાની નોંધ થઈ.
* રાજકીય સ્તરે થનારી ઉજવણી શાસ્ત્રીય બની.
* પ્રસ્તુત ઉજવણીની તરફેણ કરનારા અને ઉજવણીનો વિરોધ કરનારા બંનેય પક્ષમાં સરખી ખુશી જવળાઈ ગઈ.
* પ્રભુ સ્થાપિત શ્રમણ પ્રધાન સંઘની સર્વોપરિતા જળવાઈ ગઇ.
* પ્રભુ મહાવીર દેવની લોકોત્તર પ્રતિભા અખંડ રીતે પ્રસિદ્ધ થઇ.

સમગ્ર ભારતમાં આ સમાચાર હવાની જેમ ફેલાઈ ગયા. સહુ તરફથી અભિનંદનના તાર આવવા શરૂ થઈ ગયા.

સાંજે પાંચ વાગ્યે બીજા દિવસે સવારે થનારા પારણાની જાહેરાત થઈ. પારણા પૂર્વે રાજનગરના રાજમાર્ગ ઉપર શાસન-શ્રમણની વિજયયાત્રાની તૈયારીઓ થવા લાગી સમગ્ર શહેરમાં વિજયયાત્રાની જાહેરાત થઈ. સમગ્ર અમદાવાદના તમામ જૈનો અદમ્ય ઉલ્લાસ અને ભાવાવેશના ઘોડાપૂરમાં તણાતા જાય છે.



* આ લડાઈ ન હતી ગોઠવણની મથામણ હતી.
* સંવાદનો શ્રેષ્ઠ પુરાવો.
* કસ્તુરભાઈ પારણું કરાવે છે.

# વિજય યાત્રાની વેળાએ...



આંદોલનના સમયે મારી ઉંમર માત્ર બાર જ વર્ષની પણ મને ખબર છે. મુનિશ્રી હેમચન્દ્ર મહારાજ (જેઓ હાલ આચાર્ય છે) મારા ગુરુદેવના અપૂર્વ સહાયક તરીકે ઊભરી આવ્યા હતા.

ચોથા દિવસે સાંજે એટલે કે ગુરુવારે સાંજે ઉપાશ્રયમાંથી શેઠની વિદાય થયા બાદ ઉપસ્થિત હજારો જૈનોની વચ્ચે સમાધાન શી રીતે થયું તેની વિગતવાર માહિતી ખુદ ચંદ્રશેખર મહારાજે રજૂ કરી.

આ વિજય શાસ્ત્રોની શ્રમણોની સર્વોપરિતાને જાહેર કરતો ''શાસન વિજય'' હતો. ચન્દ્રશેખર મહારાજ કે જેમના માટે નવકારશી થી વધુ પચ્ચક્ખાણ શક્ય ન હતું. તેઓ આજે ચોથા દિવસે વિજેતા યોદ્ધા તરીકેના અપૂર્વ તેજ સાથે સ્વસ્થતા પૂર્વક બિરાજમાન છે. સમગ્ર સંઘ વિદ્યાશાળામાં હાજર હતો તે શેઠને ગગનભેદી જયનાદ સાથે વિદ્યાશાળામાંથી વિદાય આપે છે. શેઠ કસ્તુરભાઈ પણ ખૂબ ખુશ હતા. વિવાદ પછીનો સંવાદ વધુ વ્હાલો લાગે છે. શેઠ પણ શ્રમણ સંસ્થાના આ વિજયને હર્ષભેર વધાવે છે.

શુક્રવારે સવારે ૭.૦૦ વાગે વિજયયાત્રાની શરૂઆત થાય છે. સવારે પાંચ વાગ્યાથી વિદ્યાશાળાનો હોલ ઉપાશ્રય દાદરા ચોક-પોળ માનવમેદનીથી ઉભરાવા લાગે છે. લગભગ વીસ હજાર માનવોના મહાસાગર શ્રમણ અને શાસ્ત્ર પરંપરાના વિજયના ઉલ્લાસમાં તરબોળ હતો.

વિજયયાત્રાનો આરંભ વિદ્યાશાળાથી થયો અને લગભગ સવા આઠ સુધીમાં ફેલોશીપ હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં વિજયયાત્રા સમાપ્ત થઈ અને ત્યાં વિજય સભારૂપે પરિવર્તિત થાય છે. સમગ્ર અમદાવાદના તમામ મહાજનોએ પોતપોતાના વ્યવસાયમાં રજા રાખી અને આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવાનું નક્કી કર્યું.

વિજયયાત્રા-વિજયસભાનું જીવંત રેડિયો પ્રસારણ થતું હતું. ગુજરાત રેડિઓએ લગભગ ૪૦ મિનિટ સુધી સમગ્ર પ્રસંગની રજૂઆત કરેલી.

વિજયસભામાં ચન્દ્રશેખર મહારાજના શકવર્તી પ્રયાસનું હૃદયદ્રાવક વર્ણન હેમચન્દ્ર મહારાજે કર્યું અને આ સમયે એક અનોખી ઘટના બને છે.

પારણું કોના હાથે થાય ? તેની ચર્ચા ચાલતી હતી. તે સમયે જ ફેલોશીપ હાઈસ્કૂલમાં એક ગાડી પ્રવેશે છે. શેઠ કસ્તુરભાઈ ઊતરે છે અને સીધા સભામંડપમાં પ્રવેશે છે. લોકો શેઠને જોતાં જ ભાવવિભોર બની જયનાદ કરે છે, અને શેઠ ચંદ્રશેખર મહારાજ પાસે પહોંચે છે. અને વિનંતી કરે છે કે ''સાહેબ ! આપના ઉપવાસ મારા કારણે થયા છે. અને પારણું પણ મારા કારણે થયું છે. એવો ઉલ્લેખ ઇતિહાસમાં નોંધાય તે મારી ઇચ્છા છે. તેથી મારી વિનંતી છે કે આ ઐતિહાસિક તપનું પારણું મારા હાથે થાય.'' પૂ. ગુરુદેવશ્રી સહર્ષ સંમત થાય છે સકલ સંઘના હજારો માનવો વચ્ચે ''જૈનં જયતિ શાસનમ્''ના ગગનભેદી અવાજો વચ્ચે પારણું સંપન્ન થાય છે.

તે સમયના દશ્યો આજે ૪૦ વર્ષ બાદ પણ આંખો સામે તરવરે છે, અને હૈયું છલકાઈ જાય છે. પારણા બાદ સમગ્ર સભા નાચવા લાગે છે. ઉલ્લાસની ચરમસીમાએ યુવાનો અદમ્ય ઉત્સાહમાં આવી ચંદ્રશેખર મહારાજને પોતાના ખભે ઊંચકી લે છે. લગભગ વીસ મિનિટ સુધી આ દશ્ય ભજવાતું રહ્યું.

અનેક કારણોસર આ ઘટના ઐતિહાસિક બની ગઈ.

સમગ્ર ભારતના જૈનસંઘોમાં આ ઉપવાસે એક વિરાટ ચેતનાને ઝંઝોળી, આ ચેતના શ્રીસંઘના નવસર્જન માટેની માતા હતી અને તે ચેતનાનો પ્રભાવ આજે પણ જોવા મળે છે. હું અહીં શ્રદ્ધા અને તર્ક સાથે એ વાત નોંધીશ કે ''તે ચાલીસ વર્ષ પહેલાં જે આંદોલનો થયા જેના કેન્દ્રમાં મારા ગુરુદેવશ્રી હતા, તે આંદોલન દ્વારા ત્યારે તો ગુરુદેવે ઉજવણી આદિ દ્વારા આવનારાં દૂષણોને રોક્યાં, આ લાભ આંદોલનનો તત્કાલીન હતો. પણ મને કહેવાનું મન થાય છે તે આંદોલનના વાતાવરણમાં યુવાનોના અંતરમાં ધર્મ ખુમારીનાં જે બીજ રોપાયાં છે. તેનાં મીઠાં ફળ આજે પણ શ્રીસંઘોમાં જોવા મળે છે. હાલ ચાલતી તમામ સત્પ્રવૃત્તિ કે ધર્મ પ્રવૃત્તિના છેડા ચન્દ્રશેખર મહારાજની ૪૦ વર્ષ પહેલાંની જેહાદને અડતા હશે.

# શ્રમણની સરળતા, શેઠની ઉદારતા... ૩૨

નજીકના ભૂતકાળના પ્રસંગોને યાદ કરતાં હૈયું ગદ્ગદ થઈ જાય છે કદાચ આ ઘટના કોઈ જાણતું નહીં હોય.

સમગ્ર આંદોલનમાં ''હીરો'' તરીકેનો જશ મેળવનાર ચન્દ્રશેખર મહારાજની સરળતા અને નમ્રતાની આભ ઊંચી હતી. શક્તિના હિતકર પરિણામ તો જ આવે જો તે શક્તિ સાથે ગુણ હોય. ચન્દ્રશેખર મહારાજ લશ્કરી મિજાજના સાધુ હતા. શિસ્તના આગ્રહી હોવા છતાં સરળતાના ક્ષેત્રમાં અવ્વલ હતા.

સમગ્ર સમાધાનના મુસદ્દા ઉપર સહી કરવાની બાબત આવી, ત્યારે ઉજવણી સમિતિ તરફથી સહી શેઠે કરી. શ્રમણ સંઘ તરફથી સહી ચન્દ્રશેખર મહારાજે કરી.

આ સમાધાનની મુસદ્દાની કલમોમાં એક મહત્ત્વની કલમ હતી ''સમાધાનમાં દર્શાવેલી સમય મર્યાદામાં કામ ન થાય તો, અથવા સમાધાનના તેર મુદ્દાની બાબતમાં કો'કવાર મતભેદ ઊભો થાય. એટલે કે ઉજવણી સમિતિ એમ કહે કે ''અમે શરત પાળી છે'' અને શ્રમણ સંઘ કહે કે ''શરતનું પાલન થયું નથી.'' આવા વિવાદમાં મધ્યસ્થી તરીકે સાગર સમુદાયના એક ધુરંધર પંન્યાસજી મ.સા.નો નિર્ણય આખરી ગણાશે. આ હતી ચન્દ્રશેખર મહારાજની નમ્રતા અને સરળતા. તો સામા પક્ષે શેઠની ઉદારતા પણ શ્રેષ્ઠ કોટિની દેખાય છે. આ કલમ શેઠે વાંચી અને શેઠે તે કલમમાં નામ બદલી ચન્દ્રશેખર મહારાજનું નામ લખ્યું. પક્ષકાર જ નિર્ણાયક તરીકે માન્ય રાખી શેઠે પોતાની વચન પ્રતિબદ્ધતા સ્પષ્ટ કરી.


શેઠનો આશય એવો હતો કે ''જે સાધુ આખા આંદોલનના કર્ણધાર છે. તેમને જ આ સ્થાન મળવું જોઈએ''. શેઠના મતભેદ કેટલા બધા નિખાલસ છે તે જોઈ શકાય છે. યાદ રહે શેઠને ચન્દ્રશેખર મહારાજ માટે કોઈ પૂર્વગ્રહ હતો જ નહી બલ્કે આદર હતો. તો ચન્દ્રશેખર મહારાજ પોતાનું નામ ગૌણ કરી જગત્‌ને તે મેસેજ પાસ કરે છે કે ''હું શ્રમણ સંઘનો સૈનિક છું. મારું કામમાત્ર આદેશનું પાલન કરવાનું છે.'' યશનો અધિકાર તો આચાર્યનો છે.''

એકવાર વિહાર કરતા ચન્દ્રશેખર મહારાજ ગિરધરનગર જાય છે. સાંજનો સમય છે.

એકદમ ઊભા થાય છે. અને ઇન્દ્રજિત વિજયને કહે છે. ચાલો આપણે શેઠને ત્યાં જતા આવીએ અને સીધા ગિરધરનગર ઉપાશ્રયેથી નીકળી શેઠના બંગલે પહોંચે છે. શેઠને સમાચાર મળે છે. શેઠ દોડતાં બહાર આવે છે. ઘરમાં ભાવપૂર્વક નિમંત્રણ આપે છે. બંનેય મહાનુભાવો દસેક મિનિટ વાતચીત કરે છે. ગુરુદેવ શેઠને કહે છે ''શેઠ ! આપે શાસ્ત્રીયતાની સ્થાપના કરાવી શાસનની ઉત્તમ સેવા કરી છે'' આપને ખાસ ધન્યવાદ આપવા આવ્યો છું ''આવી વાતો કરી બંગલા બહાર નીકળવા જાય છે. ત્યાં શેઠ કહે છે ''સાહેબ ! ગોચરીનો લાભ આપો'' આ ધર્મ સંસ્કારને જોઈને... મારા ગુરુદેવને આશ્ચર્ય થાય છે. મનોમન ઝૂકી જાય છે અને શેઠને કહે છે.''શેઠ ! પાત્રા નથી લાવ્યા'' ત્યારે શેઠ મીઠો ઠપકો આપતા ઇન્દ્રજિત વિ.ને ઉદ્દેશી ને કહે છે. ''જુઓ નાના મહારાજ તમારા ગુરુદેવ જૈનના ઘરે જાય છે અને પાત્રા લીધા વિના આવે છે''...બોલો નાના મહારાજ ! અવાય ? શેઠની ધાર્મિકતાને જોતા ગુરુદેવ હબક ખાઈ જાય છે.

હવે ચન્દ્રશેખર મહારાજ શરમિંદા થઈ જાય છે. ત્યારે શેઠ કહે છે ''સાહેબ ! શ્રાવકના ઘરે આવ્યા છો. કાંઈક લાભ આપવો પડશે.'' છેવટે રકઝક કરતા શેઠે નાના મહારાજના કપડાના છેડામાં બદામ વહોરાવી. આ હતી શેઠની ઉત્તમ સાધુ ભક્તિ...શાસન વફાદારી.

- આશરે ૬૦ વર્ષ પહેલા ડીસા મૂકામે પૂ.ગુરૂદેવે પોતાની ''પારિજાત'' નામની ડાયરીમાં લખેલ નોંધની કોપી.



# સક્રિયતા સંગઠન તરફ... 33

ભારતના વડા પ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધી અમદાવાદની મુલાકાતે આવેલા દિલ્હી બેઠેલા શ્રીમતિ ગાંધીના કાને ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિના વિરોધનો અવાજ પહોંચ્યો હતો. પણ વિરોધ કેવો જલદ છે તે સાક્ષાત્ જોયો ન હતો. ઈન્દિરા ગાંધી સુધી ચન્દ્રશેખર મહારાજનું નામ પહોંચ્યું હતું. પણ તે નામનો પરચો તો અમદાવાદ એરપોર્ટ ઉપર દેખાયો.

શ્રીમતિ ઈન્દિરા ગાંધી હવાઈ અડ્ડા ઉપર ઊતર્યા અને ત્યાં તેમને આવકારવા ઊભેલા હજારો લોકોમાંથી ૨૦૦/૩૦૦ યુવાનો એકદમ આગળ ધસી કાળા વાવટા દેખાડ્યા અને જોરજોરથી નારાબાજી શરૂ કરી ''જૈનધર્મની અવહેલના અટકાવો.''

સમગ્ર પોલીસ તંત્ર, મુખ્યમંત્રી, બધા જ હેબતાઈ ગયા. ઈન્દિરા ગાંધીને ખ્યાલ આવી ગયો કે ''ગુજરાતના જૈનમુનિની આ વીરસેના છે.'' વીર સૈનિક દળની સ્થાપના વિ.સં. ૨૦૨૭ની સાલમાં જામનગર મુકામે થઈ હતી.

વિ.સં. ૨૦૩૧ના સાલ વૈશાખ સુદ ૧૧ના શાસન સ્થાપના દિવસે પાનસર તીર્થ ખાતે ત્રણ દિવસનું યુવામિલન હતું. ઉજવણીના વિરોધના આંદોલન બાદ શ્રીસંઘના અભ્યુદયમાં નિમિત્ત બનવાની ગુરુદેવની ઇચ્છા હતી. ચન્દ્રશેખર મહારાજના સમગ્ર અસ્તિત્વમાં સંઘ મમતા શાસન પ્રેમ સતત દોડતા હતા.

સંઘ સેવા માટે સંઘોનો આદર મેળવવો જરૂરી છે. તે માટે હવે સંઘોમાં સત્પ્રવૃત્તિઓ જ શરૂ કરાવવામાં નિમિત્ત બનવું અને ગુરુદેવે પોતાના યુવાનોને એક જીવંત કાર્યસૂત્ર આપ્યું કે ''ઝઘડા નહીં મંગતા હૈ'' તેઓ યુવાનોને એક શીખ વારંવાર આપતા કે પક્ષાપક્ષીમાં પડશો નહીં. સિદ્ધાંતને છોડશો નહીં.

સજ્જનોને સંગઠિત કરવાનો તેમનો ભાવ હતો. માટે તેમણે પાનસર તીર્થમાં યુવામિલનના ત્રીજા દિવસે એટલે કે શાસન સ્થાપનાના દિને ''અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ'' નામની સંસ્થાની સ્થાપના કરી.

તે દિવસે પાનસરમાં વરઘોડો હતો રથની સાથે ધૂપ-દીપ હતા. પટાંગણમાં ઝાડ ઉપર મોટા મધપૂડા હતા. ત્યાં રથયાત્રા પહોંચે છે. ધુમાડાના કારણે બધી મધમાંખી ઊડવા લાગે છે ત્યાં જ યુવાનો ઉત્સાહમાં નાચી રહ્યા હતા. અને ત્યાં જ હજારો મધમાખીઓનું ભયાનક આક્રમણ થયું. મધમાખીઓના ડંખના આતંક વચ્ચે ખમીરવંતા યુવાનોએ અડગ રહીને શાસન સેવાનો સંકલ્પ કર્યો.

સંસ્કૃતિ રક્ષક દળની પ્રવૃત્તિઓ માટે નીશાપોળ ઝવેરીવાડમાં એક મકાન શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીના અનુદાનથી લેવાયું અને પ્રવૃત્તિઓની ભરમાળ શરૂ થાય છે.

પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો ગયો લલિતભાઇના નેતૃત્ત્વ સાથે અનેક યુવા કાર્યકરો ચંદ્રશેખર મહારાજ સાથે જોડાયા અનુભાઈ, રાજેન્દ્ર શાહ, અમિત શાહ, જીતુભાઇ શાહ (પાછળથી પૂ.પ્રભાકર સૂરીશ્વરજી પાસે દીક્ષા લે છે). બાબુભાઈ ધારશી, મુકેશ પટેલ, હર્ષદભાઇ, લાલભાઇ, ઉષાકાન્તભાઇ આદિ અનેક કાર્યકરોના યોગદાનને લીધે પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો ગયો.

**यदीय सम्यक्त्व बलात् प्रतिमो,**
**भवादृशानां परम स्वाभावः ।**
**कुवासना पास विनाशनाय,**
**नमोऽस्तु तस्मै तव शासनाय ।।**

***અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકાનો આશ્લોક પૂ. ગુરુદેવને પ્રવચનો માટે ખુબ પ્યારો હતો.***

# યુવાશક્તિ સર્જનના માર્ગે... 



વિ.સં. ૨૦૩૧નું ચાતુર્માસ પૂજ્યપાદ ગુરુદેવ શ્રી એ ડીસા મુકામે કર્યું. ચાતુર્માસ દરમિયાન સ્કુલના પટાંગણના મંડપમાં ૧૦ હજારની માનવ મેદની વચ્ચે રામાયણ ઉપરનાં જાહેર પ્રવચનો શરૂ કર્યા હતા અને ડીસામાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રામાં પ્રથમ વખત પરમાત્માના જન્મકલ્યાણનો સ્નાત્ર મહોત્સવ ૫૬ દિક્કુમારીકાઓ સાથે થયો હતો. આ સ્નાત્ર મહોત્સવ લગભગ ૫ કલાક ચાલ્યો હતો આ રીતે શ્રવણ અને ભક્તિથી ભરપુર જાજારમાન ચાતુર્માસ સંપન્ન કરીને પૂજ્યપાદ ગુરુદેવશ્રી પુનઃ અમદાવાદ પધાર્યા અને શ્રી સંઘમાં એક અભિનવ સર્જનાત્મક કાર્યનો પાયો નાંખ્યો.

તે હતો ''વીર સૈનિકોને શ્રમણોપાસક બનાવવાનો'' પર્યુષણ પર્વ તાલીમ કેન્દ્રનો આરંભ કર્યો.

અમદાવાદ વિદ્યાશાળામાં બે-ત્રણ મહિનાનું રોકાણ કરી અમદાવાદના ૨૦૦ યુવાનોને દરરોજ સવારે બે કલાકની વાચના અપાતી હતી. આ વાચના દ્વારા પર્યુષણા પર્વનાં પ્રવચનોની તૈયારી શરૂ કરાવી. તે યુવાનોને જૈનધર્મના વિવિધ વિષયો તૈયાર કરાવાતા હતા, પ્રશ્નોત્તરી દ્વારા જૈનધર્મનો ઊંડો અભ્યાસ કરાવાતો હતો. પહેલાં જ વર્ષે લગભગ ૫૦ થી ૫૫ ક્ષેત્રોમાં પર્યુષણની આરાધના કરાવવા યુવાનોને રવાના કર્યા.

યુવાનો ક્રિશ્ચિયન મિશનરીની જેમ જૈનત્વના પ્રસાર માટે કામે લાગ્યા. પૂ. ગુરુદેવ દ્વારા વિરાટ પ્રયાસ શરૂ થયો.

નાના-દૂરનાં ગામોમાં વસતા જૈનો પુનઃ જૈનત્વથી યુક્ત બન્યા. વળી આ યુવાનોને તેવી પ્રતિજ્ઞા અપાતી કે ''જ્યાં પર્યુષણા કરાવવા માટે જાય તે સંઘમાંથી બહુમાન રૂપે માત્ર શ્રીફળ અને સવા રૂપિયો જ લેવાના, ત્રણની ટૂકડી એક સંઘમાં આરાધના માટે જાય જેમાં એક પ્રવચન કરે, બીજો પ્રતિક્રમણ આદિ ક્રિયા કરાવે અને ત્રીજો રાત્રે ભાવના આદિ કરાવે.

મારા ગુરુદેવ યુવાનોના જીવનમાં સદાચારના ખૂબ આગ્રહી હતા. તેથી બહુ કડક સૂચના સાથે મોકલતા અને શ્રી સંઘોમાં અપૂર્વ ઉલ્લાસથી પર્યુષણ પર્વની આરાધનાઓ થવા લાગી દૂરનાં નાના ગામોમાં પણ ધર્મ ચેતનવંતો બનવા લાગ્યો.

આજે ચાલીસ વર્ષ બાદ પણ સતત આ પ્રવૃત્તિ માટે યુવાનો જાય છે અને હવે તો દેશ-વિદેશમાં પણ ધામ અને ભવનના યુવાનો પર્યુષણા પર્વની આરાધના કરાવવા પહોંચે છે. પછી તો આ પ્રવૃત્તિના વ્યાપમાં ગ્રામ પ્રવાસો શરૂ થયા. અનેક યુવાનો ગામડે-ગામડે ધર્મ સંસ્કૃતિના પ્રચાર માટે સ્વયંભૂ રીતે જવા લાગ્યા છે. આવી ત્રીસ પ્રવૃત્તિઓ તે સમયે ગુરુદેવની પ્રેરણાથી ચાલતી હતી. જૈન સંઘમાં ચન્દ્રશેખર મહારાજની સરકાર સક્રિય હતી. યુવાનો ધર્માભિમુખ થયા. ધર્મક્ષેત્રો ધમધમતા થયાં. પ્રભુશાસનનું શ્રેષ્ઠ પુણ્ય છે કે "દર સો વર્ષે એક મહાશક્તિનું અવતરણ થાય છે જે સો વર્ષ સુધી જૈનસંઘની ગાડીને દોડતી રાખે તેવું ઇંધણ પૂરું પાડે છે". ચન્દ્રશેખર મહારાજ આ મહાશક્તિ હતા.

વિ.સં. ૨૦૩૧ની સાલમાં અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળની સ્થાપના પાનસર તીર્થમાં થઈ. ત્યારબાદ વિદ્યાશાળા (દોશીવાડાની પોળ)ના ઉપાશ્રયમાં પૂ. ગુરુદેવશ્રી બિરાજમાન હતા. લલિતભાઈ આદિ યુવાનો સાથે વાત કરતા કરતા પૂ. ગુરુદેવશ્રી કહે છે. "જેમ રાષ્ટ્રગીત છે અને તે સિનેમા ઘરોમાં દરેક શો પછી ગવાય છે. તે જ રીતે અપાણું શાસન ગીત હોવું જોઈએ" અનેકોએ અનેક ગીતો બનાવ્યા પણ કોઈ શાસન ગીત તરીકે જામતુ ન હતું.

એક ગીતની ધ્રુવપંક્તિ પૂ. ગુરુદેવને યાદ હતી તે પંક્તિ હતી. "ગાજે ગાજે છે મહાવીરનું શાસન ગાજે છે." આ પંક્તિ સાથેનું ગીત બનાવવાની ભાવના હતી છેવટે પૂ. ગુરુદેવે જાતે જ કમરકસી અને આખુ ગીત બનાવી દીધું. આ શાસન પુરુષનું સ્વરચિત ગીત હતું. - "ગાજે ગાજે છે મહાવીરનું શાસન ગાજે છે." તે જ રીતે તપોવનમાં પૂ. ગુરુદેવે જ બાળકોના દૈનિક કાર્યક્રમમાં દરરોજ સવારે શાસન વન્દનાથી જ દિવસનો દૈનિક ક્રમ શરૂ કરવાનો શિરસ્તો ગોઠવી દીધો. તે ગીત "જિન શાસનનો વંદન કરતા આનંદ અતિ ઉમરાયે" છે. તેની રચના પણ પૂ. ગુરુદેવે કરેલી છે.

આ બે ગુજરાતી ગીતો ના રચયીતા પૂ. ગુરુદેવ છે. જેના શબ્દોમાં પણ ગુરુદેવની શાસન ભક્તિ ગુંજે છે. વંદન આ ગીતને અને તેમાં રહેલી શાસન ભક્તિની ધારાને....

## શાસન ગીત

ગાજે ગાજે છે મહાવીરનું શાસન ગાજે છે
દુષમ કાળની કાળરાત્રિમાં જયજયકાર મચાવે છે.

પાવનકારી તીર્થ ભૂમિઓ જિનબિંબો ને જિનાલયો
સોહે જગમાં પૂણ્યભૂમિઓ, જિનાગમો વળી ઉપાશ્રયો

જિનશાસનની રક્ષા કરતા આચાર્યો સંઘ ધોરી છે
મુનિગણમાતા પ્રવચનત્રાતા ઉપાધ્યાય ઉપકારી છે

જ્ઞાન ધ્યાનમાં મસ્ત મુનિઓ, મોહરણે ટંકાર કરે
વિરતી સંગી શાસન રંગી જિન ભક્તો જયકાર કરે



## શાસન વંદના

વીર-બાળકો ... વીર બાળકો .... વીર બાળકો ....!
નિશાસનને વંદન કરતાં આનંદ અતિ ઊભરાય
એની રક્ષા કરવા કાજે જીવન અર્પણ કરીએ ... વીર બાળકો.

સ્વનું જીવન પ્રથમ આપણે, શુદ્ધિયુક્ત કરશું (૨)
પછી મૈત્રી ને ભક્તિના દાવે, ... વિશ્વમાત્રમાં ફરશું (૨)
જિનશાસનની દિવ્ય ધજાને ગગને લહેરાવીએ ... એની રક્ષા.

સાચા છે વીતરાગ ને, સાચી છે એની વાણી (૨)
આધાર છે પ્રભુઆજ્ઞા, ને બાકી ધૂળધાણી (૨)
એ જીવન મંત્ર છે આપણો ચાલો મંત્રિત થઈએ ... એની રક્ષા.

આપણી સામે આદર્શો છે... કેવા ભવ્ય ચમકતા (૨)
કાલક, કલ્પક કુણાલ કપર્દી, ... કુમારપાળ મનગમતા (૨)
એ ઈતિહાસોનું નવસર્જન કકરવા તત્પર બનીએ ... એની રક્ષા.

નથી જોવાની નથી સહેવાતી, હીલના તુજ શાસનની (૨)
મા તુજ ખાતર ફના થઈ જાશું, નથી પરવા જીવનની (૨)
આશિષ દે મા જંગ જીતવા; કેસરિયા સહુ કરીએ (૩) ... એની રક્ષા.



# સંસ્કાર રક્ષાની લડત...



અમદાવાદથી નવસારી ચાતુર્માસ માટે જતી વેળાએ રસ્તામાં સુરત ખાતે ગુરુદેવનું રોકાણ હતું. તે દરમિયાન ચોંકાવનારી ઘટના જૈનસમાજમાં બની.

એક જૈન પતિને પોતાની પત્નીએ છૂટાછેડા ન આપ્યા. તે પતિને બીજી છોકરી સાથે લગ્ન કરવા હતા. તેથી પતિએ મુસ્લિમ ધર્મનો સ્વીકાર કર્યો. છોકરી પણ મુસ્લિમ બની અને બંનેય જણાએ મુસ્લિમ મૌલવી પાસે નિકાહ પઢી લીધા. ગુરુદેવને આ ઘટનાના સમાચાર મળ્યા. ગુરુદેવનું સિંહસત્ત્વ છંછેડાયું. યાદ રહે વર્તમાનમાં જે ઘટના વ્યક્તિગત હોય છે તે જ ઘટના જો અયોગ્ય હોય અને તેનો વિરોધ ન થાય, તો સમાજમાં તે ઘટના પરંપરા બનીને ફેલાતી જવાનો મોટો ડર રહેલો છે. આવા ડરને નજરમાં રાખીને મહાપુરુષોએ ભૂતકાળમાં બનેલી આવી અયોગ્ય ઘટનાઓનો કઠોર વિરોધ કર્યો છે.

પતિ આ રીતે ધર્માન્તર કરીને પોતાની સ્વચ્છંદતાને પોષશે અને તેનો કોઈ વિરોધ ન થાય. તો આ જ દૃષ્ટાંતને નજરમાં રાખીને અનેક પતિઓ આવું કરે જેના લીધે અનેક સંસ્કારી કન્યાઓ અનાથ બની જાય. આવા ડરામણા ભાવિના-વિચારે ચંદ્રશેખર મહારાજે સિંહગર્જના શરૂ કરી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં બનેલી આ ઘટના સામે કડક પ્રતિપાદન પ્રવચનોમાં શરૂ કર્યા. તેથી તે પતિના સમગ્ર પરિવારની સામે સમાજે યોગ્ય પગલાં લીધાં. જેથી સમગ્ર જૈન સમાજ પણ સાવધાન થઈ ગયો. વ્યક્તિગત સ્વતંત્રતા કે સગવડ સમાજ વ્યવસ્થાના ઘાતક ન જ હોવા જોઈએ. તેવો દાખલો પુનઃ સ્થાપિત થયો. તેમાંય ચન્દ્રશેખર મહારાજનો સિંહફાળો રહ્યો.

નવસારીના ચાતુર્માસ દરમિયાન ગુરુદેવનાં જાહેર પ્રવચનો મહાવીર સોસાયટીના પ્રવચન મંડપમાં હતા દસ-પંદર હજારની જંગી માનવ સંખ્યા પ્રવચનમાં ઉપસ્થિત રહેતી. તે સમયે ચન્દ્રશેખર મહારાજ સમગ્ર જૈન સંઘના લોકપ્રિય પ્રવચનકાર તરીકે ઊભરી આવ્યા હતા. તેમની જબાન વેધક હતી. રામાયણના માધ્યમથી પાશ્ચાત્ય જીવનશૈલી સામે સખ્ત સમાલોચના કરવા છતાં તેમના માટેનું આકર્ષણ અને આદર સભાજનોમાં સતત વહેતાં મેં જોયા છે.

# ૩૬ માનવતા માટે પ્રથમ ટ્રસ્ટ

નવસારીના ચાતુર્માસ દરમિયાન ત્યાંના મોટા ઉદ્યોગપતિ શેઠશ્રી હસમુખભાઈ રાયચન્દ શાહ. જેઓ વારસાગત જૈન હોવા છતાં જૈનત્વના સંસ્કારોથી પ્રભાવિત ન હતા. પરંતુ તેમની માનવતા અવ્વલ કક્ષાની હતી. તેઓ ક્રિયાના જૈન ન હતા પણ વિચાર અને સ્વભાવના જૈન હતા. તેઓ પૂ. ગુરુદેવશ્રી સાથે વાર્તાલાપ દરમ્યાન પોતાનો ઉમદાભાવ રજુ કરે છે.

''સાધર્મિકની સ્થિતિ વિષમ છે'' તેથી ''આપના માર્ગદર્શન હેઠળ સાધર્મિકોને સહાય કરી શકાય તેવી સંસ્થા બનાવવી છે.'' એમ કહી હસમુખભાઈએ પોતાની ઉદારતા છલકાવી ઉત્તમ અનુદાન જાહેર કર્યું. પૂ. ગુરુદેવની કરુણા કાયમી ધોરણે જીવો અને ગરીબ જૈનો માટે સવિશેષ વહેતી જોઈ છે. તે સમયે એટલે કે આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં હસમુખભાઈના મોટા અનુદાન સાથે માનવ રાહત ટ્રસ્ટનું નિર્માણ થયું, અને તે ટ્રસ્ટ દ્વારા સાધર્મિકોને દર મહિને રૂ.૩૦/૪૦/૫૦ના મનીઓર્ડર થતા હતા. યાદ રહે આ ટ્રસ્ટ ૪૦ વર્ષ પૂર્વેનું છે તે વખતે ગરીબી આટલી જ ગરીબ હતી માત્ર ૩૦ કે ૫૦ રૂપિયાના અભાવના કારણે લોકોની સ્થિતિ દયનીય થતી હતી. તે સાધર્મિકોને રૂ.૫૦ દૈવી શક્તિ બનીને ઊતરતા હોય તેવું લાગતું. આવા ૪૦૦ મનીઓર્ડર દરમહિને થતા સમગ્ર ગુજરાતના સાધર્મિકોની આલમમાં વિશિષ્ટ સમાધિના સમાચારો આ ટ્રસ્ટના કારણે મળવા લાગ્યા.

સુરતના શેષકાળના રોકાણ દરમિયાન પૂ.ગુરૂદેવે પર્યુષણા પર્વ તાલિમ માટેની વાચનાઓ શરૂ કરી લગભગ ૪૦૦-૫૦૦ યુવાનો વાચનામાં આવતા હતા. અમદાવાદની જેમ સુરતમાં પણ ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિ ભવન શરૂ થયું. ગુરૂદેવના માત્ર ત્રણ માસના રોકાણે સુરતમાં પ્રવૃત્તિના વિશાળ વૃક્ષનું બીજરોપણ કર્યું. સુરતમાં સંસ્કૃતિ રક્ષકદળની સ્થાપના થઈ ભવન પણ બન્યું.

સુરતના નરેન્દ્રભાઈ હેકકડ તો ૨૦૩૧ના સાલમાં ગુરૂદેવને મળેલા, ગુરૂદેવ સાથે તેમનો ૩૬ વર્ષનો ગાઢ સંબંધ અખંડ ચાલ્યો, જીતુભાઇ, શૈલેષ, નયન, શ્રેણિક વિદાણી, રમેશભાઇ ચાહવાળા આદિ સક્રિય કાર્યકરોનો ગુરૂદેવને જીવનભર સાથ રહ્યો. તેમા જગદીશભાઇ પંડિત જેમને ગુરૂદેવની પ્રેરણાથી સાધુ-સાધ્વીજી ભગવંત અને મુમુક્ષુઓને વાચના દ્વારા અનેકોના સંયમને જ્ઞાન આપવા દ્વારા મજબુત કર્યું.

સુરતમાં ગોપીપુરામાં ભવનની સ્થાપના થઈ પછી મુંબઈ તરફ વિહાર શરૂ થાય છે.

# કટોકટી સામે લાલ આંખ... ૩૭

સન ૧૯૭૪ કે ૭૫ ની સાલ ભારતમાં ઈન્દિરા ગાંધીનું શાસન ચાલતું હતું અને શ્રીમતિ ઈન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરી. તે સમયે અનેક ધુરંધર રાજનેતાઓને કેદ કરવામાં આવ્યા હતા. સરકાર સામે કશું જ બોલાય નહીં તેવી સ્થિતિમાં સમગ્ર ભારતની પ્રજાએ પોતાનું ખમીર ગુમાવેલું.

દેશની પ્રજાની આ સ્થિતિથી વિહ્વલ ગુરુદેવ ક્યારેક પ્રવચનોમાં સખ્ત શબ્દોમાં ઈન્દિરાબહેનની જોહુકમીનો વિરોધ કરતા હતા. આવા આગઝરતા પ્રવચનોથી જૈનસંઘના ગૃહસ્થ નેતાઓ ડરી જતા. યુવાનોમાં ખુમારીનો સંચાર થતો. ગુરુદેવનાં પ્રવચનોનું રેકોર્ડિંગ સરકારનો પોલીસ ડિપાર્ટમેન્ટ કરતો હતો.

ઉચ્ચ અધિકારીઓ આ પ્રવચનો સાંભળતા અને તે પ્રવચનોની કેસેટો દિલ્હીના ગૃહમંત્રાલય સુધી પહોંચી. દિલ્હી સરકાર આ જલદ વક્તવ્યોથી હાલી ગઈ હતી. કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને જાણ કરી કે ''આ સાધુની ધરપકડ કરો''.

કેન્દ્રના આદેશથી ગુજરાત સરકાર ભીંસમાં આવી ગઈ. કારણ કે ગુજરાતમાં અતિપ્રસિદ્ધ સંતોમાં ચન્દ્રશેખર મહારાજનું નામ આવતું હતું. પૂ. ગુરુદેવ લોકોપ્રિયતાની ટોચ ઉપર હતા. તેમની ધરપકડ થાય તો ગુજરાત ભડકે બળે તેવું હતું. ગુજરાત સરકાર વિમાસણમાં મુકાઈ શું રસ્તો કાઢવો ? તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જસભાઈ પટેલ હતા. ખૂબ ધાર્મિક, અને શ્રદ્ધાળુ હતા. તેઓ નવસારીમાં ગુરુદેવને મળવા માટે આવેલા. ત્યારે તેમનાં શબ્દો હતા કે ''હાલ સંતો જ પ્રજાની વેદનાનો અવાજ બની શકે તેમ છે.

ગુરુદેવને તેમની હિંમત બદલ બાબુભાઈએ બિરદાવ્યા હતા. વળી સરકારી તંત્રમાં ગુરુદેવની ધરપકડની બાબતે ખળભળાટ હતો તે સમયે ગુરુદેવ ઝઘડીયા હતા. અમલનેર દીક્ષા પ્રસંગમાં જવાનું હતું. અંદરખાને પોલીસ ડિપાર્ટમેન્ટ ગુરુદેવ પાસે આવીને પરિસ્થિતિની જાણ કરે છે. વિનંતી કરે છે ''જો આપ ગુજરાત છોડીને મહારાષ્ટ્રની બોર્ડરમાં પ્રવેશી જાઓ તો અમારા માથેથી મોટો ભાર હળવો થઈ જાય''.

રાજનીતિ સાથે જેમને કોઈ સંબંધ નથી વળી ગુજરાતને અશાંત બનાવવાથી કોઈ ફાયદો નથી. પોતાનો પરચો બતાવી સરકાર પાસેથી કોઈ સ્વાર્થ સાધવાનો જેમને લગીરે ય ભાવ નથી. તે ગુરુદેવશ્રી પોલીસના પ્રતિનિધિઓને દસ જ મિનિટમાં કહે છે. ''તમે સાત દિવસનો સમય આપો હું સ્ટેટ બદલી જ રહ્યો છું''.

ગુજરાત સરકાર કેન્દ્રમાં જાણ કરે છે ''ચન્દ્રશેખર મહારાજની શોધ માટેનો પ્રયત્ન ચાલે છે'' અને સાત આઠ દિવસ પછી પુનઃ રિપોર્ટ મૂકે છે કે ''મહારાજ રાજ્ય સરકારની હદ ઓળંગીને મહારાષ્ટ્ર તરફ ચાલ્યા ગયા છે.

સમગ્ર રાજ્યમાં ફેલાનારી અશાંતિને ગુરુદેવે આ રીતે નિવારી.

ગુરુદેવનું સમગ્ર જીવન વિશ્વકોશ જેવું છે. બધું જ મળશે વીરતા-વાત્સલ્ય- સહિષ્ણુતા નિઃસ્પૃહા આદિ તમામ તત્ત્વો મળી શકશે. ચન્દ્રશેખર મહારાજ મહાન હતા તેવું નથી કહેવું, પણ હું એવું જરૂર કહીશ કે ''ચન્દ્રશેખર મહારાજ સિદ્ધાંત અને વાસ્તવિકતાનો સમન્વય હતા.

## પૂ. ગુરુદેવશ્રીના ૬૦ વર્ષ જુના ઉદ્‌ગારો....

***મારા જીવનનો સર્વોત્કૃષ્ટ આનંદ આજ્ઞાયોગમાં છે. મારા આત્માનો એવો જ કો'ક જુનો પુરાણો સંસ્કાર છે તેને વીતરાગ ભાવમાં રૂચિ છે.***

***દુઃસાધ્ય (આજ્ઞાયોગ) સદ્‌ભાગ્યે સાંપડે છે ત્યારે મારો આનંદ અનિર્વચનીય બની જાય છે.***

# મુંબઈ શ્રીપાલ નગરને આંગણે

૩૮

ચન્દ્રશેખર મહારાજને કેવલ વ્યક્તિ તરીકે જોવાને બદલે વિચાર તરીકે જોવાની મજા વધુ આવશે. ચન્દ્રશેખર મહારાજ પ્રાચીન પરંપરાઓથી અલગ ન હતા. પણ તેઓ આગળ હતા. એટલે કે જે પરંપરાઓ સમયના પ્રવાહમાં અપ્રસ્તુત થતી હોય, તે પરંપરાઓને સાચવવી તેવું તેઓ માનતા ન હતા. તમામ સિદ્ધાંતોનો પ્રાણ એકતા છે તેવું તેઓ સ્પષ્ટ માનતા હતા. સંઘ એકતા જ સંઘદેવી છે.

ચન્દ્રશેખર મહારાજ મુંબઈ ચાતુર્માસ માટે પધાર્યા હતા. વિ.સં. ૨૦૩૩નું ચાતુર્માસ શ્રીપાલનગર વાલ્કેશ્વર હતું. રવિવારના જાહેર પ્રવચનો પ્લેઝન્ટ પેલેસના પાર્કિંગમાં રહેતા હતા. સમગ્ર મુંબઈના હજારો લોકો પ્રવચનોમાં આવતા હતા. સમગ્ર મુંબઈ આ પ્રવચનોમાં ઓતપ્રોત હતું. તેમના શબ્દોમાં કે તેમની સરળતામાં જાદુ હતો. મુંબઈના દૂર-દૂરના પરાના લોકો હાડમારી વેઠીને પ્રવચનોમાં આવતા હતા.

આ ચોમાસાના પ્રવચનો તથા જાહેર પ્રવચનો દ્વારા સમગ્ર મુંબઈમાં મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનું નામ ખૂબ ગાજવા લાગેલું. આ 'ગુડવીલ'નો ઉપયોગ કરી ચન્દ્રશેખર મહારાજ યુવાનોને ધર્માભિમુખ કરવા ઝંખતા હતા. તેમની નજરમાં ધર્મ એટલે કેવલ ક્રિયાકાંડ ન હતા. તેઓ ધર્મ એટલે સદાચાર એ સંસ્કારના ફેલાવવામાં સમજતા હતા. તેમની નજર પ્રભુદાસભાઈ પારેખના વિચારો તરફ હતી. તેઓ સમગ્ર પાશ્ચાત્ય જીવન શૈલીના વિરોધમાં હતા.

કેવો વિરોધોભાસ છે કે ''પ્રવચનોમાં આવનાર શ્રોતા વર્ગ સંપૂર્ણ ક્રિયાપ્રધાન જીવનમાં જ મસ્ત હતો. તો નહીં આવનાર યુવાવર્ગ સંપૂર્ણ પાશ્ચાત્ય જીવન શૈલીથી રંગાયેલો હતો. ક્રિયાપ્રધાન શ્રોતાઓ દંભ પ્રચુર હતા. તો પાશ્ચાત્ય જીવન શૈલીવાળો યુવા વર્ગ વિલાસ પ્રચુર હતો.

આ વિરોધોભાસમાં ધર્મ રક્ષા માટે ''યુવાવર્ગને ધર્માભિમુખ કરવો અનિવાર્ય છે.'' તેવું ચન્દ્રશેખર મહારાજને સ્પષ્ટ જણાતું કારણ કે દંભ યુક્ત ક્રિયાકાંડી ધર્મી વર્ગ ધર્મ માટે નકામો છે.

તે તેમનું સ્પષ્ટ દર્શન હતું. વળી વિલાસ પ્રચુર યુવાનોની નાસ્તિકતા તેટલી ખરાબ ન હતી કે જેને બદલી ન શકાય. પૂ. ગુરુદેવને શ્રદ્ધા હતી કે ''યુવાનોને ધર્માભિમુખ કરી શકાશે''. તેથી જ પોતાની વકતૃત્વ શક્તિ દ્વારા યુવાનોને પોતાની તરફ વાળવા વિ.સં. ૨૦૩૪ની સાલના પોષ માસમાં ત્રણ દિવસનું યુવા મિલન ગોઠવાયું જેમાં ૧૫ થી ૪૫ વર્ષના માત્ર યુવાનો જ હતા. લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ યુવાનો ત્રણ દિવસના મિલનમાં ઉમટ્યા હતા. આ ''મિલન'' મુંબઈની યુવાશક્તિના જાગરણની ચિનગારી જેવું હતું. હવે સમગ્ર મુંબઈના યુવા જગતમાં પણ ચન્દ્રશેખર મહારાજ આકર્ષણના કેન્દ્ર બનવા લાગ્યા હતા.

આ મિલનના ત્રીજા દિવસે પૂ. ગુરુદેવશ્રીના સંસારી બાપાજી શેઠશ્રી જીવાભાઈનું અવસાન થયું. તેથી મિલન પુરું થતા જ ચોથા દિવસે વિહાર કરી પૂ. ગુરુદેવ વાલેશ્વર કલ્પનાનિકેતન એપાર્ટમેન્ટ પહોંચે છે. જ્યાં જીવાભાઈ રહેતા હતા.

પોતાના સમગ્ર સંસારી પરિવાર વચ્ચે સંસારની જીવનની નશ્વરતાને સમજાવી સહુને આઘાત મુક્ત કરે છે.

ત્યારબાદ પૂ. ગુરુદેવ પાર્લા ઘેલાભાઈ સેનેટોરીયમના ઉપાશ્રય ખાતે પહોંચે છે. રવિવારનું જાહેર પ્રવચન બપોરે હતું. રવિવારે સવારે ૯.૦૦ કે ૯.૩૦ આસપાસ યોગેશ નામનો પાર્લાનો યુવાન ઘણાં પ્રશ્નો લઈને પૂ. ગુરુદેવ પાસે આવે છે. માર્મિક સવાલોના વેધક જવાબો મળતા યોગેશ પૂ. ગુરુદેવનો પરમ સમર્પિત યુવાન બને છે. પૂ. ગુરુદેવની શાસન રક્ષાની ગરમીનો સ્પર્શ યોગેશને થયો અને તે વેળાએ શાંતાક્રુઝ મિલન દ્વારા મળેલ ૫૦ જેટલા યુવાનો પૂ. ગુરુદેવના પરમ સમર્પિત ભક્તો બને છે. જેમાં યોગેશ સાથે મનોજ-ઘાટકોપર, મહેશ-બોરીવલી (જે હાલ પૂ.આ. શ્રી મુક્તિવલ્લભસૂરિ મ.સા.) આદિ મુખ્ય હતા.

# મુંબઈ : યૌવન ચન્દ્રશેખર મય...



* ભાયખલા ચાતુર્માસ પ્રવેશ



* નેતૃત્વ અને નિષ્ઠા વચ્ચેની અતૂટ મૈત્રી પૂ. ગુરુદેવ અને યોગેશ

## ૩૯ ધામના ધબકારાની શરૂઆત

યુવાનોના ઉત્સાહને મુંબઈના જૈનસંઘો માટે ગતિશીલ કરવા **"વર્ધમાન સંસ્કૃતિધામ"** નામની સંસ્થાની પૂ. ગુરુદેવની નિશ્રામાં સ્થાપના થઈ. તે સંસ્થા પ્રારંભમાં યોગેશના પાર્લાના નાનકડા ઘરમાં ચાલુ થઈ હતી.

ત્યારબાદ વિ. સં. ૨૦૩૪ની સાલમાં જ પૂ. ગુરુદેવ મુંબઈથી વિહાર કરીને પુના તરફ જાય છે. પુના જતા જતા જ પૂ. ગુરુદેવે એવું મન બનાવી લીધુ કે "મુંબઈ વિલાસ પ્રચૂર છે. મુંબઈના યુવાનો પાસે અપેક્ષા રાખવી અનુચિત છે. માટે આ વરસે આપણે પુનામાં જ ક્યાંક ચોમાસુ કરી લઈશું."

પુના પહોંચે છે, ઉરલીકાંચન નેચરોપથી સેન્ટરમાં થોડા દિ' ગાળે છે. ત્યારે મુંબઈથી યોગેશ મ. શાહનો પત્ર પૂ. ગુરુદેવ ઉપર આવે છે. તે વખતે પૂ.ગુરુદેવ સાથે તેવો નિકટનો સંબંધ યોગેશને ન હતો. પણ તેના હૃદયમાં પૂ. ગુરુદેવ માટે તીવ્ર આકર્ષણ જરૂર હતું.

તેથી તે પત્રમાં યોગેશેં પૂ. ગુરુદેવને ખાસ દર્દભરી પોતાની વ્યથા અને વિનંતી કરી હતી કે "ગુરુદેવ ! આપની નિશ્રામાં ધામ શરૂ થયું છે. મુંબઈના અમે યુવાનો આપના મિશનને આગળ ધપાવશું, પણ અમારી શરત છે. કે "આપની હાજરી મુંબઈમાં જ હોવી જોઈએ". પૂ. ગુરુદેવે યોગેશના પત્રમાં શ્રદ્ધા અને આગને જોઈ, તેથી પૂ. ગુરુદેવ પુનઃ મુંબઈ પધારે છે.

વિ.સં. ૨૦૩૪નું ચાતુર્માસ ભાયખાલા ખાતે કેવલ યુવાનોને ધર્મ સન્મુખ કરવાના આશયથી જ ગોઠવાયું હતું.

તે ચાતુર્માસ દરમ્યાનમા સત્સંગનું **"લેટેસ્ટ વર્ઝન અપલોડ"** થયું. જેના દ્વારા માત્ર યુવાનોને જ જોડી શકાય. યુવાનો પાપી હોવા છતાં દંભી ન હતા. આ જ કારણથી તેઓ માટે સત્સંગનું નવું માળખું રજૂ થયું.

# રવિવારીય વન-ડે શિબિર

# ૪૦

શિબિરના આદ્ય પ્રણેતા ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.એ સન્ ૧૯૬૪ની સાલમાં યુવાનોને ધર્માભિમુખ કરવા ૨૧ દિવસની શિબિરની શરૂઆત અચલગઢ ખાતે કરી હતી. પરંતુ આ શિબિર ટેસ્ટ મેચ જેવી હતી.

ભાયખાલા ચાતુર્માસમાં ચન્દ્રશેખર મહારાજ "વન-ડે" જેવી માત્ર રવિવારીય શિબિરો શરૂ કરી. જેમાં સવારે ત્રણ કલાક, માત્ર ૧૫ થી ૪૫ વર્ષના યુવાનોને પ્રવેશ મળતો હતો. ત્યારબાદ ભોજન અને ભોજન પછી જાહેર પ્રવચન, આમ લગભગ પાંચ કલાકની શિબિરો શરૂ થઈ. જે સત્સંગનું લેટેસ્ટ વર્ઝન હતું. પૂજ્ય ગુરૂદેવે પ્રથમવાર મહાભારત પરના જાહેર પ્રવચન શરૂ કર્યા. રવિવારિય-વનડે શિબિર ચન્દ્રશેખર મહારાજની શ્રીસંઘને સદીની શ્રેષ્ઠ ભેટ હતી.

ભાયખલાના વિશાળ પ્રવચન મંડપમાં મુંબઈના હજારો યુવાનો જોડાયા આ શિબિરો દ્વારા યુવાનોમાં શાસન શૌર્યનો સંચાર થવા લાગ્યો.

શિબિર દ્વારા ચન્દ્રશેખર મહારાજ યુવાનોને જીવન શુદ્ધિ માટે "ભવ-આલોચના"નું મહત્ત્વ સમજાવવાનું શરૂ કર્યું. તેમના જેવા શબ્દો બોલનાર અનેક સાધુઓ છે. પણ ચન્દ્રશેખર મહારાજના શબ્દોની અસર દવાની જેમ થતી હતી અને હજારો યુવક યુવતીઓએ ચન્દ્રશેખર મહારાજ પાસે ભવ-આલોચના લઈ આત્મશુદ્ધિ મેળવી હતી. રવિવારીય શિબિરના પ્રભાવથી સુભાષ માલદે, વિદ્યુત ગાંધી, સંજય વોરા, અરવિંદ ગઢવી, અતુલ વિ. શાહ, અરવિંદ ડાયમંડ, કીર્તી ભગત આદિ અનેક યુવાનો જોડાયા.

ભાયખલાના ચાતુર્માસ દરમ્યાન પૂ. ગુરુદેવશ્રી સાથે યોગેશ, મનોજ-વિદ્યુત આદિ યુવાનો ત્યાં જ ધર્મશાલામાં રહેતા હતા. પૂ. ગુરુદેવ દરરોજ સાંજે આ યુવાનોને દેશરક્ષા પ્રજારક્ષા સંસ્કૃતિરક્ષા, ધર્મરક્ષા આદિના પાઠો ભણાવતા હતા. ગુરુદેવનું વિશિષ્ટ પુણ્ય હતું. કે "આ યુવાનો ગુરુદેવના

નામે જીવન સમર્પિત કરવા રાજી હતા.'''' અને આ જ અરસામાં મુંબઈ ખાતે યુવા પ્રવૃત્તિઓ સતત ધમધમતી રહે તે માટે **''વર્ધમાન સંસ્કૃતિધામના કાર્યાલયની''** સ્થાપના થઈ. શ્રીપાલનગરના પરમ શાસન ભક્ત સાકરચન્દ સરકારના અનુદાનથી ઓપેરા હાઉસમાં સંસ્થા માટે એક જગ્યા લેવાઈ.

વાલકેશ્વરના વૈભવી વિસ્તાર ચંદનબાલામાં પૂ ગુરુદેવશ્રીનું ત્રીજુ ૨૦૩૫નું ચાતુર્માસ હતું. ચાતુર્માસ દરમ્યાન અતિ ધનાઢ્ય પરિવારોમાં પરિવર્તનનો પવન ફુંકાયો. નાસ્તિક ગણાતા લોકોમાં ધર્મશ્રદ્ધાનો સંચાર થયો. ચન્દ્રશેખર મહારાજ શાસ્ત્રીય સત્યોની રજૂઆત આધુનિક ઢબે કરવામાં માહિર હતા.

દક્ષિણ મુંબઈનો વિસ્તાર મુંબઈનો ખુબ સમૃદ્ધ એરીયા છે. ત્યાં શ્રીમંતો જ વસે છે. તેઓ જૈન હતાં છતાં બીજા નંબરે પહેલા તે ધનવાન. તેથી આ વિસ્તારમાં ધાર્મિકતા મન્દ હતી. તેથી ત્યાંના જૈનોના જૈનત્વને ધધધમતુ કરવા પૂ. ગુરુદેવે ચન્દબાલાના ચોમાસામાં પણ રવિવારીય યુવા શિબિરો રાખેલી હતી. માત્ર યુવાનોને જ પ્રવેશ અપાતો છતાં ૨૦૦૦ યુવાનો વૈભવી વિસ્તારમાં પણ આવતા હતા. અને શિબિરો દ્વારા તે યુવાનો પહેલા નંબરે જૈન બન્યા પછી ધનવાન તરીકેના વૈભવોને ગોઠવ્યા. એટલે કે જૈનત્વની મર્યાદા સાથે વૈભવો માણતા હતા. આ ચાતુર્માસ દરમ્યાન છબીલભાઈ ગોલાવાળા, છનાભાઈ, લલિતભાઈ, દિનેશભાઈ, છબીલભાઈ ઘોટીવાળા આદિ યુવાનો હીરા બજારના રાજાઓ ચુસ્ત જૈન બન્યા.

રાત્રિ ભોજન આદિના ત્યાગી બન્યા.

# વાલિયાને રામ મળ્યા...



એનું નામ રાજુ પાગલ હતું. જૈન નબીરો...અપાર ધન અને સંપૂર્ણ સ્વતંત્રતા મળી હતી. મા-બાપનો સ્નેહ હતો નહીં. મા-બાપનો સ્નેહ સ્વતંત્રતા જનિત અપરાધોથી દૂર રાખે છે. પણ આ છોકરો ૧૬ જ વર્ષની ઉંમરથી આપખુદ હતો. સોળથી ચાલીસ વર્ષની વચ્ચે તમામ ગુન્હાઓ આચરી લીધા. બધા જ પાપો કરી લીધા. જિંદગી એટલે એશારામ માનનાર રાજુ એક દિવસ એકાએક ચન્દનબાલામાં ગુરુદેવશ્રીના પ્રવચન શ્રવણ માટે આવી ચઢે છે.

રોહીણેય ચોરના કાનમાં અજાણતા પડેલા પ્રભુના શબ્દો રોહીણેયને જગાડનાર એલારામ બને છે. તે ઐતિહાસિક સત્યને અમે અમારી નજરે વાસ્તવિકરૂપે જોયું છે. આ રાજુ પહેલા જ પ્રવચનમાં પશ્ચાત્તાપની આગમાં પોતાના પાપોને ઓગાળવા લાગે છે. ભારે આશ્ચર્ય સાથે તે રાજુ પછી તો દરરોજ શ્રવણ માટે આવતો થયો.

એક એક પ્રવચન રાજુની અંદર ઈન્જેકશનની જેમ ફરવા લાગ્યું. ત્રણ જ દિવસ પછી શરૂ થતા પર્યુષણા પર્વમાં, ગુરુદેવશ્રી સાથે ૨૪ કલાક રહેવા મળશે તે એક જ આકર્ષણ માત્રથી ૬૪ પ્રહોરી પૌષધ કરે છે. અઠ્ઠાઈ કરે છે. યાદ રાખજો આ તે રાજુ છે જે દિન-રાત દારૂના નશામાં ચકચૂર રહેતો હતો. તે જ રાજુ આજે આઠ ઉપવાસ અને ઉકાળેલા પાણી સાથે સાધુ જેવા જીવનને ખુશીથી જીવી રહ્યો છે.

ઘણી વાર એવું લાગે છે કે "સજ્જનતા, કે ધાર્મિકતા. સદ્ગુરુના શબ્દોની અસરકારકતામાં અવરોધ બની જતી હોય છે." સજ્જનો, ધાર્મિકો બદલાતા નથી માટે મારે દુઃખ સાથે નોંધવું છે. કે "તેઓની સજ્જનતા, ધાર્મિકતાના ઓઠા નીચે બગડવા લાગે છે" કારણ કે ધાર્મિકોની સજ્જનતા ભાવુકતા ગુમાવી ચૂકી હોય તેવું જોવા મળે છે. શ્રવણ તો જ અસરકારક બને જો ભાવુકતા હોય. સજ્જનતા એટલે લૌકિક શુભ વ્યવહાર, જે ધાર્મિકો પાસે ક્યાં હોય છે. ?

રાજુ તો દુષ્ટ હતો. જાણે કે દુષ્ટતા સદ્‌ગુરુના શબ્દબીજ માટે ખાતર પાણીની ગરજ સારે છે. અને દુષ્ટતામાંથી શ્રેષ્ઠ સમર્પણની ગુલાબી સુવાસ પ્રસરે છે. રાજુની દુષ્ટતા ભાવુકતા સભર હતી. માટે શ્રવણ અસરકારક બને છે.

રાજુનો સમગ્ર પરિવાર આ બદલાવથી રાજી છે. તો ડરે પણ છે કે ''આ પરિવર્તન ક્ષણિક તો નહી નીવડેને ?''

ચન્દ્રશેખર મહારાજ અસાધ્ય કક્ષાના ભાવરોગીઓ માટે ધન્વન્તરી હતા. પછી તો રાજુ ચન્દ્રશેખર મહારાજનો આશિક બન્યો.

જો કે કર્મની વિષમતાના ચક્કરમાં રાજુના જીવનમાં પરિવર્તન અને ગુન્હાહિત ભૂતકાળનું પુનરાવર્તન વારંવાર ચાલ્યા કર્યું. પણ એક વાત નોંધવી જ રહી ગુનાની કબુલાત અને ગુનાની પીડા તો રાજુના જીવનમાં મેં કાયમ જોઈ છે. આ હતી, પૂ. ગુરુદેવના પ્રવચનોની સિદ્ધિ.

મુંબઈમાં યુવા પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો ચાલ્યો હજારો યુવાનો મુંબઈના રંગીન વાતાવરણની વચ્ચે પણ ગુરુદેવના જ્વલંત સદાચારના પયગામોના આશિક બન્યાં. આજે એવું ચોક્કસ કહી શકાય કે મુંબઈમાં યુવાનોની ભીડ ધર્મસ્થાનોમાં જે દેખાય છે તેનો બેઝીક સોર્સ કેવલ ચન્દ્રશેખર મહારાજ છે. હાલ જે ૫૦-૬૦ આસપાસના ધર્મ પામેલ, સંયમ પામેલ મુંબઈની વ્યક્તિના મૂળ કદાચ ચન્દ્રશેખર મહારાજના મુંબઈના આ ત્રણ ચોમાસામાં રહેલું હશે.

# ગુરૂ શિષ્યના ઐતિહાસિક મુંબઈના ત્રણ ચાર્તુમાસ ૪૨

ઇતિહાસમાં ડોકીયું કરીએ તો યાદ આવે પૂ. પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા., પંન્યાસ ભાનુવિજયજી સાથે મુંબઈ પધાર્યા હતા, અને વિ.સં. ૨૦૦૬-૭-૮ના ત્રણ ચાતુર્માસ મુંબઈમાં કરી દીક્ષાની રમઝટ બોલાવી હતી. તે જ સમયે શ્રી સંઘને ચન્દ્રશેખરવિજયની પ્રાપ્તિ થઈ હતી. એક ઇન્દ્રવદન નામનો શ્રીમંત પરિવારનો દીકરો સંયમના માર્ગે જઈ ચન્દ્રશેખર વિજયજી બને છે.

ચન્દ્રશેખર મહારાજે વિ.સં. ૨૦૩૩-૩૪-૩૫ના ત્રણ ચાતુર્માસ ૨૫ વર્ષ પછી મુંબઈમાં ગાળી તે ઋણને ઉતારવાનો પ્રયાસ કર્યો. અને મુંબઈની શિબિરો દ્વારા અનેક યુવાનોને શાસન સમર્પિત થવા પ્રેરિત કર્યા.

*કેવી ઐતિહાસીક* ઘટના છે. **ગુરૂ પ્રેમસૂરીશ્વરજી** **મ.સા.** ત્રણ ચોમાસા મુંબઈમાં કરે છે. **પૂજ્યપાદ જયઘોષસૂરીશ્વરજી, હેમચન્દ્રસૂરીશ્વરજી** તેમજ **ચન્દ્રશેખર મહારાજ** સહિત ૨૦-૨૫ ધુરંધર સંયમી પ્રાપ્ત કરે છે.

ચન્દ્રશેખર મહારાજ જાણે ગુરૂના ઋણના સ્મરણમાં વિ.સં. ૨૦૩૩, ૩૪, ૩૫ના વર્ષમાં ત્રણ ઐતિહાસિક ચાતુર્માસ કરે છે. અને આ ત્રણ ચોમાસ દરમ્યાન **મેઘદર્શન વિજય, કીર્તિદર્શન વિજય, પદ્મદર્શન વિજય, ધર્મરક્ષિત વિજય, જિતરક્ષિત વિજય, મનોભૂષણ વિજય** આદિ ધુરન્ધર શિષ્યો પ્રાપ્ત કરે છે.

સાથે સાથે ધામની સ્થાપના દ્વારા અનેક શાસન પ્રભાવક કાર્યો શરૂ થયા. સાધર્મિક ભક્તિ, વૈયાવચ્ચ, અનુકંપા, જીવદયા કોઈ ક્ષેત્ર બાકી નથી જ્યા ધામ પહોચ્યું નથી. ગુરૂ શિષ્યના મુંબઇના ત્રણ-ત્રણ ચોમાસાએ આ સદીના જૈન સંઘનો ઇતિહાસ બદલી નાખ્યો. મુંબઇ જૈન સંઘનો પ્રત્યેક સભ્ય આ ગુરૂ-શિષ્યની જોડીનો અત્યંત ઋણી છે. મોટા ભાગના શ્વેતામ્બર જૈન કુટુંબના સંસ્કારના મૂળ લગભગ આ ગુરૂ કે શિષ્ય સુધી પહોંચતા હશે.

# ૪૩ તપોવન ! પ્રયાસ પડકાર પ્રોત્સાહન પરિણામ

ચન્દ્રશેખર મહારાજ પાસે અનેક યુવાનોએ સંસાર ત્યાગીને શ્રમણ ધર્મનો સ્વીકાર કરેલો, તે શ્રમણોના તો ચન્દ્રશેખર મહારાજ ગુરુદેવ હતા.

તે સિવાય હજારો યુવાનોના ચન્દ્રશેખર મહારાજ Icon હતા. તેથી હજારો યુવાનોની ભવ આલોચના વાંચ્યા બાદ તેમણે જાણ્યું કે યુવાનોને જો બાળપણથી યુવાનવયમાં પ્રવેશ કરે ત્યારે જ સારા સંસ્કાર, સારા મિત્રો મળે, તો જીવન આખું બદલાઈ જાય તે વિચારથી હવે ચન્દ્રશેખર મહારાજ બાળકોના ગાર્ડિયન બનવાનો રોલ નિભાવવા તત્પર બન્યા.

તપોવન તે પ્રયાસ છે. ગુરુદેવશ્રી લગભગ ૫૦-૫૨ વર્ષની ઉંમરે તપોવન જેવી સંસ્થાના નિર્માણ કાજે વિચારી રહ્યા હતા. સંઘમાં લગભગ ૩૦ વર્ષનું સુધી કામ કર્યા બાદ તેઓ તેવા નિષ્કર્ષ ઉપર આવે છે કે ''મારા સંઘ સેવાના પ્રયાસોને વધુ ફલદાયી બનાવવા હોય તો ગુરુકુલ-તપોવન શિક્ષા પદ્ધતિનો વિકાસ કરવો પડશે.'' ગુરુદેવ ઘણાં વર્ષ પહેલા રાજકોટ પાસેના ટંકારા ગામ ગયેલા. ત્યાં આર્ય સમાજનું ગુરુકુલ હતું. ત્યાંના આયોજકોને ગુરુદેવ મળેલા ત્યારે સવાલ કરેલો આટલી ઓછી સંખ્યા છે તો શા માટે ગુરુકુલ ચલાવો છો. ત્યારે આયોજકોએ જવાબ આપ્યો અમે એક દયાનંદ સરસ્વતી પકવવાનો પ્રયાસ કરીએ છીએ. ત્યારથી ગુરુદેવના મગજમાં આવી ગુરુકુલ શિક્ષા વ્યવસ્થા માટેનો ભાવ હતો. અને ગુરુકુલ શિક્ષા પદ્ધતિ દ્વારા જૈનસંઘને યુગપ્રધાન મળશે તથા દેશને શ્રેષ્ઠ વડાપ્રધાન મળશે. તેવી શ્રદ્ધા પૂ. ગુરુદેવને ખુબ ઉંડે સુધી હતી. તેથી તેઓ તપોવન શિક્ષા પદ્ધતિ દ્વારા જૈન સંઘોના બાળકોમાં જૈનત્વ રેડવાનો ગહન પ્રયાસ કરવા માંગતા હતા. બાળકમાં જૈનત્વ સ્થાપિત થાય તો ૫૦ વર્ષ સુધી જૈનત્વ સલામત છે.

એક જૈન સાધુ શ્રાવકોના સંતાનોની શિક્ષા વ્યવસ્થાનો વિચાર કરે. તે વાત તે સમયના રૂઢીચુસ્ત જૈનો માટે ખુબ આઘાતપ્રદ હતી. પણ ચન્દ્રશેખર મહારાજ તો તે હસ્તિ હતા કે જેઓ વિરોધ નિંદા કે પ્રશંસાથી પર હતા.

મેકોલેની શિક્ષા વ્યવસ્થા- જે સમગ્ર દેશમાં હવાની જેમ પથરાયેલી છે તેને અટકાવીને આપણા ઋષિ મુનિઓએ દર્શાવેલી શિક્ષા વ્યવસ્થા સ્થાપવી લગભગ અશક્ય છે. ધનાઢ્ય જૈનોના સંતાનો પાશ્ચાત્ય શિક્ષા સંકુલોમાં જ ભણે છે. આ પ્રતિકૂલ સ્થિતિને દૂર કરવી અસંભવ જણાતા, ગુરુદેવ વિચારે છે કે ''પ્રતિકૂલ સ્થિતિ ન દૂર થાય, તો તે સ્થિતિની ઘેરી અસરમાંથી આપણા સંતાનો મુક્ત થાય તેવો પ્રયાસ થવો જોઈએ.'' એક વાત સ્પષ્ટ સમજી લો કે ''પ્રતિકૂલ સ્થિતિ એટલે નાસ્તિકતા પ્રચૂર-અર્થ કામનીવૃદ્ધિનું શિક્ષણ અને તેની અસર એટલે શ્રદ્ધાભ્રષ્ટ માનસિકતા દેવ-ગુરુ-ધર્મની તારકતા માટે પાશ્ચાત્ય શિક્ષાથી શિક્ષિત સંતાનોને વિશ્વાસ ન હતો.'' તેથી કેવલ અર્થ કામપ્રચુર જીવનને ધ્યેય બનાવીને તે સંતાનો દોડતા હોય છે.

આ દોટ અંધ હોવાથી ઘણું દોડવા છતાં અતૃપ્ત જ રહેતી હોય છે. તેથી આજનો યુવાન અશાન્ત છે. ચન્દ્રશેખર મહારાજ તેને દેશી અંગ્રેજ કહે છે.

આ દયાજનક સ્થિતિના કારણભૂત છે ''મેકોલેની શિક્ષા વ્યવસ્થા'' જો તેને જ હટાવી દેવાય, તો સમાજનો પ્રતિસાદ ન મલે કારણ કે સમગ્ર દેશ આ જ શિક્ષા પદ્ધતિનો ગુલામ છે. આ ગુલામીનું નિવારણ સત્તા દ્વારા થઈ શકે જે આપણી પાસે નથી. તો હવે એક જ રસ્તો બચે છે.

શિક્ષણ તે જ, પણ વાતાવરણ એવું સંસ્કારી રાખવું કે ''ગુરુકુલમાં અભ્યાસ કરનાર બાળક પાશ્ચાત્ય શિક્ષણથી શિક્ષિત થાય અને સાથો સાથ સંસ્કારી માણસ થાય એટલે કે શ્રદ્ધા સંપન્ન થાય તેથી તે તપોવનનું બાળક, અર્થ-કામને અંગ માને, અને શ્રદ્ધાને જીવન માને આ જ તપોવન શિક્ષા વ્યવસ્થાનો પ્રાણ છે. અર્થ-કામ હોવા છતાં રાજ શ્રદ્ધાનું જ ચાલે.

સંસ્કાર ગર્ભિત શિક્ષા વ્યવસ્થાને સાકાર કરવા માટે તપોવન શિક્ષા પદ્ધતિનો વિકાસ થયો, જેમાં બાળક હોસ્ટેલ સ્કુલમાં જ અભ્યાસ કરે, એટલે ૨૪ કલાકમાંથી છ કે સાત કલાકનો સમય શિક્ષાનો બાકીના ૧૭ કલાક માત્રને માત્ર સંસ્કાર સભર વાતાવરણમાં જ બાળક મોટો થાય. આ તપોવન

શિક્ષા વ્યવસ્થાની સ્થાપના માટે ગુરુદેવે પ્રયાસ શરૂ કર્યો. શ્રીપાલનગરમાં મીટીંગ બોલાવવામાં આવી તે સમયે વાલ્કેશ્વરના ૨૫ ધનવાનો આવેલા તેઓ સમક્ષ આખી યોજના રજૂ કરી અને ત્યાંને ત્યાં જ લગભગ રૂા. ૫૦ લાખના વચનો મળી ગયા.

ઉપસ્થિત સહુ ધનવાનો બુદ્ધિમાનોએ ગુરુદેવશ્રીની આ અભિનવ યોજનાને સમર્થન આપ્યું. ''માનવજીવન નિર્માણ તીર્થ'' બનાવવાનો સદીનો શ્રેષ્ઠ પ્રયાસ શરૂ થયો.

નવસારી પાસે જમીન સંપાદન માટેના પ્રયાસો થઈ રહ્યા હતા ત્યારે મુંબઈમાં આફ્રિકાના એક મુસ્લિમ સજ્જન જેમનું નામ સુલતાન હતું. તે પૂ. ગુરુદેવશ્રીના દર્શન માટે આવે છે અને વાતમાં વાત થતા તપોવનની જમીન માટે રૂ. ૫ લાખનું અનુદાન તેઓ આપે છે. મુસ્લિમ સજ્જન ના ધનથી જિનશાસનને સંસ્કરણ સંકુલની ઉપલબ્ધિ થઈ ! ! !

આ હતી જિનશાસનની વાસ્તવિક બિન સાંપ્રદાયિકતા, મુસ્લિમ પણ જૈન સંસ્કારોને જન સંસ્કાર માનીને આવકારે છે. સદ્‌ભાગ્યે પૂ. ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્‌ રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા વર્ધમાન તપોનિધિ પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની તપોવન માટે સંમતિ મલી નવસારી પાસે ધારાગિરિ ખાતે તપોવન માટેની જમીનનું સંપાદન થયું.

યુદ્ધના ધોરણે નિર્માણ કાર્યશરૂ થયું. બાળકોના શિક્ષણનું માળખુ તૈયાર થવા લાગ્યું.

ત્યાં અંતરિક્ષ તીર્થની રક્ષાનો સવાલ સંઘ સામે ખડો થાય છે. અને ચન્દ્રશેખર મહારાજ તીર્થ રક્ષાના મીશન માટે નીકળી પડે છે. પૂ. ગુરુદેવ સ્વયંસૈન્ય સમાન હતા. સંઘમાંથે જ્યારે પણ આપત્તિ આવે ત્યારે સંઘ તેમને જ યાદ કરે ગુરુદેવ સંઘવિઘ્ન નિવારક હતા.



* શ્રી સંઘમાં પ્રથમ બાલ સંસ્કરણ અભિયાન * ભગવાન અને ભુલકાઓ વચ્ચે પૂ. ગુરુદેવ



* માતૃવાત્સલ્યની પ્રતિતી બાળકોની તે ગુરુમા....

# ૪૪ દિગંબરોના સાંપ્રદાયિક ઝનૂન સામે શ્વેતાંબર શ્રમણનો વ્હાલ સભર સંઘર્ષ

વિ.સં. ૨૦૩૬ની સાલ નાશિક ચાતુર્માસ પૂર્ણ કરી ગુરુદેવ પુનઃ મુંબઈ પધારે છે. તે જ અરસામાં અન્તરિક્ષ તીર્થની સુરક્ષા સામે બહુ મોટો ખતરો ઉભો થવા લાગ્યો હતો. અન્તરિક્ષ તીર્થના ટ્રસ્ટીઓ પણ દાયકાઓથી ચાલતી આ લડતમાં થાકતા ગયા હતા. તીર્થરક્ષા સાથે જોડાયેલા શ્રેષ્ઠીઓ મુંબઈ ભેગા થાય છે. તે બધા માટે આશાનું કિરણ જ નહી આસ્થાના કેન્દ્ર રૂપે ચન્દ્રશેખર મહારાજ હતા. તે સમયે ચન્દ્રશેખર મહારાજ સમગ્ર જૈન સંઘની કેબિનેટમાં સુરક્ષા મંત્રી તરીકેની ફરજ બજાવતા હોય તેવું લાગતું હતું. તેઓ કેવલ મંત્રી તરીકે આદેશો જ આપે તેવું નહી સ્વયં સૈનિકની જેમ સંગ્રામમાં દોડી જાય છે.

દિગંબરોની આક્રમકતા ઝનૂની હતી.

અન્તરિક્ષ તીર્થ જે મહારાષ્ટ્રના આકોલા જિલ્લાના શિરપુર ગામમાં છે. ત્યાં અને ત્યાંની આસપાસના ગામોમાં દિગંબર જૈનોની ખૂબ વસ્તી છે. જો કે ત્યાંના ૯૫% દિગંબર ભાઈઓને આ સંઘર્ષમાં કોઈ જ રસ ન હતો.

અંતરિક્ષ તીર્થનું ટ્રસ્ટી મંડળ મુંબઈ આવી, તીર્થના વહિવટથી માંડી તીર્થનો કબ્જો મેળવી લેવા દિગંબરોના કેટલાક લોકો કેવી તૈયારી કરી ચૂક્યા છે તેની સંપૂર્ણ માહિતી ગુરુદેવશ્રીને આપે છે. તીર્થની મૂળભૂત માલિકી શ્વેતાંબરોની જ છે.

તેવો નિર્ણય પ્રીવી કાઉન્સીલ સુપ્રીમકોર્ટે ક્યારનો આપી દીધો છે. આ પણ જાણકારી ગુરુદેવને મળે છે અને ટ્રસ્ટીઓ તે પણ કહે છે ''સાહેબ ! હવે અમે આ જવાબદારી સંભાળી શકીએ તેમ નથી'' આખી હકીકત જાણ્યા બાદ શાસન ભક્ત સત્વ શિરોમણી ગુરુદેવનો માંહ્યલો છંછેડાય છે. મંથન ચાલુ થાય છે.

આ બાજુ સમગ્ર ટ્રસ્ટી મંડળ અને તીર્થરક્ષા સાથે જોડાયેલા બીજા પણ મહાનુભાવો ગચ્છાધિપતિ આચાર્ય દેવ રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ને મળવા જાય છે. તેઓશ્રીને પણ સંપૂર્ણ માહિતી આપે છે. યોગાનું યોગ તો જુઓ પૂ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. એ પણ તીર્થરક્ષાના મહાન્ કાર્યની જવાબદારી ચન્દ્રશેખર મહારાજ સંભાળે તેવો ભાવ પત્ર દ્વારા દર્શાવ્યો. અને ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. એ પણ ચન્દ્રશેખર મહારાજને આ જવાબદારી સંભાળવા આદેશ કર્યો.

મુંબઈ ખાતે શ્વેતાંબરો દ્વારા ચન્દ્રશેખર મહારાજના નેતૃત્વમાં તીર્થરક્ષા માટેનું આંદોલન શરૂ થયું.

સમગ્ર મુંબઈમાં પથરાયેલા હજારો યુવાનો, કે જેઓ પૂ. ચન્દ્રશેખર મહારાજને પોતાના તારક માનતા હતા. તે યુવાનો ચન્દ્રશેખર મહારાજ સાથે કામે લાગે છે.

વિ.સં. ૨૦૩૭નું ચાતુર્માસ અંતરિક્ષ તીર્થ ખાતે ચન્દ્રશેખર મહારાજે નક્કી કર્યું. મુંબઈથી અંતરિક્ષજી લગભગ ૬૦૦ કી.મી. દૂર હતું.

અંતરિક્ષજી તરફના વિહાર પૂર્વે છેલ્લા દસ-બાર દિવસ ચંદનબાલા મુંબઈ રોકાવાનું નક્કી થયેલ અને ''અંતરિક્ષ સપ્તાહ''નું ત્યાં આયોજન થયેલ. સાતેય દિવસ પ્રવચનો દ્વારા અંતરિક્ષ તીર્થ રક્ષા માટે શ્રોતાઓને લલકારવામાં આવતા તે જ વખતે પ્રવચનોમાં તીર્થરક્ષા માટે ફંડ પણ ભેગું કર્યું. અને ''જૈન તીર્થરક્ષા ટ્રસ્ટ''ની સ્થાપના થઈ.

# ૪૫ શિવાસ્તે પંથાનઃ ... અંતરિક્ષ તીર્થ

સપ્તાહના છેલ્લા રવિવારે બપોરે પ્રવચન બાદ અંતરિક્ષ તરફ તીર્થરક્ષા માટેનો વિહાર શરૂ કરવાનો હતો. પ્રવચનની છેલ્લી પાંચ મિનિટ બાકી હતી ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ જાહેર કર્યું. ''હાલ સાંજના વિહાર કરીને નવજીવન સોસાયટી જવાનું છે.'' પરંતુ આગળ સાંભળો તેમ કહી ગુરુદેવ બુલંદ અવાજે એક વાત કરે છે.''આ સભાના તમામ શ્રોતાઓએ પ્રવચન બાદ રેલી રૂપે મારી સાથે આવશે, આપણે અહીંથી દશ જ મિનિટના અંતરે આવેલા મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી એ.આર. અંતુલેના નિવાસ સ્થાને જવાનું છે તેમને અંતરિક્ષ તીર્થની માહિતી આપી મદદ માંગવાની છે''.

લગભગ આઠ હજાર-જૈનો તે સભામાં ઉપસ્થિત હતા. સમગ્ર સભા જયકારથી આ નિર્ણયને આવકારે છે. વિરાટ રેલી પૂ. ગુરુદેવના નેતૃત્ત્વમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાન તરફ આગળ વધે છે. સમગ્ર સરકારી તંત્ર અજ્ઞાત છે. ચંદનબાળાથી રીજ રોડ ઉપર થઈ ડાબી બાજુના રોડ તરફ રેલી આગળ વધે છે. મુખ્યમંત્રીના નિવાસસ્થાન પાસે હજારો લોકોનો જમાવડો જોઈ પોલીસ તંત્ર ડઘાઈ જાય છે. મુખ્યમંત્રીના નિવાસસ્થાનનો મુખ્ય ગેટ બંધ કરી દેવાય છે. મુખ્ય દરવાજા પાસે જોરશોરથી નારા ચાલુ થાય છે. Duty ઉપર હાજર પોલીસ અધિકારી ગુરુદેવ પાસે આવે છે. ગુરુદેવ નમ્રતાપૂર્વક જણાવે છે કે ''સમગ્ર મુંબઈ મહારાષ્ટ્રના જૈનો તરફથી અમારા તીર્થની રક્ષા બાબતે મુખ્યમંત્રીને એક નિવેદન આપવું છે. અને રૂબરૂ પાંચ મિનિટ મળવું છે''.

સમાચાર લઈને અધિકારી બંગલામાં મુખ્યમંત્રીશ્રીને જાણ કરે છે તે દરમિયાન મુખ્યમંત્રી બારીમાંથી આવેલા માનવ મહેરામણ જોઈલેછે, અને મુખ્યમંત્રી મળવાની સંમતિ આપે છે.

પૂ. ગુરુદેવ તથા હું (લેખક) અગ્રણી શ્રાવકો સાથે પહેલામાળે મુખ્યમંત્રીને મળીએ છીએ. પૂ. ગુરુદેવ આવેદન પત્ર હાથમાં આપે છે. ટૂંકમાં દિગંબરોના અન્યાયની વાત કરે છે. સત્તાના સાથ વિના આ અન્યાયનો ભોગ શ્વેતાંબરો આપના રાજ્યમાં બને છે. આપ અમને ''કોર્ટના નિર્ણયને અમલ કરવામાં મદદ રૂપ થાઓ તેવી નમ્ર વિનંતી''

ખૂબ જ આદર પૂર્વક મુસ્લિમ મુખ્યમંત્રીએ ગુરુદેવશ્રીની વાત સાંભળી યોગ્ય કરવા માટે જરૂર પ્રયત્ન કરીશ તેવું વચન આપ્યું. અને મુખ્યમંત્રીએ આકોલા જિલ્લાના પ્રાભારી મંત્રી અઝહરહુસેનને ઘટતું કરવા સૂચન પણ કર્યા.

આ રેલી પુનઃ મુખ્ય રીજ રોડ ઉપર આવી અને હેંગિગ ગાર્ડનં પાસે પૂ. ગુરુદેવશ્રી સંઘને વિદાય માંગલિક સંભળાવે છે. સમગ્ર ચતુર્વિધ સંઘ ગદ્‌ગદ્ થઈ જાય છે. છેલ્લા વિદાય ઉદ્‌બોધનમાં પૂ. ગુરુદેવ ઇતિહાસની નોંધ મૂકતા કહે છે શ્રુતરક્ષા માટે ભદ્રબાહુસ્વામી પાસે નેપાળ જવા ૧૫૦૦ સાધુ પાટલી પુત્રથી વિદાય લે છે, ત્યારે સકલ જૈનસંઘ તમામ મહાત્માઓને ''શિવાસ્તે પંથાનઃ'' ના આશિષ આપે છે. તે જ રીતે આજે અમે ૧૫ સાધુઓ તીર્થરક્ષા માટે જઈ રહ્યા છીએ. શ્રી સંઘ અમને હૃદયથી શુભેચ્છા આપે. સંઘના આશિષમાં તીર્થંકરોનું ચૈતન્ય હોય છે.

પૂ. ગુરુદેવ ભાવ વિભોર થઈને કહે છે ''કફન બાંધીને જાઉં છું.'' હવે અંતરિક્ષથી કાં મારી વિજયયાત્રા નીકળશે અને નહી તો સ્મશાનયાત્રા નીકળશે આ શબ્દો દૈવી તેજ સાથે પૂ. ગુરુદેવના મુખમાંથી સરી પડ્યા. સમગ્ર સંઘ વેદના અને વ્હાલથી ગળગળો થઈ ગયો. સહુ માતા બહેનો ભાઈઓ ચન્દ્રશેખર મહારાજ ઉપર આશિષની હેલી વરસાવે છે.

તે વાતમાં લગીરે ય અતિશયોક્તિ નથી કે આ વિહાર તીર્થયાત્રા માટેનો ન હતો કેવલ તીર્થરક્ષા માટેનો હતો. અજ્ઞાત પ્રદેશ, ઝનૂની દિગંબર સંપ્રદાય સામે બાથ ભીડવાની હતી. પગપાળા વિહારમાં અકસ્માત આદિ અનેક જોખમો સાથે ચાલવાનું છે.

પણ ચન્દ્રશેખર મહારાજના સમગ્ર અસ્તિત્વ ઉપર કેસરીયા સત્વ પ્રકાશિત થતું જણાતું હતું. તેમની ચાલમાં પરાક્રમી સિંહની છલાંગો દેખાતી હતી.

## ૪૬ વિકટ પંથે... વિરાટ સત્વનું પ્રયાણ...

મહારાષ્ટ્ર સરકારની ગુપ્તચર સંસ્થાએ તેવી માહિતી મેળવી હતી, કે "આ વિહાર દરમિયાન ચન્દ્રશેખર મહારાજના જાન ઉપર ખતરો છે". તેથી મહારાષ્ટ્ર સરકારે શ્વેતાંબર જૈન સંઘોને જાણ કરી કે "જો તમે ઇચ્છો તો અમે તમારા જૈનસાધુની સુરક્ષાની જવાબદારી ઉપાડી લઈએ". જૈનસંઘના અગ્રણીઓ મારા ગુરુદેવને મળવા આવે છે. સરકારી તંત્રની સૂચનાની વાત કરે છે. પણ આ તો તે ગુરુદેવ છે. "જેમને પોતાના ગુરુના આશિષ ઉપર જ તીવ્ર શ્રદ્ધા છે". તેમણે સ્પષ્ટ ના પાડી દીધી.

પરંતુ પૂ. ગુરુદેવના સંસારી નાનાભાઈ પ્રફુલભાઈએ મહારાષ્ટ્ર સરકાર સાથે પત્ર વ્યવહાર કરીને થાણાથી અંતરિક્ષજી સુધીના વિહારમાં પોલીસવાન સાથે ગોઠવાવી. નારાજગી સાથે ગુરુદેવે આ વ્યવસ્થાને સ્વીકારી બાકી આ તે ગુરુદેવ હતા કે જેઓ વિહારમાં માણસ પણ રાખતા ન હતા.

તીર્થરક્ષાના આંદોલનમાં મદદ રૂપ થવા મુનિશ્રી હેમરત્નવિજયજી (બાદમાં શાસન પ્રભાવક આચાર્ય હેમરત્નસૂરિજી બને છે) પણ જોડાય છે. પૂ. ગુરુદેવની સૂચનાથી હેમરત્નવિજય વિહાર કરી વહેલા અંતરિક્ષ પહોંચે છે અને ગુરુદેવ ૫૦૦ કી.મી.નો પ્રવાસ ધીમેધીમે રોકાતા રોકાતા કાપે છે. ગામેગામના શ્વેતાંબરોને જગાડે છે.

આ તીર્થમાં પૂ. વલ્લભસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સાધ્વી શ્રી સુમતિશ્રીજી આદિ ઘણા વર્ષોથી ત્યાં જ ફરતા હતા. તેમણે, તથા પૂ. ભુવનભાનુસુરિ સમુદાયના સાધ્વી નિર્મલગુણાશ્રી આદિ સાધ્વીજી ભગવંતે પણ અપૂર્વ ખુમારી સાથે દિગંબરો સામે ઝીંક લીધી હતી. તે સાધ્વીજી મહારાજ અને હેમરત્ન મહારાજ સાથે મળીને તીર્થ સુરક્ષાની જાગૃતિ માટે આજુબાજુનાં ગામોમાં રહેતા જૈનોને અંતરિક્ષ તીર્થમાં ભેગા કરતા હતા.

એક બાજુ અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રભુના લેપનું કાર્ય ચાલું થયું હતું. ત્યારે શિરપુર તીર્થક્ષેત્રમાં શ્વેતાંબરોની ધમધમતી પ્રવૃત્તિ જોઈ દિગંબર સમાજના કેટલાક તોફાની તત્ત્વોએ શ્વેતાંબરોની હિંમત તોડવા માટે, ભાડૂતી ગુંડાઓ રોકેલા અને "તે ગુંડાઓ સાધ્વીજીઓ ઉપર હુમલો કરવા આવનાર છે" તેવા પાકા સમાચાર મળતા આસપાસના ગામથી આવેલા જૈનો ત્યાં રોકાયા હતા. તે જ અરસામાં સાંજના સમયે મેટાડોર ભરીને ગુંડાઓ શસ્ત્રો સાથે આવે છે. વાતાવરણ તંગ બને છે. ગાડીનો પ્રવેશ અટકાવે છે. ગાડીમાં રહેલા ગુંડાઓ તોફાન માટે બહાર આવે છે. ભેંસને બાંધવાની સાંકળ ઘુંમાવતા ગુંડાઓ સાધ્વીજીઓ તરફ ધસી જાય છે ત્યારે ખામગામના એક સુશ્રાવક જેમનું નામ રવીન્દ્રભાઈ છે તેમનો દિકરો નરેન્દ્ર મજબૂત બાંધાનો ચુસ્ત R.S.S.નો યુવાન, મુખ્ય દરવાજા આગળ પીઠ કરીને પહાડની જેમ ઊભો રહે છે. ગુંડાના ટોળાને ત્યાં જ રોકી રાખે છે. બે ચાર સાંકળો જોરથી બરડા ઉપર વિંજાય છે ત્યારે નરેન્દ્ર કહે છે "મારા જીવતા તો આ દરવાજે પ્રવેશ નહી જ મલે" તીવ્ર આક્રોશ વચ્ચે પોલીસ મોડી મોડી પહોંચે છે. તે ગુંડાઓની ધરપકડ થાય છે. તે દિવસથી અંતરિક્ષ તીર્થના જિનાલયને તાળા લાગી જાય છે.

આ ઘટનાના સમાચાર ચન્દ્રશેખર મહારાજને મલે છે. વધુ ખુમારી સાથે મહારાજ આગળ વધે છે દિગંબરો આવા આક્રમણો દ્વારા ચન્દ્રશેખર મહારાજને ડરાવી દેવા માંગતા હતા. પણ આ સત્વ તો સોનું છે જેમ આગ મલશે તેમ તેજ વધશે.

સૈનિક જૈવા શોર્ય સાથે પૂ. ગુરુદેવનો અન્તરિક્ષજી તરફનો વિહાર ચાલે છે. અને આકોલા પહોંચે છે.

## ૪૭ . વિરાટ પ્રવેશ યાત્રા...

આકોલાથી પાંચ દિવસનો બે હજાર યાત્રિકો સાથેનો પદયાત્રા સંઘ અંતરિક્ષનો નક્કી થાય છે. નાનકડા રોડ ઉપર હજારો માનવો સાગરની જેમ હિલોળા લેતા આગળ વધે છે.

માત્ર પાંચ હજારની જ વસ્તીવાળા શિરપુર ગામમાં આજે બહારનાં લગભગ સાત-આઠ હજાર લોકો આવ્યા હતા. સરકારી તંત્રમાં કંઈક અનિચ્છનીય બની જવાનો ડર હતો સખત પોલીસ બંદોબસ્ત હતો. વિદર્ભના શ્વેતાંબર જૈનો વિપુલ સંખ્યામાં હતા મુંબઈથી ૧૪૦૦ જણાને લઇને સ્પેશ્યલ ટ્રેન આવેલી.

જાણે કે પ્રવેશયાત્રા જ વિજયયાત્રા જેવા દબદબા વાળી હતી. શિરપુરમાં વસનારા ગરીબ દિગંબર જૈનોમાં ફફડાટ હતો.

પણ સબૂર ! પ્રવેશ થયા બાદ પ્રવચન સભા શરૂ થઈ તે પ્રવચન સભામાં પૂ. ગુરુદેવશ્રીએ અભૂતપૂર્વ વક્તવ્ય આપ્યું. મહારાજજી કહે છે...

પરમાત્મા અંતરિક્ષ પાર્શ્વનાથનું આ બિમ્બ અગ્યાર લાખ વર્ષ પ્રાચીન છે. પ્રભુનું આ બિંબ કેવલ આસ્થાનું પ્રતિક છે. શ્વેતાંબર જૈનોને કોર્ટે વહીવટ માટેનો અધિકાર આપ્યો છે. મહારાજજી વધુ સ્પષ્ટતા કરતા કહે છે. અમારી દુશ્મની કોઈ સાથે નથી. બન્નેય સમાજ વચ્ચે ઉભી થતી મૈત્રીની હવાને જામતા પહેલા જ વિખેરવાનું કામ દિગંબર સમાજના કેટલાક ભાઈઓ કરે છે. તે લોકોને આ વિવાદમાં પોતાનો વ્યક્તિગત લાભ ખાટવો છે.

છેલ્લે મહારાજજી કહે છે. અંતરિક્ષ પાર્શ્વનાથની કૃપાથી આ આંદોલન દ્વારા બે ય સમાજ વચ્ચે મૈત્રી થાય. સમાધાન સધાય તેવો જ મારો પ્રયાસ રહેશે. યાદ રહે સમગ્ર શ્વેતાંબર સમાજ તરફથી હું એક વાત જણાવું છું કે ''શ્વેતાંબર સમાજને જે વારસાગત અધિકાર મળ્યો છે. તે ભોગવવામાં રસ નથી બલ્કે શ્વે. સમાજ બન્નેય વર્ગમાં આનંદ અને વિશ્વાસનું વાતાવરણ જમાવવા માંગે છે..

સંવત ૨૦૩૮-૨૦૩૯-૨૦૪૦ ત્રણ વર્ષના લગાતાર ચાતુર્માસનો આ પ્રથમ પ્રવેશ હતો. ઐતિહાસિક હતો જે શ્વેતાંબર તીર્થક્ષેત્રમાં છેલ્લા સો વર્ષમાં જેટલા લોકો ક્યારેય ભેગા ન થયા હોય તેટલા માત્ર એક દિવસમાં થઈ ગયા. પહેલા વર્ષના ચાતુર્માસમાં પૂ.ગુરુદેવશ્રી સાથે ૬૩ સાધુ-સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ માટે રોકાયા હતા. અને મુનિશ્રી હેમરત્નવિજય આકોલામાં ચાતુર્માસ માટે પધાર્યા હતા.

ચાતુર્માસ દરમિયાન ગામના રહીશોનો જનાદેશ મેળવવા રવિવારીય જાહેર પ્રવચન શ્રેણીનો આરંભ થયો. પૂ. ચંદ્રશેખર મહારાજ હિન્દીમાં ભાગવત ગીતા ઉપર પ્રવચન આપતા. નાનકડા ગામડામાં ૨૦૦૦ લોકો પ્રવચનો રસ પૂર્વક સાંભળતા ગામના હિન્દુ-મુસ્લિમ સહુ પ્રવચનોમાં આવતા.

શિરપુરમાં સ્થાનિક દિગંબરોના ૪૦-૫૦ ઘરો હતા. તે લોકો ગામના કેટલાક સ્થાપિત હિતોના કારણે પ્રવચન આદિમાં આવતા ડરતા હતા.

શિરપુરના દિગંબર સંસ્થાનના મુખીયા ધન્યકુમાર અને ધરમચંદ બે ભાઈઓ હતા. ખુબ કટ્ટર-ઝનૂની હતા પણ હવા બદલાઈ, બંનેય ભાઈઓ ગુરુદેવની નિખાલસ મૈત્રીના ભાવોથી આવર્જિત થયા.

# ૪૮ ઐતિહાસિક યુવા મિલન

પહેલા ચોમાસામાં ૬૩ સાધુ સાધ્વી હતા ત્યારબાદ બીજા-ત્રીજા ચોમાસામાં ૩૦ જેટલા સાધુ સાધ્વીજી હશે તેમાંય સાધુની સંખ્યા વિશેષ હતી.

સંવત ૨૦૩૯ની સાલમાં ત્રિદિવસીય યુવામિલન હતું. તેમાં પૂ. ગુરુદેવશ્રીએ યુવાનોને અપીલ કરી કે "શાસન રક્ષા, ધર્મરક્ષા અને તીર્થરક્ષા માટે કુરબાની આપવાની કોની તૈયારી છે ? આઝાદીની ચળવળ વખતે સુભાષે આવી જ અપીલ કરેલી કે આપ મુજે ખૂન દે દો. મૈં આપકો આઝાદી દિલાઉંગા !

હજારો યુવાનોએ આઝાદી માટે લોહીથી લખીને આપ્યું હતું. તે જ રીતે ગુરુદેવે કહ્યું જૈનો ! તમારા ભૂતકાળના ઇતિહાસ યાદ કરો ધર્મરક્ષા માટે વસ્તુપાલે રાજાના મામાના આંગળા કાપી લીધેલા. ચાંલ્લા માટે મંત્રીશ્વર કપર્દીએ બલિદાન આપેલા.

યુવાનો ! સમય છે જવામર્દીનો મારે લોહીના અક્ષરે તમારા બલિદાનના હસ્તાક્ષર જોઈએ છે. આ માત્ર ભાવનાત્મક શબ્દો હતા પણ આ શબ્દોએ યુવાનોના દિલમાં આગ ઊભી કરી.

તે શિબિરમાં બપોરના વક્તવ્યમાં આ વાત થઈ અને પોતાના લોહીથી લખી લખીને ચીઠ્ઠીઓ આવવાની શરૂ થઈ લગભગ ૪૫૦ ચીઠ્ઠીઓ આવી.

આ ઐતિહાસિક મિલને ઘણા યુવાનોને જીવન પરિવર્તન કર્યા જેમાંના એક મુંબઇના અતુલ શાહ પણ હતા. જે પાછળથી મુનિશ્રી હિતરૂચી વિજયશ્રી બન્યા. અદ્દભૂત તાકાત હતી ચંદ્રશેખર મહારાજના પ્રવચનમાં. અંતરિક્ષ તીર્થની રક્ષા કાજે મુંબઈમાં ફંડની અપીલ કરતા બહેનોએ ઘરેંણા ઉતારવાની પ્રેરણા કરી અને ઘરેંણાનો વરસાદ થયેલો મેં જોયો હતો.



* અન્તરિક્ષ તીર્થ વિજય રથના બે પૈડા... * પૂ. ગુરુદેવ તથા પન્યાસ હેમરત્નવિજય

# ૪૯ ત્રણ વર્ષ અન્તરીક્ષ તીર્થમાં

- પ્રથમ ચાતુર્માસમાં ચાતુર્માસ માટે પધારેલ સાધ્વીજી ભગવંતોમાં એક તિથિ બે તિથિ પક્ષના સમુદાયના સાધ્વીજી ભગવંતો હતા. બધા જ સાધ્વીજી મહારાજો એક સાથે રોકાયેલા. આ હતી એકતાનામના તીર્થની રક્ષા.

- ન્યાય સાહિત્ય આગમો આદિના પાઠો ખુબ જોરમાં ચાલતા. પૂ. ગુરુદેવની દરરોજ બપોરની અદ્‌ભૂત વાચના ચાલતી. દિવસ દરમિયાન લગભગ ૯-૧૦ કલાકનો સ્વાધ્યાય ચાલતો હતો. આ હતી સ્વાધ્યાય તીર્થની પૂજા.

- સાધુ-સાધ્વીજી ભગવંતોની સેવા-વૈયાવચ્ચ માટે આકોલા અને બાલાપુરના અનેક પરિવારો રસોડું કરીને સ્થાયી થયા હતા. તેમની ભક્તિમાં તેજપાલના પત્ની અનુપમાના દર્શન થતા. શ્રાવક-શ્રાવિકાનું હૃદય સ્વયં ભક્તિતીર્થ જેવું દેખાતું હતું.

- સ્વ કે પર પક્ષના સાધુ-સાધ્વીજી ભગવંતો અપૂર્વ મૈત્રીથી તીર્થ રક્ષાની પ્રવૃત્તિમાં જોડાયેલા હતા. કેવલ તીર્થરક્ષાનું જ મીશન હતું.

- અંતરિક્ષ તીર્થના રોકાણ દરમ્યાન પૂ. ગુરુદેવશ્રીએ મારી પાસે અને ઇન્દ્રજિતવિજય પાસે તીર્થરક્ષાર્થે અનેક વિધ જપના અનુષ્ઠાનો કરાવ્યા હતા. અમને પણ આ ગુઢ વિજ્ઞાનમાં શ્રદ્ધા-રસ હતો.

- જે ગુરુદેવ નવકારશીથી વધુ પચ્ચક્ખાણ ન કરી શકે તેઓએ અંતરિક્ષદાદાની કૃપાથી લગભગ ૯૦ કે તેથી વધુ લગાતાર એકાસણા કર્યા હતા.

- એક વખત નાગપુર હાઈકોર્ટનો બહુ મહત્ત્વનો ચુકાદો આપવાનો હતો ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ ખુદે અઠ્ઠમતપની આરાધના કરી હતી.

- ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ સાકળચંદ શેઠ, આકોલાના સ્થાયી વકીલ પાડે, તથા જે. આઈ. મહેતા બોમ્બે હાઈકોર્ટના વકીલ હતા તેઓ ખુબજ નિષ્ઠાપૂર્વક સાવ નાની ગણાતી વાસીમકોર્ટમાં તીર્થરક્ષાના કેસો લડતા.

- યોગેશ આદિ યુવાનો એક વર્ષ આકોલામાં રહી સ્થાનિક વડિલો સાકળચંદભાઇ, મનુભાઇ, ગોકુલભાઇ, દિલીપભાઇ આદિ સાથે મળી હજારો પાનાની કાનુની કાર્યવાહીના પેપરોને વ્યવસ્થિત કરી મજબુત Legal cell તૈયાર કર્યો.

- મંદિર ન ખુલ્યું પણ ગુરુદેવશ્રીની ત્રણવર્ષની હાજરીના લીધે બેય સંપ્રદાયના જૈનોના હૃદયના દ્વાર ખુલ્લા થઈ ગયા.

- આ મૈત્રી સાક્ષાત્ મહાવીર દેવની કરૂણાની સ્થાપના તુલ્ય હતી દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચેની મૈત્રી કાનૂની અશાંતિ વચ્ચે પણ પ્રેમપુજા જેવી હતી. બંન્નેય કોમો વચ્ચે સદીઓ જૂની દુશ્મનીની સ્મશાન યાત્રા નીકળી અને મૈત્રી મંદિરના દ્વાર ઉઘડયા.

- જિન મંદિર બંધ હતું પણ પરસ્પરના વિશ્વાસનું મંદિર ખુલી ગયું. જે સદીની શ્રેષ્ઠ સિદ્ધિ હતી. ઝઘડતા બે ભાઈ એક ન થઈ શકયા. પણ પરસ્પર વિશ્વાસ જન્મ્યો તે પણ બહુમોટી સિદ્ધિ છે.

*અંતરિક્ષ તીર્થમાં ત્રણ વર્ષ સુધી લગાતાર રહેવું તે પણ એક સ્વયં સાધના છે. ખુબ નાનું ગામ,* વાહન વ્યવહારની પણ સુવિધા ન મળે. છાપુ પણ માંડ માંડ આવે.

વિદર્ભની વિકરાળ ગરમી. આવા સ્થાનમાં તીર્થરક્ષા કાજે શ્રમણસંઘના શ્રેષ્ઠ વકતા પ્રવચન પ્રભાવક એવા ગુરુદેવશ્રી હોંશે હોંશે રહ્યા. જાહેર જીવનમાં રહેલા આ મહાપુરુષની કેવી અંતર્મુખતા હશે.

તે માત્ર આપણી કલ્પનાનો વિષય છે. આપણી શ્રદ્ધાનું કેન્દ્ર છે. સતત ત્રણ વર્ષ, - ૨૪ કલાક માત્ર તીર્થરક્ષાના વિચારોમાં પસાર કર્યા. વારંવાર સમાધાન માટે પ્રયાસો થતા રહ્યા.

જે વિવાદાસ્પદ મંદિરનો ભાગ હતો ત્યાં અનેકવાર બે સંપ્રદાય વચ્ચે સંઘર્ષો થતા રહેતા. બે વાર પોલીસ સાથે પણ વિવાદ થયો અનેક ટેન્શનો વચ્ચે પૂ. ગુરુદેવશ્રી પોતાની બેઠી તાકાતથી સમય પસાર કરતા જતા હતા. ત્રણ વર્ષ સુધી એક શક્તિશાલિ પુણ્યવાન્ વ્યક્તિને સ્થિર કરી દેવામાં શેષ ભારતના જૈનસંઘોને, તેમજ બીજા અનેક યશસ્વી આયોજનોને ધક્કો લાગે તેવું ચિત્ર શ્રીસંઘના વડિલોને દેખાયું. બીજી બાજુ અંતરિક્ષ તીર્થના તમામ ચુકાદા શ્વેતાંબરોની તરફેણમાં આવી જ ગયા હતા. ગુરુદેવના રોકાણ દરમિયાન પવલી મંદિરના વિવાદનો ચુકાદો શ્વે.મૂ. જૈનોની તરફેણમાં આવ્યો જે ચૂકાદો ઐતિહાસિક હતો.

આવી અનેક ઉપલબ્ધિઓ સાથેના ત્રણ વર્ષ પસાર થયા હતા. તેથી પૂ. ભુવનભાનુસુરિ મ.સા. કહેતા હતા કે "ચન્દ્રશેખર ! તારું કામ તીર્થના વાતાવરણને સ્વસ્થ કરવાનું હતું તે થઈ ગયું છે. બાકી કાનૂની ગુંચ તો ૩૦ વર્ષે પણ નહી ઉકલે. તો શું તું માત્ર ત્યાં જ બેસી રહે તે ઉચિત છે ? પૂજ્યપાદશ્રી જણાવતા હતા કે "ચન્દ્રશેખર ! જિનશાસન અને સમગ્ર ભારતના જૈન સંઘોમાં બીજા અનેક કાર્યો તારે કરવાના છે. માટે હવે તું અંતરિક્ષ તીર્થથી વિહાર શરૂ કર."

ચદ્રશેખર મહારાજે ગુર્વાજ્ઞાને શિરસાવન્દ્ય કરી વિહારનો નિર્ણય લીધો. યાદ રાખજો જ્યારે પૂ. ગુરુદેવનો પ્રવેશ થયો ત્યારે વાતાવરણમાં વિવાદની બદ્દબુ હતી. દિગંબરોને ચન્દ્રશેખર મહારાજ માટે નફરત હતી. પણ જ્યારે ત્રણ વર્ષ બાદ વિહાર થાય છે ત્યારે મહારાજની વિદાયની વેદના ગામના સહુ લોકોના અંતર અને આંખમાં દેખાતી હતી. ગામમાં એક મુસ્લિમ પઠાણ રહેતા હતો. જ્યારે વિહાર થયો ત્યારે તે ચોધાર આંસુએ રડતા હતા. આ સિદ્ધિ ત્રણ વર્ષના રોકાણની હતી.

૧૯૮૫ની સાલમાં વિહાર થયો આજે ૨૯ વર્ષ વિહારને થઈ ગયા કોર્ટનો મામલો કોર્ટોમાં ચાલે છે. પણ ૨૯ વર્ષમાં ક્યારેય કોઈપણ બાબતને લઈ બે સંપ્રદાય વચ્ચે તણાવ સર્જાયો નથી. બંનેય સંપ્રદાયો ભાઈ-ભાઈની જેમ રહે છે. આ સિદ્ધિ ત્રણ વર્ષના રોકાણની છે.

# અંતરિક્ષ તીર્થ પછીના ચંદ્રશેખર મહારાજ... ૫૦

ત્રણ વર્ષના વનવાસ પછી ચન્દ્રશેખર મહારાજ પુનઃ સંઘ અને શાસનના ક્ષેત્રમાં સક્રિય થાય છે. કેવલ તીર્થ રક્ષાના અતિ શુભ અધ્યવસાયો દ્વારા બંધાયેલા ઉગ્ર પુણ્યનો તત્કાલ ઉદય થયો હોય તેવું તેમના છેલ્લા ૨૭ વર્ષના જીવનમાં સ્પષ્ટ પણે દેખાવા લાગ્યું. ચન્દ્રશેખર મહારાજ માટે જેમને દુશ્મની હતી તેવા સજ્જનો કે સાધુ મહાત્માઓ માટે પણ ગુરુદેવ આદરણીય બની ગયા હતા.

અંતરિક્ષના ત્રણ વર્ષ પૂ. ગુરુદેવ સક્રિય ન હતા પણ પરાશક્તિની કમાલ જુઓ તેમનું પુણ્ય વધુ સક્રિય બન્યું. નવસારી પાસે તપોવન માટે જે જમીન સંપાદિત કરી હતી તેમાં હસમુખભાઇ, મનુભાઇ, યોગેશ, વિધુત, નવીનભાઈ આર્કીટેક આદિના પ્રયત્નોથી ત્યાં તપોવન માટેના ત્રણ મકાનોના નિર્માણનું કાર્ય શરૂ થઈ ગયું અને ૧૯૮૪ની સાલમાં તપોવન પણ શરૂ થયું ધો.૫-૬-૭ના ૧૫૦ બાળકોનો પ્રવેશ થઈ ગયો. તે તપોવન ધમધોકાર ચાલે તેવો ભાવ પૂ. ગુરુદેવનો હતો. ગુરુદેવ આ તપોવન દ્વારા લાખો માનવો બનાવવા માંગતા હતા.

તપોવનમાં બાળકોને સંભાળી શકે તેવા ગૃહપતિની પોસ્ટ માટે તેજસ્વી યુવાનની જરૂર હતી. લલિતભાઈ-યોગેશ વગેરે આ બાબતે ચિન્તિત હતા. આ બાજુ અંતરિક્ષથી વિહાર કરી ''પૂ. ગુરુદેવ સુરત તરફ આવે છે'' તેવું લગભગ નક્કી હતું. ચાતુર્માસ ક્યાં કરવું તે જાહેર થયું ન હતું. પણ સુરતવાળા તેવા વિશ્વાસમાં હતા કે ''ચોમાસું સુરત જ થશે'' અને ગુરુદેવ વિહારમાં અમલનેર પહોંચે છે.

બારડોલી સ્ટેશનનો સંઘ માત્ર એટલી જ વિનંતી કરવા આવેલો કે ''સાહેબ ! સુરત પધારો છો, તો બારડોલી થઈ ને પધારજો'' તે વખતે સુરત નવસારીના સંઘો ચાતુર્માસની વિનંતી માટે આવેલા હતા.

આ વાતાવરણથી ભાવવિભોર બનેલા માત્ર ૫૭ ઘરના બારડોલી સ્ટેશન સંઘે પણ ચાતુર્માસની વિનંતી કરી. જોકે બારડોલી સંઘને એવો વિશ્વાસ હતો જ કે ''આ તો માત્ર વ્યવહારની જ વિનંતી

છે. ચોમાસું આપણને થોડું મળે ?'' પણ અહીં તો ચમત્કાર થયો. હાથણી ગામ બહાર સૂતેલા ભિખારી ઉપર પાણી રેડીને રાજા બનાવે તે જ રીતે બારડોલી સંઘે ચોમાસા માટે વિનંતી કરી અને ગુરુદેવે સામે શરત મૂકી.

જો તમે ''દીપક'' મને તપોવન માટે આપો, તો હું બારડોલી ચોમાસું કરું... આમ ગુરુદેવ સટોડીયાના દીકરા ખરા હોં. દીપક બારડોલીનો યુવાન હતો બચપનથી અનેક આચાર્ય ભગવંતોનો માનીતો હતો. જો દિપક તપોવનમાં જોડાય, તો ગૃહપતિની પોસ્ટ તે સંભાળી લે, તો સંસ્કરણનું કામ થઈ જાય.

આવા ભાવ સાથે ગુરુદેવે દાવ ખેલી લીધો. દીપકે સહર્ષ સંમતિ આપી. ગુરુદેવ બારડોલીમાં ચોમાસા માટે પધારે છે. નાનકડા બારડોલી માટે આ લોટરી જરૂર હતી. પણ ગરીબ ને લોટરી લાગે અને જો તે નાસમજ હોય તો ખુશ થાય. પણ સમજદારને ચિંતા થાય, કે આ સંપત્તિ સાચવવી શી રીતે નાનકડા બારડોલી માટે પં.ચંદ્રશેખર મહારાજનું ચાતુર્માસ સુપર લોટરી જેવું હતું.

સંઘના વડીલ રસીકભાઈ પણ આવી મીઠી ચિંતામાં હતા. પરંતુ બારડોલીનું ચોમાસું ધારદાર થાય છે. બારડોલી સરદારના નામે પ્રસિદ્ધ હતું અને સંવત ૨૦૪૧ની સાલમાં બારડોલી એક શ્રમણના નામે ભારતમાં પ્રસિદ્ધ થયું.

બારડોલી સુગર મીલના વિશાળ ગોડાઉનમાં રવિવારના જાહેર પ્રવચનો થતા હતા. રવિવારે પ્રવચન શ્રવણ માટે સુરતથી લગભગ ૨૦ બસો આવતી હતી, અને પ્રવચન શ્રવણનો માહોલ મોટા શહેર જેવો જ જામતો હતો. પૂ. ગુરુદેવે પંન્યાસ પુંડરીકવિજયજી મ.સા. પાસે ભગવતી સૂત્રના જોગ બારડોલીમાં જ શરૂ કર્યા.

# તપોવન જિનાલય પ્રતિષ્ઠા... ૫૧

વિ.સં. ૨૦૪૩ નવસારી પાસે ધારાગિરિ ગામ છે. તે ગામની સીમામાં તપોવન આવેલું હતું. ''ત્યાંનું વિરાટ જિનાલય'' સુશ્રાવક મનુભાઈ ત્રિકમલાલની ઉદારતાની ભેટ હતી.

પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવ શ્રીમદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા., પૂ. નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના વિદ્વાન પંન્યાસ પ્રવર શ્રીમદ્ પ્રદ્યુમ્નવિજયજી (હાલ આચાર્ય ભગવંત) મ.સા. આદિ ૧૩૬ સાધુઓ અને શતાધિક સાધ્વીઓની નિશ્રામાં પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાયો.

પરમાત્મા શાન્તીનાથ મુલનાયક પ્રભુ હતા. આઠ દિવસ સુધી અપૂર્વ પરમાત્મ ભક્તિનો માહોલ સર્જાયો. દરેક પ્રસંગોમાં જંગી માનવ મેદની ઓતપ્રોત થતી જતી હતી.

પૂ. ચન્દ્રશેખર મહારાજને આચાર્ય પદ ઉપર આરુઢ કરવા માટે અનેક સમુદાયના ધુરન્ધર આચાર્ય ભગવંતો એ પ્રયાસ કર્યો હતો પણ શક્ય ન બન્યું.

તપોવન ખાતે અંજનશલાકા પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

પૂ. ગુરુદેવશ્રી પૂજ્યપાદ પરમ તારક ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ને વંદન કરીને બેઠા છે. ત્યાં ધર્મજિતસૂરીશ્વરજી મ.સા. આવીને ભુવનભાનુસૂરિ મ.સા.ને કહે છે. ''ગુરુદેવ ! આજે અહીં રહેલ ૧૨૫ સાધુઓની નવકારશી ચન્દ્રશેખર મહારાજના કારણે રોકાશે.આવા અણધાર્યા આક્રમણથી પૂજ્યપાદ ભુવનભાનુસૂરિ મ.સા. તથા પૂ. ગુરુદેવશ્રી ડઘાઈ ગયા બેય મહાત્માઓ પૂ. ધર્મજિતસૂરિ મ.સા. સામે આશ્ચર્ય સાથે જોઈને પુછે છે. કેમ ?

ત્યારે ધર્મજિતસૂરિ મ.સા. જવાબ વાળતા કહે છે. બધાએ નક્કી કર્યુ છે કે ''જ્યાં સુધી ચન્દ્રશેખર મ.સા. આચાર્ય પદના સ્વીકાર માટે સંમત ન થાય. ત્યાં સુધી નવકારશી ન કરવી.''

આ આંદોલનમાં પૂ. ભુવનભાનુસૂરિ મ.સા. પણ જોડાય છે. વાતાવરણ ગરમાય છે. પૂ. ગુરુદેવ, ભુવનભાનુસૂરિ મ.સા.ને રડતી આંખે એક વાત કરે છે.

"ગુરુદેવ ! મને વધુ આગ્રહ કે આજ્ઞા ન કરો આચાર્ય પદ લીધા બાદ જિંદગીભર સંતપ્ત રહીશ. વળી જે સંઘના રક્ષક તરીકે હું હોઉં અને જો તે સંઘમાં એક પણ છોકરો Non-veg "ખાય તો મને આપઘાત કરવાનું મન થઈ જશે. હું આ આઘાત જીરવી નહી શકું. માટે મને છોડી દો"

રડતી આંખે થતા આ નમ્ર નિવેદનથી પૂજ્યપાદશ્રી પીગળી જાય છે અને ધર્મજિત મહારાજ આદિ તમામને આજ્ઞા કરે છે. ચલો નવકારશી કરી લો ચન્દ્રશેખરને આપણે વધુ દુઃખી નથી કરવો. અને મહારાજજી કહે છે. "તેનું પુણ્ય આચાર્ય જેવું જ છે."

## *તેઓની માર્મિક કહેવત*

* *હાથની આળસે મુછ મોં માં જાય.*
* बुभुक्षितः किं न करोति पापम्

*પેટની જરૂરત બધા જ બંધનો તોડે છે.*

# અઢી કરોડના ફંડના સંકલ્પ સાથે મુંબઈ તરફ પ્રયાણ



અઢી વર્ષનો તીવ્ર દુષ્કાળ પડતા. પાંજરાપોળો મૃતપ્રાયઃ થઈ ગઈ, ગુજરાત સરકાર પાંજરાપોળોને ખુબ ઓછી સબસીડી આપતી હતી. ગુજરાતમાં લગભગ ૧૨૦ પાંજરાપોળોની હાલત ગંભીર હતી. કમસેકમ બધી પાંજરાપોળોને ચાર મહિના સાચવવી પડે તેમ હતી. બધી પાંજરાપોળોને ચાર મહિના સાચવવા માટે લગભગ રૂ. અઢી કરોડની માતબર રકમ અપેક્ષિત હતી. પાંજરાપોળો વાળા ચિન્તિત હતા. જો આ રકમ ન આવે તો પાંજરાપોળો બંધ કરી દેવી પડશે. આ સ્થિતિનું બ્યાન સાંભળી કરૂણા સાગર ગુરુદેવ દ્રવી ઉઠે છે. આ કુદરતી આપત્તિમાં શું કરી શકાય તેની ચર્ચા માટે પૂ. ગુરુદેવ, ધોળકાથી કુમારપાલ વી. શાહ, કલ્પેશ વી. શાહ અને જયેશને બોલાવે છે. જીવદયા બાબતે ગહન ચર્ચા થાય છે.

કુમારભાઈ અને ગુરુદેવ વચ્ચે સઘન આત્મીયતા હતી. પૂ. ગુરુદેવ કુમારભાઈને જિનશાસનના કર્મઠ કાર્યકર તરીકે સદૈવ જોતા રહ્યા છે. પૂ. ગુરુદેવ ખુબ સન્માનથી તેમને જોતા હતા.

હજારો અબોલ જીવોના તારક પૂ. ગુરુદેવશ્રી જ બનશે. તેવી શ્રદ્ધા સાથે ગુજરાતની પાંજરાપોળના કાર્યકરો ગુરુદેવ પાસે આવે છે. ચંદ્રશેખર મહારાજ પાંજરાપોળના ઉપસ્થિત કાર્ય કરોને વચન આપે છે. ગુજરાતની બધી જ પાંજરાપોળોને બચાવી લઈશું અને ગુજરાતની બધી પાંજરાપોળોને ચાર મહિના સુધી જરૂરી તમામ ફંડ મોકલવાની જવાબદારી ચન્દ્રશેખર મહારાજ ઉપાડે છે. વળી ગુજરાત સરકાર પણ પાંજરા પોળોને સબસીડી વધારી આપે છે. અને દુકાળની વૈતરણી પાર કરે છે.

- પ્રતિષ્ઠા બાદ વાયા સુરત-મુંબઈ.....

ભવ્ય ઉલ્લાસ સાથે તપોવનમાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો. તે જ વખતે પાંજરાપોળ સંસ્થાને જીવંત રાખવા મુંબઈ તરફના વિહારનો નિર્ણય થયો હતો.

પરંતુ સુરતના યુવાન સુશ્રાવક નરેન્દ્રભાઈ હેક્કડે પૂ. ગુરુદેવને વિનંતિ કરી કે ''જીવદયાના કાર્યનો પ્રારંભ સુરતથી કરો'' અને નરેન્દ્રભાઈએ સુરતના પંદર દિવસના રોકાણ દરમ્યાન થનાર પ્રવચન-શિબિરના મંડપ, સાધર્મિક ભક્તિ, આદિ તમામ લાભ આપવા પૂ.ગુરુદેવને વિનંતિ કરી. સાથો

સાથ વિનંતિ સ્વરૂપે નરેન્દ્રભાઈએ ગુરુદેવને પડકાર પણ ફેંક્યો કે ''આપના રોકાણ દરમ્યાન જે હું ખર્ચ કરું તેની સોગુણી રકમ જીવદયા પેટે આપે ભેગી કરવાની'' પૂ.ગુરુદેવે જાણે ચેલેન્જ ઉઠાવી લીધી અને પંદર જ દિવસના રોકાણમાં પૂ.ગુરુદેવે સુરતમાંથી જ રૂા. ૫૦ લાખ જીવદયા ભેગા કર્યા. નરેન્દ્રભાઈનો લાભ માત્ર રૂ. ૪૭ હજારનો હતો. બરાબર સોગુણી રકમ જીવદયામાં સુરત પાસેથી પૂ. ગુરુદેવે ઉપલબ્ધ કરી. પ્રતિષ્ઠા કે ચઢાવાની off સીઝનમાં જીવદયા માટે આ એલાન કરવું અને પાર પાડવું તે જ પુણ્યની પહેચાન છે.

ત્યાર બાદ વિહાર કરી મુંબઈ ''મિશન પાંજરાપોળ રક્ષા'' માટે પહોંચે છે. સમગ્ર મુંબઈમાં અઢી-ત્રણ મહિના ફરે છે. અને પ્રવચનો દ્વારા અઢી-કરોડ રૂપિયા એકઠા કરીલે છે. શ્રાવણ મહિના સુધી પાંજરાપોળોને ચેક પહોંચતા રહ્યા. હજારો અબોલ જીવો કુદરતની લપડાક સામે ચન્દ્રશેખર મહારાજના લાડથી બચી ગયા.

છેલ્લી સદીમાં જૈન સાધુ તરીકે તમામ ક્ષેત્રમાં પોતાનું બલિદાન દેનાર જો કોઈ નરબંકો સાધુ હોય તો તે મારા ગુરુદેવ હતા. તેવું કહેવામાં મને ગર્વ થાય છે. પાંજરાપોળો પશુઓથી ઉભરાતી જતી હતી. ગામડાના ખેડુઓ પોતાના પશુધનને સાચવી શકે તેવી ક્ષમતા ગુમાવતા જતા હતા. તો બીજી બાજુ કસાઈઓના હાથે પોતાના પશુધનનો વિનાશ થાય તે ખેડુતોને મંજૂર નહી અને આ જગતનો તાત પશુઓને પાંજરાપોળના ડેલે મૂકી જતો. બારણે ઉભેલા પશુઓને પાછા શી રીતે કઢાય ? અને દેવ દૂત જેવા ટ્રસ્ટીઓ પશુઓને રાખતા ગયા. પાંજરાપોળોએ પોતાની F.D. ઓ તોડવા માંડી. પણ આ તો આભ ફાટ્યું હતું. કુદરતનો પ્રકોપ હતો. એવું કહેવાય કુદરતની લપડાક સહન જ કરવી પડે...પણ ઉભા રહો...જો ચન્દ્રશેખર મહારાજ જેવા સંતશ્રેષ્ઠ હયાત હોય તો કુદરતની લપડાકને પણ મામૂલી ટપલી બનાવી શકાય છે. મારા ગુરુદેવ પાસે એવી કોઈ દૈવી શક્તિ ન હતી. પણ એટલું જરૂર કહીશ કે મારા ગુરુદેવ પાસે નિષ્ઠાશક્તિ ખૂબ જબ્બર હતી ચન્દ્રશેખર મહારાજ **"નિષ્ઠાપુરુષ"** હતા. કહેવાનું મન થાય કે ''તેમની નિષ્ઠા જ દૈવી શક્તિ બનીને તેમને મદદ કરતી. સફલ બનાવતી. આ ''નિષ્ઠા'' અતીન્દ્રિય પરાશક્તિ સાથે અનુસંધાન જોડી આપનાર મીડિયા છે. જે ચન્દ્રશેખર મહારાજમાં ખૂબ વિપુલ પ્રમાણમાં હતી.

# શાંતાક્રુઝ-મુંબઈમાં ચાર્તુમાસ



હજારો યુવાનોના જીર્ણ-જીવનોને મંદિર જેવું નયનરમ્ય બનાવવાનું અદ્‌ભૂત કૌશલ્ય પૂ. ગુરુદેવની જબાન અને ''ઓરા''માં હતું.

પાલિતાણામાં સુશ્રાવક રજનીભાઇ દેવડીએ વિરાટ પાયે તીર્થોભિષેક કરાવેલ જેમાં પૂ.ગુરૂદેવથી પામેલા ધામના લગભગ ૧૮૦૦ યુવાનો કામે લાગેલા આ યુવાનોના સદાચારની ચકાસણી એક શ્રાવકે કરેલી કે ''આ યુવાનોની આંખો કેવી નિર્વિકાર છે.'' ચકાસણી કરનાર શ્રાવક યુવાનોની નિષ્ઠા અને નિર્વિકાર નજરોથી હાલી ગયા. ભાવવિભોર બની ગયા.

સુશ્રાવક પૂ.ગુરૂદેવ પાસે આવીને કહેતા હતા કે ''ચન્દ્રશેખર મહારાજ! આ તમારી જ તાકાત છે બીજા કોઈ ન કરી શકે.'

રાજકોટના સુશ્રાવક શશીકાન્તભાઇએ કુમારપાલ વી. શાહને એકવાર કહેલું કે ''ચન્દ્રશેખર મહારાજના ઓઘામાં એવો જાદુ છે ભલભલા પાપી યુવાનને તે બદલી શકે. આ નોંધ સુરતના નરેન્દ્ર હેકકડે લીધી હતી. તેમણે જ મને કહ્યું હતું.'

અરે! ટ્રેનમાં કે યાત્રા પ્રવાસમાં કોઈ યુવાનની આચાર ચુસ્તતા જોનાર સામેના લોકો પ્રભાવિક થઈને એવું પુછી લેતા કે ''તમે ચન્દ્રશેખર મહારાજના યુવાન છો?'' જૈન સંઘમાં ચન્દ્રશેખર મહારાજ વ્યક્તિ મટીને બ્રાન્ડ બની ગયા હતા.

મુંબઈમાં ''ધામ'' ની સ્થાપના કર્યા બાદ પ્રથમવાર ચન્દ્રશેખર મહારાજ મુંબઇમાં પધાર્યા. અઢી કરોડ રૂપિયાના ફંડ માટે સમગ્ર મુંબઈના લગભગ દરેક પરામાં તેમના પ્રવચનો યોજાયા યુવાનો ખૂબજ સક્રિય થઈ ગયા. લાખો રૂપિયાનું દાન ભેગા કરી પાંજરાપોળમાં પહોચાડવું વિગેરે કાર્ય સાથે તેમની હાજરીએ ''ધામ'' ને ફરીથી ધબકતું કરી દીધું. ચન્દ્રશેખર મહારાજની ૨૦૪૩ના ચાર્તુમાસની શાંતાક્રુઝની શિબિરે વિશેષ કરીને મુંબઈના પરાના યુવાનોને વધુ આકર્ષિત કર્યા,

તેમના પ્રવચનો-શિબિરોને પ્રભાવે મુંબઇથી હેમવલ્લભ વિ. જેવા ૧૫ હજારથી વધુ આયંબિલ કરનાર શિષ્યની પ્રાપ્તિ થઈ. જ્યોતિષ કુવાડીયા, સુનીલ છેડા, રમેશ મોદી અશ્વિન મહેતા, વિનોદભાઈ દોશી, રાજુ વૈયાવચ્ચ, જયપ્રકાશ, મનીષ વોરા, વિશાલ શાહ, સેહુલ દફતરી, જતીન ગાંધી, અભય શાહ, અશ્વિન ભીવંડી, કીર્તીભાઇ કે.કે., ધર્મેશ જેવા નવા યુવાનો જોડાયા જે આજે પણ સક્રિય રહી ''ધામ'' ને ધબકતું રાખે છે.

યુદ્ધનીતિ ઘડવાનું કામ સેનાધિપતિનું છે. પણ લડવાનું કામ સૈનિકોનું છે. તે સૈનિકો વિજયના ઘડવૈયા છે. પંન્યાસ ચન્દ્રશેખરવિજયજીની સમગ્ર સફલતામાં ભુલી ન શકાય તેવો અમૂલ્ય ફાળો આ શ્રમણો પાસક યુવાનો નો છે.

ચન્દ્રશેખર મહારાજ જેટલીવાર મુંબઈ ચાર્તુમાસ પધારે છે કાંઈ ઐતિહાસિક કાર્ય કરતા જાય છે. જાણે કે જન્મભૂમિ સાથે એવી લેણદેણ છે કંઈક જોઈએ છે, કાંઈક કરવું છે ચાલો જન્મભૂમિ મુંબઈમાં...

મુંબઇમાં યુવાનોના જીવન પરિવર્તન અને જીવરક્ષાના વિરાટ પુણ્ય સાથે ચન્દ્રશેખર મહારાજ હવે ''જિનમત''ની રક્ષા માટે પ્રયત્નશીલ બને છે. ક્રિકેટની પીચ ઉપર જંગી ખેલાડી એક પણ બોલને ફટકાર્યા વિનાનો છોડે ? તે જ જંગી પૌરુષ સાથે હવે ચન્દ્રશેખર મહારાજ શ્રમણસંઘની એકતા માટે નો Key Roll ભજવવા માટે અગ્રેસર થાય છે. સ્વ. સુરિપ્રેમગુરુદેવની સાક્ષાત્ છત્ર છાયાના મૂર્તિમંત દર્શન ચન્દ્રશેખર મહારાજમાં થઈ રહ્યા હતા.



* શ્રમણ સંમેલનના સંચાલક તથા પ્રવકતા પૂ. ઓમકારસૂરીશ્વરજી મ.સા. તથા પ. ગુરુદેવશ્રી

# ૫૪ વિ.સં. ૨૦૪૪ શ્રમણ સંમેલન...

એક દિવસ તપોવનમાં બિરાજમાન ગુરુદેવ ઉપર સંઘ સ્થવિર પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજનો પત્ર આવે છે. પત્રમાં તેઓશ્રી આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે "સંઘની સ્થિતિ જોતા શ્રમણસંઘની એકતા અનિવાર્ય છે. અને તે એકતા માટે શ્રમણ સંમેલન બોલાવવું જરૂરી છે. આ બાબતે તમેજો પ્રયત્ન કરશો તો જ પરિણામ આવશે તેવી શ્રદ્ધા છે." પૂજ્યશ્રીની વાત સાથે પૂજ્યપાદ હિમાંશુસૂરીશ્વરજી મહારાજે પણ આગ્રહપૂર્વક જણાવ્યું કે "ચન્દ્રશેખર ! આ કામમાટે તારે અમદાવાદ આવવું જોઈએ" બન્નેય વડિલોના પરાકક્ષાના સદ્ભાવને જોઈ પૂ. ગુરુદેવશ્રી નવસારી તપોવનથી અમદાવાદ તરફ વિહાર શરૂ કરે છે. ચલથાણ પહોંચતા જ કમરમાં સખ્ત દુઃખાવો શરૂ થાય છે. મણકાની પીડા શરૂ થઈ. વિહાર અશક્ય બન્યો. પૂ. ગુરુદેવે પોતાની શારીરિક અસ્વસ્થતાનું કારણ આગળ ધરીને અમદાવાદ તરફનો વિહાર મોકુફ રાખ્યો.

આ સ્થિતિની જાણ બન્નેય વડિલોને થઈ અને તરત જ બન્નેય વડિલોએ પુનઃ આગ્રહ કર્યો કે "ડોળીમાં પણ વિહાર કરીને અમદાવાદ આવી જાઓ". અને અમદાવાદ પહોંચી પણ ગયા. પૂ. ગુરુદેવશ્રીના અમદાવાદ સુધીના વિહાર દરમિયાનના દિવસોમાં વિ.સં. ૨૦૪૨ની સાલમાં રચાયેલી પ્રવર સમિતિના આચાર્યો દ્વારા દરેક સમુદાયના ગચ્છાધિપતિઓને સંમેલનમાં હાજર રહેવા વિનંતી, ભલામણો થઈ ગઈ. શ્રાવક સંઘના મોવડીઓને પણ કામે લગાડી દેવાયા.

પૂજ્યપાદ રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ની નિશ્રામાં શ્રમણ સંમેલનનો પ્રારંભ પંકજ સોસાયટીમાં થયો. પૂ. ૐકારસૂરીશ્વરજી મ.સા. એ સંચાલન કર્યું. સર્વ સંમત ઠરાવો થયા. ત્યાર બાદ વિવાદસ્પદ તિથિ માટેના મુદ્દાની ચર્ચા શરૂ થઈ. તે ચર્ચા પૂર્વે સમગ્ર શ્રમણ સંઘના આચાર્યો વચ્ચે પૂ. ગુરુદેવશ્રીએ શ્રાવક સંઘની નાસ્તિકતા, પાશ્ચાત્ય આક્રમણની ભયાનકતા., અને તિથિના નામે પડેલા પક્ષોના કારણે સાધુ સંસ્થામાં પ્રવેશતી શિથિલતા, અંગેની માર્મિક વાતો વેદના સભર રીતે રજૂ કરી આ બધી વિસંવાદિતાના મૂળમાં "તિથિ વિવાદ" છે તેનું પ્રતિપાદન કરી તે વિવાદના સમાધાન માટેનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. તે જ રીતે ગુરુપૂજન સ્વપ્ન દ્રવ્ય આદિ

બાબતોમાં પણ કેટલાક શકવર્તિ ઠરાવો થયા. સંઘના સદ્ભાગ્યે તિથિનો વિવાદ પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની ઉદારતા અને દીર્ઘષ્ટિના કારણે બહુધા શ્રમણ સંઘમાંથી નાબૂદ થયો. મારે કહેવું પડશે કે પૂ. ગુરુદેવની મહેનતને બળ તેઓએ આપ્યું. શ્રી સંઘમાં ૯૫% શાંતિ સ્થપાઈ જશે તેવો વિશ્વાસ ત્યારે હતો.

શ્રમણ સંમેલનની ફુલશ્રૂતિની જાહેરાત ચતુર્વિધ સંઘ વચ્ચે કરવાની હતી તેથી વિરાટ જનસભાનું આયોજન પંકજ સોસાયટીમાં કરાયું. આ આખી સભામાં મુખ્ય પ્રવક્તા તરીકે પૂ. ગુરુદેવશ્રી જ હતા. તે પ્રવચનમાં ગુરુદેવશ્રીએ જણાવ્યું કે ''હવે સકલ સમુદાયના શાસન ભક્ત યુવા શ્રમણો સંઘ સેવામાં જોડાશે. સંઘ એકતા તે જ વર્તમાન સમયની શ્રેષ્ઠ સંઘ સેવા છે''.

રાજનગરની પ્રાચીન પરંપરા પ્રમાણે શ્રમણ સંમેલનની ફલશ્રુતિની જાહેરાત માટે ડેહલાના ઉપાશ્રયમાં રાજનગર જૈન સંઘોના ટ્રસ્ટીઓની સભા હતી. સંમેલન પક્ષના આચાર્ય ભગવંતો ઉપસ્થિત હતા તે વખતે ચન્દ્રશેખર મહારાજ મુનિઓની હરોળમાં પાછળ બેઠા હતા, તે વખતે સભાના અધ્યક્ષ સ્થાને રહેલ આચાર્ય દેવ રામસૂરીશ્વરજી મ.સા.ના શબ્દો જે હતા તે ટાંકું છું... ''ચંદ્રશેખર મહારાજ ! તમે કેમ પાછળ છો ? આગળ આવો તમે તો અમારા જેવા આચાર્યોના પણ આચાર્ય છો તે વખતે પૂ. રામસૂરીશ્વરજી મ.સા. એ આચાર્યપદ ગ્રહણ કરવા માટે પૂ. ગુરુદેવને આગ્રહ કરેલ.

જોકે શ્રમણ સંમેલન દ્વારા સકલસંઘની એકતાનો જે પ્રયાસ હતો, જે ભાવ હતો તે સંપૂર્ણ સાકાર ન થયો. બહુમત સંઘ એક થયો પણ શ્રમણ સંમેલન સર્વ સંમત ન થયું. તેનો આઘાત પણ પૂ. ગુરુદેવશ્રીને લાગ્યો હતો. વાત નીકળી જ છે તો કરી લઉં કે ''ચન્દ્રશેખર મહારાજનું સમગ્ર જીવન સફલતાના આનંદ અને નિષ્ફળતાના આઘાતોની અસમતુલા વચ્ચે ચાલ્યુ છે.'' મારી વાત સાથે સમગ્ર જૈન સમાજ સંમત છે કે ''ચન્દ્રશેખર મહારાજના જીવનમાં સફલતા સો હતી તો નિષ્ફળતા દસ હતી'' અને હું તે હકીકત છુપાવવા નથી માંગતો આ જીવનચરિત્ર છે. કેવલ

સફલતા ચરિત્ર નથી. અફસોસ સાથે એક ઓર વાત નોંધવી છે પૂ. ગુરુદેવે જે-જે સફલતાઓ હાંસલ કરી તેનો આનંદ સકલ સંઘોએ ભાવ શ્રદ્ધાપૂર્વક લૂટ્યો. પણ નિષ્ફળતાઓના આઘાત માત્ર ગુરુદેવે પોતાના માંથે વેઠ્યા. જેના કારણે ખુબ વ્યથા સાથે કહીશ કે મારા ગુરુદેવ ક્યારેક ક્યારેક ખુબ હતાશ થઈ જતા.

હતાશા તો ભુતકાળમાં ય અનેક મહાપુરુષોને આવી હતી.

શ્રીકૃષ્ણ દ્વારકા દહન સમયે હતાશ થયા હતા.

અરવિન્દ ઘોષ આઝાદીની ચળવળમાંથી નિવૃત્ત થયા બાદ માનવહિતના પ્રયાસમાં જોડાયા પણ તેઓ સફલ ન થતા હતાશ થયા હતા.

શ્રમણ સંમલેનની સફલતાની ફલશ્રુતિ રૂપે પૂ. હિમાંશુસૂરીશ્વરજી મ.સા. એ ૬૦૦૦થી વધુ લગાતાર આયંબિલનું પારણું ચંદ્રશેખર મ.સા.ના હાથે કરેલું. આ આયંબિલ સંઘ એકતા માટેના હતા. જે એકતા મોટા ભાગે સંપન્ન થઈ હતી. માટે પારણું કર્યું હતું.

# વાઘ ઘાયલ થયો છે પણ... ૫૫

વિ.સં. ૨૦૪૪નું ચાતુર્માસ પંકજ સોસાયટીમાં જ હતું. પર્યુષણના ચોથા જ દિવસે પૂ. ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય એકદમ કથળ્યું. V.S. હૉસ્પિટલમાં લઈ જવા ઍમ્બ્યુલન્સ આવી ગઈ ડૉક્ટરોના નિદાન પ્રમાણે ભારે હાર્ટએટેક આવ્યો હતો.

પૂ. ગુરુદેવ અર્ધબેભાન હાલતમાં હતા. પૂ. ગુરુદેવના ભાઈ પ્રફુલભાઈ મારતે વિમાને અમદાવાદ પહોંચે છે તેઓ જ ઍમ્બ્યુલન્સ લઈને ગુરુદેવને હૉસ્પિટલમાં દાખલ કરવા આવ્યા હતા. પૂ. ગુરુદેવને સ્ટ્રેચરમાં લાવે છે. સ્ટ્રેચરમાં નીચે ઉતારે છે. એમ્બ્યુલન્સમાં જ્યાં સ્ટ્રેચર પ્રવેશ કરે છે. ત્યાં જ બેભાન દેખાતા ગુરુદેવ સફાળા બેઠા થઈને જોરથી બૂમ પાડે છે ''મને કાલધર્મ મંજૂર છે. પણ ઍમ્બ્યુલન્સ તો નહી જ વાપરું'' અને સ્ટ્રેચર છોડી દે છે.

ટોળામાં ઉભેલા બધા જ આ પરાસત્વને જોઈ હબક ખાઈ જાય છે. હૃદયથી ઝૂકી જાય છે. છેવટે સ્ટ્રેચરમાં હૉસ્પિટલ લઈ જવાયા. સાંજે ૪.૦૦ વાગે V.S. માં દાખલ કરાયા.

''પૂ. ગુરુદેવનું સ્વાસ્થ્ય નાદુરસ્ત છે. અને તેમને વી.એસ.માં દાખલ કર્યા છે.''

આ સમાચાર સમગ્ર અમદાવાદમાં ફેલાય છે. તેથી પંકજ સોસાયટી થી વી.એસ. સુધીના રસ્તાઓ ઉપર માનવ મહેરામણ ઉમટી પડે છે. હૉસ્પિટલ સત્તાવાળાઓ ટોળાને કાબૂમાં લેવા પોલીસ બોલાવે છે. પરમાત્માની કૃપાથી ટૂંક સમયમાં જ આરોગ્ય સારુ થવા લાગે છે. હૉસ્પિટલમાં સંવત્સરિ પ્રતિક્રમણ ખુબ અપ્રમત્ત ભાવે સ્વસ્થતા પૂર્વક કરે છે. મહાપુરુષોની પરિણતિ આવી પ્રતિકૂલતામાં ઉજાગર થતી હોય છે. થોડા દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા મળે છે.

ઓપેરા સોસાયટીના ઉપાશ્રયમાં પૂ. ગુરુદેવને લવાયા હતા. ત્યારે ઓપેરાના રોડ ઉપર હજારો માણસોની વચ્ચે હૉસ્પિટલમાંથી હજુ તો હમણાં જ આવ્યા છે. આ તે સમય છે કે

"જેમાં ડૉક્ટરોએ સંપૂર્ણ આરામ કરવાની કડક સૂચના કરી છે." તે બધા જ પ્રતિબંધોને ઓળંગી સત્વ પુરુષ ચન્દ્રશેખર મહારાજ ઉપસ્થિત હજારોની મેદનીમાં સિંહ ગર્જના સાથે ચેતવણી આપે છે. **"વાઘ ઘાયલ થયો હતો શુટ નથી થયો. ઘાયલ વાઘ સ્વસ્થ વાઘ કરતા વધુ ખતરનાક સાબિત થશે"** આ વાક્ય તે સમયે પ્રસિદ્ધ બની ગયું.

પૂ. ગુરુદેવે ખુબ શાન્તિથી સંઘ શાસન દ્રોહીઓને કહી દીધું હું તમારા સામે પુનઃ તૈયાર છું. હવે મારી તાકાત બમણી થઈ ચૂકી છે.

સવાલ થાય શા માટે આવું તીખુ પ્રતિપાદન એક કરૂણા પુરુષ કરે ?

તેનો જવાબ ચોંકાવનારો છે પણ જાહેર કરવો છે. પૂ. ગુરુદેવશ્રીની બિમારી કુદરતી ન હતી. પરિશ્રમ આદિ જરૂર હતો પણ જે ગંભીર બિમારી હતી તે કેવલ થાકના કારણે ન હતી. જે હોય તે, બચાવનાર વધુ સાવધાન અને સમજદાર હોય છે. શાસન દેવો ચન્દ્રશેખર મહારાજને બચાવે છે.

ઝંઝાવાતોમાં જ તરવું તે ચન્દ્રશેખર મહારાજનું અદ્ભૂત કૌશલ્ય હતું. લગભગ બે માસના સંપૂર્ણ આરામ પછી પુનઃ ગુરુદેવ બમણા વેગથી કામે લાગે છે.

ચન્દ્રશેખર મહારાજ પળપળમાં કલાક-કલાકનું કામ કરવાના ઉત્સાહથી ધગધગે છે. જીવલેણ બીમારીને પાછળ ધકેલી પુનઃ યુવાનોને શરમાવે તે જોમ સાથે કામે લાગે છે. ઉંમર વધતા ઉત્સાહ મોળો પડે પણ અનુભવની પ્રૌઢતાના કારણે કાર્યશક્તિ અને કાર્યદૃષ્ટિમાં દૃઢતા-સ્પષ્ટતા જણાતી જાય છે.

# જીવનદાતા ગુરૂદેવની સેવામાં... ૫૬

પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. સાહેબનો સમુદાય બે વિભાગમાં વહેંચાયો ત્યારથી પૂ. ગુરૂદેવશ્રી પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞામાં હતા નવસારી તપોવનના જિનાલયની અંજનશલાકામાં નિશ્રાપ્રદાન કરી પૂ. ભુવનભાનુસૂરિ મ.સા. સાઉથ તરફ પધારે છે. છ વર્ષ સાઉથમાં વિચરી પુનઃ મહારાજજી મહારાષ્ટ્રમાં પધારે છે. તે વખતે શિર્ડી ખાતે પૂ. ગુરૂદેવ પૂજ્યપાદ શ્રીને વંદન કરવા જાય છે. તે વખતે ખુદ પૂજ્યપાદશ્રી ચન્દ્રશેખર મહારાજ ને લેવા જાય છે. ગુરૂદેવના જીવનમાં દરેક ગુરુઓની કૃપા અપરંપાર રહી છે.

પૂજ્યપાદ ભુવનભાનુસૂરિ મહારાજનું ચાતુર્માસ સુરત હતું. તથા પૂ. ગુરુદેવશ્રીનું ચાતુર્માસ આંબાવાડી અમદાવાદ હતું.

ચાતુર્માસ બાદ પૂ. ભુવનભાનુસૂરિ મ.સા. પૂ. ગુરૂદેવશ્રીને નવસારી તપોવન બોલાવે છે. વધતી ઉંમર વચ્ચે મહારાજજી સ્વ સમુદાયના ભાવિની વ્યવસ્થા વિચારી રહ્યા હતા. આ વ્યવસ્થા માટે પૂજ્યપાદશ્રી ચન્દ્રશેખર મહારાજને સક્રિય કરવા માંગતા હતા. ચાતુર્માસ બાદ નવસારી તપોવનમાં બન્નેય પૂજ્યોનું મિલન થાય છે.૮૨-૮૩ વર્ષના પૂ. ભુવનભાનુસૂરિ મ.સા. વર્ષોની વાતો ચન્દ્રશેખર મ.સા. પાસે ઠાલવે છે. પૂજ્યપાદશ્રી પોતાનું દિલ ખાલી કરવા જગા શોધતા હતા અને તાતપાદશ્રીને ચન્દ્રશેખર મહારાજ યોગ્ય સ્થાન લાગ્યું.

પૂજ્યપાદશ્રી સાઉથના પ્રવાસ દરમિયાન જે કાંઈ બાબતો બનેલી તે બધી વાતો મારા ગુરૂદેવશ્રીને કરતા હતા. તેમાં એક ઘટનાનો ભાર પૂજ્યપાદ ભુવનભાનુ સુરિ. મ.સા.ને ખુબ લાગતો હતો.

બેંગલોરમાં મા-બાપની સંમતિ વિના એક કિશોરને પૂજ્યપાદશ્રીએ દીક્ષા આપી હતી. આ કારણસર માતાએ સાધુ-સાધ્વી પાસે જવાનું છોડી દીધું હતું. પોતાના દીકરાને પણ મળવા મા આવતી નહી. સમગ્ર સાધુ સંસ્થા માટે તીવ્ર આવેશ હતો. તો બીજી બાજુ પોતાના દીકરા માટે તીવ્ર મોહ હતો.

પૂજ્યપાદશ્રીને મા એ જણાવી દીધું હતું. કે ''મારા દીકરાને પરત મોકલો'' આ બાબતને લઈને પૂજ્યપાદશ્રી ખુબ બેચેન હતા. પૂજ્યપાદશ્રીને એક જ પીડા હતી. મારા નિમિત્તે મેં એક દંપતિને દુર્લભબોધી બનાવ્યા...પૂજ્યપાદશ્રી મારા ગુરૂદેવને કહેતા હતા. ''ચંદ્રશેખર ! તું મને આ ભારમાંથી છોડાવ. હું મા-દીકરાના વિરહમાં નિમિત્ત બન્યો છું. તેની સાથોસાથ એક પાત્ર આત્માના અનંત સંસાર વધારવાનું હું કારણ બન્યો છું.'' મહાપુરુષોની મહાનૂતા આ પીડામાં દેખાય છે.

મારા ગુરૂદેવે આ અદ્દભૂત ગુરૂસેવાનો પડકાર ઉઠાવ્યો. એક યા બીજા કારણસર બેંગલોરથી મા-બાપને પૂ. ગુરુદેવ બોલાવે છે. અને માને ખુબ જ સંવેદનશીલ ભાષામાં હકીકત સમજાવે છે. અને તે જુગારેય ખેલી લે છે કે ''જો તમારી સમાધિ ટકતી હોય તો દીકરા મહારાજને પુનઃ દીકરા તરીકે અમે સુપ્રત કરી દઈએ'' પણ આ શ્રાવિકા બહેન હતા પીગળી જાય છે.

મહારાજજી તે શ્રાવિકાની માફી માંગે છે. શ્રાવિકા પણ પોતાને જાગેલા દુર્ભાવોની માફી માંગે છે. પ્રાયશ્ચિત લે છે.

ખુબ પ્રસન્નતા છવાય છે. મા અને દિકરા મહારાજનું પુનઃ મિલન થાય છે. પૂજ્યપાદ ભુવનભાનુસૂરિ મ. બોજ મુક્ત થાય છે. અને બે-ત્રણ મહિના નવસારી તપોવન રોકાવાનું થાય છે. તે વખતે એવો નિર્ણય પણ થયો કે પંન્યાસ-ચન્દ્રશેખર મહારાજ હવે પૂજ્યપાદ ભુવનભાનુસૂરિ મ. સાથે તેઓશ્રીની સેવામાં રહેશે. તેથી આ બન્નેય પૂજ્યોનું ચોમાસુ સાબરમતી-અમદાવાદ નક્કી થાય છે.



* મારું હૈયુ આપના હાથમાં આપનો હાથ મારું બળ...
* પૂ. ભવનભાનુસૂરિ મ.સા. તથા પન્યાસ ચન્દ્રશેખર મહારાજ

## ૫૭ ગુરૂની શિષ્યને અનમોલ ભેટ

ઘણા વખતથી ચંદ્રશેખર મહારાજ ગુજરાતમાં ગૌવંશ પ્રતિબંધ ધારો આવે તે માટે પ્રયત્નો કરતા હતા.

જે રાજ્યમાં જૈન ધર્મ સૌથી વધુ ફેલાયેલો હોય, હજારો સાધુ-સધ્વીજી ભગવંતો વિચરતા હોય, જૈનોની વગ જ્યાં સૌથી વિશેષ હોય ત્યાં જ ગૌવંશ પ્રતિબધ નહી. આઘાત-આશ્ચર્યની આ વાત છે.

ચંદ્રશેખર મહારાજ આ બાબતે બહુ ચિંતીત હતા, પ્રયત્નશીલ હતા. ચૈત્રમાસની ઓળી બન્નેય મહાપુરુષોની લાવણ્ય સોસાયટી વાસણા નક્કી થાય છે. ખુબ પ્રસન્નતા સાથે મહારાજજી નિવૃત્તિનો અને નિશ્ચિંતતાનો આનંદ માણી રહ્યા છે. પૂજ્યપાદશ્રી ગુરૂદેવશ્રીના પ્રવચનો સાંભળવા રસપૂર્વક જતા હતા., આ જ ચૈત્ર માસની ઓળી દરમિયાન એટલે કે વિ.સં. ૨૦૪૯ની સાલમાં ગુજરાત સરકારે એક શકવર્તિ વટ હુકમજારી કર્યો. ''ગુજરાતમાં ગોવંશ હત્યા બંધીને કાયદેસર કરી નાંખી''.

તે વખતના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ આ જાહેરાત કરવા માટે આંબાવાડી જૈન દેરાસરના (નહેરૂનગર-અમદાવાદ) પગથિયા ઉપર ઉભા થાય છે. તે વખતે ત્યાં પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. ગુરૂદેવશ્રી હાજર હતા. ગુજરાતના મુખ્યમંત્રી કહે છે. ''જૈનોની ઘણાં વર્ષો જૂની આ માંગણી તથા ચન્દ્રશેખર મહારાજના પ્રયાસોને માન આપી ગુજરાત જૈનોના વર્ચસ્વવાળુ રાજ્ય છે. માટે જૈનોની આંતરિક લાગણીની કદરરૂપે અમારી સરકાર ગોવંશહત્યા બંધીને કાયદેસર જાહેર કરે છે. ''હવે ગોવંશ હત્યા'' ગુજરાતમાં ગુન્હો ગણાશે.

સંમગ્ર અમદાવાદના જૈનો ચન્દ્રશેખર મહારાજની ભારોભાર અનુમોદના કરવા લાગે છે. પૂ. ગુરુદેવશ્રી તે સભામાં જણાવે છે કે ''મહારાજજીની (પૂ. ભુવનભાનુસૂરિ મ.સા.) ની સેવા કરવાથી મને આ સફળતા મળેલ છે.'' ગુરુ શિષ્યની સેવાની પ્રસન્નતાથી જાણેકે કહેતા હોય ''જા તારી ઇચ્છા પુરી કરુ છું.'' ગુરૂકૃપા તે ચન્દ્રશેખર મહારાજની જ્વલંત સફલતાનું બીજું હૃદય હતું.

ગોવંશ હત્યા બન્ધીના નિર્ણય સાથે આયંબિલની ઓળી સંપન્ન થયા પછી પૂ. ભુવનભાનુસૂરિ મ.સા.ની ઈચ્છા પૂ. ભદ્રંકરસૂરિ મ.સા. સાથે થોડા દિ રહેવાની હતી. તેથી તેઓ પંકજ સોસાયટીના ઉપાશ્રયે પધારે છે.

પૂ. ગુરૂદેવ ભગવાન નગરના ટેકરે જાય છે. ચૈ.વ.૧૨ના દિવસો સાંજે સમાચાર આવે છે ''પૂજ્યપાદનું સ્વાસ્થ્ય કથળતા ડૉક્ટર હાઉસ લઈ ગયા છે. ગુરૂદેવ તરત જ ત્યાં પહોંચે છે. હાર્ટએટેક હતો યોગ્ય સારવાર મલતા પુનઃ બધું કંટ્રોલમાં આવી તો જાય છે પણ આ ભ્રમ હતો ચૈત્ર વદ ૧૩ના બપોરે ૧.૪૦ના પુનઃ સ્વાસ્થ્ય કથળતા પૂ. ગુરુદેવ તુરત પૂજ્યશ્રી પાસે પહોંચે છે. અંતિમ નવકાર શ્રવણ કરાવવાનો લાભ ગુરૂદેવશ્રીને મળે છે.

કાળધર્મ થયા બાદ પંકજ સોસાયટીમાં અગ્નિદાહ માટે જમીન સંપાદન આદિ તમામ કાર્યોમાં શ્રાધ્ધવર્ય કુમારપાલભાઈ પૂ. ગુરૂદેવની સલાહ મુજબ કામે લાગે છે. આ ગમગીન પ્રસંગે કુમારપાલભાઈ હિબકે ચઢી જાય છે. ત્યારે મારા ગુરૂદેવ મોટાભાઈની જેમ કુમારભાઈને સાંત્વના આપતા મેં જોયા હતા.

સામુદાયિક વ્યવસ્થા બાબતે અન્ય આચાર્ય ભગવંત પ્રશાંતમૂર્તિ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા જગત્‌ચન્દ્રસૂરીશ્વરજી મ.સા. સાથે દેવવંદન વખતે જ ચર્ચા કરીને પૂજ્યપાદ ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના ઉત્તરાધિકારી તરીકે પૂજ્યપાદ જયઘોષસૂરીશ્વજી મ.સા.ના નામની જાહેરાત પૂ. ગુરુદેવશ્રી કરે છે. આ હતી આમન્યા અને ઉદારતા. ત્યાં હાજર રહેલા બન્નેય આચાર્ય ભગવંતો આશ્ચર્ય ચકિત થાય છે.

''આ ચંદ્રશેખર મહારાજની આમન્યા'' !!

# ૫૮ બીજુ તપોવન સાબરમતીમાં ...

ગુજરાતમાં ગૌવંશ પ્રતિબંધના પ્રયત્નોને સફળતા મળી તેને લીધે ગુરૂદેવ ખૂબ જ પ્રસન્ન હતા છતાં ભારતીય પ્રજા અને તેમાય ખાસ કરીને જૈન સંઘની યુવા પેઢીની સ્થિતિને જોતા તેઓ અતિ ચિંતિત હતા.

૨૦૪૯ નું ચાર્તુમાસ આંબાવાડી-અમદાવાદમાં હતું નવસારી તપોવન તેનું કાર્ય કરતું હતુ પણ ચન્દ્રશેખર મહારાજને સંતોષ ન હતો. તેમનો મંત્ર હતો 'દે દોટ સમંદરમાં રામલો રાખણનાર' આંબાવાડી તે સમયે અમદાવાદનો વાલકેશ્વર જેવો એરિયા ગણાતો હતો.

પ્રવચનમાં અમદાવાદ નજીક બીજુ તપોવન બનાવવાનો વિચાર વહેતો મૂક્યો. નવસારી તપોવનની અમુક પ્રકારની મર્યાદાઓને લીધે તે તપોવન દ્વારા તેજસ્વી બાળકો તૈયાર કરવા દુષ્કર છે. તેથી અમદાવાદ નજીક તપોવન વધુ પરિણામ દર્શી, વધુ બાળકોને સંસ્કરણ આપી શકે.

તેવું તેમનું માનવું હતું. તેથી પ્રવચનમાં જાહેરાત કરી કે ''કાંઈ શ્રીમંત વ્યક્તિ અમને ૨૦ એકર જેટલી જમીનનું દાન આપે, તો અમે બાકીનું કાર્ય પુર્ણ કરીએ.'' પ્રવચનની આ વાત સાંભળી અજયભાઇ મહેન્દ્રભાઇ શાહ ગુરૂદેવ પાસે આવ્યા અને તેમણે જમીનના દાનની ઓફર કરી.

અજયભાઈની ઉદારતાને ધ્યાનમાં લઈ વિ.સં. ૨૦૫૦ના સાબરમતી ખાતેના ચાતુર્માસ દરમ્યાન પૂ. ગુરુદેવ યોગેશને મુંબઈથી બોલાવે છે. અને બીજુ તપોવન સાબરમતી-ગાંધીનગર વચ્ચે થાય તેવી ભાવના વ્યક્ત કરે છે. સાબરમતીથી પાંચ જ કી.મી. દૂર યોગેશ-લલિતભાઈ-અજયભાઈ આદિ તપોવન માટે જમીન નક્કી કરીને સાંજે સાબરમતી પૂ. ગુરુદેવને સમાચાર આપવા આવે છે.

જમીનના દાતા અજયભાઈની વિનંતી હતી કે ''તપોવન માટે જમીન નક્કી કરી છે તો આપ પણ પધારો.'' પૂ. ગુરુદેવ કહે છે.

''આ જમીન ઉપર આરંભ સમારંભ દ્વારા સંસ્થા બનશે''તેથી મારે તે જમીન ઉપર આવી અનુમતિ આપવાની જરૂર નથી. યોગેશ તથા તમે બધા જમીન સંપાદન બાબતે સાથે મળીને નિર્ણય લો તે જ ઉચિત ગણાશે. અને ગુરૂદેવ ન ગયા. કમાલ જુઓ નવસારી તપોવન કે અમદાવાદ તપોવન બન્યા પછી જ પૂ. ગુરુદેવે ત્યાં પગ મૂક્યો હતો. નિર્માણ સુધીના કોઈ તબક્કામાં પૂ. ગુરુદેવે ક્યાંય રસ લીધો ન હતો આ હતી તેમની સંયમ નિષ્ઠા.

જ્યારે ગુરૂ આવા સંયમ નિષ્ઠ હોય ત્યારે ભક્તો તેમની ભાવનાને ફળિભુત કરવા તનતોડ મહેનત કરે છે. લગભગ નવેમ્બર મહિનામાં જમીન નક્કી થઈ. ગુરૂદેવની એક જ ઇચ્છા જુન મહિનામાં જ તપોવન સ્કુલ શરૂ થાય તો સારૂ, જેથી એક વર્ષ વધુ મને કામ કરવા મળે. તેમની આ ભાવનાને સમજી સૌ કામે લાગી ગયા.

યોગેશની સાથે દાતા અજયભાઇ હવે કાર્યકર બની ગયા. અમીતભાઇ, પ્રકાશભાઇ અને મુકુલ શેઠ (આર્કિટેક) ની ટીમે ૧૫ જન્યુઆરીએ બાંધકામની શરૂઆત કરી અને ૧૫ જુને લગભગ ૧ લાખ સ્કેવર ફીટનું બાંધકામ પૂર્ણ કર્યું. તપોવન શરૂ થઈ ગયું.

માત્ર છ જ મહિનામાં બાંધકામ અને શિક્ષણ કાર્યનો આરંભ આ પણ એક અનોખી સિદ્ધિ છે. ''જ્યારે જમીનનું સંપાદન કર્યું ત્યારે તે જમીન ઉપર ઝાડ સુદ્ધા ન હતું. અને કેવલ છ મહિનામાં નાનકડું શિક્ષાગ્રામનું સર્જન થયું અને સંસ્કરણ યજ્ઞનો શુભારંભ થઈ ગયો. પૂ. ગુરુદેવને મળેલા યુવાનો ગુરુદેવ માટે અર્જુન એકલવ્યની જેમ સમર્પિત હતા. તેનું આ સાક્ષાત્ દષ્ટાન્ત છે.

## ૫૯ રાજપુરુષની સંતપુરુષને વિનંતી...

સંવત ૨૦૫૧ની સાલ પૂ. ગુરુદેવનું ચાતુર્માસ સુરત કૈલાસ નગર ખાતે હતું. અતિવૃષ્ટિના કારણે સુરતમાં પુરના પાણી ફરી વળ્યા હતા. પુર ઓસર્યા પછી સુરતમાં પ્લેગ ફાટી નીકળે છે. કૈલાસનગર આદિ વિસ્તારમાં રહેતા ધનાઢ્ય જૈનો, વળી સમગ્ર સુરતના ધનાઢ્ય જૈનો મહામારીથી બચવા સુરત છોડી રીતસર ભાગવા લાગે છે. જૈનોની ૬૦% વસતિ સુરત છોડીને ચાલી ગઈ હતી.

''સુરતમાં પ્લેગ ફાટી નીકળ્યો છે.'' આ સમાચાર મુંબઈ ખાતે ચાતુર્માસ બિરાજમાન પૂ. ગચ્છાધિપતિશ્રીને મલે છે. અને ગચ્છાધિપતિને સુરતમાં ચાતુર્માસ પસાર કરી રહેલ સાધુ-સાધ્વીજી ભગવંતોના દ્રવ્ય-ભાવ પ્રાણની ચિન્તા થાય છે. ગચ્છાધિપતિએ પંન્યાસ ચન્દ્રશેખર મહારાજને આદેશ કર્યો કે સત્વરે સુરત ખાલી કરી તમામ સાધુ-સાધ્વીને લઈને નવસારી તપોવન ચાલ્યા જાઓ.

સુરત શહેરમાં અફવા શરૂ થઈ કે ''ગચ્છાધિપતિના આદેશથી ચન્દ્રશેખર મહારાજ પણ સુરત છોડી રહ્યા છે.'' બીજી તરફ સરકારી તંત્ર સુરતની હીઝરત અટકાવવા જાહેરાત ઉપર જાહેરાત કરે છે કે ''પ્લેગના મહામારીને રોકવા તંત્ર યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યું છે. માટે કોઈએ સુરત છોડવાની જરૂર નથી પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

આ સરકારની જાહેરાત ઉપર સુરતીઓને વિશ્વાસ ન હતો. એક બાજુ સુરતના સ્ટેશન-બસ સ્ટેન્ડ લોકોથી ઉભરાતા હતા. હજારો લોકો રોજ સુરત છોડતા હતા. તેથી સરકારી તંત્ર સ્તબ્ધ હતું જ. ત્યાં ''ચન્દ્રશેખર મહારાજ પણ સુરત છોડી રહ્યા છે.'' તેવા સમાચાર વહેતા થયા.

આ સમાચાર સુરત જિલ્લાના કલેકટરને મળે છે. કલેકટર તો ચિન્તિત થઈ જાય છે.

''જો ચન્દ્રશેખર મહારાજ શહેર છોડશે તો સુરત ખાલી થઈ જશે'' તે ડરથી કલેકટર દોડતા પૂ. ગુરુદેવ પાસે આવી જાય છે. અને વિનંતી કરે છે.

''મહારાજજી ! આપ પ્રજાની આસ્થાના કેન્દ્ર છો. વળી અમારી ઉપર આવી ચઢેલા હિઝરતના સંકટથી મુક્ત કરાવનાર 'સંકટ મોચક' છો. ''સરકારી તંત્રને મદદરૂપ થવા મારી વિનંતી છે કે ''આપ સુરત ન છોડો''.

જો આપ રોકાશો તો તંત્ર તેવું જાહેર કરશે કે ''જૈનાચાર્ય રોકાયા છે. તો પ્રજા રોકાય'' આગળ વધીને કલેકટર તે પણ વિનંતી કરે છે. તંત્ર એવું ઈચ્છે છે. ''આપ જ પ્રજાને અપીલ કરો.'' કે ''સુરત ન છોડે''

શ્રેષ્ઠ ઉદારતાના સ્વામી પૂ. ગુરુદેવ કલેકટરની વાત માની લે છે. પોતાના નામે પ્રજાને અપીલ કરે છે.

સંત ઉપરના વિશ્વાસે સુરતવાસીઓએ હિઝરત કરવાનું માંડી વાળ્યું.

સરકારી તંત્રને દવાની અછત પડી હતી વળી બહાર ગામથી દવાના જથ્થા સાથે કોઈ સુરતમાં પગ મૂકવા રાજી ન હતું. સહુ પોતાના જાનના ખતરાથી બચવા સુરતને બાયપાસ કરતા હતા. ત્યારે ચન્દ્રશેખર મહારાજે મુંબઈ ધામના યુવાનોને હાકલ કરી ''યુવાનો ! દવાના જથ્થા સાથે સુરત ઉતરી પડો'' અને પોતાના તારક ગુરુદેવના એક અવાજે મુંબઈના યુવાનો વાપીથી દવાઓ લઈને સુરત આવી ચઢે છે.''

રાજ પુરુષોને પણ આ સંત પુરુષ ચમત્કારી લાગતા હતા.

આ હતી પૂ. ગુરુદેવની ગરિમા....

# ૬૦ સંસ્કાર દાયક તપોવન સંકલેશ જનક બન્યું...

છદ્મસ્થતાના કારણે તો સાધના કાળમાં શ્રમણ પ્રભુ મહાવીર દેવના દુઈજ્જંત તાપસને ભેટવા માટે બે હાથ પહોળા થઈ જાય છે. એટલે જ શાસ્ત્રો કહે છે છદ્મસ્થતા એટલે જ દોષાધીનતા છે.

તો ઇન્દ્રભૂતિ ગૌતમ મહાવીર દેવના નિર્વાણના સમાચારે રડી જાય છે.

તો હરિભદ્રસૂરીશ્વરજી જેવા સુરિપુરન્દરને આવશેમાં લાવી દે તે છદ્મસ્થતા.

ચન્દ્રશેખર મહારાજ જેવાને સંકલેશમાં મૂકી દે તેમાં શું આશ્ચર્ય છે ? નવસારી તપોવનના વહીવટની બાબતમાં ગુરુદેવે પોતે જ નિયુક્ત કરેલા સંઘના શ્રેષ્ઠ શ્રાવકો સાથે પૂ. ગુરુદેવને મતભેદ ઊભા થયા. ગુરુદેવ એવું ઇચ્છતા હતા કે ટ્રસ્ટી મંડળમાંથી એક ટ્રસ્ટી નિવૃત્ત થઈ જાય. પણ કોણ જાણે કાળના જ કોક વિષમ પ્રભાવના કારણે ઉત્તમ શ્રાવક નિવૃત્ત થવા રાજી ન હતા. તે જ રીતે સામાપક્ષે પૂ. ગુરુદેવ પણ અક્કર હતા.

યાદ રહે, સુશ્રાવક હિંમતભાઈ-પ્રાણલાલભાઈ આદિ એટલા ઉત્તમ પરિણત શ્રાવકો હતા કે ''તેમાં ગેર વહીવટનો કોઈ સવાલ જ ન હતો. પણ બન્નેય પક્ષે ગેરસમજ જરૂર ઉભી થઈ. તેથી બે ઉત્તમો વચ્ચેનો ગજગ્રાહ ખડો થયો. પોતાની જ ''સંસ્થા નવસારી તપોવનમાં હું પગ નહી મુકુ'' આવા સંકલ્પ સાથે નવસારી તપોવનનો પૂ. ગુરુદેવે ત્યાગ કર્યો. બીજી બાજુ ટ્રસ્ટી મંડળ પણ અડગ રહી ગયું. સત્તા ન છોડી.

આ બાબતને લઈને સંઘમાં તરહ તરહના પ્રચારો અપલાપો શરૂ થયા. શ્રી સંઘમાં સંઘસર્જક સંસ્થા માટે નબળી વાતો થવા લાગી તેથી પૂ. ગુરુદેવ પોતાના ભાવિ અરમાનો સામે ખતરો ખડો થતો જોવા લાગ્યા.

પૂ. ગુરુદેવે અમદાવાદ ભગવાન નગરના ટેકરે ટ્રસ્ટીઓના રાજીનામાની માંગણી સાથે આમરણ ઉપવાસની જાહેરાત કરી. સમગ્ર અમદાવાદમાં ખળભળાટ મચી ગયો. સંઘહિતચિંતક મોવડીઓ ચિંતામાં છે.

પૂ. ગુરુદેવ જયઘોષસૂરિ મ.સા.ને પોતાના વર્તમાન ગુરુ માનતા હતા. તેથી શ્રાવક પ્રકાશભાઈ ઝવેરી ત્રીજા દિવસે વહેલી સવારે ગચ્છાધિપતિનો પત્ર લઈને આવે છે. પૂજ્યપાદ ગચ્છાધિપતિએ એટલું જ લખેલું.

''ચન્દ્રશેખર મહારાજ ! હાલ તમે પારણુ કરી લો તેવું હું ઇચ્છું છું. તપોવન ટ્રસ્ટી મંડળને નિવૃત્ત કરાવી દેવાની જવાબદારી મારી'' અને ગુર્વાજ્ઞા સામે તમામ શસ્ત્રો હેઠા મૂકી પૂ. ગુરુદેવે પારણુ કરી લીધું. આ હતી સમર્પણની ટોચ, આજ્ઞા પારતંત્ર્યની આરાધના.

ગુરુદેવશ્રીએ પોતાના છેલ્લા પચ્ચીસ વર્ષનો સમય તપોવનના સર્જન સંચાલન અને સ્થિરતા માટે આપ્યો હતો. કુલ બે તપોવન થયા, અમદાવાદનું તપોવન તો પરમગુરુભક્ત સુશ્રાવક અજયભાઈ મહેન્દ્રભાઈની ઉદારતાનું જીવંત પ્રતિક છે.

તપોવન સંસ્થાને લગભગ ૨૭ વર્ષ જેટલો સમય થઈ ગયો. આ સર્જન દ્વારા સંઘના ભાવિને ફાયદો જ થશે. તેવો વિશ્વાસ પૂ. ગુરુદેવને પણ ન હતો. છતાં પૂ. ગુરુદેવશ્રીની નિષ્ઠા બેજોડ હતી. ગુરુદેવ શિષ્યો કરતાય વધુ ધ્યાન બાળકોનું રાખતા. ત્યારે મારા જેવાના હૃદયમાં તો મુંઝવણ થતી.

તેમાં કોઈ શક નથી કે હજારો બાળકોમાં ધર્મસંસ્કારનું વાવેતર તપોવન દ્વારા થયું છે. તો સામે આ જ તપોવનના કારણે મારા ગુરુદેવને ટેન્શન પણ થતું હતું. મેં મારા કાને મારા ગુરુદેવની વેદના વારંવાર સાંભળી છે કે ''આ તપોવનમાં જો હું આસક્ત થઈશ તો આ જ તપોવનની કૂતરીના પેટે મારો જન્મ થશે''.

આ ડર તે મહાપુરુષના સમગ્ર અસ્તિત્વમાં સદૈવ મેં અનુભવ્યો છે. ગુરુદેવની ગરીમા જોતા તપોવન દ્વારા જે મળ્યું તે મહેનત સામેનું પરિણામ આનંદપ્રદ ન કહેવાય. આવું ખુદ ગુરુદેવ માનતા હતા. પૂ. ગુરુદેવનું આતંરિક માળખું સંવેદના પ્રચુર હતું. સંવેદના ખુબ જીવંત તત્ત્વ છે. તો સંવેદના શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે બાધારૂપ પણ બની શકે છે.

સંપૂર્ણ સફળતા માટે તો સંવેદના અને કાર્ય નિષ્ઠાનું સરખું મેંચિંગ જરૂરી છે.

કાર્યનિષ્ઠા એટલે માત્ર કાર્ય પ્રત્યેની વફાદારીથી પ્રયાસ કરો, તેમાં સંવેદનાને સ્થાન ન હોય. મોટા કાર્યોની નિષ્પત્તિ માટે કઠોર નિર્ણયો લેવા પડે છે. અને જો તે નિર્ણય ન લેવાય તો કાર્યને નુકશાન થાય. તપોવન કાર્ય છે. ત્યાં નિર્ણયો લેવા પડે. સંવેદના નથી ચાલતી. માટે જ કહેવું પડે કે સંવેદના બાધા બની શકે છે.

*ચન્દ્રશેખર મહારાજ તેમના પુસ્તક "જૈન તત્વજ્ઞાન સરળભાષામાં" તે વખતે લખે છે કે મને કોઇ ધક્કો મળ્યો છે, કે જાકારો દેવાયો છે. તે બધુ બિલકુલ બરોબર થયું છે. નિયતિનું એજ ગણીત હતું. એમ જ થયું છે. ભગવાનની મારી ઉપર નિગ્રહ કૃપા થઇ છે.* **(Everything is in order)** *હવે જ્યાં સુધી હું અરિહંત દેવના અભેદ પ્રણીધાન રૂપ દીર્ઘ કાલીન સમાધિમાં લીન ન થાઉ ત્યાં સુધી મારૂ લહિયા તરિકેનું કાર્ય ચાલુ રાખવા ધારૂ છું.*

*અને તે વખતે ચન્દ્રશેખર મહારાજે અદભુત ત્રણ પુસ્તક માત્ર આઠ મહિનામાં લખ્યા હતા. તે હતા. (૧) 'શુન્યનો સાક્ષાત્કાર (૨) ક્યારે બનીશ હું સાચો રે સંત (૩) જૈન તત્વજ્ઞાન સરળ ભાષામાં"*

# ભુવનભાનુસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા : સિંહ ગર્જના...

૬૧


વિ.સં. ૨૦૫૫ની સાલમાં જ સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગ ભવ્ય ઉત્સવપૂર્વક ઊજવાઈ રહ્યો હતો. સમગ્ર પ્રસંગ વાસણાના વિશાળ પટાંગણમાં હતો આ ભવ્ય પ્રસંગ આઠ-નવ દિવસ સુધી ચાલવાનો હતો. તેમાં ચોથા કે પાંચમા દિવસે સવારના પ્રસંગમાં તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી માન. શંકરસિંહજી વાઘેલા પધાર્યા હતા.

આ તકનો લાભ લઈ બીજા કાર્યક્રમો અટકાવી, લગભગ ૨૦ હજાર માનવોની ઉપસ્થિતિમાં પં. ચન્દ્રશેખર મહારાજે જાહેરમાં ગુજરાતના મુખ્યમંત્રીનો ઉધડો લઈ લીધો. વાત જાણે એવી હતી કે ''ગુજરાતમાં ગૌવંશ પ્રતિબંધ તો આવી ગયો પણ તે જ દિવસોમાં ગુજરાતની બૉર્ડર ઉપરથી ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કતલ માટે થાય છે''. તેવા સમાચાર છાપાઓમાં છપાયા હતા. આ બાબતની પીડાથી સંતપ્ત ગુરુદેવ આ તકનો લાભ લઈ લેવા માટે સીધા જ પાટ ઉપરથી ઉભા થઈ અને ગર્જના કરે છે. ''બાપુ ! તમારા રાજમાં તમારા જ તંત્રએ બનાવેલા ગોવંશ હત્યા બંધીના કાયદાઓનો છડે ચોક ભંગ થાય છે. તમારા અધિકારીઓ ભ્રષ્ટ છે.

ગુરુદેવ તીખા શબ્દોમાં કહે છે. ''શંકરસિંહજી ! તમારા આગમનનો અમને તો જ આનંદ થશે કે અમારી આ વેદનાને તમે સાંભળો અને આ બાબતે સખ્ત પગલા લઈને અમલ કરો'' પૂ. ગુરુદેવના મર્મ વેધી વિધાનોને સભાએ તાળીઓથી તો વધાવ્યા પણ ગુજરાતના મુખ્યમંત્રીએ પણ પૂ. ગુરુદેવની વેદનાને સહૃદયતા પૂર્વક સાંભળી અને અમલ કરાવ્યો. બીજા દિવસથી ચેકપોસ્ટ ઉપર કડક અધિકારીઓને ગોઠવી દેવાયા અને પશુઓની હેરાફેરી અટકાવી દેવાઈ.

તેજ પ્રતિભા તે જ પ્રસંગે એક વખત માત્ર સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં જ બહેનોની સામાયિક શિબિર હતી ત્યાં ચન્દ્રશેખર મહારાજ થોડા શ્રાવકો સાથે વાવાઝોડાની જેમ પહોંચે છે.

૨૦૦૦૦ બહેનોને વીસ મિનિટ ઉદ્બોધન કરી ગર્ભપાત અને છુટાછેડા ન લેવાની બાધા કરાવે છે. લગભગ ૯૦% બહેનો પ્રતિજ્ઞા બદ્ધ થાય છે. આ ગુરુદેવની કરૂણા ક્રાન્તિ હતી.



* સંકલ્પપુરુષનો જીવન્ત સંકલ્પ, નજરમાં ભવ્ય નિર્માણના સ્વપ્નાઓ...
* મહાવીરપુરમ્‌ની ધરતી ઉપર પૂજ્ય ગુરુદેવનું આગમન વાસક્ષેપનું પ્રક્ષેપણ

# મહાવીરપુરમ્ : સહર્ષ આશિષ... ૬૨

પૂ. ગુરુદેવશ્રીની મૌખીક સંમતિ લઈને અમે વિ.સં. ૨૦૫૫ની સાલમાં દેવાધિદેવ મહાવીર દેવના સમગ્ર જીવનને જગત્ વ્યાપી બનાવવાના શુભ ઉદ્દેશથી ગાંધીનગર પાસે જમીન સંપાદનનો પ્રયાસ કર્યો.

તેમની કૃપાથી અમારા પ્રયાસને સફલતા મળી અને ગુજરાત સરકારે વિશાળ જમીન મહાવીરપુરમ્ ને માલિકી હક્ક સાથે સુપ્રત કરી. આ જમીન ઉપર પ્રભુ મહાવીર દેવના સમગ્ર જીવનને દશ્ય રૂપે જીવન્ત કરાશે.

આરંભમાં કેવલ અમારા માટેની કરુણાના કારણે પૂ. ગુરુદેવને ડર હતો કે ''સંસ્થા બનાવવા જતા મારા શિષ્યો ખોઈ તો નહી બેસુને'' તેના માટે ગુરુદેવનો નિષેધ હતો. વિરોધ ક્યારેય ન હતો.

અમારા કોઈ મહાત્માને ૧૦૦મી ઓળીનું પારણુ હતું તેથી પંકજ સોસાયટીમાં રોકાણ હતું. પારણાના દિવસે વહેલી સવારે પૂ. ગુરુદેવ મને બોલાવે છે. અને કહે છે.

''જો ચન્દ્રજિત ! તારી મહેનતથી મહાવીર પુરમ્ બને તેનો સૌથી વધુ આનંદ મને થશે, કારણ કે ''તું મારો શિષ્ય છે'' જા...હું તને આશિષ સાથે આ કાર્યમાં આગળ વધવાની રજા આપું છું.

તે દિવસે પારણા હતા ગોચરીમાં ઇમરતી કે જલેબી આવેલી પૂ. ગુરુદેવે જાતે મહાવીરપુરમ્માં રજા આશિષ આપવાની ખુશી નિમિત્તે સહુને વપરાવી મારા મોમાં ખુદ ગુરુદેવે પોતાના હાથે જલેબી મૂકી. આ હતી પૂ. ગુરુદેવની શ્રેષ્ઠ પ્યારભરી કૃપા.

# ૬૩ માટુંગા - મુંબઈમાં ફરી ચાર્તુમાસ

પૂજ્યપાદ ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા તેમજ સાબરમતી તપોવનમાં મળી રહેલી સફળતાઓ થી ગુરૂદેવે ૨૦૫૩, ૫૪, ૫૫, ૫૬ ના ચાર ચાર્તુમાસ સાબરમતી તપોવનમાં કર્યા. ચાર-પાંચ વર્ષમાં બાળકોની સંખ્યા ૫૦૦ જેટલી થઈ ગઈ, અતિ ઉત્તમ બાળકોને તપોવનમાં જોઇ ગુરૂદેવનો ઉત્સાહ ખૂબ વધી ગયો. બાળકોમાં ખોવાઇ ગયેલ ગુરૂદેવની ઇચ્છા હતી કે ''હવે તપોવનમાં વિશેષ રહું.''પણ બાળકોની જેમ યુવા જગત્ ને પણ તેવી તરસ હતી કે પૂ. ગુરુદેવ અમારું પણ ધ્યાન રાખે. ખાસ કરીને મુંબઈના યુવાનો કે જે ધામ સાથે જોડાઈને અનેક સત્પ્રવૃત્તિમાં નિષ્ઠા પૂર્વક કામ કરી રહ્યા છે. તેઓની અદમ્ય ઈચ્છા હતી કે ''પૂ. ગુરુદેવ પુનઃ એક વાર મુંબઈ પધારે અને મુંબઈને ચાર્જ કરે'' મુંબઈના જૈનો માટે પૂ. ગુરુદેવ Power House હતા.

યુવાનોને ધામનો વ્યાપ વિસ્તૃત કરવો હતો. માટે પૂ. ગુરુદેવના Backing ની જરૂર હતી. યુવાનોની વિનંતીમાં પોતાના મિશનના વિકાસની તક પ્રતિબિમ્બને જોતા પૂ. ગુરુદેવ મુંબઈ પધારવા સંમત થયા માટુંગામાં ૨૦૫૭ના ચાતુર્માસની જય બોલાય છે.

આ ચાતુર્માસમાં પૂ. ગુરુદેવના બે લક્ષ્ય હતા. નવસારી-તપોવનના ટ્રસ્ટી શ્રાવકો સાથે થયેલા મતભેદોનું નિવારણ કરીને શ્રીસંઘમાં તપોવન પ્રત્યેની આસ્થાને દૃઢ બનાવવી. તથા ધામના કાર્યોને વધુ વેગવંત બનાવવા. તે માટે જે સંઘના વાતાવરણમાં ક્ષુબ્ધતા છે. તે દૂર કરવી પૂ. ગુરુદેવશ્રીએ તપોવનના ટ્રસ્ટીઓ સાથે મીટીંગ કરી, પરસ્પરની ગેરસમજ દૂર કરી. તે બધા જ શ્રાવકોના હૃદયમાં પૂ. ગુરુદેવની સંઘ-શાસન ભક્તિ માટે ભારોભાર અહોભાવ હતો જ, તેથી તે તમામ શ્રાવકો પૂ. ગુરુદેવના સંઘ ઉત્કર્ષના મિશનને તેજ બનાવવા નિવૃત્ત થયા અને વાતાવરણમાં પુનઃ મીઠાશ ફેલાઈ ગઈ.

પૂ. ગુરુદેવે યોગેશને પુનઃ નવસારી તપોવનના સંચાલનની જવાબદારી સોંપી તથા મુંબઈમાં ધામના કાર્યોને એકતા પૂર્વક દોડાવવા **''વર્ધમાન સંસ્કાર ધામ''**નામના નવા ટ્રસ્ટ હેઠળ પુનઃ શાસન સેવાની પ્રવૃત્તિ શરૂ થઈ. મલાડમાં પૂજ્યપાદ ગચ્છાધિપતિની નિશ્રામાં ચર્તુવિધિ સંઘની વિશાળ હાજરીમાં ગુરૂદેવે 'ધામ'ના સરસંચાલક તરીકે યોગેશને વાસક્ષેપ નાખ્યો. પૂ. ગુરુદેવે ખુબ જ પ્રસન્નતાથી મુંબઇથી વિહાર કર્યો ડહોળાયેલું વાતાવરણ સ્વચ્છ થયું પરસ્પર ક્ષમાપના થઈ ગઈ. ધામના યુવાનો તેમની પ્રવૃત્તિઓ હવે નવા જોમ સાથે શરૂ કરે છે.

ઓપેરા હાઉસમાં બારમાસી ચોવિહાર ભવન શરૂ થયું.

# દ્રવ્ય આચાર્ય નહી ભાવ આચાર્ય છે.

ચન્દ્રશેખર મહારાજ વ્યક્તિ મટી હવે સામ્રાજ્ય બની ગયા હતા.

લગભગ ૯૦ શિષ્યો

હજારો યુવાનો

અનેક વિરાટ સંઘો અને શ્રમણ સંઘના પ્રધાન આચાર્યો તેમને આચાર્ય તુલ્ય ગણતા હતા.

માટુંગાના ચાર્તુમાસ બાદ મુંબઈ ચન્દનબાલા એપાર્ટમેન્ટમાં છબીલભાઈ ગોળાવાળા પૂ. ગુરુદેવના પરમગુરુભક્ત શ્રાવક હતા. તેમને ત્યાં ગૃહ ચૈત્યની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. તે વખતે ગચ્છાધિપતિ આદિ અનેક આચાર્ય ભગવંતો તથા પૂ. ગુરુદેવશ્રી પણ પધારેલ હતા.

પ્રતિષ્ઠા કાર્ય સંપન્ન થયા બાદ વિશાળ પ્રવચન સભામાં અમરતભાઈ ગોળાવાળા આદિ શ્રાવકોએ પૂ. ગચ્છાધિપતિને વિનંતી કરેલ કે ''અમારા ગુરુદેવશ્રી ચન્દ્રશેખર મહારાજને આચાર્ય પદ ઉપર આરુઢ કરો'' ત્યારે ગચ્છાધિપતિશ્રીએ ફરમાવ્યું.

**''ચન્દ્રશેખર મહારાજ દ્રવ્ય આચાર્ય નથી તે તો ભાવ આચાર્ય છે.''** એટલે કે તેઓ પોતાની વિશિષ્ટ પુણ્ય શક્તિથી તથા વડિલોના આશિષથી સંઘ શાસનના યોગ-ક્ષેમ કરી જ રહ્યા છે. આ જ તેમનું આચાર્ય પદ છે.

તે સમયે ગચ્છાધિપતિશ્રીએ પોતાનો વિશેષ અધિકારનો ઉપયોગ કરી. જાહેરાત કરી હતી.

''ચન્દ્રશેખર મહારાજ ભલે આચાર્યપદ ઉપર આરુઢ નથી. છતાં અમારા સમુદાયમાં દીક્ષા પર્યાયના આધારે જે તેમનું વંદન બહુમાન આદિ છે તે ચાલુ રાખવું એટલે કે તેમનાથી પર્યાયમાં નાના આચાર્ય હશે તોપણ તેમને વંદન આદિ કરશે.''

આ શકવર્તિ નિર્ણય હતો. પૂ. ગચ્છાધિપતિ, પદની પ્રધાનતા કરતા ય યોગ્યતા અને પાત્રતાને વધુ મહત્ત્વ આપતા હતા. જિનશાસનની સૈધ્ધાન્તિક પુજાનો માર્ગ ખોલ્યો તેમ કહી શકાય. આ યુગ તો પદ પૂજાનો છે યોગ્યતા પાત્રતાનો વિચાર જ કયાં છે ? તેમાં પૂ. ગચ્છાધિપતિએ ક્રાન્તિ કરી .

આચાર્ય પણ અહોભાવથી એક પન્યાસજીને વંદન કરે એ જૈન શાસનની એક અદ્દભૂત ઘટના છે. મને લાગે છે ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મ.સા. એ તથા સમુદાયના આચાર્ય ભગવંતોએ મારા ગુરૂદેવને તેમના જીવનમાં આપેલુ આ સર્વોત્તકૃષ્ટ બહુમાન હતું.

ગચ્છાધિપતિ ! આપને સલામછે..... આ ઐતિહાસિક નિર્ણય બદલ

પૂ. આચાર્ય ભગવંતો ! આપને વંદન છે... આપની આજ્ઞાધીનતા બદલ....

ઓ ગુરુદેવ ! આપને ધન્યવાદ છે.... આપની દઢતા બદલ તથા પદ પ્રત્યેની નિઃસ્પૃહતા બદલ....

જૈન શાસનની અદ્દભૂત સેવા કરનાર મારા ગુરૂદેવને વંદન છે, અને વંદન છે, તેમને વંદન કરી અદ્દભૂત બહુમાન આપનાર સમુદાયના આચાર્ય ભગવંતોને.

પૂજ્યપાદશ્રીના કાળધર્મ બાદ તેમની ચરણ પાદુકાની પ્રતિષ્ઠા સુરતમાં ચાવાળા પરિવારને ત્યાં હતી તે પ્રસંગે ગચ્છાધિપતિએ પૂજ્યપાદ ગુરૂદેવને ''યુગપ્રધાન આચાર્યસમ' કહી સંબોધ્યા અને સહુને તેમના નામની આગળ ''યુગપ્રધાન આચાર્ય સમ' વિશેષણ લખવા જણાવ્યું.

પૂ. પ્રેમ-ભુવનભાનુ સમુદાયમાં જ દ્રવ્ય આચાર્ય વિના, ભાવ આચાર્યના બિરુદને મેળવનાર પ્રથમ પંન્યાસજી ભગવંત હશે. પદ વિનાનું આચાર્ય પદ તે વ્યક્તિની ગુણવત્તા અને લોક પ્રિયતાનું પ્રતિક છે.

# શ્રમણી સંઘના તારક...



મુંબઈના ગુરુભક્ત ગોળાવાળા પરિવારે શાશ્વત ગિરિરાજનો પાંચ દિવસનો છરિ પાલિત સંઘ પૂ. ગુરુદેવની નિશ્રામાં કઢાવેલ. તે વખતે દશેક દિવસ પાલિતાણા રોકાવાનું થયું. ત્યારે ગુરુદેવે શ્રમણીઓ માટે વાચના રાખેલી હતી દસ દિવસની વાચનાઓની ધારી અસર શ્રમણીઓમ દેખાતી હતી.

પૂ. ગુરુદેવને દોહલો જાગે છે. જો આ જ રીતે શાશ્વત ગિરિરાજમાં ચાતુર્માસ થાય અને વાચના રાખવામાં આવે તો પ્રભુ મહાવીર દેવનો શ્રમણી સંઘ ચન્દનબાલાજી મૃગાવતીજી જેવો જાજરમાન બની શકે.

વિ.સં. ૨૦૫૯ની સાલનું ચાતુર્માસ પાલિતાણા જાહેર થયું. શ્રમણી સંઘમાં પ્રવેશેલા મુમુક્ષુ આત્માઓના વિરલ પરાક્રમને સફલ બનાવવા પૂ. ગુરુદેવશ્રીએ ચાતુર્માસ દરમ્યાન વાચના રાખી.

કેવલ વાત્સલ્ય સાથે અપાતી વાચનાઓ દ્વારા શ્રમણીઓના અંતર્ભાવોને ઉત્સાહિત કરવાનો પ્રયાસ શરૂ થયો. પાલિતાણામાં લગભગ ૪૫૦ સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ માટે પધાર્યા હતા.

''ચારિત્ર જીવનની પરિણતી એટલે વિશુદ્ધ આલોચના છે'', તે જ ભાવને દર્શાવતી વાચનાઓ ચાલુ થઈ. સાધ્વીજી ભગવંતો પૂ. ગુરુદેવશ્રીના નિઃસ્વાર્થ કરુણાભાવમાં ભીંજાતા ગયા અને હૃદયસ્પર્શી શબ્દો દ્વારા સાધ્વીજી ભગવંતો પોતાના ભગીરથ પ્રયાસને સાધના બનાવવા તત્પર બન્યા.

અનેકાનેક શ્રમણીઓએ અણિશુદ્ધ ભવ આલોચના કરી. પૂ. ગુરુદેવનું સાધ્વીજીઓ માટેનું આ ઉત્તરદાયિત્વ હતું. વિશુદ્ધ ચારિત્ર જીવન સકલ બ્રહ્માંડના યોગ-ક્ષેમમાટેનું શ્રેષ્ઠ પરિબળ છે. સાધુની સાધુતા જ વૈશ્વિક શાંતિનું કેન્દ્ર છે.

શ્રમણી ભગવંતોની ચાતુર્માસ બાદ પણ આત્મપરિણતી જાગતી રહે, તે માટે દર મહિને ''એલારામ'' જેવા વિરતિદૂત માસિકનો આરંભ કર્યો. તેના દ્વારા શાસ્ત્રના ચુંટેલા શ્લોકો પદાર્થો રજુ કરી શ્રમણી ભગવંતોના શ્રામણ્યને ધબકતું રાખવાનો આજે પણ પ્રયાસ ચાલે છે.

# ૬૬

# તો હું દીલ્હીના ચાંદનીચોકમાં આત્મ વિલોપન કરીશ.

પૂ. ગુરુદેવના આંતરિક દેહના બે ફેફસા હતા એકનું નામ શાસન હતું. તો બીજાનું નામ સંસ્કૃતિ હતું. વૈશ્વિક જિન શાસન અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિને માત્ર પોતાની માનીને સાચવવાની જે ઝીંદાદીલી પૂ. ગુરુદેવમાં ધબકતી જોઈ છે. તે ખરેખર અદ્‌ભૂત હતી.

વાત એવી હતી કે ''ભારત સરકારના પ્લાનીંગ કમીશને નવી પંચવર્ષીય યોજનામાં દેશના ગામડે-ગામડે નવા કતલખાના ખોલવા અને કુલ ૫૬,૦૦૦ કતલખાના ખોલવાની યોજના મૂકી હતી.

આ સમાચાર પૂ. ગુરુદેવના કાને પડે છે. અને અહિંસા પ્રધાન સંસ્કૃતિના લીરેલીરા ઉડતા જોઈ પૂ. ગુરુદેવ પુનઃ હચમચી ઉઠે છે. આ સમયે ગુરુદેવશ્રી અમદાવાદ તપોવનમાં હતા. તે વખતે દીલ્હીમાં વાજપાઈની સરકાર હતી. ગુજરાતના સાંસદ હરીન પાઠક જેઓ મીનીસ્ટર પણ હતા. તેમને પૂ.ગુરુદેવ બોલાવે છે.

ઇ.સ. ૨૦૦૩ની સાલ હતી. પૂ.ગુરુદેવ હરીનભાઈને ચેતવણીની ભાષામાં કહે છે. કે ''જો કતલખાનાનો પ્રસ્તાવ સરકાર પાછો નહીં ખેંચે તો હું દીલ્હીના ચાંદની ચોકમાં આત્મ વિલોપન કરીશ.'' આ જ વાત તે જ અરસામાં આર. એસ. એસ.ના વડા કે, સુદર્શનજી આવેલા તેમને પણ પૂ. ગુરુદેવે કરી હતી.

આવી આક્રોશ સભર ચેતવણીથી તમામ જીવદયા પ્રેમીઓ હચમચી ઉઠે છે અને ૫૬૦૦૦ કતલખાનાના પ્રસ્તાવને રોકવા આંદોલન શરૂ કરે છે.

ચાર મહિનાના સમયગાળામાં લગભગ ૧૫ લાખ પોસ્ટકાર્ડ લખાવ્યા. લાખ્ખોની સંખ્યામાં Email કરાવ્યા. છેવટે ભારત સરકારનું આયોજન પંચ ભારતની પ્રજાના ઉગ્ર આંદોલન સામે ઝુકી જાય છે. અને ૫૬,૦૦૦ કતલખાનાનો પ્રસ્તાવ રદ કરે છે.

તે સમયના વડાપ્રધાન શ્રી અટલબીહારી બાજપાઈજી અંગત રીતે રાજસ્થાનના સાંસદ શ્રીમાન ગુમાનમલજી લોઢાને બોલાવીને કહે છે. આપણી સરકાર ''કતલખાનાની યોજના પડતી મૂકી છે''. તેની જાણ જૈન મુનિ ચન્દ્રશેખર મહારાજને કરજો.

# નવસારીમાં શિષ્યો સાથેનું શ્રેષ્ઠ ચોમાસુ... ૬૭

દિકરાના બાપ બનવું તે સાંસારિક ક્રમ છે. પણ શિષ્યના ગુરુ બનવું તો આધ્યાત્મિક જગતમાં બહુ મોટા પડકારનો સ્વીકાર છે. ગુરુ એટલે એક મુમુક્ષુની લક્ષ્ય પ્રાપ્તિ માટેની અજ્ઞાત યાત્રાના હમસફર બનવાનું છે. આ એવી યાત્રા છે. જેમાં લક્ષ્ય ગુરુ કે શિષ્ય બેયનું સ્પષ્ટ છે. પણ તે લક્ષ્ય પ્રાપ્તિ માટેની યાત્રાનો માર્ગ બેય માટે અજ્ઞાત છે. ગુરુ પણ યાત્રાના મુકામ કે અવરોધને સંપૂર્ણ નથી જાણતા. છતાં ગુરુ પોતાના દીર્ઘ અનુભવોના જોરે આ અજ્ઞાત યાત્રામાં નિર્ભય છે. તો શિષ્યમાં ગુરુ માટેની શ્રેષ્ઠ નિષ્ઠા છે.

એટલે અજ્ઞાત માર્ગના જ હમસફર ગુરુ-શિષ્ય છે.

શિષ્ય મુડી નથી પણ થાપણ છે. પૂ. ગુરુદેવશ્રી, ગુરુ તરીકેના પોતાના જવાબદારી સભર પદને ન્યાય આપવા માટે વિ.સં. ૨૦૬૩ની સાલનું ચાતુર્માસ નવસારી કરે છે.

એવું પણ નક્કી કરે છે કે ''નવસારી મહાવીર સોસાયટીમાં પૂ. ગુરુદેવશ્રી વધુમાં વધુ શિષ્યો સાથે એક ચોમાસું કરવું'' અને આ ચાતુર્માસને સ્વાધ્યાય વર્ષ તરીકે પસાર કરવું.

પૂ. ગુરુદેવ કહે છે. મારા માટે જેમણે પોતાનો પુણ્યનો સંસાર છોડ્યો છે. તેવા શિષ્યોને સંયમ અને સ્વાધ્યાયમાં સ્થિર કરવા તે મારૂ અંતિમ કર્તવ્ય છે. વૃદ્ધાવસ્થામાં પ્રવેશ થઈ ચૂક્યો હતો... તેથી પોતાના શિષ્યોને વધુ ને વધુ સક્ષમ બનાવવાનો ભાવ ગુરુદેવને હતો, અને નવસારી મહાવીરનગરમાં ૫૪ ઉપર શિષ્યો સાથે ચાતુર્માસ શરૂ કરે છે.

તપ, સ્વાધ્યાય દ્વારા પૂ. ગુરુદેવને મહાત્માઓ જબ્બર આનંદ શાતા આપતા હતા.

નવસારીમાં પણ આવાસ યોજના દ્વારા સાધર્મિક ભક્તિનું કાર્ય પૂ. ગુરુદેવે પાર પાડ્યું હતું.

આ હતું વિ.સં. ૨૦૬૩નું ચાતુર્માસ

# ૬૮ છેલ્લો સંગ્રામ મુંબઈમાં...

આચાર્ય તુલ્ય ગુરુદેવ મુંબઈ કાંદીવલીમાં ચાતુર્માસ માટે પધારે છે. ઘણાં વર્ષો બાદ મુંબઈમાં પૂ. ગુરુદેવશ્રીનું આગમન થતું હતું. યુવાનોમાં અપૂર્વ ઉલ્લાસ હતો. અભૂતપૂર્વ ચાતુર્માસ પ્રવેશ થયો. ચાતુર્માસ જબ્બરજસ્ત ચાલતું હતું પુનઃ એક ઝંઝાવાત ઉઠે છે.

જાણે ધર્મ મહાસત્તા વિદાય લેતા સુરજને એક છેલ્લી યશકલગી ચઢાવવા માંગતી હોય...સતયુગમાં સત્કાર્ય કરવા આસાન છે. કારણ કે મદદ કરનાર ઘણાં સજ્જનો મલી રહે છે. પણ કલિયુગમાં તો સત્કાર્ય કરવું. અશક્ય પ્રાય એટલા માટે છે કે ''અહીં મદદ તો ન મલે પણ કામ કરનારને ગાળો મલે.

શ્રીકૃષ્ણ આદિ મહાપુરુષોએ સતયુગમાં સત્કાર્ય કર્યા છે. પણ ચન્દ્રશેખર મહારાજ તો કલિયુગમાં કૃષ્ણ બની સત્કાર્ય કરવા તત્પર થયા હોય તેવું મહસુસ થાય છે.

કપરા ચઢાણ છે. ઉત્સાહ તોડનારા વચ્ચે ઉત્સાહ ટકાવી રાખવાનો છે. અંતરાય નાંખનારાઓને શાંત પાડીને આગળ વધવાનું છે.

હા, આ એવો કલિકાલ છે કે ''જેમાં કામ કરતા ભુલ કરો તો માફી માંગવી જ પડે જો કામ એક પણ ભુલ વિના કર્યું તો શાબાશી ન મળે'' પણ આ તો કલિકાલના શ્રીકૃષ્ણ છે, જેને માત્ર સત્કાર્યના જ સારથી બનવામાં રસ છે.

કાંદીવલીમાં ચાતુર્માસ વ્યતિત કરતા પૂ. ગુરુદેવે મુંબઈના અખબારોમાં વાંચ્યું કે ''મુંબઈ મહાનગર પાલિકા દેવનાર કતલખાનાનું રૂ. ૧૦૦ કરોડના ખર્ચે વિસ્તૃતી કરણ કરશે તથા માંસનું એક્સપોર્ટ વધારી દેશે'' આવો નિર્ણય મહાનગર પાલિકાની સ્ટેડીંગ કમીટીમાં લેવાયો. અને કાંદીવલીમાં બિરાજમાન ચન્દ્રશેખર મહારાજ શંકર બનીને ત્રીજુનેત્ર ખોલે છે. અને પુનઃ એક મહા આંદોલનની તૈયારી શરૂ થાય છે.

મુંબઈ ખાતે ગુરુદેવ પોતાના વિશાળ સૈન્યના સેનાધિપતિ યોગેશ ને તુરત બોલાવે છે. ગુરુદેવ તરફથી આદેશો અપાય છે.

ગુરુદેવે આંદોલનની પ્રથમ સભામાં જાહેરાત કરી જો દેવનારના કતલખાનાંનું આધુનિકરણ તથા વિસ્તૃતી કરણ નહી અટકે તો ''હું મહાનગર પાલિકાના સદન સામે આત્મવિલોપન કરીશ'' પૂ. ગુરુદેવના જૈફ ઉંમરે પણ ધસમસતા આ ખમીરને જોતા હજારો યુવાનો ઉભા થઈ જાય છે. આંદોલનના શ્રી ગણેશ શરૂ થાય છે.

સમગ્ર મુંબઈના જીવદયા પ્રેમીઓ પૂ. ગુરુદેવશ્રીના નેતૃત્વ નીચે આ ભગીરથ કાર્ય માટે કાર્યરત બને છે. હિંસા સામે અહિંસાનું વાતાવરણ ગરમ બનતું જાય છે.

દેવનાર કતલખાનું મુંબઈમાં વસતા માંસાહારી લોકોની જરૂરિયાત સંતોષ વા માટે જ હતું. તેથી તેનો ઉપયોગ હુડીંયામણ મેળવવા માંસનું ઉત્પાદન તથા નિકાસ માટે કરવો તે સરકારનો જ ગેરકાનૂની વ્યવહાર હતો.

માંસાહારી પ્રજાના પ્રાધાન્યવાળા મહારાષ્ટ્રમાં આની સામે આંદોલન ચલાવવું તથા તેમાં સફલતા મેળવવી તે ચન્દ્રશેખર મહારાજ માટે પણ પડકાર જનક હતું. જોકે સમગ્ર જીવનમાં પૂ. ગુરુદેવે આવા જ અઘરા કામોની સાથે જ પંગા લીધા છે. છતાં વિશિષ્ટ પુણ્યબળ તથા પૂર્ણ વફાદારી સાથે થયેલા તેમના પ્રયાસને ભુતકાળમાં સફલતા મળી છે. માટે સહુ અહિંસા પ્રેમીઓ એવા વિશ્વાસમાં હતા કે ''આ આંદોલન જરૂર સફલ થશે''.

કાંદીવલી વિસ્તારના ધારાસભ્ય ગુજરાતી હતા. તેમનું નામ યોગેશ સાગર છે. ભાજપથી ચુંટાયા હતા. એટલે સૌ પ્રથમ તેમનો સંપર્ક કરી તેમને આ આંદોલનમાં સક્રિય કર્યા. તેમણે પણ આ બાબતમાં ખુબ જ ભાવના સાથે રસ લીધો. આંદોલનની રૂપરેખા ગોઠવાઈ ગઈ.

આંદોલનની પ્રથમ સભા ઘાટકોપર ખાતે સર્વોદય હોલમાં ગુરુદેવે રાખેલી, જેમાં સ્થાનકવાસી સંપ્રદાયના સુપ્રસિદ્ધ સંત પૂ. નમ્રમુનિ અને ગુરુદેવનું મિલન થયું. સાથો સાથ આ સભામાં વિશ્વહિન્દુ પરિષદના પ્રધાન આચાર્ય ધર્મેન્દ્રજી મહારાજ પણ જોડાયા અને સમગ્ર મુંબઈમાં આ વિરોધ આગની જેમ ફેલાવા લાગ્યો.

પૂ. નમ્રમુનિના સ્થાનિક રાજકીય પક્ષોના નેતાઓ સાથે ખુબ સુમેળ ભર્યા સંબંધ હતા તે સંબંધોનો ઉપયોગ કરીને નમ્રમુનિ મહારાજે ઉદ્ધવ ઠાકરેનો સંપર્ક કર્યો, ચંદ્રશેખર મહારાજના ભીષ્મસંકલ્પની વાત કરી અને નમ્ર મુનિએ ચન્દ્રશેખર મહારાજની નિષ્ઠા અને ગરિમાથી ઉદ્ધવજીને માહિતગાર કર્યા. ઉદ્ધવજીએ આ બાબતે સહૃદયતા પૂર્વક વિચારવાનું વચન આપ્યું.

અઠવાડિયા બાદ જ પાર્લા વેસ્ટમાં વિરાટ જનસભાનું આયોજન થયું જેમાં અધ્યક્ષ સ્થાને પૂ. ગુરુદેવ હતા તથા પૂ. નમ્રમુનિ આદિ મુનિ ભગવંતો, સન્યાસીઓ પણ હતા.

સભામાં કોંગ્રેસના સાંસદ પ્રિયાદત્ત શિવસેનાના નેતા સુભાષ દેસાઈ, ભાજપના યોગેશસાગર, મંગલ પ્રભાત લોઢા આદિ હતા અને સુભાષદેસાઈએ ત્યાં જાહેરાત કરી કે પૂ. ચન્દ્રશેખર મહારાજની સંવેદનાને નજરમાં રાખી મહાપાલિકા તે નિર્ણય ઉપર આવે છે કે ''દેવનારના વિસ્તૃતીકરણને હાલ રોકી લેશે''.

ભવ્ય જયનાદ સાથે આ જાહેરાતને વધાવી લેવાય છે. તમને ખબર છે ? જો પ્લાન પ્રમાણે દેવનારનો વિસ્તાર થયો હોત તો દરરોજના ૮૦૦૦ને બદલે ૧૫,૦૦૦ પશુઓની કતલ થાત. આ અટકાવીને પૂ. ગુરુદેવ લાખો જીવોના અભયદાનમાં નિમિત્ત બન્યા છે. સમગ્ર ધર્મસભા ચન્દ્રશેખર મહારાજના પ્રયાસને હૃદયથી બિરદાવે છે. ધર્મસભામાં ઉપસ્થિત પૂ. નમ્રમુનિએ પૂ. ગુરુદેવને **"ઉર્જા પુરુષ"** બિરૂદથી વધાવે છે.

છેલ્લા ઉદ્‌બોધનમાં પૂ. ગુરુદેવ જણાવે છે કે ''આ અડધો વિજય છે. નિકાસબંધી માટે પણ મારે વચન જોઈશે હું આ વિજયથી સંતુષ્ટ નથી.''



* પ્રસિદ્ધ પુરુષ - ઊર્જા પુરુષનું મિલન
* પ.પૂ. શ્રી ચન્દ્રશેખર મ.સા.ને ''ઉર્જા પુરૂષ'' પદવી આપી શાલ ઓઢાળી બહુમાન કરતા શ્રી નમ્ર મુનિજી તથા અન્ય મહાત્માઓ

## ૬૯ બે બાજુથી બળતી મીણબત્તી...

જગ પ્રસિદ્ધ એક સત્ય છે કે "મક્કમ મનોબળ નબળા તનને પણ દોડાવે છે." સત્વશાલિ મન *અસીમ શક્યતાઓને વાસ્તવિકતામાં ફેરવી શકે છે. પંન્યાસ ચન્દ્રશેખર મહારાજનું સમગ્ર જીવન* દૃઢ મનોબળનું સર્જન છે. વાચકોને આશ્ચર્ય થાય તેવી વાતો રજુ કરવી છે.

પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સા.નું શારિરીક સ્વાસ્થ્ય બચપણથી જ નબળુ હતું. અનેક ઔષધો, ઉપચારો દ્વારા જ શરીર ટકતું હતું, મોટુ થતું હતું. તન નબળુ પણ મન તો મહાવીર દેવની સોસાયટીનું હતું. અને સમગ્ર જીવન દરમ્યાન પૂ. ગુરુદેવે સ્વસ્વાસ્થ્યની લગીરે ય પરવા નથી કરી. કેવલ સંઘ-શાસન-સંસ્કૃતિના સ્વાસ્થ્યની સુરક્ષાને જ પ્રાધાન્ય આપ્યું છે. તે વાતનો સાક્ષી સમગ્ર સંઘ છે. અમે જોયું છે, મુંબઈમાં ભર ઉનાળામાં બપોરે દોઢથી સાડા-ચાર સુધી દશ હજાર યુવક-યુવતીઓની શિબિરોમાં પૂ. ગુરુદેવ એકલા જ બોલતા હતા. ભયાનક ઉનાળામાં કેવલ કપડાનાં મંડપ નીચે બેસીને યુવાનો ગરમીની પરવા કર્યા વિના મંત્રમુગ્ધ બનીને યુવાનો ગુરુદેવ મય બની જતા હતા. આ તેમની અનોખી સિદ્ધિ હતી, પણ આ શ્રમ સામે જે Reaction આવ્યા તેના અમે સાક્ષી છીએ. રાતોની રાત પૂ. ગુરદેવને માથાનો દુઃખાવો રહેતો હતો. ઉંઘ ન આવે, કલાકો સુધી માથા ઉપર તેલ ઘસાવે ત્યારે માંડ ઉંઘ આવતી હતી. માત્ર કેવલ શાસન સેવાના જ પરાકક્ષાના ભાવ, શરીર સાથે દુશ્મની વહોરી જંગ જીતવાના ઉસુલ સાથે પૂ. ગુરુદેવ દોડતા રહ્યાં, છતાં સંઘના સદ્‌ભાગ્યે "આવા જંગી સખ્ત પરિશ્રમ વચ્ચે પણ પૂ. ગુરુદેવના સ્વાસ્થ્યથી ૪૦ વર્ષ દવાઓના જોરે શરીરને તોડીને સંઘની અપૂર્વ સેવા - સુરક્ષા કરી. જો કે આ સ્વાસ્થ્યને સાચવવા માટે અનેક પ્રકારની દવાઓ લેવાતી હતી. જે દવાઓએ તે સમયે તો શરીરને દોડાવ્યું. પણ આ જ દવાઓના Reaction માં પૂ. ગુરુદેવના સ્વાસ્થ્યને ડાયાબીટીઝ, હાર્ટના પ્રોબ્લેમ, કીડીની ડેમેજ આદિએ ઘેરી લીધું હતું. પણ ચન્દ્રશેખર મહારાજનો દેહ પૌદ્‌ગલિક ન હતો. આ દેહ તો "શાસન દેહ" હતો. તેમની નશોમાં રક્ત ભ્રમણ ભલે નબળું હોય પણ શાસન રાગ ધમધમ દોડતો હતો. આ રફતાર ૪૦ વર્ષ ચાલી. પણ છેવટે તન અને મનની દોટમાં મનની દોટ સાથે ૪૦ વર્ષે સાથ આપનાર શરીરે પોતાની કમજોરી જાહેર કરી પૂ. ગુરુદેવ શારીરિક રીતે થાક્યા. અને મન દોડતું હતું. શરીર સાથ આપતું ન હતું. આ વિષમતાને જોતા એવું કહેવાનું મન થાય કે "શાસન સંઘ માટે

પૂ. ગુરુદેવે એક યોદ્ધાની જેમ શરીરને નીચોવી નાંખ્યું. આ શારીરિક આઘાતોની સાથો સાથ માનસિક આઘાતો પણ સ્પર્ધાએ ચઢ્યા હતા. આ રીતે તન-મન બેય બાજુથી લપડાકો ખમતું ચન્દ્રશેખરવિજયજીનું શૌર્ય સભર જીવન, વધુ જીવી વધુ જિનશાસનની સેવા કરવાના અરમાનો સાથે ઝઝુમતું હતું. પણ અફસોસ ! સતત બે બાજુથી સળગતી મીણબત્તી જેવું આ જીવન જીવવાના જંગમાં હારતુ જાય છે.

પણ ઉભા રહો આ તે યુગપુરુષ હતા કે "જે પોતાના સંકલ્પો જલ્દી છોડે તેમ ન હતા. શરીરનો સાથ ન હતો, છતાં સંકલ્પનો ધોધ મોળો પડતો ન હતો.

શરીરના અસહકાર સાથે શાસન સેવાના સંકલ્પોની વણથંભી દોટ વચ્ચે માનસિક સ્તરે અસમતુલા ઉભી થાય છે. પરાર્થ અને સમાજ વચ્ચે જ સમગ્ર જીવન સમર્પિત કરનાર ગુરુદેવ અસ્વસ્થ થઈ જતા હતા. તેથી ગોચરી વાપરવાની રુચિ ખતમ થવા લાગી !!! કર્મની વિષમતા કેવી !!! આ આઘાતના લીધે જ વ્યાધિ થયો, તેનાથી બ્લડ સપ્લાય મગજમાં ઘટવા લાગે છે. જેથી ક્યારેક ખુબ અસ્વસ્થ હોય અને જ્યારે રક્તનું પરિભ્રમણ બરાબર ચાલે, ત્યારે બધું જ બરાબર હોય. એટલે હવે સ્વાસ્થ્યમાં આરોહ-અવરોહ શરુ થયા.

સાધુતા એટલે વિરાગ પણ ગુરુદેવ માટે સાધુતા એટલે વિરાગ સાથે પરાર્થ પણ હતો. અને સ્વદોષોની પીડાય ખરી તેમના જીવનમાં પરાર્થ અને પીડા ખુબ જીવંત દેખાતા રહ્યા છે. આથી જ સ્વાસ્થ્ય વધુને વધુ નાજુક બનવા લાગ્યું.

## ૭૦ શ્રદ્ધા-સમાધિ-શુદ્ધિના પ્રવાસી....

શાસન પુરુષ પૂ. ગુરુદેવનું શરીર જીવન સ્વસ્થ અસ્વસ્થ ચાલ્યા કરતું હતું..." ધીરે ધીરે સમુદાયની બાબતોમાં સલાહ આદિ આપવાની ઓછી કરી નાંખી.

આ સ્થિતિમાં વધુ ને વધુ આત્મચિંતન- આત્મશુદ્ધિનો પ્રયાસ જારી હતો. તપોવન આદિ તમામ સંસ્થાઓની ચિંતામાંથી પણ મુક્ત થવા લાગ્યા. "સમાધિ ભાવને વધુ જીવંત બનાવવાની મહેનત ચાલી રહી છે." જીવદયા તો જાણે સ્વભાવ બની ગઈ હોય તેવું લાગ્યા કરે. આલોચના લેવાનો ભાવ વારંવાર થયા કરતો. તેથી પૂ. ગુરુદેવ પૂ. ગચ્છાધિપતિને જલ્દી મળવા માંગતા હતા.

ગચ્છાધિપતિના હૃદયમાં ગુરુદેવ માટે વિશેષ લાગણી કાયમ માટે જોવા મળી છે. તેથી જેવા સમાચાર મળ્યા કે ચન્દ્રશેખર મહારાજ આપને મળવા માંગે છે. અને તુરંત ગચ્છાધિપતિ ભીવંડી ખાતેના ઉપધાન છોડીને થોડા દિવસ માટે મુંબઈ ઈર્લા પધારે છે. ઈર્લાના ઉપાશ્રયમાં મા.સુ. ૧૦ના દિવસે ગચ્છાધિપતિને પૂ. ગુરુદેવશ્રી મલે છે. આ મિલનને શબ્દોમાં રજૂ કરવાનું મન રોકી નથી શકતો....

લગભગ સવારે સાડા દશનો સમય પૂ. ગુરુદેવ વિહાર કરીને ગોરેગાંવથી પધારે છે. અમે ગુરુદેવ સાથે ગોરેગાંવમાં જ હતા. અમે વહેલા આવી ગયા હતા. ગોરેગાંવથી નીકળતા સવારે હું ગુરુદેવને વંદન કરવા ગયો ત્યારે ગુરુદેવ મને કહે "આજે હું મારા ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા.ને મળવાનો છું" આ નામોલ્લેખ જો કે બ્લડ સપ્લાયના પ્રોબ્લેમના કારણે હતો છતાં હું અહીં એક બાબત જરુર નોંધવા માંગુ છું કે "ગુરુદેવનું સુષુપ્ત મન કેટલું બધુ મજબૂત હશે કે તેઓને જયઘોષસૂરીશ્વરજી મ.સા.માં પ્રેમસૂરિ મ.સા.ના દર્શન થાય છે. અને ગુરુદેવના મનમાં એવી દઢશ્રદ્ધા હતી કે "મારા ગુરુદેવ જ મને શુદ્ધિ આપશે" શુદ્ધિ આપનાર ભલે પૂ. ગચ્છાધિપતિ હતા. છતાં પૂ. ગુરુદેવ એવું જ માનતા હતા કે મારા જ ગુરુદેવ મને શુદ્ધિ આપે છે.

સાડા દસ વાગે ઈર્લા ઉપાશ્રયના બીજા માળે ગચ્છાધિપતિ પાટ ઉપર બિરાજમાન હતા. પૂ. ગુરુદેવ આવી રહ્યા છે. (નવકારશી થઈ જવાના કારણે દવા શરીરમાં જવાના લીધે પુનઃ રક્ત ભ્રમણ નોર્મલ હતું.)

સીધા જયઘોષસૂરિ મ.સા.ના ખોળામાં માંથુ મૂકીને જોરજોરથી રડવા લાગે છે. ઉભેલા સાધુઓ સ્તબ્ધ થઈ જાય છે. સાધુઓને રવાના કરી દેવાય છે ગચ્છાધિપતિ માંથે હાથફેરવી આશ્વાસન આપે છે હૃદયથી અનુમોદના કરે છે.

પૂ. ગુરુદેવ રડતા રડતા ગચ્છાધિપતિને કહે છે. ''ગુરુદેવ ! મને બચાવો મારા કષાયોએ મને બરબાદ કર્યો છે. મારે શુદ્ધ આલોચના લેવી છે મને બચાવો'' ખુબ વ્હાલથી આશ્વસન આપતા પૂ. ગચ્છાધિપતિ કહે છે તમારો વિશુદ્ધ એકરાર ભાવ જ તમારું પ્રાયશ્ચિત છે. વળી તમે વિશિષ્ટ પુણ્યવાન છો. તમારા હાથે અનેક પ્રભાવક શાસન રક્ષાના કર્યો થયા છે.'' આ રીતના ભાવ સભર શબ્દો દ્વારા પૂ. ગચ્છાધિપતિ પૂ. ગુરુદેવને શાન્ત કરે છે. દવાના કારણે પૂ. ગુરુદેવ ખુબ સ્વસ્થ હતા બપોરે વાચના પણ આપી.ખુબ પ્રસન્નતાથી દિવસ પસાર થાય છે.

બીજે દિવસે મૌન એકાદશીની આરાધના કરી. પૂ. ગુરુદેવ ગચ્છાધિપતિને વંદન કરી ત્યાં જ બેય મહાપુરુષો સાથે ગોચરી વાપરે છે. ત્યારે વાર્તાલાપ ચાલે છે. બેય મહાપુરુષો વચ્ચે કેવલ સમર્પણ અને અધિકારનો સંબન્ધ ન હતો. બલ્કે બેય વચ્ચે ખુબ ગહન મૈત્રી હતી. તેથી પરસ્પર હળવી ગંભીર વાતોની આપ લે ચાલતી હતી. તેમાં ઇન્દ્રજિત વિજય વંદન કરવા પહોંચે છે. બેયની ચાલતી વાતોમાં પૂ. ગુરુદેવ ઇન્દ્રજિત વિજયને જોઈને કહે છે મારે આને આચાર્ય પદવી આપવી છે. ત્યારે ઇન્દ્રજિત વિજય કહે છે. ''ગુરુદેવ, મને નહી ચન્દ્રજિત મહારાજને તૃતીયપદ આપવાનું કહે છે.'' ત્યારે પૂ. ગુરુદેવ નામ સુધારીને પૂજ્ય ગચ્છાધિપતિને વાત કરે છે.

# ૭૧ . કર્મભૂમિ અમદાવાદમાં આગમન ...

પૂ. ગુરુદેવશ્રીને મુંબઈનું ભેજવાળુ વાતાવરણ પ્રતિકૂળ હતું. તેથી મુંબઈ છોડી વિહાર શરૂ થાય છે. અને અમદાવાદ લાવવામાં આવે છે.

પૂ. ગુરુદેવને અમદાવાદમાં ચેક અપ માટે સીધા સ્ટર્લિંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ડૉ. સુધીર શાહ ડૉક્ટર તરીકે ઉપચાર કરવાને બદલે પૂ. ગુરુદેવના પરમભક્ત તરીકે આ સેવા હોંશે હોંશે કરતા હતા. ત્યારબાદ પૂ. ગુરુદેવ તપોવનમાં સ્થાયી થઈ ગયા. તપોવનમાં ઉપચારો ચાલતા હતા. મુનિ ધર્મભૂષણવિજય તથા મુનિશીલરક્ષિતવિજય પૂ. ગુરુદેવની તમામ સેવા પૂર્ણ ઉલ્લાસથી કરતા હતા. છતાં પૂ. ગુરુદેવને જેઓ નખશીશ જાણતા હતા તે ઈન્દ્રજિતવિજયની ખોટ દેખાતી હતી. ઈન્દ્રજિતવિજય મુંબઈ હતા ગચ્છાધિપતિની ભલામણથી મારતા વિહારે મુંબઈથી અમદાવાદ પહોંચે છે. આ ત્રણેય મહાત્માઓનો સેવાયજ્ઞ જોરમાં ચાલે છે. આ ઉપરાંત ઉપસ્થિત અન્ય મહાત્માઓ પણ પૂ. ગુરુદેવની તીર્થંકર તુલ્ય સેવા કરે છે.

ધીરે ધીરે ગુરુદેવ મૌન થવા લાગ્યા શબ્દને સહારે ભાવ પ્રગટ કરવા પડે તે પણ ગુલામી છે. અને જાણે શબ્દ છોડી માત્ર "પોતાનું અસ્તિત્વ જ ભાવ પ્રગટ કરે તેવું જીવંત ચૈતન્ય પૂ. ગુરુદેવ મેળવતા જાય છે. માત્ર તેમના દર્શનથી હૃદય તૃપ્ત થઈ જાય, તેવી અનુભૂતિ દર્શાનાર્થીઓ ને મળતી હતી.

સન. ૨૦૧૦ની સાલનું ચાતુર્માસ અમદાવાદ તપોવનમાં પસાર કર્યું. શારીરિક ક્ષમતા ક્ષીણ થવા લાગી. છતાંય પ્રભુભક્તિમાં તે જ મસ્તીમાં આવી જતા હતા. અલ્પેશને સાંભળતા સાંભળતા પૂ. ગુરુદેવ આ નાજુક સ્થિતિમાં પણ ભાવવાહી હાથની મુદ્રાઓ કરીને પોતાની અનુભૂતિ અભિવ્યક્ત કરતા.

તપોવનમાં પ્રસન્નતા સમાધિ અને મૌન સાથેના દિવસો પસાર કરતા હતા. પૂ. ગુરુદેવ મુક્ત સાધુતામાં રત હતા. તેઓ એવા ઉદાસીન ભાવમાં જાણે હતા કે "ન તે તપોવનને જાણતા હતા. ન

તેઓ પોતાના જાજરમાન ભૂતકાળની સ્મૃતિમાં હતા. ન તેમને અહં હતો કે હું ૯૩ શિષ્યોનો ગુરૂ છું. પૂ. ગુરુદેવ શ્રી માત્રને માત્ર વર્તમાનમાં જ હતા.'' છતાં પરમાત્મા ભક્તિના સંવેદનો તેમના હાવભાવમાં વારંવાર દેખાતા હતા. જીવાત્મા અને પરમાત્મા ગુરુદેવના જીવનમાં સતત વણાયેલા હતા. એકવાર સુરતનો સંગીતકાર નિકેશ સંઘવી આવેલો નિકેશ પણ ભાવ વિભોર થઈને ગીતો સંભળાવે છે. તેમાં નિકેશે પાપ-પ્રાયશ્ચિત્તનો કેવો અજબ ચકરવો ગીત લલકાર્યું. સાંભળતા-સાંભળતા ગુરુદેવ જે ભાવો પ્રગટ કરતા હતા. તે જોતા એમ ન જ કહી શકાય કે ચંદ્રશેખર મહારાજને વિસ્મરણ છે. પૂ. ગુરુદેવ નિકેશના શબ્દ-શબ્દનો હાવભાવથી પ્રતિભાવ આપતા હતા. આ ગુરુદેવ માત્ર વર્તમાનમાં જ રહેતા હતા.

શું સમગ્ર ભૂતકાળ ખરી જવો તે જ સાધના ગણાતી હશે ? વર્તમાનની રાગમુક્ત- દોષમુક્ત સ્થિતિ તે જ વિરક્તિની અનુભૂતિ ધારા બને છે. આ ધારામાં સમય પસાર કરે છે.

પૂ. ગુરુદેવની નિશ્રામાં તા. ૧૩-૧૪ જાન્યુ. ૨૦૧૧નું યુવા મિલન નક્કી થયું. આ મિલન પૂર્વના મિલનો કે શિબિરોથી સાવ અનોખું હતું. ભૂતકાળના મિલનો કે શિબિરોમાં પૂ. ગુરુદેવ શ્રી સાથે શ્રવણ મિલન રચાતું હતું. હવે આ મિલન કેવલ દર્શન મિલન રચાશે. અને ગામે ગામથી પૂ. ગુરુદેવશ્રીના દર્શન મિલનમાં ભાગ લેવા યુવાનો આવ્યા. મેં તે નોંધ્યુ છે કે ''ગુરુદેવ મૌન થયા પણ હજુય ગુરુદેવનું પુણ્ય બોલતું જ હતું. માત્ર હાજરી જ હલાવી દે તેવા પુણ્યના સ્વામી ગુરુદેવ છે. તેવી સમજ અમને બહુ છેલ્લે આવી.''

આ મિલનમાં મારા જેવા અનેક શિષ્યોના પ્રવચનો થતા હતા પણ એકવાત જણાવી દઉં અમારા શબ્દોની નોંધ ક્ષણિક હતી. પૂ. ગુરુદેવની હાજરીની નોંધ ચિરંજીવ રહી હતી.

આ છેલ્લું યુવા મિલન હતું.

ત્યારબાદ પૂ. ગુરુદેવના વરદ હસ્તે રજોહરણ મેળવવાનું છેલ્લુ સદ્‌ભાગ્ય ત્રણ મુમુક્ષુઓને મળ્યું.

સન ૨૦૧૧ના માર્ચ મહિનામાં સ્વાસ્થ્ય વધુ નાજુક થયું હોસ્પિટલમાં એડમીટ કરવા પડે તેવી નાજુક સ્થિતિ ઊભી થઈ, પૂ. ગુરુદેવને સ્ટર્લિંગ હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યા. ઉપચારો ચાલુ હતા. વેદનાનો અનુભવ કેવો હશે તે અનુમાન અમે કરી શકતા ન હતા, એટલે હું એમ કહીશ કે શરીરની પીડાને એવું પ્રાધાન્ય તેઓએ આપ્યું ન હતું. માત્ર આત્મ રમણતામાં મસ્ત હતા.

વિ. સંવત ૨૦૪૭ના દિવસે ''એ યુવાન ઉઠ, ઊભો થા'' પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓશ્રીએ લખ્યું હતું કે ''મારી જીવનની મીણબત્તી બે બાજુથી સળગી રહી છે.આંતરિક આત્મ સાધનાની શૂન્યતાની પીડા મને એકબાજુથી બાળી રહી છે. તો જગતમાં વધતી જીવો પ્રત્યેની અસમાનતા-વિષમતાની વેદના મને સદૈવ પીડા આપે છે. આ જીવનની મીણબત્તી સળગતી રહે તે સ્થિતિમાં દીર્ઘાયુની મારે જિજીવિષા છોડવી જોઈએ અને 'ભાવહરિ' પરમાત્મા ભાવની અનુભૂતિમાં મારે લાગી જવું જોઈએ.''

આ હતી તેમની ૨૫-વર્ષ જુની ભાવના જે આજે તેમના જીવનની પળોમાં સાક્ષાત્ થતી જણાતી હતી.


# શ્રમણના ચરણે ગુજરાતનો નાથ



ગુજરાતના ભૂતપૂર્વ અને હાલ ભારતના વડાપ્રધાન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પૂ. ગુરુદેવ સાથે ખુબ ઘનિષ્ઠ સંબંધ હતો, અને વર્ષો જુનો હતો. R.S.S. ગુજરાત પ્રસ્તર (વિભાગ)ના મુખ્ય પ્રચારકની જવાબદારી નરેન્દ્રભાઈના માથે હતી ત્યારથી તેઓ ગુરુદેવના પરિચયમાં હતા. જ્યારે ગુજરાત વિધાનસભાની પેટાચુંટણી હતી. તે વખતે વિધાનસભામાં ભાજપની બે-ચાર સીટ માંડ હશે તે સમયે એલિસબ્રીજ વિસ્તારની પેટા ચૂંટણીના મુખ્ય સંચાલક તરીકે પાર્ટીએ નરેન્દ્રભાઈને નિયુક્ત કર્યા. તે સમયે નરેન્દ્રભાઈ અને વિધાનસભાની ચૂટણી લડનાર હરેન પંડ્યા પૂ. ગુરુદેવ પાસે કલાકો સુધી બેસતા હતા. ટૂંકમાં જૈન સાધુઓમાં નરેન્દ્રભાઈનો સંબંધ પૂ. ગુરુદેવ સાથે ખુબ ઘનિષ્ઠ હતો હા, આ સંબંધના કડવા મીઠા બેય અનુભવો બંનેય મહાનુભાવોને હતા.

નરેન્દ્રભાઈને પૂ. ગુરુદેવના નાદુરસ્ત સ્વાસ્થ્યના સમાચાર મળ્યા અને નરેન્દ્રભાઈ તે સમયે અમદાવાદ IIM ખાતે કોઈ પ્રસંગે આવતા હતા. તેથી તેમણે પોતાના અંગત સચિવને કહ્યું ''આપણે રસ્તામાં સ્ટર્લિંગ હૉસ્પિટલમાં જઈશું. ત્યાં જૈન મહારાજ ચંદ્રશેખર મહારાજ બિરાજમાન છે તેમના ખબર પુછવા છે. સચિવે હૉસ્પિટલમાં જાણ કરી. હૉસ્પિટલનું આખું મેનેજમેન્ટ કામે લાગી ગયું. અને પૂ. ગુરુદેવશ્રી પાસે દશ મિનિટ ગુજરાતના મુખ્યમંત્રી રોકાયા હતા., આ હતી ગુરુદેવની તાકાત, નિમંત્રણ વિના સમર્પિત થઈ જાય તેવા મહાપુણ્યના ચમકારા હૉસ્પિટલની શય્યા ઉપર જોવા મલ્યા હતા'' તે વખતે નરેન્દ્રભાઈએ પૂ. ગુરુદેવને કહ્યું કે **''આપના પુસ્તકો ખુબ વાંચ્યા છે તે પુસ્તકોએ મને દિશા બતાવી છે.''**

સ્વાસ્થ્યમાં સુધારાના ચાન્સ દેખાતા ન હતા તો સ્વાસ્થ્ય વિશેષ નાજુક પણ ન હતું માટે આંબાવાડીના ઉપાશ્રયમાં પૂ. ગુરુદેવને સ્થાયી કરી દેવાયા. પૂ. ગુરુદેવ માત્ર સ્વ મસ્તીમાં મસ્ત છે. અને કર્મની શક્તિનો પરિચય કરતા જાય છે. દિવસો પસાર થતા જાય છે. કર્મ શક્તિ અસમાધિના નિમિત્તો ઉપર નિમિત્તો મૂકતી જાય છે. સામે ગુરુદેવ પોતાની ચૈતન્ય શક્તિથી કર્મોને હંફાવી રહ્યા છે. પૂર્ણ સમાધિભાવ સાથે કર્મશક્તિનો મુકાબલો કરી રહ્યા હતા.



* ગુજરાતના નાથ - જિન શાસનના સૈનિકના ચરણે
મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ પૂ. ગુરુદેવશ્રીને સુખશાતા પુછે છે.

# સમાધિલીન ગુરુદેવની સેવામાં શિષ્યો

૭૩

ચન્દ્રશેખર મહારાજ આંબાવાડીમાં બિરાજમાન છે. આવા સમાચાર અમદાવાદના શ્રમણોને મલ્યા અને ધુરન્ધર મહાત્માઓ અજાતશત્રુ જેવા ગુરુદેવને સુખશાતા પુછવા આવતા હતા. સર્વ પક્ષના સર્વ સમુદાયના મહાત્માઓ આવતા હતા.

વિ.સં. ૨૦૬૭નાં ચાતુર્માસમાં પણ પૂ. ગુરુદેવને આંબાવાડીમાં જ સ્થાયી કરવા તેવો નિર્ણય સાથેના શિષ્યોએ લીધો.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અંતિમપળ સુધી સમાધિ અને સ્વસ્થતા જળવાઈ રહે તે માટે પૂજ્યપાદશ્રીની સેવામાં મનમૂકીને તત્પર બનનાર ૧૫ શિષ્યો હતા જેમાં પંન્યાસ ઈન્દ્રજિત વિજય જેઓ ૪૦ વર્ષથી પૂ. ગુરુદેવના આરોગ્યની ઝીણામાં ઝીણી બાબતથી વાકેફ હતા. બીજા હતા ધર્મભૂષણ વિજય પછી શીલરક્ષિત વિજય આદિ હતા. તો ગ્રહસ્થોમાં મુંબઈ ખાતે નાદુરસ્ત તબિયતના સમયે પૂ. ગુરુદેવને જ્યારે જ્યારે હોસ્પીટલમાં દાખલ કરાયા ત્યારે યોગેશ દિવસ રાત સાથેને સાથે રહેતો હતો.

એકવાર પૂ. ગુરુદેવ શાન્તી મેળવવા ગોવાલીયા ટેન્કના ઉપાશ્રયમાં પધાર્યા હતા. બે દિવસ ઉપાશ્રયના રોકાણને થયા હશે. ત્યાં જ સામે તેજપાલ હોલમાં કો'ક લગ્ન પ્રસંગ ચાલતો હતો તેનો અવાજ શરૂ થયો. અવાજના લીધે પૂ. ગુરુદેવ અસ્વસ્થ થઈ ગયા. આમેય પૂ. ગુરુદેવનું સ્વાસ્થ્ય તે જ અરસામાં ખુબ નાજુક થઈ ચુક્યું હતું. માટે તેઓ થોડો પણ અવાજ સહી શકતા ન હતા.

યોગેશે વિનંતી કરી મારુ ઘર ખાલી જ છે આપ પધારો આપને શાતા રહેશે બાજુમાં ઉપાશ્રય હોય ને ગુરુદેવ શ્રાવકના ઘરે જાય જ નહિ છતાં સતત સેવા કરનાર યોગેશને જાણે કે વળતર આપવું હોય તેમ તેના નવાઘરમાં પગલા નહી પણ સાત દિવસ રોકાઈ જાય છે. ગુરુદેવે અગાઉ યોગેશના ત્રીજા માળે નાના ઘરમાં પગલા કર્યા. ત્યારે યોગેશ અશ્રુભિની આંખે બોલ્યો આજે સુદામાને ઘરે કૃષ્ણ પધાર્યા. ગુરુદેવ કહે છે કૃષ્ણ પણ પોતાના સુદામાની સ્થિતિ જોવા ક્યારેક રૂબરૂ આવી જાય છે.

યોગેશ અને ગુરુદેવના સંબંધો વિશિષ્ટ હતાં.

મુંબઈથી પૂ. ગુરુદેવશ્રીને અમદાવાદ લાવવામાં આવ્યા તો અમદાવાદમાં ગુરુદેવશ્રીની સેવામાં શ્રી લલિતભાઈ ધામી હતા. જેઓ છેલ્લા ૪૦ વર્ષથી પૂ.ગુરુદેવના જીવનના સાક્ષી બનીને રહ્યા હતા. તેમણે અનન્ય ભાવે ગુરુસેવાનો લાભ લીધો.

તો બીજા અનન્ય ગુરુભક્ત શ્રી અમીતભાઈ હતા જે સુશ્રાવિકા અનિલાબહેન અને અરવિન્દભાઈના સુપુત્ર છે. પૂ. ગુરુદેવ સાથે લગભગ ૫૦ વર્ષથી જોડાયેલા હતા. છેલ્લા વર્ષમાં જ્યારે જ્યારે પૂ. ગુરુદેવને હોસ્પીટલમાં એડમીટ કરવામાં આવ્યા ત્યારે અમીતભાઈ દિન-રાત ત્યાં જ રહેતા હતા. પૂ. ગુરુદેવના આરોગ્ય સંબંધિત નાનામાં નાની માહિતી તેઓ રાખતા હતા. તેમની સાથે અજયભાઇ, પ્રકાશભાઇ, રાજુભાઇ આદિ ખડે પગે હાજર હતા.

ભૂતપૂર્વ તપોવની તેજસ, નિવાર્ણ, ચિંતન આદિ યુવાનો સતત કાળજી રાખતા હતા. છતાં જે નિશ્ચિત ભવિતવ્ય હતું તે થયું.

***યોગેશની સોસાયટીમાં પ્લંબરીંગનું કામ શરૂ થયું પાછો અવાજ શરૂ થતાં. યોગેશને ડર લાગે છે કે "આ મળેલો દુર્લભ લાભ ઝુંટવાઈ તો નહીં જાયને ?" રોજની મજુરી કેટલી મળે છે. ? મજુરે જવાબ આપ્યો રૂા. ૪૦૦ અને યોગેશ તે મજુરને કહે છે દોસ્ત ! એક નમ્ર ભલામણ છે. આ કામ હાલ રોકી દે વળી યોગેશ તે મજુરને કહે છે. હું તને કામ નહી કરવાના રૂા. ૭૦૦ રોજ આપીશ. યોગેશે આ રીતે પૂ. ગુરુદેવને શાન્તી સમાધિ આપવા દ્વારા સેવા કરી હતી.***

# અન્તિમશ્વાસ-અનંત વિશ્વાસ

૭૪

खंडहेर से पता लगता है, इमारत बुलंद होगी

૮-૮-૨૦૧૧નો દિવસ હતો. વિ.સં. ૨૦૬૭ શ્રા.સુ.-૧૦ હતી. સહુના મનમાં અણગમાની વાસ આવ્યા કરતી હતી. હાજર શિષ્યોને શ્રા.સુ.૯ સુધી જે નિશ્ચિન્તતા હતી. તે આજની સવારે ન હતી જાણે કે ''મૌન સમય પોતાની બાજી ખોલી રહ્યો હોય તેવું સંવેદન થયા કરતું હતું.'' કહેવાનું મન થાય છે. કે'' આગાહી શબ્દોમાં નહી, વાતાવરણમાં હોય છે.'' આજનું વાતાવરણ સવારથી ગમગીન લાગતું હતું. શ્રાવણ સુદ-૧૦ના સવારે પૂ. ગુરુદેવશ્રીએ દર્શન ચૈત્યવંદન આદિ કરી લીધા. નવકારશીનું પચ્ચક્ખાણ પણ પારી લીધું. જિન્દગી ભર જેમનો લગાવ નિર્દોષ ગોચરી માટે જ હતો. તે ગુરુદેવને જિન્દગીના છેલ્લા દિવસે પણ છેલ્લી ગોચરી નિર્દોષ મળી.

સવારની નવકારશી થઈ ગઈ. આંબાવાડી ઉપાશ્રયની રૂમમાં સહુશિષ્યો ટોળે વળીને બેઠા છે. નવકારની ધુન ચાલે છે. કારણકે આજ સવારથી પૂ. ગુરુદેવશ્રી સ્વસ્થ ન હતા. જો કે બિમારી દરમ્યાન આવું વારંવાર બનતું હતું. જ્યારે આવી નાજુક સ્થિતિ ઊભી થાય ત્યારે શિષ્યો નવકારની ધૂન ચાલુ કરી દેતા.

પૂ. ગુરુદેવશ્રીને ખુબ પસંદ ત્રણ શબ્દો ખામેમિ (સવ્વજીવે), મિચ્છામી (દુક્કડમ્) વંદામિ (जीणे चउवीसं) ની ધૂન ચાલતી હતી.

સંથારાં ઉપર સૂતેલા પૂ. ગુરુદેવ ધ્યાનમગ્ન આંખોથી માત્ર શ્રવણમાં તલ્લીન હોય તેવી પ્રતિતી સહુ શિષ્યોને થતી હતી. વાતાવરણ પરમ સમાધિ મય હતું. સહુ ગુરુદેવની સમાધિસ્થ અવસ્થાને નીહાળી રહ્યા હતા. ત્યારે ચાતુર્માસ ચાલુ થયાને લગભગ ૨૫ દિવસ પુરા થયા હતા. અમદાવાદમાં કે ગુજરાતમાં હજુ વરસાદના કોઈ વાવડ ન હતા મુખ્યમંત્રીથી માંડી ખેડૂત સુધીના તમામ માનવો ચિંતિત હતા. વરસાદની સહુ ટાંપીને રાહ જોતા હતા. જાણે કે ચન્દ્રશેખર મહારાજના નાદુરસ્ત સ્વાસ્થ્યથી કુદરત પણ નારાજ હતી. છેલ્લા બે મહિનાથી શરીર સાથેનો સંબંધ કેવલ આયુષ્ય કર્મના કારણે જ જોડાયેલો હતો. તેવું સ્પષ્ટ જણાતુ હતું. ભોજન આદિ બધું જ અલ્પ હતું. છતાં શ્વાસ ચાલુ હતો.

ડૉ. સુધીરભાઈ, ડૉ. કીર્તિભાઈ, ડૉ. હિમાંશુભાઈ પૂર્ણ આશા સાથે ઉપચારો કરતા હતા. તેઓ પણ હકીકત જાણતા હતા કે "હવે ઘોસલો છોડવા માટે પંખીનો તરફડાટ વધવા લાગ્યો છે."

સમય પસાર થતો જાય છે. ભક્તો-શિષ્યો સહુ અસ્વસ્થ છે. અને બારના ટકોરે પૂ. ગુરુદેવના સ્વાસ્થ્યએ કરવટ બદલી, એકાએક આંખ ફરવા લાગી, શ્વાસ રૂંધાવા લાગે છે. તુરંત ડૉક્ટરોને ફોન થાય છે અને ડૉક્ટરો તુરત આવે છે. તમામ ઉપચારો ચાલુ છે. પણ નિયતિએ આજે શરીર મુક્ત આત્મ તત્ત્વના ઉડ્ડયનનો પ્લાનં ઘડી લીધો હતો. ૧૨-૪૦ મિનિટે ચન્દ્રશેખર મહારાજે નશ્વર દેહના માલિક મટી, સ્થિર આત્મતત્ત્વ સાથે સ્થાનાન્તરની પ્રક્રિયાનો આરંભ કરી દીધો હતો ગુરુદેવે નવકાર મંત્રની ધુન સાંભળતા વિદાય લીધી. ડૉક્ટરોએ અશ્રુ સાથે દુઃખદ સમાચાર જાહેર કર્યા. જો કે પોતાના અન્તિમ સમયની જાણ પૂ. ગુરુદેવે ૨૭ વર્ષે પૂર્વે સ્વહસ્તે લખેલા વિશ્વશાન્તીના મૂલાધાર પુસ્તકમાં કરી જ હતી.

શરીર અને આત્માના ભેદની પ્રક્રિયાના દૃષ્ટા તરીકે પૂ. ગુરુદેવશ્રીના સાથે રહેલ શિષ્યો, સંસારી બહેન માતૃ હૃદયા સા.શ્રી. મહાનંદાશ્રી તથા બહેન નીરુબહેન, શ્રાવકોમાં અમીતભાઇ આદિ અનેક હતા.

આ ગેરહાજરી, હાજરી કેટલી તાકાતવર હતી, તેનો અનુભવ કરાવતી હતી. નિષ્ક્રિય પણ ગુરુદેવ અને તેમનો દેહ અમારા માટે જીવંત તીર્થ હતું. અમે સહુ આ હાજરીના તાંતણે તેમની સાથે જોડાયેલા હતા. આ વિદાયે હવે હાજરીના સ્થુલ ભાવોથી મુક્ત કરી અમને તેમની સાથે ગાળેલી પળોની અનુભૂતિના સૂક્ષ્મ પ્રદેશમાં પ્રવેશ કરવાની ફરજ પાડી છે. ગઈકાલ સુધી જે ખોળામાં માંથુ મૂકી નિરાંત મળતી હતી તે ખોળાની માત્ર અનુભૂતિ કે સ્મૃતિને જ વાગોળવાની રહી.

પૂ. ગુરુદેવના કાળધર્મના સમાચાર મિનિટોમાં સમગ્ર અમદાવાદમાં ફેલાઈ ગયા. અરે ! સમગ્ર વિશ્વમાં વહેતા થયા, આંબાવાડીનો એરિયા ઉપાશ્રયનો રોડ. નેહરુનગરના મુખ્ય રાજમાર્ગો માનવ

મહાસાગરથી ઉભરાવા લાગ્યા. કેવલ અડધા કલાકના સમયમાં કાર્યકરોએ ગોઠવેલી વ્યવસ્થા, આસ્થાના ઘોડાપુર સામે વિખેરાવા લાગી અને સરકારનું પોલીસતંત્ર કામે લાગ્યું. અમદાવાદે ઘણાં કાલધર્મો જોયા. ઘણાં નેતાઓની વિદાય જોઈ પણ આ વિદાયમાં સ્વયં અમદાવાદના શ્વાસ રુંધાતા હોય, તેવો અહેસાસ થયો. ૨૫-૩૦ દિવસથી જે વરસાદની રાહ જોવાતી હતી તે વરસાદ શરુ થયો. મહાપુરુષોનું આગમન આનંદ પ્રદ હોય. પણ આજે તો મહાપુરુષની વિદાય પણ જગતના જીવોની શાતામાં નિમિત્ત બની.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈને પૂ. ગુરુદેવના કાળધર્મના સમાચાર મલતા જ પૂ. ગુરુદેવશ્રીના પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ અપર્ણ કરવા તેઓ દોડી આવ્યા. નરેન્દ્રભાઈ બોલ્યા "ઘણાં વર્ષો જુનો અમારો સંબંધ આજે તૂટ્યો" શ્રાવણ સુદ-૧૧ ના દિવસે ગુજરાતમાં તમામ કતલખાતા બંધ રાખવાની જાહેરાત કરી. નરેન્દ્રભાઈ બોલ્યા હતા પૂ. ચન્દ્રશેખર મહારાજ અહિંસાના પૂજારી હતા મારું ચાલે તો દેશના કતલખાના બંધ કરાવડાવું પણ તે શક્ય નથી. માટે તેમના માનમાં આપણે એક દિવસ ગુજરાતને અહિંસક બનાવશું. નરેન્દ્રભાઈની વિદાય બાદ અમદાવાદના માનવો પોતાના સ્વજનની વિદાય જેવા આઘાતથી પ્રભાવિત હતા.

કહેવાનું મન થાય પૂ. ગુરુદેવે અંતિમ શ્વાસ ધરતી ઉપર મૂક્યો, તો સામે પૂ.ગુરુદેવ માટેનો અનંત વિશ્વાસ જન-જનની આંખમાં ડોકાવા લાગ્યો. ગુરુદેવ વ્યક્તિ તરીકે વિલીન થયા. પણ માનવ મહેરામણનો ઘસારો જોતા એવો અહેસાસ જરૂર થાય, કે હવે તેઓ લોકોના ઘટ-ઘટમાં વિશ્વાસરૂપે જન્મી ચૂક્યા છે. એક ચન્દ્રશેખર મહારાજ લાખો રૂપે વિશ્વાસ બની પ્રગટ્યા, આ કાળધર્મ કે આ આસ્થાધર્મ છે.? તે સમજાતું ન હતું. ગુરુદેવ દેહ મુક્ત થયા તેનો આઘાત હતો. તો ગુરુદેવ આસ્થા રૂપે જે જીવંત બનતા દેખાયા તે જોતા આનંદ પણ થાય. સદીના ઇતિહાસમાં આટલી જાજરમાન કે ભાવ સભર વિદાય કોઈ જૈનાચાર્ય સુદ્ધાને કદાચ નથી મળી.



* પંખી વિનાનો માળો... વિદાયની વેદના... ફરજની સંવેદના.

# દેખો દેખો કૌન આયા, જિન શાસન કા શેર આયા ...

૭૫

રાતના બાર-બે વાગ્યા સુધી અમદાવાદના માનવોની ભીડ હતી તો ત્યારબાદ બહાર ગામના ભક્તોની ભીડ શરુ થઈ પોલીસ તંત્ર ચોંકી જાય છે.

શ્રાવણ સુદ-૧૧ના સવારે ૮-૪૫ કલાકે : પાલખી સંબંધિત ચઢાવા શરૂ થાય છે. લગભગ ૯-30 કલાકે : પૂજ્યપાદશ્રીના પાર્થિવ દેહને પાલખીમાં બિરાજમાન કરાય છે. ઉપસ્થિત તમામ શિષ્યો તીવ્ર આઘાતમાં હતા. વાસ્તવિક ગુરુદેવના અસ્તિત્વને હવે અનુભૂતિના ક્ષેત્રમાં ગોઠવવું કેટલું કઠણ હોય છે તે તે સમયે સમજાયું.

પાલખી યાત્રા લગભગ ૨૫ કિ.મી. લાંબી હતી. હજારો લોકો યાત્રામાં જોડાયા. જેમાં યુવાનો વિપુલ માત્રામાં હતા.

શ્રાવક જગત્‌ની દિગ્ગજ વિભૂતિ શ્રાદ્ધવર્ય કુમારપાલ વી. શાહ સમગ્ર પાલખી યાત્રામાં પગપાળા જોડાયા. કલ્પેશ વી. શાહ જેમનું ટૂંક સમય પહેલા જ ઑપરેશન થયું હતું. તેઓને શ્રમની સખ્ત મનાઈ છતાં પંકજના ઉપાશ્રયે આવ્યા. અને પૂ. ગુરુ દેવના પાર્થિવ દેહના દર્શન કર્યા.

રૂદન અને વેદના સાથે પાલખી યાત્રા અમદાવાદના રાજમાર્ગો ઉપરથી પસાર થતી હતી લગભગ દસ લાખ લોકોએ પાલખીના દર્શન કર્યા હશે. પાલખીના સમગ્ર રૂટ ઉપર રોડની બંને સાઈડ ચિક્કાર માનવમેદની ઉભી હતી. અને પાલખી

અને પાલખી યાત્રાના આરંભથી જ વરસાદ શરૂ થઈ ચૂક્યો હતો. લોકો ભીંજાતા ભીંજાતા ભાવોના મહાસાગરને દર્શાવતા રહ્યા. નારાઓ ચાલતા હતા **"દેખો દેખો કોન આયા જિનશાસન કા શેર આયા"**

ચન્દ્રશેખર મહારાજ શું હતા તેની સંઘને ત્યારે સમજ પડી કે જ્યારે તેઓ ન હતા. કેવી વિષમ વાસ્તવિકતા છે ?

અને તમામ વર્તમાન પત્રો દુરદર્શન આ સમાચારને રાષ્ટ્રના સમાચાર જેવું સ્થાન અપાયું પાલખી દ્વારા યાત્રામાં હિન્દુ સન્યાસીઓ પણ ઉપસ્થિત હતા. પાલખી યાત્રાની સમગ્ર જવાબદારી મુખ્યમંત્રી એ રાજ્યના ગૃહમંત્રીને સોંપી હતી.

અગ્નિદાહ તપોવન સંસ્કાર પીઠ અમીયાપુરમાં આપવાનું નક્કી થયું હતું. તેથી આ યાત્રાને બપોરે ૩.૦૦ કલાકે તપોવન વિરામ આપવાની હતી તે સાંજના ૬.૦૦ કલાકે તપોવન માંડ માંડ પહોંચે છે. ૫.૪૫ અગ્નિદાહના ચઢાવા શરૂ થાય છે.

બારડોલીના બે નરબંકા ગુરુભક્ત યુવાનો જેમનું નામ સંદીપ અને મહાવીર હતું. તેમણે અગ્નિદાહનો લાભ **૫ કરોડ ૫૫ લાખ ૫૫ હજાર ૫૫૫ માં લીધો.**

આટલી મોટી બોલી અગ્નિદાહની સૌપ્રથમ વાર થઈ. અગ્નિદાહ સંબંધી તમામ ચઢાવાની રાશિ લગભગ અગિયાર કરોડ આસપાસ થાય છે.

સાંજના સુર્યાસ્ત સમયના વીસ મિનિટ પહેલા જ અગ્નિદાહ અપાયો ચન્દ્રશેખર મહારાજનો પાર્થિવ દેહ પંચભૂતમાં વિલીન થયો.

આ દેહ એવો માધ્યમ હતો કે

- જેના દ્વારા સદી સુધી યાદ રહી જાય તેવું વિરાટ જીવન જગત્ ને મલ્યું,
- આ તે દેહ હતો જે દેહના સાન્નિધ્યથી હજારો યુવાનો ધર્મ સન્મુખ બન્યા.
- આ તે દેહ હતો જેની શરણાગતિ દ્વારા અનેક આત્માઓએ ચારિત્રજીવનનું ઉચ્ચ આચરણ હાથવગુ કર્યુ.

- આ તે દેહ છે જેના દ્વારા ચાર દાયકા સમગ્ર જિનશાસનની સુરક્ષા થઈ છે. આ દેહના અણુઓના માધ્યમે વિરાટ-વિશુદ્ધ પુણ્યના અણુઓએ જગત્‌ને સન્માર્ગ બતાવ્યો છે.
- આ તે દેહ હતો જે દેહના અણું-અણુંમાં જિનશાસન-પ્રભુ મહાવીર દેવ સતત ગુંજતા રહ્યા હતા.
- આ તે દેહ હતો. જેના દર્શનમાં તીર્થદર્શન જેવો ભાવ ઉછળતો હતો.
- આ દેહના માધ્યમથી ચન્દ્રશેખર મહારાજ વિશ્વવ્યાપક બન્યા,
- ગરીબોના આશ્વાસક બન્યા.
- અબોલ જીવોના રક્ષક બન્યા.
- યુવાનોના ઉદ્ધારક બન્યા.
- શાસન પ્રભાવક બન્યા.
- તે દેહ નશ્વર હતો. તેણે તેની સચ્ચાઈને પ્રગટ કરી. લગભગ રાતના બે થી અઢીની વચ્ચે સમગ્ર દેહનું વિલીન કરણ થઈ ચૂક્યું હતું.

જીવન ઈતિહાસ બની ગયું. વ્યક્તિનું રૂપ શ્રદ્ધા બનીને વહેંચાઈ ગયું. ચન્દ્રશેખર મહારાજ વ્યક્તિરૂપે મૃત થયા, પણ જીવનરૂપે અમર થઈ ગયા.

વંદન તે જીવનને જેના દ્વારા અનેકોને જીવન મલ્યા એક નાનકડું જીવન કેટલા બધા જીવનોનું અજવાળું બની ગયું..

# ૭૬ આશિષની R & D ચંદ્રશેખર મહારાજ

પુરુષાર્થ પુણ્ય અને સાધનોના પ્રભાવમાં રાચનારા જગત્‌માં આશિષ, અનુગ્રહ અને પ્રાર્થનામાં કોણ માને ? છતાં ય અનાદિ કાળથી માનવ જગત્‌માં આશિષની બોલબાલા છે.

ચન્દ્રશેખર મહારાજના જીવનમાં જુદા જુદા સમયે જુદી જુદી વ્યક્તિઓના આશિષો ઊતર્યા અને તે આશિષ કેવી રીતે ફળ્યા તેના કેટલાક નમુના જોઈએ.

એમ કહેવાનું મન થાય કે ચન્દ્રશેખર મહારાજનું જીવન આશિષ નામની Remedy માટે R & D જેવું હતું. (સંશોધન કરો અને વિકાસ કરો) આશિષ સ્વયં દૈવી શક્તિ જૈવા ચમત્કારો સર્જે છે. તે તેમના જીવન દ્વારા સ્પષ્ટ જણાય છે.

આશિષ શ્રદ્ધાના પ્લેટફોર્મ ઉપર જ કામ કરે છે. અને તેનો સાક્ષાત્કાર....

ચન્દ્રશેખર મહારાજ સ્વયં છે...

***એમના જીવનમાં વિશિષ્ટ પાંચ***
***આશિષ મલ્યા છે.***
***અને પાંચેય સાકાર થયા છે.***
***આશિષ એટલે દુઆનો***
***શ્રદ્ધાથી સ્વીકાર...***

# બેટા ! શાસન દિપક થજે.

૭૭

## માતા સુભદ્રા

સ્થળ : મેટર્નીટીહોમ

સમય : જન્મના જ દિવસ


માતાએ કાનમાં આ વાક્ય આશિષરૂપે કહેલું. હવે જુઓ આ આશિષનો ચમત્કાર...

લગભગ ૪૦-૪૨ વર્ષ પહેલા સૌરાષ્ટ્ર કે કચ્છના એક ગામમાં અમે વિહાર કરીને ગયા હતા. આખું ગામ માત્ર મુસલમાનોનું જ હતું. પરંતુ તે ગામના અગ્રણીઓ ચન્દ્રશેખર મહારાજના નામથી પરિચિત હતા.

ગામના મુસ્લિમ સરપંચ ચન્દ્રશેખર મહારાજને પ્રવચન માટે વિનંતી કરે છે. જ્યાં અમારા ઉતારો હતો ત્યાં જ ઉપરના માળે પ્રવચન ગોઠવાયું. ગામના ઘણાં મુસ્લિમો પ્રવચનમાં આવ્યા. જોતા પણ ડર લાગે તેવા-મુસ્લિમ લોકો બડી દિલચશ્પીથી પ્રવચન સાંભળે છે. મહાવીર દેવની વાતો કુરાનના સંદર્ભે રજૂ થાય છે. અને તે શબ્દો કઠોર દિલના મુસ્લિમોને પણ પીગળાવી મૂકે છે. ૨૨૦૦ વર્ષ પહેલા રત્નપ્રભુસૂરીશ્વરજી મ.સા. એ ઓસીયામાં ચોમાસું કરીને જે ચમત્કાર કર્યો હતો. તેનું સેંપલ આ ગામમાં જોવા મળ્યું. જૈન ધર્મ માટે મુસ્લિમોમાં આદર જાગે છે. આ જ શાસન પ્રભાવના કહેવાય ને ?

રામાયણ મહાભારત અને ગીતા પર જાહેર પ્રવચનો દ્વારા હજારો અજૈનોના જીવન પરિવર્તન કર્યા, આ સદીના અજૈનોમાં સૌથી વધુ લોકપ્રિય જૈન સંત પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી હતા.

માતાના આશિષ ફળે છે... અજૈનો સુધી જિનશાસન જ્યોતને પહોંચતી કરવી તે શાસન પ્રભાવના છે.



* વડીદીક્ષા - પ્રથમ પ્રવચન, પરમ ગુરુદેવ તથા માનસ ગુરુદેવ (ભાનુવિજયજી મ.સા.)

# ચંદ્રશેખર ! જ્યાં જાય ત્યાં સંઘને એક કરજે. ૭૮

– પૂજ્યપાદ્ ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ.સા.

રાધનપુર એટલે ગુરુદેવનું ગામ.

સાગર અને વિજય ગચ્છ વચ્ચે સંઘમાં મોટો વિવાદ ચાલતો હતો. દીક્ષા પછી પહેલી જ વાર ચન્દ્રશેખર મહારાજ રાધનપુર આવી રહ્યા હતા. સંઘમાં આ ઝઘડો લગભગ ૩૦-૪૦ વર્ષથી હશે.

રાધનપુરના જીવાભાઈ શેઠના દિકરા મહારાજ ગામમાં આવી રહ્યા છે. તેનો આનંદ સંઘમાં ખુબ હતો. જીવાભાઈ શેઠે નગર પ્રવેશની ભવ્ય તૈયારી કરેલી હતી. રાધનપુરથી આઠ કી.મી. દૂર ગોચનાથ ગામ હતું. ત્યાં પૂ. ગુરુદેવ આવી ચૂક્યા હતા. અને ત્યાંથી પૂ. ગુરુદેવે સંઘને જાણ કરી દીધી કે ''મારે રાધનપરુમાં પાંચ દિવસ રોકાવવાનું છે. પણ કાલે મારો પ્રવેશ તો જ થશે. જો તમે બે ય એક થઈને આવશો. નહી તો હું અહીં જ રોકાઈશ'' સંઘમાં ખળભળાટ શરૂ થયો મિટિંગો શરુ થઈ. આપણા મહારાજનો પ્રવેશ આપણા ઝઘડાના લીધે ન થાય તો આપણા ગામની આબરુ ધૂળ થાય. રાતે બે વાગે બેય પક્ષ એક થયા શામ-દામ-ભેદ-દંડ આદિ કોઈપણ નીતિ દ્વારા સંઘ એકતા કરવાના પ્રયાસો પૂ. ગુરુદેવે કર્યા અને આ પ્રયાસોને દાદા ગુરુદેવના આશિષે સફલતા અપાવી જ છે.

પુના ભવાની પેઠમાં ઝઘડો હતો રાતના ૯.૦૦ થી સવારે ૫ સુધી મિટિંગ ચાલી આખી રાત ગુરુદેવ જાગ્યા અને ઝઘડા મીટાવ્યા. લગભગ ૮૦-૯૦ સંઘોની શાંતિમાં આ આશિષના લીધે પૂ. ગુરુદેવ નિમિત્ત બન્યા.

મહારાજજી પ્રેમસૂરીશ્વરજી મ.સા.એ ખંભાતથી વિહાર કરતા મુનિ ચન્દ્રશેખર વિ.ને આશિષ આપતા એક વાક્ય કહેલું ''જ્યાં જાય ત્યાં સોય બનજે કાતર નહી'' આ શબ્દો મંત્ર બનીને પૂ. ગુરુદેવના જીવનમાં ફળે છે.

## ૭૯ "ઈન્દ્રવદન ! તું તો મારાથી મોટો વિદ્વાન થઈશ."

– પૂજ્યપાદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

નમિનાથના ઉપાશ્રયમાં બપોરે વંદન કરવા ઇન્દ્રવદન ગયો છે, પૂ. ભાનુવિજયજી મ.સા. પુસ્તકોના ઢગલા વચ્ચે બેઠા-બેઠા લખતા હતા. ત્યારે ઇન્દ્રવદન કહે છે ગુરુદેવ ! હું તો માત્ર સેવા કરીશ. આપનાં પુસ્તકો ગોઠવીશ, ત્યારે મહારાજજીના મુખમાંથી આ શબ્દો સર્યા તે શબ્દ આશિષ હતા. પૂજ્યશ્રીના હૃદયના ભાવ જોડાયેલા હતા અને ઇન્દ્રવદન ચન્દ્રશેખર મહારાજ બને છે.

- અધ્યાત્મસાર ઉપર વિવેચના લખે છે.

- જીવ સમાસ ઉપર ૧૮,૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત લેખન કરે છે.

- ૩૦૦ જેટલા પુસ્તકોનું લેખન કરે છે.

- મુક્તિદૂત માસિક લગભગ ૪૦ વર્ષ સુધી સ્વ કલમે જ ચલાવ્યું

આ હતી આશિષની સફલતા આવા તો અનેક સીમા ચિહ્નો સિદ્ધ કર્યા છે.

ગુરુદેવ પાસે ચાણક્ય જેવી સમજ હતી ચન્દ્રગુપ્ત જેવું સમર્પણ અને શૌર્ય હતા. તો મંત્રી રાક્ષસ જેવી વફાદારી હતી. ગુરુદેવ એક સંપૂર્ણ સામ્રાજ્ય હતા.

# ચંદ્રશેખર ! તારા વિરોધી પણ તારી ચારિત્રશુદ્ધિની પ્રશંસા કરશે ...

૮૯

– પ.પૂ. મુક્તિચન્દ્રસૂરિ મ.સા.

ઉત્તમ પુરુષોના આશિષ યોગ્ય પાત્રમાં ફળે છે. તે ન ભુલશો. જ્યાં બાવળ જ ઉગતા હોય તે જમીનમાં કેસરની ખેતી શકય નથી. આશિષ તો પાત્રને ફળે છે. અન્યથા નિષ્ફળ જાય છે. પ.પૂ.મૂક્તિચન્દ્રસૂરિ મ.સા., સ્વ. પ્રેમસુરીશ્વરજી મ.સા.ના સમુદાયના જ આ પરમ ગીતાર્થ આચાર્ય ભગવંત હતા.

સંઘર્ષ મય જીવનમાં અનેક કાર્યોમાં ઘણાઓ ગુરૂદેવથી ખીન્ન થયા દુશ્મન બન્યા પણ કોઈ વ્યક્તિએ પૂ.ગુરુદેવના ચારિત્ર સામે કાદવ ઉછાળવાની ગુસ્તાખી કરી નથી. તેઓએ જે હજારો ભવ-આલોચનાઓ વાંચી, આ આલોચનામાં ૯૦% આલોચના યુવાનો-યુવતીઓની આવતી હતી. પૂ. ગુરુદેવના શબ્દોમાં એવો જાદુ હતો કે યુવાનોના દિલ હાલી ઉઠતા અને પૂ. ગુરુદેવ પાસે પોતાની કાળી જીવન કિતાબ ખુલ્લી મુકી દેતા. આવી જે કાળી જીવન કિતાબો આવતી હતી. તેમાં જે પાપોના વર્ણન થતા હતા તેમાંય લગભગ ૯૦% પાપો કેવલ sex ના જ રહેતા હતા. આ પાપોનું વર્ણન ખુબ વિસ્તારથી થતું હતું. આ બધું વાંચતા વાંચતા ગુરુદેવ અમને કહેતા હતા કે ''આ શુદ્ધિ પ્રદાનની મારી જે રમત છે તે એવી જોખમી છે કે તેમાં હું કો'ક ને પાપના કલણમાંથી તારી લઉ પણ હું આ પાપો વાંચતા-વાંચતા જો ચલિત થાઉ કે મને નાનો પણ પાપનો વિચાર આવી જાય તો હું ડુબી જાઉં. એટલે આ એવી તરણ-રમત છે કે જેમાં શીખનાર (આલોચના લેનાર) તરે જ પણ શીખવાડનાર (પ્રાયશ્ચિત આપનાર) ડુબી જાય.'' તેવી શક્યતાઓ છે. પણ પૂ. ગુરુદેવ પરમ ગુરુદેવની કૃપાના જોરે નીલકંઠની જેમ તે બધા જ પાપો વાંચવા છતાં નિર્લેપ બનીને સ્વસ્થ રહી ગયા. આ હતો વડિલોના આશિષનો ચમત્કાર.

## ૮૧

# "મને આપમાં અમાસની અંધારી રાતમાં તારાનું તેજ દેખાય છે".

-પંડિત શ્રાદ્ધવર્ય પ્રભુદાસ પરિખ

રાજકોટના ચોમાસામાં પૂ. ગુરુદેવ વિદ્યાગુરૂ પંડિત પ્રભુદાસભાઇ પાસે વિદેશીઓની કુટનીતિનું અકળજ્ઞાનને મેળવતા હતા. જ્યારે ગુરુદેવ મળતા ત્યારે પંડિતજી રડતા રડતા કહેતા હતા. આપ જૈન સંઘના દિપક છો, તારા છો. આપની શાસ્ત્ર ચુસ્તતા જ આપનું તેજ છે.

પૂ. ગુરુદેવ આચારની ચુસ્તતામાં ખુબ દઢ હતા.

- મુહપતિનો ઉપયોગ તેમની ઓળખ હતી.
- સાદી જ ચીજો વાપરવાનો આગ્રહ સદૈવ રાખતા હતા.
- પ્રભુદાસભાઈ ગુરુદેવને કહેતા પુસ્તક મૂકવા કપડું જ રખાય. પાકિટ ન રખાય અને ગુરુદેવ કપડા જેવું જ ધંગધડા વિનાનું પાકિટ રાખતા.
- સંઘોને, યુવાનોને, તેમના જીવનમાં શાસ્ત્રના દર્શન થતા હતા.
- પંડિતજી ધર્મપિતા હતા. તેમના આશિષના બળે તેઓ નાસ્તિકતાના અંધકારમાં તારા સમાન જીવનભર રહ્યા.
- પાશ્ચાત્ય જીવન શૈલીના અન્ધકારને અન્ધકાર રૂપે દર્શાવવાનું કામ આ તારલાએ ૪૦ વર્ષ સુધી કર્યું હતું તે ન ભુલશો.

# એક ગુરુદેવઃ ચાર પ્રતિબિમ્બ... ૮૨

પ્રવચન આપતા પહેલા પૂ. ગુરુદેવ પાકુ હોમવર્ક કરતા હતા. મહત્વના જરૂરી કાર્યોની નોંધ પેડ ઉપર તેઓ અવશ્ય કરતા હતા.

આવા બહુમુખી પ્રતિભાશાળી ગુરુદેવ એક જ હોવા છતાં તેમના ચાર પ્રતિબિમ્બો મેં શોધ્યા છે.

૧) શ્રેષ્ઠ વક્તા ૨) કુશલ સંચાલક ૩) ક્રાન્તિ સર્જક ૪) સમય પાલનના અતિ આગ્રહી હતા.

પ્રવચનોમાં બુદ્ધિ-હૃદયનું જબ્બર જોડાણ જોવા મલતું હતું. શબ્દોમાં વજન હતું, તો તે શબ્દોની અસરનું તો ઘોડાપુર આવતું હતું.

''પ્રભુમિલન''ના કાર્યક્રમમાં પૂ. ગુરુદેવ ઉભા થઈને ગીતોની વચ્ચે પ્રભુ સાથેનો સંવાદ રચતા અને આ સંવાદોમાં એવી સંવેદના ઉભરાતી કે શ્રોતા તરીકે આવેલા હજારો લોકો ભક્ત બની અશ્રુપ્રવાહમાં વહેવા લાગતા.

પ્રભુમિલન તે શ્રોતાઓ માટે ભાવમૂર્છાની પ્રક્રિયા હતી. જ્યારે પ્રભુમિલનનું સ્થાન છોડીને શ્રોતાઓ બહાર નીકળતા ત્યારે પોતાના બદલાવ ને પોતે અનુભવતા. આ તો સિદ્ધિ હતી ચન્દ્રશેખર મહારાજની

હું પ્રસ્તુત વિભાગમાં કેવલ હૃદય જ બોલતું હોય તેવા ચાર વિધાનો પૂ. ગુરુદેવના રજૂ કરવા માંગુ છું. બૌદ્ધિક જગતમાંથી સમર્પણ જગત્માં પ્રવેશ કરાવનાર ચાર પ્રસિદ્ધ ઉપદેશો....

# ૮૩ "આપણું તો ભાઈ એવું..."

પૂ. ગુરુદેવ પોતાની નૈસર્ગિક શૈલીમાં નિર્ણયો કરતા હતા. પણ ક્યાંક આ નિર્ણય દ્વારા નુકશાન થવાનું જણાતા, તુરત જ માંડી વાળતા. આ કોઈ ચંચલ માનસિકતાનું ચિહ્ન નથી બલ્કે અહંકાર શૂન્ય હૃદયની સરળતાનું પ્રતિબિમ્બ છે.

ગુરુદેવ નિજવચન દઢમતિ (પોતાની જ વાતને સાચી ઠેરવવાના આગ્રહી) ન હતા પણ તેઓ નિજ વચનને સત્ય મતિથી જોનારા હતા.

એક શિષ્યને પોતાના ગ્રૂપમાંથી દૂર કરવા બાબતે તેના નામ સાથેનું લખાણ ગુરુદેવે મુક્તિદૂતમાં છાપવા મોકલી દીધું. છાપવાની શરૂઆત થઈ ત્યાં પેલા શિષ્યએ ગુરુદેવ પાસે પ્રાયશ્ચિત્ત લીધું.

પૂ. ગુરુદેવે છપાતા મેટરમાંથી કઢાવી લીધું. કેટલાક શિષ્યોએ પૂ. ગુરુદેવને ચેતવ્યા "ગુરુદેવ આ મહારાજ વારંવાર ભુલો કરે છે. હવે પુનઃ શા માટે માફ કરો છો ? ત્યારે પૂ. ગુરુદેવ અરિહંતની કરૂણા સાથે કહેતા હું ભાવિની શંકાથી આજે નિર્ણય ન કરી શકુ આજે તેણે લીધેલું પ્રાયશ્ચિત્ત કેમ ભુલાય માટે મારે આ મેટર દૂર કરવું છે. ત્યારે પ્રસિદ્ધ હૃદય સૂત્ર બહાર આવે છે.

"આપણું તો ભાઇ એવું"

વારંવાર વિધાનો બદલવા છતાં પૂ. ગુરુદેવ માટેનો વિશ્વાસ સંઘ સમાજમાં શ્રેષ્ઠ હતો આ જ છે સરળતાની કમાલ !!!

યાદ રહે વારંવાર વિચારો કે વ્યવહારમાં ફરી જનાર ગુરુદેવ સ્વ સ્વાર્થ માટે ક્યારેય ફરી નથી ગયા. તેમની નજરમાં કાયમ શાસન-સંઘ અને પરાર્થ અગ્રિમ ક્રમે હતો આ ત્રણ માટે તેઓ નાલેશીને પણ આશ્લેષમાં (બાથમાં) લઈ લેતા હતા. આ હૃદય સૂત્રનો મહિમા છે.

# "નિયતિને સલામ..." ૮૪

મહેનત કરવા છતાં પરિણામ પ્રતિકૂલ આવ્યું હોય ત્યારે પોતાની હતાશાને ઓગાળી નાંખવા આ સૂત્રનો પૂ. ગુરુદેવ કેમીકલ જેવો ઉપયોગ કરતા હતા.

ખુબ વિદ્વાન શિષ્ય કર્મના વિષમ ઉદયના લીધે ચારિત્રજીવન છોડી સંસારમાં જાય છે. પૂ. ગુરુદેવે ખુબ વ્હાલથી તેને બચાવવા પ્રયત્નો કર્યા પણ સફલ ન થયા. વળી સફેદ વસ્ત્રની ગરિમાને નજરમાં રાખી તેને સંસારમાં રવાના કર્યો

એક શિષ્ય એટલે ગુરુની જિંદગી છે તે ન ભુલશો ગુરુ પોતાનું ચૈતન્ય શિષ્યમાં આરોપિત કરે છે. તે શિષ્યની વિદાય એટલે જિંદગીની વિદાય જેવો તીવ્ર આઘાત હોય છે. પણ આ તો ચન્દ્રશેખર મહારાજ છે. તરત જ પોતાની સ્વસ્થતાને ઉપરના શબ્દ ઈલાજથી મેળવી લીધી.

પૂ. ગુરુદેવ પોતાના પ્રવચનોમાં પણ આ બાબતનો વારંવાર ઉલ્લેખ કરી શ્રોતાઓને હતાશમાંથી બચાવવા પ્રયત્નશીલ રહેતા હતા.

Everything is in order - નિયતિને સલામ

આ વાક્ય તેઓનું મંત્ર તુલ્ય રહ્યું હતું.

તેઓ પ્રવચનોમાં કહેતા હતા કે ''મારો પ્રયત્ન કેવલ સંઘ-શાસન સેવાનો છે. મારી શ્રદ્ધા નિષ્ફળ જાય તો નિયતિને સલામ.'' આ વાક્ય તેમનું Tension મુક્તિનું ઔષધ હતું.

# ૮૫ "સંસ્થા : શિષ્ય-શરીર" જાગીર નહી. જવાબદારી છે".

દિગંબર સંત રાજાને કહે છે. સુરજનો પ્રકાશ મારી ઉપર આવવા તત્પર છે. તું વચ્ચે હોવાના લીધે તે પ્રકાશ-કિરણ મારા ઉપર રેલાઈ શકતા નથી. આ હતી નિજાનંદની મસ્તી પરન્તુ....

સંપૂર્ણ આનંદ અને સંપૂર્ણ પ્રસિદ્ધિ સાથે ન ચાલી શકે. એટલે કે જો સંપૂર્ણ આનંદ જોઈતો હોય તો પ્રસિદ્ધિની ઉપેક્ષા કરવી પડે. જવાબદારી એ વિસ્તાર છે અને આત્મ જાગૃતિ તે આનંદ છે. કેવલ આત્મતત્ત્વ સાથેનું જોડાણ અઘરામાં અઘરો કોઠો છે. વળી પ્રસિદ્ધના ક્ષેત્રમાં જવાબદારી લેવી જ પડે છે. તે સમયે આત્માનુભૂતિનો આનંદ ખોવાય છે. આ હકીકત છે.

પૂ. ગુરુદેવ સંસ્થા શિષ્ય કે શરીરની જવાબદારીની પીડા માંથી પસાર થયા હતા. તેથી તેમણે કહ્યું આ ત્રણ કરોળીયાના જાળા છે. વિસ્તાર વધતો જશે અને વ્યક્તિને ભ્રમ ઉભો થશે કે "હું સ્વતંત્ર છું" પામર કરોળીયો મોટા જાળાને મુક્તિ માને છે, કારણ કે તે અજ્ઞાની છે.

પણ તે માણસ ! કે જે સંસ્થા આદિનો નિર્માતા છે. તે અજ્ઞાની શેનો ? તરવૈયો ડૂબે છે. તેનું કારણ અજ્ઞાન નથી. અતિ ઉત્સાહ છે. અથવા અતિ સંવેદના છે.

પૂ. ગુરુદેવ, સંસ્થા. શિષ્ય કે શરીરના સવાલોના કારણે ક્યારેક ખુબ સંવેદનશીલ બની જતા. તેથી આવું વિધાન સરી પડતું. પૂ. ગુરુદેવના જ શબ્દો નોંધુ તો પૂ. ગુરુદેવ કહેતા હતા "શિષ્ય-શરીર-સંસ્થા કેન્સર છે." છતાં જીવવા માટે કેન્સરને હવે રાખવું પડે તેમ છે.

આવા તીખા શબ્દો પછી ક્યારેક અમારા જેવા શિષ્યો ગુરુદેવને કહે કે સાહેબ ! આ જવાબદારી લેવાનું છોડી દો. તો ગુરુદેવ કહેતા કે દોસ્ત ! આવી સલાહ તારી જવાબદારી લેતા પહેલા પણ મને મળેલી મેં ન માની માટે તું મારો શિષ્ય છે.

પ્રસિદ્ધિ તેમના રસનો પદાર્થ ન હતો બલ્કે પરાર્થ માટે તે સતત તત્પર રહેતા હતા. આ પરાર્થ પ્રસિદ્ધિ રૂપે પ્રસરતો હતો.

ગુરુદેવનો પરાર્થ જ એવો અફલાતૂન હતો. કે તેઓ પરહિત માટે આગમાં પણ હાથ નાંખી દે.

# "દે દોટ સમંદરમાં" રામલો રાખણ હાર...

લીંબડીમાં ચાતુર્માસ હતું. ત્યાં કાનજી સ્વામી પણ રોકાયેલા હતા. કાનજીસ્વામી ન દિગંબર ન શ્વેતાંબર હતા. વસ્ત્ર પહેરતા હતા અને વાતો કુંદકુંદસ્વામીની કરતા હતા. નિશ્ચય પ્રધાન વાતોનું પ્રતિપાદન કરતા હતા. વ્યવહાર મત એટલે કે ક્રિયાકાંડનો વિરોધ કરતા હતા.

વ્યવહાર જિનશાસનના દીર્ઘાયુ માટેનું મહત્ત્વપૂર્ણ પાસું છે. ધર્મ વ્યવહારથી ચાલે, હા તેમાંય શંકા નથી જ કે નિશ્ચય વિના ધર્મ સફલ ન થાય નિશ્ચયનું પ્રતિપાદન હોય, પણ વ્યવહારનો એકાન્તિક વિરોધ ન હોય.

વ્યવહારનું ખંડન કરનાર કાનજી સ્વામી છે. અને તેઓ લીંબડીમાં જ છે. તેવી જાણ પૂ. ગુરુદેવને થતા. એક દિવસ બપોરેના સમયે કાનજી સ્વામીની સત્સંગ સભામાં સીધા જ પહોંચી ગયા. ઉંચી પાટ ઉપર સ્વામી બેઠા હતા. પૂ. ગુરુદેવ સીધા જ તેમની બાજુમાં બેસી ગયા. અને ધર્મચર્ચા શરૂ કરે છે. પૂ. ગુરુદેવ, કાનજી સ્વામીને કહે છે. જો નિશ્ચય જ કામ કરે છે, તો પછી આત્માને જ સાચવો શરીરને શા માટે સગવડ આપો છો.

ત્યારે કાનજી સ્વામી કહે છે (શરીર) પુદ્ગલની પુદ્ગલ (ભોજન આદિ) સાથેની રમત છે. પૂ. ગુરુદેવ તેમના આ વિધાનને લઈને સીધા ઉપસ્થિત શ્રોતાઓ સાથે વાત શરૂ કરે છે. અનેક શ્રોતાઓને કહે છે. તમારા સ્વામીજી અધુરી વાત કરે છે અને લોકોને ભોળવે છે પછી પૂ. ગુરુદેવ તર્ક પ્રચુર એક રમુજી વાત કરે છે.

પૂ. ગુરુદેવ દષ્ટાન્ત આપતા કહે છે. એક પુસ્તકમાં લખ્યું છે. કે ચોરી કરે તે સ્વર્ગે જાય. આટલી વાત પકડીને "ચોરીનું પ્રતિપાદન કરે છે." પણ આગળની લીટી નથી બોલતા કે તેવું કહેનાર પાપી છે. "તમારા સ્વામીજી માત્ર નિશ્ચયનું પ્રતિપાદન કરે છે." પણ વ્યવહાર ધર્મની વાત જ નથી કરતા.

અરે ! જો એટલું જ બોલો કે ચોરી કરનાર સ્વર્ગે જાય તો આ સત્ય નથી પણ ઉન્માર્ગ છે. તે જ રીતે કેવલ નિશ્ચયનું જ પ્રતિપાદન ઉન્માર્ગ છે. આમ કરવું તે યોગ્ય નથી બધા જ શ્રોતાઓ ચન્દ્રશેખર મહારાજની પ્રતિભાથી પ્રભાવિત થઈ જતા લાગ્યું. તેથી તે જ સમયે કાનજી સ્વામી વાતને આટોપી લેવા કહે છે. ચલો રામજીભાઈ સત્સંગનો સમય પુરો થયો.

કાનજીસ્વામી જેવા ધુરન્ધર સામે દોડી જવાની હિંમત ચન્દ્રશેખર મહારાજની હતી.

અમદાવાદ ટાઉનહોલમાં સ્વ. મોરારજી દેસાઈ અને પૂ. ગુરુદેવનું ''રાજનીતિ'' ઉપરનું પ્રવચન ગોઠવાયું હતું. કોમન વિષય ઉપર બે વકતાએ પોતાનો અભિપ્રાય રજૂ કરવાનો હતો. પહેલી ૪૫-મિનિટ પૂ. ગુરુદેવનું ધારાવાહી પ્રવચન થયું.

સભા સ્તબ્ધ હતી. જૈન સાધુ પાસે રાજનીતિનું આટલું તલસ્પર્શીજ્ઞાન હોઈ શકે !!! તે આશ્ચર્ય સાથે સહું બેઠા હતા. પૂ. ગુરુદેવે પ્રવચનમાં કહ્યું હતું. કે ''આઝાદી પછી દેશમાં પાંચ જ વર્ષમાં દૂધ-ઘીની નદીઓ વહેશે'' તેવી નેહરુની વાતો વાહિયાત પુરવાર થઈ છે. આ આઝાદી ગુલામી કરતા ય જુલ્મી છે.


આવા ભાવના ઉદ્‌બોધન બાદ મોરારજી દેસાઈ બોલવાનું શરૂ કરે છે. ૪૫ મિનિટના પોતાના ઉદ્‌બોધનમાં આઝાદીના ગુણગાન ગાય છે અને મીંઢા રાજકારણીની અદામાં પુનઃ વચનની લ્હાણી કરતા કહે છે ''આવનાર ૨૫ વરસમાં ભારત સમૃદ્ધિની ટોચે હશે'' આવા ગુબ્બારા છોડી માત્ર ગુરુદેવનાં વિધાનોનું ખંડન જ કરવામાં ૪૫ મિનિટ પુરી કરે છે.

આવા મોટા રાજકારણીની શરમમાં આવ્યા વિના, મોરારજી દેસાઈના ઉદ્‌બોધન બાદ પુનઃ ગુરુદેવે પાંચ સાત મિનિટનું ઉદ્‌બોધન કર્યું અને જણાવ્યું કે ''આ રાજકારણીઓ કેવલ વચનો આપી પ્રજાને ઉલ્લું બનાવે છે અને ગુરદેવે ગરીબી આદિની તીખી વાતો કરી તે વખતે પૂ. ગુરુદેવે કહેલું નેહરૂથી દેસાઈ સુધીના બધા નેતાઓ પાંચ વર્ષમાં દૂધ-ઘીની નદીઓ વહેશે તેવા આસમાની મહેલના

દર્શન કરાવતા ગયા અને આજે આઝાદિના ૨૫ વર્ષ થયા. દૂધ-ઘીની તો નદીની વાત છોડો, પાણીની પણ સુકાવા લાગી છે. અને પ્રજાને સંબોધતા ભાવાવેશમાં પૂ. ગુરુદેવે જણાવ્યું આ રાજકારણીઓથી સાવધાન રહેજો. ત્યારે સમગ્ર સભા આ કડક સમાલોચનાથી એવી ભાવ વિભોર બની કે તાળીઓના ગડગડાટથી પૂ. ગુરુદેવને વધાવી લે છે.'

વિ.સં. ૨૦૨૩ના અમદાવાદના ચાતુર્માસમાં તેરાપંથપ્રદાયના આચાર્ય તુલસીજીની સામે જબ્બર આંદોલન છોડેલું. તે વખતે ચન્દ્રશેખર મહારાજની ઉંમર ૩૩ માત્ર વર્ષની હતી. સામે આચાર્ય તુલસીની પ્રસિદ્ધિ, તાકાત દિલ્હીના તખ્ત સુધીની હતી. છતાં એવું ધારદાર આંદોલન ચલાવેલું કે "તેરા પંથ સંપ્રદાયના આચાર્યશ્રીને ચાલુ ચાતુર્માસે પ્રવચનો રોકવા પડેલા આ હતી. તેમની મહાશક્તિ...."

સ્વતંત્રતાના ભોગે શાંતિ ન જ હોય તેવું હૃદય સૂત્ર પૂ. ગુરુદેવનું હતું. વિરોધના સમંદરમાં દોડી જતા ગુરુદેવને ડર ન હતો.



# ૮૭ X-Ray ઓફ ચંદ્રશેખર મહારાજ...

દેખતું જ દેખાડે તે કેમેરાની આંખ છે. એકસ-રે તો નહી દેખાતું દેખાડે એટલે જેને જોવા માટે નજીક જવું પડે. પૂ. ગુરુદેવની આંતરિક અનુભૂતિ જ તેમના બાહ્યજીવનના Back-bone છે.

રૂપિયો પૈસામાં વિખરાઈ જાય તે બાહ્ય પ્રસિદ્ધિ છે. પણ તે પ્રસિદ્ધિનું કેન્દ્ર =રૂપિયો આંતરિક અનુભૂતિ છે.

ચન્દ્રશેખર મહારાજની બાહ્ય પ્રસિદ્ધિ આંખ આંજી દે તેવી છે. પણ આંતરિક અનુભૂતિ તો હૃદય ઝૂકી જાય તેવી છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હવે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પૂ. ગુરુદેવની આંતરિક વિશુદ્ધિ માટે અદ્વિતીય આદર ધરાવતા હતા. નરેન્દ્રભાઈ વારંવાર કહેતા હતા કે ''ચન્દ્રશેખર મહારાજના પુસ્તકોમાંથી મારા વિચાર માળખાનું ઘડતર થયું છે.''

આ રહ્યો ચન્દ્રશેખર મહારાજનો એકસ-રે...

પં. ચન્દ્રશેખર મહારાજનું જીવન ગુણોની બારાખડી છે.

કૃપા શક્તિનો વિશ્વકોષ છે.

ગુણો શીખવા હોય તો ચન્દ્રશેખર મહારાજના જીવનને જુઓ. કૃપાના કયા કયા અર્થ છે તે જાણવાનો કોષ તેમનું જીવન છે. કૃપા તો હતી પણ કૃપા માટેની શ્રદ્ધા ખુબ દૃઢ હતી. ભીવંડીમાં નાદુરસ્ત તબિયત બાબતે પૂ. ગુરુદેવ યોગેશ સાથે વાત કરતા હતા. અને રડતા રડતા તેઓ કહે છે. ''યોગેશ ! મારા ગુરુદેવનું આશિષ છત્ર મારી ઉપરથી હટી ગયું છે માટે મારી આ સ્થિતિ થઈ છે. વળી તેઓએ દૃઢતા પૂવર્ક કહ્યું મને પુનઃ આજ્ઞાપાલન કરવા દે. આ જીવન કૃપા શબ્દના અર્થ દર્શાવનારા કોષ જેવું છે.''

જૈન સંઘમાં આવેલી ભવ્ય ક્રાન્તિનું Key-Board ચન્દ્રશેખર મહારાજનું જીવન છે. તેમની નશોમાં વહેતા લોહીમાં હિમોગ્લોબીન આદિની જેમ પરાર્થ-પાપપીડા-શાસનપ્રેમ-સંઘ બહુમાન આદિ તત્વો વધુ જોવા મળશે.

પ્રસ્તુત વિભાગમાં તેમના Close-Up ને નિહાળી લઈએ.

# ગૌતમ બનીને જીવ્યા



મહાવીરદેવ તે સત્વનું રૂપ છે. ગૌતમ સમર્પણનો કલર છે. પં. ચન્દ્રશેખર વિજયજી પાસે સમર્પણ ગૌતમ જેવું હતું. સમર્પણ સીસ્ટમ છે તો ઉદારતા સ્માર્ટ એપ્લિકેશન તરીકે કામયાબ બને છે. ચન્દ્રશેખરવિજયની ખુદની ક્વોલીટી જલ્દી જલ્દી ઝુકી જવાની ન હતી. પણ પોતાના સદ્દગુરુઓ સામે ચન્દ્રશેખરવિજયે ક્યારેય માંથુ ઉચક્યું નથી. આ જ સમર્પણ તેમના સમગ્ર જીવનની સફલતાનું રાજ છે.

ચન્દ્રશેખરવિજયજી કેવલ સફલતાનું શિખર હતા તેવું નથી. તેઓ તો વર્તમાન કાલિન શ્રેષ્ઠ શાસન ભક્તિ સંઘ સેવા અને સંસ્કૃતિરક્ષાના ગૌરીશંકર હતા.

''પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. અને ચન્દ્રશેખરવિજય વચ્ચે ગુરૂ શિષ્ય તરીકે અદ્દભૂત સંબંધ હતો. મેં આ સંબંધની સુવાસ વારંવાર પૂ. ગુરૂદેવ (શ્રીમદ્દ ચન્દ્રશેખર વિજયજી) પાસેથી અનુભવી છે. પ્રેમસૂરીશ્વરજી મ.સા.નું નામ બોલતા વારંવાર ગુરૂદેવ ગદ્દગદિત થતા ગુરૂદેવને પોતાના ૯૦ શિષ્યોના ગુરૂપદમાં સમર્પણ સભર શિષ્યત્વ ખોવાઈ જતું લાગતું હતું.

તેમના હૃદયની આ પીડા મેં વારંવાર અનુભવી છે.

ગુરૂપદ જો ગૌરવ છે તો શિષ્યત્વ તે આંતરિક નિશ્ચિન્તતાની ગરિમા છે. ગૌરવ અને ગરિમા વચ્ચે મારા ગુરૂદેવ ગરિમાને ખુબ પ્રેમથી સ્પર્શતા રહ્યા છે.

પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના કાળધર્મ પછી ગુરુના સ્થાને પૂ. ભુવનભાનુસૂરિ મહારાજ આવે છે. ચન્દ્રશેખર મહારાજની પુણ્ય ગરિમા એવી મહાન્ હતી કે ''અનેક આચાર્ય ભગવંતો તેમને પોતાની પાસે લાવવા ઝંખતા હતા.'' કારણ સ્પષ્ટ છે કે ''જે તરફ ચન્દ્રશેખર મહારાજ હોય તે તરફ શ્રીસંઘના યુવાનો વળી જાય તેથી બીજા આચાર્ય ભગવંતો પણ એવું ઈચ્છતા હશે કે

ચન્દ્રશેખર મહારાજ અમારી નિશ્રામાં આવે પરન્તું ચન્દ્રશેખર મહારાજ જેમને પોતાના અસીમઉપકારી માને છે. તે પૂજ્યપાદ ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજની નિશ્રાનો સ્વીકાર કરે છે.

ચન્દ્રશેખર મહારાજ એવા પુણ્યના સ્વામી હતા કે ''તેઓ સ્વયં પોતાનું શાસન સ્થાપી શકે'' પણ એવી કોઈ ભૌતિક ખ્વાહિશ તેમનામાં ન હતી. કર્ણધાર ખુદ મુસાફર બનીને જ રહેવા ઝંખે છે. આ હતી જિન શાસનની ગૌતમ જીવનશૈલી.

નવસારીના ચાતુર્માસ બાદ સુરત જઈ પૂ. ગુરુદેવ પર્યુષણા તાલિમવર્ગ શરૂ કરીને વધુ યુવાનોને પર્યુષણ માટે તૈયાર કરવા માંગતા હતા. પણ પૂ. ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજનો આદેશ થયો કે ''ચન્દ્રશેખર અમલનેર ખાતે થનારી ૨૭ દીક્ષામાં તારે ઉપસ્થિત રહેવાનું છે.''

ગુરુદેવ તુરત જ તે આદેશ શિરસાવંદ્ય કર્યો હતો. સિદ્ધિની ટોચના સમયે પણ સમર્પણની તલેટીને જાળવી રાખવી તે ગૌતમશૈલીનું જીવન છે.


પૂજ્યપાદ ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના કાળધર્મ પછી તેમના ઉત્તરાધિકારી પૂજ્યપાદ જયઘોષસૂરીશ્વરજી મ.સા.ના નામની જાહેરાત ગુરૂદેવ પોતેજ કરે છે. સંયમ પર્યાયમાં માત્ર બે વર્ષ જ મોટા, પણ ઉંમરમાં બે વર્ષ નાના એવા ગચ્છાધિપતિ પાસે ગુરૂદેવ બાળકની જેમ રોઈને પ્રાયશ્ચિત કરતા.

૯૦ થી વધુ શિષ્યોના ગુરૂ

હજારો યુવાનો જેમને પોતાના ગુરૂ માને છે. તે પોતે નાનકડા શિષ્યની જેમ ગુરૂના ખોળામાં આંસુ પાડે છે આ અસામાન્ય કક્ષાનું સમર્પણ છે.!! ગુરૂદેવનું અસ્વસ્થ સ્વાસ્થ્ય હતુ. ત્યારે ગચ્છાધિપતિ

જયઘોષ સૂરિ મ.સા. એ સ્વ હસ્તાક્ષરે પૂ. ગુરુદેવને પત્ર લખ્યો હતો. તે પત્ર મળતા ૭૫ વર્ષના મહાન શાસન પ્રભાવક પૂ. ગુરુદેવ નાના બાળકની જેમ ખુશ ખુશાલ થઈ ગયા હતા. ત્યારે યોગેશને કહે છે આ પત્ર તું લેમીનેટ કરી સાચવજે. મારા માટે આ બહુ મૂલ્યવાન છે.

પંન્યાસ ચન્દ્રશેખરવિજયજીના અંતરમાં કે જીવનમાં ગૌતમીય શિષ્યત્વની ઝાંખી વારવાર થતી રહી છે. તેઓ વાતો મહાવીર દેવની કરે પણ તેઓ ગૌતમ બનીને જીવ્યા હતા.



૨૦૬૪ ફા.વ.૩ · [illegible]

વિજય યશોદેવસૂરિ તરફથી

વિનયાદિ ગુણોપેત પન્યાસ શ્રી વજ્રસેનવિજયજી ગણિવર જોગ અનુવંદના – તમે અને શ્રી ૯૩-૯૪ (૨૦૬૪) આવતાં તો આટલું જરૂર લખવાનું તમારી [illegible] – તમે જેમ વારંવાર [illegible] કાર્યમાં [illegible] કરી રહ્યા છો કાર્યસિદ્ધિ મેળવતા રહો છો – તેમ આપશ્રીના પ્રવચનો આશ્રિતોને અને યુવાનોને ધર્મમાર્ગ તરફ વાળવા [illegible] ઉપદેશ દ્વારા [illegible] આચાર સંયમ તથા સંયમ ગ્રહણ કરવામાં ઉત્સાહિત કરો છો [illegible] કરવા માટે [illegible] છો અને તમે પણ [illegible] વાતોમાં

[illegible] માટે પણ [illegible] છે અને [illegible] છો આપશ્રીના [illegible] તમે કરી છે અને તમે [illegible] ઉપદેશ દ્વારા કરાવો છો [illegible] [illegible] સાધુ સાધ્વીઓને [illegible] કરાવી અને તમે આજે પણ [illegible] કરાવી રહ્યા છો [illegible] [illegible] પણ [illegible] છે. મારી પાસે તમે [illegible] કરો છો તે પણ તમે [illegible] [illegible] પણ કરેલ છે. તમારી [illegible] [illegible] [illegible] પણ [illegible] છે હજુ પણ તમારે [illegible] [illegible] છે [illegible] સેવા કરવાની છે માટે શરીરને [illegible] [illegible] [illegible] તમારા [illegible] રહે અને [illegible] સેવા કરતા રહો તેવા [illegible] આશીર્વાદ – [illegible]

# પ્રશ્ચાતાપના રૂદનના સ્વામી હતા

૮૯

અલ્પેશ જ્યારે પેલું ગીત લલકારે...

ક્યારે બનીશ હું સાચો રે સંત...

તે શબ્દો સાંભળતા આંખમાંથી અશ્રુપાત અવશ્ય થઈ જાય. ૫૯ વર્ષના સમગ્ર સાધુ જીવનના પર્યાયમાં ગુરુદેવની આંતરિક ઝંખના સતત રહી છે કે ''મને શ્રેષ્ઠ સાધુતા પ્રાપ્ત થાય'' નિરતિચાર ચારિત્ર જીવન તે તેમનું લક્ષ હતું. તે તેમનો આનંદ હતો.

તેઓ જ્યારે પણ નેમિસૂરીશ્વરજી સમુદાયના ચારિત્રધર મહાત્મા આચાર્ય કુમુદચન્દ્રસૂરીશ્વરજી મ.સા. ને મલતા ત્યારે હૃદયપૂર્વક વંદન કરતા વાસક્ષેપ નંખાવતા. એ જ રીતે સાગર સમુદાયના નવરત્નસાગરસૂરિજી મ.સા.ને શ્રદ્ધા પૂર્વક વંદન કરતા હતા.

સ્વસમુદાયમાં હિમાંશુસૂરીશ્વરજી મ.સા., ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. તેમની આસ્થાના કેન્દ્ર હતા અને તેમના સમયના ઘોર ચારિત્ર સંપન્ન મહાત્મા પૂ. મણિપ્રભવિજયજી મ.સા.ને જ્યારે પણ મળતા ત્યારે તેમના પગના તળીયે પૂ. ગુરુદેવ પોતાનું માંથુ ઘસતા હતા. આ હતી તેમની ચારિત્ર જીવન પ્રત્યેની તરફદારી.

એક વખત સમુદાયની માંડલીમાં મીઠી બહસ શરૂ થઈ કે ''આપણા સમુદાયમાં ''સમકીત'' કોનું શ્રેષ્ઠ ? અનેક મહાત્માઓએ જુદા જુદા એંગલથી જુદા જુદા મહાત્માઓના નામો આગળ કર્યા

ત્યારે પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિ મ.સા.એ ચન્દ્રશેખર મહારાજનું નામ રજુ કરીને સ્પષ્ટતા કરી કે દરરોજ ચા પીવી અને દરરોજ રડવું દુષ્કર છે. સતત પોતાની આદત માટે કકળાટ ચાલુ રાખવો મુશ્કેલ છે. જે ચન્દ્રશેખર મહારાજમાં દેખાય છે. ઇતિહાસમાં નંદીષેણના સમ્યગ્ દર્શનના પ્રભાવે ગણિકાને ત્યાં આવનાર ચારિત્રનો સ્વીકાર કરતા હતા.

તેવી જ ઘટનાનું પુનરાવર્તન ચન્દ્રશેખર મહારાજમાં દષ્ટિ ગોચર થતું દેખાય છે. તેમના સમ્યગદર્શનના કારણે ચા પીનારા તેમના શિષ્યો ચાના ત્યાગી બન્યા છે. મને તેમાં પં. જિનસુન્દરવિજયનું નામ યાદ આવે છે. આ શિષ્યની ચા ગુરુદેવની પોતાની ચા માટેના રૂદનથી છુટી ગઈ કેવી કમાલ !!!

પ્રવચન બાદ ગહુંલી ગાવાનો સમય તેઓ આપતા ન હતા. કોક વાર કોક શ્રાવિકા ભાવવિભોર બની ગાઈ લેતા, તો જે જે ગુણોનો ઉલ્લેખ થયો હોય તેની સામે પોતાની ખામી જાહેર કરીને રડતા હતા.

તેમનું રૂદન તેમની પ્રસિદ્ધિ તરફથી નિઃસ્પૃહાને દર્શાવનારું હતું પ્રસિદ્ધિ વજન બની ન જાય તેવી જીવનશૈલીને જ તેમણે અપનાવી હતી.

***પ્રભુ મિલનના અવસરે ઉભા ઉભા પ્રભુના ગુણ વૈભવોનું વર્ણન કરતા પૂ. ગુરુદેવ રડી પડતા હતા.***

***તો પર્યુષણા પર્વના પ્રવચનોમાં પરમાત્મા મહાવીર દેવના ઉપસર્ગોનું વર્ણન કરતા ચોધાર આંસુએ રડતા અમે જોયા છે. હજારોની મેદની વચ્ચે મહાવીરનું નામ લેતા ગળાગળા થઈ જાતા પૂ. ગુરુદેવને કોણે નથી જોયા ? રૂદન તેમની ઋજુતા હતી તે તો તેમના સૌન્દર્યને વધુ જીવન્ત બનાવતું હતું.***

***તેમના શબ્દોની અસર રૂદનના લીધે મીસાઈલ્સ જેવી થતી હતી.***

# તીર્થંકરોની સોસાયટીની કરૂણા... ૯૦

પૂ. ગુરુદેવશ્રીની સંવેદના એટલી બધી જીવંત હતી કે ''સંસારમાં બનતી ઘટનાઓને તેઓ ઘટના તરીકે સ્વીકારવાના બદલે અનુભૂતિના સ્તરે લઈ જતા હતા.

આ અનુભૂતિ તેમના આત્માનું સૌન્દર્ય હતી તો આ જ અનુભૂતિ તેમના આરોગ્ય માટે હાનિકર બનતી હતી. તેઓ દુઃખને સહી શકે તેવા કઠોર હતા. પણ બીજાના દુઃખોને જોઈ શકે તેવા નિષ્ઠુર ન હતા''

તપોવનના નાનકડા ભુલકાઓને મેનેજરે એક દિવસ આંબા ઉપર આવેલી કેરી તોડવાની રજા આપી અને બાળકો તો કેરીઓ તોડવા લાગે છે. આ દશ્ય ચન્દ્રશેખર મહારાજ માટે તીવ્ર પીડાનું કારણ બની ગયું.

નાદાન બાળકો જેની મજા લૂંટતા હતા તે મજા ચન્દ્રશેખર મહારાજ માટે સજા બની ગઈ. પત્થરો ડાળીને લાગતા કેરીઓ તૂટીને નીચે પડતી જોઈ ચન્દ્રશેખર મહારાજ રડવા લાગે છે. આ ગુનો બાળકોનો છે પણ સજા સ્વયં સ્વીકારે છે અને તે દિવસ થી ચન્દ્રશેખર મહારાજે કેરીનો ત્યાગ કરી દીધો.

રડતા રડતા મહારાજજીએ કહ્યું ''પત્થર ઝાડને વાગતો હતો અને પીડા મને થતી હતી.

રાતના ક્યારેક કુતરા કે બિલાડીનો રૂદનનો અવાજ સાંભળે અને ઉંઘમાંથી બેઠા થઈ જાય ત્યારે તેમનું મન સતત તે રૂદન કરતા બિલાડીમાં જાય શું વેદના હશે તેની ચિંતામાં ફરી ઊંઘી શકતા ન હતા.

# ૯૧

# પંન્યાસ ચન્દ્રશેખર મહારાજની આંતરિક બાદશાહી

- હિમખંડનો આઠમો ભાગ સાગરની સપાટી ઉપર તરતો દેખાય પણ તે ન ભુલશો કે ન દેખાતા સાત ભાગ સાગરમાં છે. પૂ. ગુરુદેવની પ્રસિદ્ધિ આઠમા ભાગ જેવડી નાની છે. બાકી તેમની આંતરિક શુદ્ધિ સાત ભાગ જેવી અડીખમ છે.

- આવો યાત્રા કરીએ સાગરના પેટાળની જેમાં કેવલ જાગ્રતિ અને વિશુદ્ધિ જ દેખાશે.

- ૬૦ વર્ષથી લગાતાર ૧૦૮ ઉગસગ્ગહરંનો જાપ તેઓ કરતા હતા. તેમને આ સ્તોત્ર માટે તીવ્રશ્રદ્ધા હતી. તેઓને આ સ્તોત્રના પરચાઓ પણ મળેલ હતા.

- તપ અને જપ કરતાય વિશુદ્ધ ચારિત્ર જીવનના પાલનમાં તેમને ખુબ શ્રદ્ધા હતી. તેમનો મુહપત્તીનો ઉપયોગ બેનમુન હતો.

- નિર્દોષ ગોચરીના તેઓ ખુબ આગ્રહી હતા. છતાં તેઓ જ્યારે આધાકર્મીનું સેવન કરતા હતા ત્યારે રડતા હતા. અને કમાલ તો તે છે કે આ રૂદન તેમણે જીવનના અન્તિમ સમય સુધી સાચવી રાખ્યું હતું.

- તેઓ ઉપવાસ કરતા ય આયંબિલ વધુ કરવાનું કહેતા હતા. તેથી જ તેમના શિષ્યોમાં અનેક મહાત્માઓને સો ઓળી થઈ ચુકી છે. મુનિશ્રી ધર્મ રક્ષિત વિજયની આયંબિલની ગોચરીમાંથી થોડા ભાત લીધા અને પૂ. ગુરુદેવ બોલેલા કે ''આ ભાતના પ્રભાવે તારા ખાઉધરા ગુરુમાં તપ જાગ્રત થાય તે શ્રદ્ધાથી લઉં છું.'

- ઉત્તમ અપ્રમત્ત સાધક : ઉત્તમ એટલા માટે કે પ્રસિદ્ધિની કામના વિના જ પ્રવૃત્તિમાં તત્પર રહ્યા હતા. અપ્રમત્ત એટલા માટે તેમનાં વ્યક્તિગત સ્વાર્થ કે સન્માનનો લગીરે ય વિચાર તેમણે નથી કર્યો. અને સાધક એટલા માટે કે તેઓ લક્ષ સાથે જીવ્યા અને લક્ષ પૂર્વક જ વિદાય થયા હતા. તેમણે પોતાના મૃત્યુ સમયની નોંધ જાતે જ લખેલી હતી.

સંવત ૨૦૪૨ના એટલે ૧૯૮૭માં ચન્દ્રશેખર માહારાજે ''વિશ્વશાંતિનો મૂલાધાર'' ભાગ ૨ - ૩, નામના પુસ્તકમાં પોતાના અંતિમ સમયની ભાવના, કલ્પના કે સંકેત કર્યા હતા કૃપાચાર્યના પાત્રમા અંતિમ સમયની વાત લખી છે જેના મહત્વના અંશો છે..

બધી જ મમતાઓને, દેહની પણ મમતાને, વિવેકજ્ઞાન દ્વારા તેમણે ખતમ કરી નાંખી હતી. તેઓ ભીતરમાં ભભૂકેલી વેદનાની આગના ભોકતા ન હતા, માત્ર દષ્ટા હતા. તે જોયા કરતા, એમ કરતા એક દિવસ આવી ગયો. એ એમનો અંતિમ દિવસ હતો બપોરે બાર ને ચાલીસે મિનિટના વિજય મુહૂર્તે પીંજર છોડી જવાનો હતો. પરલોક ભણી પ્રયાણ યાત્રા શરૂ કરવાનો હતો.

એ દિવસે સવારે દસ વાગે કૃપાળુદેવે ચાર આહારનો ત્યાગ કર્યો અરિહંતનું શરણું લીધુ તમામ મુનિઓને તેમની વિદાયવેળાનો ખ્યાલ આવી જતા સહું નજીકમાં આવી ગયા. મંત્રાધિરાજનો લયબદ્ધ જાપ ઊંચા સ્વરે સહુએ શરૂ કર્યો.

જીવરાશિ સાથે હાર્દિક ક્ષમાપના (ખામેમિ)

જાતના દોષો બદલ હાર્દિક એકરાર (મિચ્છામિ)

પરમેષ્ઠિ ભગવંતોને હાર્દિક વંદન (વંદામિ)

તેઓ સતત કરતા રહ્યા. અને પ્રસન્ન વાતાવરણમાં પ્રસન્ન ચિત્ત સાથે પ્રસન્ન મુદ્રામાં કૃપાળુદેવે પ્રાણનો ત્યાગ કર્યો.

આ શબ્દો વિશ્વશાન્તીના મુલાધાર પુસ્તકના જ છે. કાલ્પનિક પાત્રમાં કૃપાળુદેવને રજુ કર્યા છે. પણ પોતાની અંતિમ પળોની વાસ્તવિકતાનું ચિત્ર પૂ. ગુરુદેવે લગભગ ૨૭-વર્ષ પહેલા દોરેલું હતું. તે જ સમય, તે જ સ્થિતિ સાથે પૂ. ગુરુદેવે વિદાય લીધી !!!

# ૯૨ સરળતા જ તેમની રાજનીતિ હતી...

સરળતાની આ કહાની શાસન પ્રભાવક પૂ. આચાર્ય ભગવંત રત્ન સુંદરસૂરીશ્વરજી મ.સા.એ મને જણાવેલી અને તેઓશ્રીએ ખાસ ભલામણ કરી કે આ પ્રસંગની નોંધ સમાવવી જરૂરી છે.''પૂજ્યશ્રી સાથે પણ પૂ. ગુરુદેવશ્રીનો ખુબ ખુબ આત્મીયતાનો સંબંધ હતો.'' વાત વિ.સં. ૨૦૪૪ના શ્રમણ સંમેલનની છે. તે સમયે યુવા શ્રમણોની ટીમમાં શીલચન્દ્ર મહારાજ, પ્રદ્યુમ્ન મહારાજ, જિનચન્દ્ર-હેમચન્દ્રસાગરજી મહારાજ, રત્નસુન્દર મહારાજ, હેમરત્ન મહારાજ આદિ મુનિવરો આવતાં હતા. આ બધા મહાત્માઓ જિનશાસનના પ્રભાવકો હતા. પ્રચંડ પુણ્યના માલિક હતા. જૈન સંઘ તથા યુવાનોમાં આ બધા મુનિઓ તરફ જબ્બર આકર્ષણ હતું.

શ્રમણ સંમેલન ચાલતું હતું. આ યુવા મુનિઓમાંથી ઘણા મુનિઓ પણ સંમેલનમાં હતા. એક દિવસ સહુ યુવાશ્રમણો સાથે પૂ. ગુરુદેવ હળવી વાતોમાં મશગુલ હતા. પૂ. ગુરુદેવ પોતાના અંગત જીવનની વાતો અનુભવો સહુને જણાવી રહ્યા હતા. તેમાં ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિના આંદોલનની વાતો ચાલતી હતી. તેમાં પૂ. ગુરુદેવ દુઃખ સાથે, સહુ વચ્ચે કબૂલ કરે છે કે ''ઉજવણીના આંદોલનમાં મેં વધુ પડતી ઉગ્રતા દર્શાવેલી હતી.'' જે મારું અયોગ્ય પગલું હતું.

પૂ. ગુરુદેવશ્રીના આ શબ્દોમાં છલકાતી સરળતાથી સહુ યુવા મુનિઓને આશ્ચર્ય થાય છે. સહુના હૃદયમાં એવો વિચાર આવે છે. કે ''આ ચંદ્રશેખર મહારાજની સરળતા''

પ્રસિદ્ધ લોકો પોતાની ભુલનો બચાવ જ કરે, તેઓનું પુણ્ય એવું જબ્બર હોય છે કે ''તેમની ભુલ, દુનિયાને યોગ્ય લાગે'' આવા માહોલ વચ્ચે ચંદ્રશેખર મહારાજ જેવા ધુરન્ધર યુગ પુરુષ, બધાની વચ્ચે પોતાની ભુલને ભુલ તરીકે સ્વીકારે ''તે મહા આશ્ચર્ય કહેવાય.''

ચંદ્રશેખર મહારાજની આ સરળતાથી ઉપસ્થિત તમામ યુવા મુનિઓ અવાક્ થઈ ગયા અને નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાય વિદ્વાન્ યુવા શ્રમણ શીલચન્દ્ર મહારાજ કહે છે. ''ચંદ્રશેખર મહારાજની આ સરળતાને ક્યા શબ્દોથી નવાજવી ? તે મને સમજાતું નથી. અને મુનિશ્રી આગળ વધીને જણાવે છે કે'' મારા મનમાં ચંદ્રશેખર મહારાજ માટે જે ભ્રમ હતા તે આજે ભાંગી ગયા છે. ચંદ્રશેખર મહારાજ બાહ્ય જગતમાં ''મેગા સ્ટાર હતા'' તો આંતિરક જગત્માં ''રીયલ સ્ટાર'' હતા.

* શાંતાક્રુઝ યુવામિલનમાં વક્તૃત્વ સ્પર્ધામાં એક યુવાનનો ૧૩ મો છેલ્લો નંબર આવ્યો, ગુરૂદેવ પાર્લા આવ્યા. તે યુવાને આક્રોશ સાથે જણાવ્યું બધે જ પ્રથમ ત્રણ નંબર અપાય પણ આપે છેલ્લો નંબર જાહેર કરી મને અપમાનિત કર્યો છે. ગુરૂદેવ તરત જ પ્રવચનમાં પોતાની ભૂલની કબુલાત કરી ક્ષમા માંગી આ અદ્દભૂત સરળતાથી મંત્રમુગ્ધ બનેલો એ યુવાન એટલે યોગેશ મ. શાહ જે ત્યારથી ગુરૂ દેવનો ભક્ત બની ગયો.

* મુક્તિદૂતમાં વાચકોના અભિપ્રાયનો વિભાગ ચાલતો હતો. તેમાં જે સારા-સારા અભિપ્રાયો હોય તે જ મૂકાતા હતા. સુરતના નરેન્દ્રભાઈ હેક્કડ ગુરૂદેવના પરમ ભક્ત હતા. તેમણે પત્ર લખીને જાણ કરી આ વિભાગ સ્વ પ્રશંસા વિભાગ જેવો લાગે છે.

  હવે જુઓ ભક્તના આ ભાવનો અદ્દભૂત પ્રતિભાવ પૂ. ગુરુદેવે તુરત જ પ્રત્યુત્તરમાં જાણ કરી કે ''તારી વાત સાચી છે હવેથી આ વિભાગ બંધ કરશું.''

* ''હવે તો માત્ર ને માત્ર સર્વવિરતી'' નામના પુસ્તકની પ્રસ્તાવનામાં સંવત ૨૦૬૨માં ગુરૂદેવે લખ્યુ છે.

  હું આગ્રહભરી વિનંતિ કરું છું કે મારા લખાણથી મને મહાન્ ચારિત્રધર કોઈ ન માનશો. આ લખાણની કેટલીય કલમો હું પાળતો નથી.

  આ પુસ્તક-લેખનથી અને અનેક આત્માઓ તેનું વાંચન-મનન કરે તેનાથી મને જે પુણ્ય પ્રાપ્ત થાય તેનાથી એક જ અપેક્ષા છે, કે ''મને તીર્થંકર પરમાત્મા, તરણતારણહાર સીમંધર સ્વામીજીના દેશમાં-નગરમાં જન્મ મળે. મારી માતા અત્યન્ત ચુસ્ત શ્રાવિકા હોય. તે મને વધુમાં વધુ આઠ વર્ષની વય થતાં થતાં ભાગવતી પ્રવ્રજ્યા અપાવે. હું ઉચ્ચતમ કક્ષાની વિશુદ્ધ સંયમ જીવન જીવવાની આ ભવની મારી ભાવના આવતા ભવે પૂર્ણ કરું, અપ્રમાદ ની સાધના કરું, વીતરાગ અને સર્વજ્ઞ બનીને કૈવલ્ય પ્રાપ્ત કરું, સિદ્ધિપદ પામું''.

  મારા ગુરૂદેવને ઘણા લોકો ભોળા કહેતા હતા, ના તેઓ ભોળા નહી સરળ હતા. પરમાત્મા મહાવીર ની એક માત્ર આજ્ઞા ''હૈયાના સરળ બનો'' મારા ગુરૂદેવે જીવનમાં નખશિશ અમલમાં મૂકી હતી.

નવસારી તપોવનના ટ્રસ્ટી લલીતભાઈ ધામી અને તપોવન પાછળ આવેલા પ્રાચીન હનુમાન મંદિરના ભક્તો વચ્ચે રસ્તાની બાબતે વિવાદ ચરમસીમાએ પહોંચ્યો. સંસ્થાના હિતને ધ્યાનમાં રાખીને ધામીએ ભક્તો માટે સંસ્થામાં પ્રવેશ અટકાવી દીધો.

ધામી ન્યાયની જીદ ઉપર હતા. તો ભક્તો ભાવનાની જીદે ચઢયા. વાત વણસી મારા-મારી સુધી પહોંચી. લલીતભાઈના માથે જોખમ વધી ગયું. તેમને ભુર્ગભમાં ઉતારી દેવાયા. આ વિવાદના સમાચાર પૂ. ગુરુદેવશ્રીને મળ્યા. સરળતાની પ્રતિકૃતિ જેવા ગુરુદેવશ્રી સીધા હનુમાન મંદિર પહોંચે છે. મંદિરમાં ભક્તોનો આક્રોશ ચરમસીમાએ જ હતો. ગુંડાઓ પણ ભક્તો તરીકે હાજર હતા. ચન્દ્રશેખર મહારાજ માંથે ભારે જોખમ હતું. છતાં મંદિરે પહોંચી સીધા જ કલિકાલ સર્વજ્ઞની જેમ પૂ. ગુરુદેવ મહાદેવ સ્તોત્રનો શ્લોક બોલી હનુમાનજીની મૂર્તિને હાથ જોડે છે. વીતરાગતાને નમસ્કાર કરે છે.

પૂ. ગુરુદેવની ગીતાર્થતા સભર ઉદારતાથી ભક્તો શાંત પડી ગયા. ત્યારબાદ પૂ. ગુરુદેવ ૩૦ મિનિટનું ઉદ્દબોધન કરે છે અને કહે છે ''આપસી સંઘર્ષોમાં આપણે હિન્દુઓ ક્યાં સુધી કપાઈ મરશું ?'' જૈનો હિન્દુ જ છે હનુમાનજીના સદાચારને જે જૈન જીવનમાં ન ઉતારે તે જૈન નથી. ઉદ્દબોધનમાં આગળ મહારાજ કહે છે. હવે આપણે એક થઈએ અને હિન્દુ પ્રજા અને સંસ્કૃતિના રક્ષક બનીએ.

લાગણી સભર ઉદ્દબોધનથી તમામ ભક્તો ગુરુદેવના ભક્ત બની ગયા. જે ગુંડાઓ ચન્દ્રશેખર મહારાજને મારવા આવ્યા હતા. તે બધા રડતી આંખે માફી માંગે છે અને કહે છે. ''અમે આપને ઓળખવામાં ભૂલ્યા'' લલીતભાઈ અને ભક્તો વચ્ચે પણ ક્ષમાપના થઈ સંસ્થાના હિતમાં રસ્તો બંધ થયો વર્ષો જુનો વિવાદ શાંત થયો.

# નિઃસ્પૃહા= ચન્દ્રશેખર મહારાજ



નિઃસ્પૃહા=ઝંખના નથી, મેળવવા માટેનો પ્રયાસ નથી. વળી પૂ. ગુરુદેવ તો એવા કે તેમને જ્યાં એવું લાગે કે અહીં સ્પૃહા જાગી જવાના ચાન્સ છે. તો તેનાથી પણ દૂર ભાગે. અરે ! કો'કને ક્યાંક સ્પૃહા દેખાઈ જવાનો પણ જ્યાં ચાન્સ છે. તે ય ન જ જોઈએ આ હતી તેમની મજબૂત નિઃસ્પૃહાની કોર્ડન...

- કાળધર્મ બાદ પોતાની મુર્તિવાળા ગુરૂમંદિર ન બનાવવા તેવી આજ્ઞા પોતાના શિષ્યોને કરેલી. માત્ર પગલાની સ્થાપના કરવી.
- પોતાની પ્રેરણાથી થયેલ બે તપોવનો, સંસ્કાર ધામ અને સંસ્કૃતિ રક્ષક દળના કાર્યાલયોમાં ક્યાંય તેમનો ફોટો પણ મુકવા દીધો ન હતો.
- અજૈનોમાં રાહત કાર્ય હોય કે અનુકંપાના કાર્યો હોય પોતાનું નામ નહી પરમાત્મા 'મહાવીર' કે 'જૈન' ના નામથી કાર્ય કરાવતા.
- ચાતુર્માસ પ્રવેશ કે દીક્ષા જેવા વિશિષ્ટ પ્રસંગે પ્રવેશ હોય તો જ સામૈયુ કરાવતા અન્યથા બેન્ડ આદિના સખ્ત વિરોધી હતા.
- પ્રસંગોની પત્રિકા છપાવતા નહી, છપાવવાની હોય તો સાદી જ પત્રિકાના આગ્રહી હતા. ધામ કે દળના કાર્યક્રમોની આમંત્રણ પત્રિકા સાદી જ રહે છે.
- પોતાની નિશ્રામાં થતી રવિવારીય શિબિરોમાં માત્ર ચાર જ વસ્તુના જમણવારનો આગ્રહ રાખતા. મીઠાઈ-ફરસાણ ઉપર સખ્ત પ્રતિબન્ધ રહેતો હતો.
- પ્રભાવક પ્રસંગોની પત્રિકાઓનું ક્યારેય પોસ્ટિંગ કરતા ન હતા ''પૂજ્યપાદ પંન્યાસ ગુરૂદેવ'' સિવાય એકપણ વિશેષણ લખવા દેતા ન હતા.
- ગુરૂપૂજનનો ચઢાવો બોલાવતા નહી.

સુરત ઉંમરામાં ચાતુર્માસ પ્રવેશના દિવસે ગુરૂપૂજનની વાત આવી ત્યારે પૂ. ગુરુદેવે સિંહ ગર્જના સાથે ગુરુપૂજનને બદલે સાધર્મિક અને જીવદયાની ટીપ કરાવેલી. કે.પી. સંઘવીવાળા સુશ્રાવક બાબુભાઈ આ વાતથી ખુબ પ્રભાવિત થયા હતા.

- દેવનારના આંદોલનમાં સફળતા મળ્યા પછી પાર્લાથી પુનઃ કાંદીવલીના ચાતુર્માસ સ્થલે પૂ. ગુરુદેવ પધારી રહ્યા હતા. તે વખતે સંઘમાં અદમ્ય ઉત્સાહ હતો. પૂ. ગુરુદેવે હાંસલ કરેલા આ ભવ્ય વિજયને વધાવવા. સંઘે ભવ્ય સ્વાગત યાત્રાની તૈયારી કરી હતી. જ આ સ્વાગત યાત્રાના સમાચાર મળતા જ પૂ. ગુરુદેવ વહેલી સવારે ઉપાશ્રયમાં આવી ગયા. બધો જ કાર્યક્રમ રદ થઈ ગયો આ હતો પૂ. કમલસૂરિજી મ.સા.ની નિઃસ્પૃહાના વારસાનો અંશ.

- ગુરૂદેવના તમામ પુસ્તકો, મુક્તિદૂત માસિકનું પ્રીન્ટીંગ અને દેખાવ સાદો રહેતો હતો.

- વડી દીક્ષા પદસ્થ પંન્યાસ જ આપી શકે તેવા શાસ્ત્રીય નિયમને લીધે પૂ. ગુરુદેવે ભગવતી સૂત્રના જોગ કરી વિધિવત્ પંન્યાસ પદ સ્વીકારેલું, પણ તે પદારોહણને પ્રસંગ બનાવતી કોઈપણ Formality તેમણે રાખેલ નહી. પત્રિકા નહી, પદ સંબન્ધિત ચઢાવા નહી, સંસારી સ્વજનોને પણ જાણ કરેલ નહી. તપોવનમાં યુવામિલન હતું તે મિલનમાં જ પંન્યાસ પદ ગ્રહણ કર્યું. આ પદ ગ્રહણની વિધિ પંન્યાસ પુંડરિક વિજયજી મ.સા.ની નિશ્રામાં થયેલ હતી. ત્યારબાદ સાંજે જ નવસારી ખાતે બિરાજમાન પૂ. કુમુદચન્દસૂરીશ્વરજી મ.સા. પાસે પૂ. ગુરુદેવ આશિષ લેવા ગયા હતા.

- કુમુદચન્દ્રસુરિ મ.સા. પૂ. નેમિસુરિ સમુદાયના ઘોર તપસ્વી આચાર્ય મહારાજ હતા. પૂ. ગુરુદેવની તેમના પ્રતિ અખૂટ આસ્થા હતી. વિરાટ પુણ્યના સ્વામી ગુરુદેવ, વિશુદ્ધ સંયમ અને ઉત્તમ ગુણ ગરિમા સામે સદૈવ ઝુકી ગયા હતા. આ જ તેમની વિરાટતાની મજબૂત ધરોહર છે.

# સિંહ પુરૂષની સિંહ ગર્જના નિર્ભયી હતા

૯૪

સંભવનાથ ભગવાનના સ્તવનમાં પ્રીતની ત્રણભૂમિકા રજુ કરતા અવધુ આનંદ ઘન કહે છે. ''અભય-અખેદ-અદ્વેષ'' સંઘ-શાસન-સંસ્કૃતિ પ્રેમમાંથી પૂ. ગુરુદેવના સમગ્ર અસ્તિત્વમાં અભય જાગેલો હતો. તેઓ સત્ય સ્પષ્ટતા પૂર્વક રજુ કરતા હતા. અરે ! ક્યારેક આક્રોશ સાથે રજુ કરતા હતા. તેમના અખૂટ વકતવ્યોમાંથી સિંહ ગર્જના જેવા કેટલાક ''કલીપીંગ્સ રજુ કરૂં છું.'' વાંચતા-વાંચતા વાચકના ધબકાર વેગીલા બને તેવા વકતવ્યો છે.

- V.H.P. ના વડા પૂજ્ય ગુરુદેવશ્રીની મુલાકાતે આવેલા ત્યારે પૂ. ગુરુદેવ બોલેલા કે ''હીન્દુ યુવાનોને લાકડી આપશો તેનાથી સુરક્ષા શક્ય નથી હવે યુવાનોને ''મશીનગન'' આપવી પડશે. તો હિન્દુ સંસ્કૃતિની સુરક્ષા શક્ય છે.

- ગાંધીનગર ખાતે મીનીસ્ટરોની સભા હતી તેમાં પૂ. ગુરુદેવે ત્રાડપાડીને ગર્જના કરી હતી. અને કહ્યું હતું. કે ''પ્રધાનો ! મારી આપને એક નાનકડી સલાહ છે કે તમે જલ્દી રૂા. ૫૦ કરોડ બનાવી લો. પણ પછી તો પ્રજા કલ્યાણના કામ કરો... યાદ રહે આ વાત પ્રધાનોની સભામાં જ સામી છાતીએ તેઓએ કરી હતી.

- તપોવન નિર્માણનું કાર્ય ચાલતું હતું ધનની અતિ આવશ્યકતા હતી. કોક ભક્તે પૂ. ગુરુદેવને વિનંતી કરી, કે ''આપ મારા ઘરે પગલા કરો તો આપને લાખોનું દાન કરું''. ત્યારે પૂ. ગુરુદેવે આનંદઘનની ખુમારી સાથે ભક્તને સ્પષ્ટ સંભળાવી દીધું મારા ગુરુંએ મને સાધુ બનાવ્યો છે. ભિખારી નથી બનાવ્યો.

- તપોવનમાં અતિ શ્રીમંત વ્યક્તિના દાનની ઓફર લઇને તેમની અંગત વ્યક્તિ ગુરૂદેવ પાસે આવી. ગુરૂદેવે તેમના ધંધા થકી સમાજને થતા નુકશાનને લીધે તેમનું દાન સ્વીકારવાની ના પાડી.

- પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સા. સિંહ પુરુષ હતા. તેથી આ ગર્જના તેમની જ હોય તેઓ અભયના ઉપાસક હતા.

## ૯૫ કઠોરતા અને મમતાનું કપલ...

સંયમ પાલન માટે શિષ્યો ઉપર કઠોર થતા પૂ. ગુરુદેવને જોયા છે. તો સમાધિ માટે મમતાની વર્ષા કરતા પણ જોયા છે. ગુરુદેવ એક વાત વારંવાર કહેતા કે ''ગુરુ અનુવર્તક હોય''

આ પંચાશકની વાત છે. શિષ્યની પાછળ પાછળ વર્તન કરતા જાય, એટલે કે શિષ્યની ઇચ્છાને માન આપી ગુરુ પોતાની ગીતાર્થતા દ્વારા શિષ્યના હૃદયમાં સ્થાન મેળવી લે છે. અને શિષ્ય હૃદય વિજય તે ગુરુની સફલતા છે. બસ હવે શિષ્ય હૃદયમાં ગુરુનું રાજ ચાલશે.

ઈન્દ્રજિત વિજયને ભયાનક એક્સિડન્ટ થયો હતો. બેભાન થઈ ગયા હતા. પૂ. ગુરુદેવ સુરત હતા. અને ઈન્દ્રજિત વિજય ધારવાડ(કર્ણાટક) હતા. પૂ. ગુરુદેવને અકસ્માતના સમાચાર મલ્યા અને ગુરુદેવ બેચેન હતા.

પૂ. ગુરુદેવ ઇન્દ્રજિત વિજય સાથે સતત સંપર્કમાં હતા. પરોક્ષ રીતે ઈન્દ્રજિત વિ.ને સમાધિ અને વ્હાલ વરસાવતા જતા હતા. જેથી ઈન્દ્રજિતવિજય ટકી રહે.

ઈન્દ્રજિત વિજયનું ઑપરેશન ચાલ્યું. જ્યાં સુધી ઑપરેશનની સફલતાના સમાચાર ન આવ્યા ત્યાં સુધી પૂ. ગુરુદેવે મોંમાં પાણી ન નાંખ્યું.

પૂ. ગુરુદેવ ''સવારે ચા ન લે'' તો માંથુ તૂટી જાય છતાં મમતાના મહાસાગર ગુરુદેવ લગીરે ય ચિંતા કર્યા વિના પાણી વિના પાંચ કલાક રહ્યા હતા.

આ હતી અભિવ્યક્ત મમતા ગુરુ માટે મોટા-મોટા બલિદાન આપનારી ખાનદાન શિષ્ય પરંપરા જિનશાસનમાં ખુબ લાંબી છે. શિષ્ય ગુરુદેવનું માને તે તો નિયમ છે. સહજ છે આમાં શિષ્યનું બલિદાન શું ? એવું માનનાર વર્ગ મોટો હોય છે. તેવા સમયે તે ગુરુ તો ધન્યાતિધન્ય છે કે ''જે પોતાના શિષ્યો માટે પોતાની જાતને ઘસી શકે છે'' પં. ચન્દ્રશેખર મહારાજ તો પોતાના નાનામાં નાના શિષ્ય માટે આ મમતા ધરાવતા હતા.

# ચુસ્ત હતા જડ ન હતા...

૯૬

અમદાવાદમાં ૫૦ હજારની મેદનીમાં ઉપસ્થિત રહેવાનો પ્રસંગ બન્યો.

હિરારતન માણેક નામના જૈન શ્રાવકે ૪૦૦ ઉપવાસ કર્યા હતા. તેમનું પારણું આ સભામાં હતું.

તે સભામાં માઈક વિના અવાજ પહોંચે તેમ ન હતો માટે ગુરુદેવે માઈકનો ઉપયોગ કર્યો. સંપૂર્ણ સભાન અવસ્થામાં આ પગલુ ભર્યુ, આટલી વિરાટ જન મેદનીને સંબોધવા સાધન જરૂરી હતું.

હા. ચન્દ્રશેખર મહારાજ લાઈટ માઈક ફલાઈટના વિરોધી જ હતા. પણ તે વિરોધ જડ ન હતો. છતાંય સાધનના ઉપયોગ બાબતે ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મ.સા.એ પોતાની અરુચિ બતાવી. અને ચન્દ્રશેખર મહારાજે ગૌતમી સમર્પણથી ભુલનો સ્વીકાર કર્યો. એટલુ જ નહિ ગુજરાત સમાચાર વર્તમાન પત્ર તથા મુક્તિદૂતમાં સાધન વાપરવાની ભુલની માફી માંગી.

જોકે પૂ. ગુરુદેવ સાચા અર્થમાં સમયજ્ઞ હતા. તેમના વિચારોને તે બદલતા રહેતા હતા. ભુતકાળમાં જેનો તેમણે વિરોધ કર્યો હોય તે જ બાબતનો ઉપયોગ સંઘ શાસન હિત માટે તેઓ કરી લેતા હતા.

વળી પ્રસ્થાપિત પરંપરાને વળગી પણ જતા હતા.''સાધનનો વિરોધ એકાંતે કરતા જ રહેવું'' તેવી જડતા પૂ. ગુરુદેવમાં ન હતી. માટે ગુરુદેવ શાસ્ત્રચુસ્ત હતા. પણ શાસ્ત્ર જડ ન હતા.

પરંપરાના પાલનના જેમ લાભ છે. તે જ રીતે ક્યારેક પરંપરાના સાંયોગિક ત્યાગથી પણ લાભ થાય છે. જિનશાસનની સદીઓ જુની આ વ્યવસ્થા રહી છે. જેમાં પરંપરાના સત્ય કરતાય ચઢીયાતુ, એક મહાસત્ય છે શાસન પ્રભાવના.

હૃદયમાં આત્મ પ્રશંસાના ભાવ વિનાની પ્રભાવના, પરંપરાના પાલન જેટલા જ પરિણામને દેનારી બને છે. ભૂતકાળના ઇતિહાસમાં ડોકીયું કરવામાં આવે તો જૈનાચાર્યો આવનાર સમયને જેટલા જલ્દી ઓળખી લેતા હતા તેટલા જલ્દી અન્ય ધર્માચાર્ય ઓળખી શકતા ન હતા. માટે જૈનધર્મ તો પરંપરા કરતાય પરિવર્તનથી આગળ વધતો જાણાયો છે. પરંપરાનું પરિવર્તન તે ત્યાગ ન કહેવાય તે તો પરંપરાને વધુ સરળ બનાવવાની પ્રક્રિયા છે.

# ૯૭ તેમની પ્રશંસા સાધના હતી

કોઈપણ મલીન સ્વાર્થ વિના કેવલ શુદ્ધ અનુમોદનાના ભાવ સાથેની પ્રશંસા સાધના છે.

પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી નાનામાં નાના બીજાના ગુણોની ભરપેટ પ્રશંસા કરતા અમે વારંવાર સાંભળ્યા છે. તેઓ કહેતા સંઘમાં સારા કામ કરનારનો દુકાળ છે. તેમાં જે સારા કામો કરે છે તેમના પ્લસ જોઈ પ્રશંસા કરો, તો બીજાને પ્રેરણા મળશે.

- આચાર્ય હેમરત્નસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શન દ્વારા તૈયાર થતા શાહપુર તીર્થના દર્શન કરીને તેઓ આચાર્ય મહારાજને ભેટે છે. વળી કહે છે. આ અદ્ભૂત સર્જન દ્વારા હજારોની શ્રદ્ધા વધારવામાં તમે નિમિત્ત બનો છો. આ પ્રવૃત્તિની વ્યસ્તતામાં તમે તમારા શિષ્યોના અધ્યયનમાં સમય ફાળવી ન શકતા હો, તે સ્વાભાવિક છે. તો મહારાજ એક કામ કરો તમારા પાંચ શિષ્યો મને સોંપી દો, હું તેમને સુન્દર ભણાવીશ તમારા જેવા તૈયાર કરીને તમને સોંપી દઈશ. આ સક્રિય અનુમોદના ચન્દ્રશેખર મહારાજની હતી.

- યુવાન સાધુઓના સંયમ અને સ્વાધ્યાયના ઘડતર માટે તેમણે સ્વ કે પર સમુદાયનો ભેદ નથી જોયો મુનિશ્રી ચન્દ્રકીર્તિવિજય (પૂ. રામચન્દ્રસૂરિજી મહારાજ), મુનિશ્રી તત્વદર્શન વિજય, આત્મદર્શન વિજય આદિ પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના મહાત્માઓને પોતાની પાસે રાખી પૂર્ણ ઉદારતાથી તૈયાર કર્યા હતા.

- શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી દીલ્હી ખાતે સંસ્કૃતિ રક્ષા આદિ માટે પધારેલ. ત્યાંના વાતાવરણ વચ્ચે ઝીંક લેવી દુષ્કર હતું. છતાં પૂજ્યશ્રી ત્યાં જબ્બર મહેનત કરી રહ્યા હતા. પૂજ્યશ્રીની આ મહેનતને બિરદાવતો જબ્બર પત્ર પૂ. ગુરુદેવે લખ્યો હતો. જે પત્રના કારણે પૂ. રત્નસુન્દરસૂરીશ્વરજી મ.સા. ખુબ પ્રસન્ન થઈને પોતાના મિશનને પાર પડવા આગળ ધપવા લાગ્યા હતા. આ વાત જાહેરમાં આચાર્ય ભગવંતે ખુદે કરી હતી.

* છાપામાં કે અન્ય દ્વારા કોઈના સારા કાર્યની જાણ થાય તો ગચ્છ, પક્ષ કે ધર્મના ભેદ વિના તરત નાનકડો પોસ્ટકાર્ડ અનુમોદનાનો અચુક લખી દેતા.

* સંઘની એકતા માટે લગાતાર આયંબિલ કરનાર પૂજ્યપાદ તપ સમ્રાટ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.સા.ની સેવામાં પોતાના શિષ્ય મુનિશ્રી હેમવલ્લભવિજયને કાયમી ધોરણે ગોઠવ્યા હતા. આજે હેમવલ્લભવિજય શ્રી સંઘમાં બીજા હિમાંશુસૂરીશ્વરજી બનવા તરફ આગળ વધી રહ્યા છે.

* પોતાના શિષ્યોના પણ વિશિષ્ટ ગુણો, સ્વાધ્યાય, તપસ્યા કે શાસન પ્રભાવક કાર્યોની જાહેરમાં પ્રશંસા કે અનુમોદના કરતા હતા.

# ૯૮ આર્ષદ્રષ્ટા ચન્દ્રશેખર વિજયજી

જેને દુનિયા ન જોઈ શકે તેવું રહસ્ય જેને દેખાઈ જાય તે આર્ષદ્રષ્ટા છે.આજની ચાલચલગત ઉપરથી જે તેનું પરિણામ જોઈ શકે તે દીર્ઘદષ્ટા કહેવાય. એવા સજ્જનો હોય છે. કે જે સ્પષ્ટ દેખતા હોય છતાં બોલી ન શકે. પૂ. ગુરુદેવ તો દષ્ટા હતા. સાથો સાથ પ્રરૂપક પણ હતા.

પંન્યાસ ચન્દ્રશેખર મહારાજ સદીના યુગ પુરુષ હતા. તેમની પાસે Vision હતું. જેના દ્વારા તેઓ આશ્ચર્ય જનક બાબતો રજુ કરી શકતા હતા, જેને હું આર્ષદષ્ટિ કહું છું. આ દષ્ટિ કેમ આવી હશે ? તેના કેટલાક કારણો મને દેખાય છે.

દીક્ષા જીવનના પ્રારંભના ૯-૧૦ વર્ષ તેઓએ જબ્બર શાસ્ત્રાભ્યાસ કર્યો હતો. સંસ્કૃત સાહિત્ય-ન્યાય આગમ આદિનો એટલો ઠોસ અભ્યાસ હતો, કે જેના લીધે તેઓએ પોતાની આત્મ પરિણતિને ખુબ વિશુદ્ધ બનાવી લીધી હતી. તેમના હૃદયમાં જિન શાસનની પરાદષ્ટિ સ્થિર થઈ ચૂકી હતી. એટલે કે જિન શાસનની દષ્ટિએ લાભ-નુકશાન શેમાં છે. તેનો પાક્કો ખ્યાલ તેમની પાસે હતો. તેથી તેઓ તાત્કાલિક લાભના પ્રલોભનમાં આવ્યા વિના ખુબ શાન્તીથી નિર્ણય લેતા હતા. આ કારણે તેમને અન્તઃ સ્કુરણા થતી હતી. અને તે સત્ય બની જતી હતી.

ભવઆલોચના દ્વારા શુદ્ધ થવા યુવાનોને પ્રેરણા કરી, શિબિરો અને પ્રવચનોની અસરથી વીશ હજાર થીયે વધુ યુવાનો અને યુવતીઓએ પોતાની કાળી કિતાબ ગુરૂદેવને ખુલ્લા દીલે સોંપી દીધી. આ હતી ભવ આલોચના.

આ આલોચનાઓના વાંચનના લીધે પૂ. ગુરુદેવ પાસે વર્તમાન જૈનસંઘની કોહવાયેલી સ્થિતિનું સ્પષ્ટ દર્શન આવી ગયું હતું. આ આલોચના એટલે પ્રત્યેક વ્યક્તિની આત્મકથા હતી. આલોચનાઓ દ્વારા આઝાદી પછી ભારતીય સંસ્કારિતાના મૂલ્યોનો કેટલો હ્રાસ થયો છે તેનો અંદાજ ગુરૂદેવને આવી ગયો હતો. આ હતી સંઘ-સમાજ માટેની સ્પષ્ટ દષ્ટિ.

પૂ. ગુરુદેવ પ્રભુદાસભાઈના સંપર્કમાં આવ્યા. તેમના દ્વારા અંગ્રેજોની કુટીલતા તથા રાજનીતિના દાવપેચોની શિક્ષા પ્રાપ્ત થઈ. ગુરૂદેવને વિકાસની પાછળ ગોરાઓની મેલી મુરાદોની સમજ પ્રાપ્ત થઈ હતી. વિકાસની પાછળ સંસ્કારોનો વિનાશ. તેમ જ મેકોલેના શિક્ષણ દ્વારા સમાજનો મોટો વર્ગ નાસ્તિકતાની માનસીકતા વાળો પેદા થશે. તે સમજાઈ ગયું હતું. આ દીર્ઘદષ્ટિ હતી.

શાસ્ત્રાભ્યાસ અને શાસ્ત્ર બહુમાનના પ્રભાવે પૂ.ગુરુદેવશ્રી પાસે આર્ષદૃષ્ટિ આવી હતી. તો પ્રભુદાસભાઈ દ્વારા મળેલી ગોરાની ભેદનીતિની સમજના લીધે દીર્ઘદૃષ્ટિ હતી. તો આલોચનાના વાંચન દ્વારા સમાજનો એક્સ-રે આવી ચૂક્યો હતો. જેથી સમાજનું સ્પષ્ટ ચિત્ર તેમના માનસમાં હતું. જેને હું સ્પષ્ટ દૃષ્ટિ કહું છું.

મને કહેવાનું મન થાય છે. વર્તમાન શ્રમણ સંઘમાં ત્રણેય સ્તરના અભ્યાસવાળા મહાત્માઓ જડતા નથી, તે હતા કેવલ ચન્દ્રશેખર મહારાજ. જેમની પાસે શાસ્ત્ર, સમાજ અને રાજનીતિનો અભ્યાસ હતો.

તેથી જ તેઓ સમાજથી આગળ ચાલતા હતા. સમાજનું ભાવિ વહેલું જોઈ શકતા હતા. એટલે પૂ. ગુરુદેવ સ્વ સમય (જૈન શાસ્ત્રો)ના તથા પર સમય (વિદેશોની કુટનીતિના) ના જ્ઞાતા બન્યા.

ઘણાંને એવો સવાલ ઉઠતો હતો. દરેક વિરોધમાં કે દરેક જૈનસંઘના સવાલોમાં ચન્દ્રશેખર મહારાજ શા માટે કુદી પડે છે ? તેનો જવાબ એ જ છે કે ''ચન્દ્રશેખર મહારાજને જૈનસંઘની ગંભીર બિમારીની સ્થિતિની સૌથી વધુ જાણકારી હતી.

માટે તેઓ જલ્દી કુદી પડતા હતા. યાદ રહે ચન્દ્રશેખર મહારાજ માટે શાસન અને સંઘ સર્વોપરિ હતા. તેથી આ બેને જે બાબતથી ધક્કો લાગે તેવો અંદેશો પણ જો ચન્દ્રશેખર મહારાજને આવી જાય તો તે આગ બની ઉઠતા.

આ તેમનો સંઘ-શાસન માટેનો પ્રેમ હતો. તેઓ એકવાત વારંવાર કહેતા હતા કે ''વર્તમાન જૈન સંઘ એટલી હદે ખુવાર છે. કે હવે આ સંઘ વધુ એક પણ આઘાત જીરવી શકે તેવી સ્થિતિમાં નથી.'' પૂ. ગુરુદેવનું સંઘ વાત્સલ્ય એટલું ગાઢ હતું, કે ''તેમના માટે નાની પણ બાબત વધુ ગંભીર બની જતી''. તેમાં શંકા નથી કે આપણી જડતા સામે તેમની સંવેદના ખુબ જીવન્ત હતી, માટે તેઓ જે બાબતે વિહ્વલ બની જાય તે બાબત આપણે સામાન્ય લાગે કારણ કે આપણે સંવેદન શૂન્ય જડ છીએ. આ જ અસમાનતાના લીધે પૂ. ગુરુદેવના જીવન્ત સંવેદનને ઓળખવામાં સમગ્ર સમાજે થાપ ખાધી હતી.

ચન્દ્રશેખર મહારાજ શાન્ત રહી શકતા ન હતા. તે તેમની આક્રમકતાને છોડી ન શકે તે સ્વાભાવિક છે. કારણ કે તેમને સંઘ, સંસ્કૃતિ અને પ્રજાનું ભાવિ ગમગીન દેખાતું હતું. માટે જ તેઓ ''સદીના યુગ પુરુષ'' હતા. ધુરન્ધર જૈનાચાર્યો કે મહાન્ ધર્મોચાર્યોને પણ ચન્દ્રશેખર મહારાજ પોતાની વાતોથી વિચારતા કરી દેતા. માટે તો તેમના અગ્નિદાહના સમયે વિશ્વહિન્દુ પરિષદના નેતા શ્રીયુત પ્રવીણ તોગડીયા બોલ્યા હતા. કે ''ચન્દ્રશેખર મહારાજ જૈન સાધુ હોવા ઉપરાંત એક હિન્દુ રાષ્ટ્રના સંત હતા અને ભારતની સંસ્કૃતિના સૈનિક હતા. તેમની ગેરહાજરી હીન્દુ પ્રજા માટે પણ મોટો શૂન્યાવકાશ બની રહેશે'' આ ત્રણ દષ્ટિઓના કારણે તેમણે જે વાતો વર્ષો પહેલા પોતાના પુસ્તકોમાં લખેલી હતી અને પ્રવચનોમાં બોલેલી હતી તે આજે વાસ્તવિક બનીને દેખાય છે.

પંન્યાસ ચન્દ્રશેખર મહારાજે કરેલા કેટલાક વિધાનો રજુ કરું છું.

જે આજે સ્પષ્ટ-સત્ય તરીકે દેખાય છે...

૧. ''અમેરિકા દેવાળુ કાઢશે.''

આ વાત હાલની આર્થિક મંદી તથા કુદરતી આપત્તિ, વળી ચીનની આર્થિક મંદીના લીધે અમેરિકાનું અર્થતંત્ર ડામાડોળ છે. અમેરિકા વિશ્વનું સૌથી મોટું દેવાદાર રાષ્ટ્ર છે.

૨. ''યુનાઈટેડ સોવીયેત રાષ્ટ્રસંઘ તરીકે ઓળખાતા રશિયાના ભાગલા પડશે.''

આ વાત જ્યારે અખંડ રશિયા હતું. જૈન U.S.S.R. કહેવાતું હતું. ત્યારનું વિધાન છે. જે આજે સંપૂર્ણ સાચુ પડ્યું.

૩. ''પાણી વેચાશે.'' સરકાર જ વેચવાના કોન્ટ્રેકટ આપશે.

કોર્પોરેશન આદિએ વોટરટેક્ષ લેવાનો શરૂ કર્યો છે. ખાનગી કંપનીઓને શુદ્ધ પાણીને નામે કોન્ટ્રેકટ આપાયા છે.

૪. રાસાયણિક ખાતર રોગ નોતરશે. જમીનને બાળી નાખશે.

હવે આ વાત નજરોનજર દેખાય છે. ખેડૂત રાસાયણિક ખાતર વિના પાક ઉગાડી નથી શકતો. જમીનની ફળદ્રુપતા ખલાસ થઇ છે.

૫. શ્રીમતિ ''સોનીયાગાંધી'' રાજકારણમાં આવશે.

રાજીવ ગાંધી સાથેના લગ્ન બાદ કરેલું વિધાન છે. અને 'ડમી' વડાપ્રધાન દ્વારા તેઓએ ભારત પર રાજ કર્યું છે તે હકીકત છે.

૬. ખ્રિસ્તીઓ – મુસ્લીમો ઝઘડશે.

સીરીયા ઈરાક, ઇઝરાયેલ આદિની સ્થિતિ જોતા વાત તદ્દન સાચી લાગે છે. આંતકવાદ અને અમેરિકાના સંઘર્ષો હાજરા હજુર છે.

૭. ગરીબો વધુ ગરીબ થશે, અમીરો વધુ અમીર થશે.

ઉદારીકરણ-વૈશ્વિકરણ તથા FDIના ચક્કરમાં આ વાક્ય સંપૂર્ણ સાચુ પડતું દેખાય છે. આઝાદી પછીના ૬૦ વર્ષ પછી પણ ગરીબ ભારતીય વધુ ગરીબ બન્યો છે.

૮. ગામડાઓ પડી ભાંગશે અને શહેરો ગીચ થશે. વર્ષો પહેલા કહેલી આ વાત આજે નખશીશ સાચી પડી છે. શહેરોની આસપાસ વસ્તીનો વિસ્ફોટ થયો છે. ગામડાઓ ખાલી થઈ ગયા છે. સ્માર્ટ સીટીની લોભામણી વાતો તે સમયે ગુરુદેવે જોયેલી હશે.

૯. "Express Highway" બનશે.

આ વાત જગ જાહેર છે. મોટા શહરોને જોડવાનું કામ ચાલું છે.

આવા તો કેટલાયે વિધાનો છે. જેમાં ચન્દ્રશેખર મહારાજની આર્ષ-દીર્ઘદ્રષ્ટિ સ્પષ્ટ દેખાય સદીના યુગ પુરુષ ચન્દ્રશેખર મહારાજના સમગ્ર અસ્તિત્વનો લેબોરેટ્રી ટેસ્ટ થાય તો તેમના કેમીકલોમાં શાસન સંઘભક્તિ, સંસ્કૃતિ રક્ષા, પ્રજાહિત, આદિ દ્રવ્યોનું જ પ્રાધાન્ય જોવા મળે. વન્દન યુગ પુરુષ મહાન્ ગુરુદેવ ને...

# ૯૯ સૂક્ષ્મ શક્તિના સ્વામી

મને મહર્ષિ પ્રાતંજલિના યોગ સૂત્રનું એક સૂત્ર યાદ આવે છે.

अहिंसायाः प्रतिष्ठायां वैर त्यागः ।


અહિંસાની સિદ્ધિથી તે સિદ્ધ પુરુષની ઓરા અહિંસક બને છે. તે ઓરાના વર્તુલમાં પ્રવેશનાર પણ અહિંસક બનવા લાગે છે.

વાત છે સુરતના નાનપુરાના ચોમાસાની પૂ.ગુરુદેવ નાનપુરામાં હતા. એકવાર સુરતમાં Night માટે વિખ્યાત ભજન ગઝલ સમ્રાટ અનુપ જલોટા આવેલા અનુપજીના દોસ્તે અનુપજીને કહ્યું ''સુરતમાં મહાન જૈન સંત બિરાજમાન છે. તેઓને આપ ભજનો સંભળાવશો'' ? અનુપજી તરત તૈયાર થઈ ગયા.


નાનપુરા ઉપાશ્રયમાં બપોરે ૧૨.૩૦ થી ૨.૩૦ સુધી ભજન ગાયકી ચાલી. પૂ. ગુરુદેવ અનુપજીના કંઠથી અને ભજનના શબ્દોથી ભીંજાવા લાગ્યા. બે કલાકમાં પૂ. ગુરુદેવે તો સંગીત અને શબ્દોનો આનંદ માણ્યો પણ અનુપજી તો પરિવર્તનના પગથારે દોડવા લાગ્યા. કાર્યક્રમ પત્યા પછી પૂ. ગુરુદેવે વાસક્ષેપ નાંખ્યો અનુપજી રવાના થયા. રાત્રે કાર્યક્રમપતાવી મુંબઈ ચાલ્યા ગયા.

બીજે દિવસે મુંબઈથી અનુપજીનો Phone પેલા ભાઈ ઉપર આવ્યો. જે ભાઈ ગુરુદેવ પાસે અનુપજીને લાવ્યા હતા. અને Phone માં અનુપજીએ કહ્યું કે "वो जैन मुनिजी को एक बात बताना....


उनको सुनाते सुनाते मै खुद सुनने लगा और मैं कल जग गया, और जैनमुनि के दर्शन और आशिष से मैने संकल्प कीया है कल से में Non veg नही लुंगा । ત્યારે અનુપજીએ તે પણ ક્હયું હતું. કે ''મારી પત્ની જૈન છે. તેણીએ મને વારંવાર Non veg છોડવા કહ્યું હતું. છતાં હું માનતો ન હતો.'' પણ जैनमुनि की ओरा से मैं प्रभावित हो गया । હું પૂ. ગુરુદેવની સાધકતા ચંદન જેવી શાંત હતી, પણ કસ્તૂરી જેવી પ્રભાવક હતી. વન્દન...વન્દન...




"મારી ત્રણ પ્રાર્થના" પુસ્તકનું છેલ્લું પેજ



વ્યાખ્યાન નોટ નં.૫ ના ઉપર કરેલ નોંધ



તપોવન મિલનમાં આપેલ પ્રવચનની નોંધ



પાર્લામાં યોગેશના ઘરે કરેલ પ્રવચનની નોંધ

# ૧૦૦ Management GURU....

જ્યાં આસ્થા હોય ત્યાં વ્યવસ્થાની જરૂર હતી પણ સમયના પ્રવાહમાં આસ્થા સાથે વ્યવસ્થાનું પણ મૂલ્ય વધવા લાગ્યું. આજે તો મહિમા જ Management નો છે. આસ્થા હોય કે ન હોય વ્યવસ્થાથી ચમત્કારો સર્જાય છે. વૈજ્ઞાનીક જગત્ વ્યવસ્થાને જ પ્રાધાન્ય આપે છે. તેથી તો હવે ''મેનેજમેન્ટ ગુરુઓની બોલબાલા છે.

પૂ. ગુરુદેવ Moral Guru તો હતા પણ Management ગુરુ પણ અવ્વલ હતા. તેઓ અમને શિષ્યોને કાયમ શિખવતા હતા કે ''જો તમારે શ્રેષ્ઠ પ્રવચનકાર થવું હોય તો ત્રણ શરતોનું પાલન કરજો.''

(૧) પ્રવચન કરતા પહેલા શું બોલવાનું છે તેની નોંધ અવશ્ય કરવી.

(૨) પ્રવચન દરમ્યાન વિષયાન્તર ન થવા દેવું.

(૩) પ્રવચન સમયમાં ઉઠાડવાનો ટાઈમ બરાબર પકડી રાખજો. વધુ બોલવામાં લોભમાં જો સમય વધુ લેશો તો શ્રોતાઓના માનસ ઉપર તમારી છાપ સારી નહી ઉપસે.

આ ગુરુદેવની અમારા માટેની મમતા હતી તે પ્રવચનનોના ક્ષેત્રમાં અદ્વિતીય હોવા છતાં પ્રવચન કરતાં પહેલા નોંધ અવશ્ય કરતા હતા જેના કેટલાક ''સેંપલ'' મૂકીએ છીએ.

# ચન્દ્રશેખર મહારાજ :
# Emperor of Achievements


૧૦૧

પૂર્વ દિશામાં ઉગતો સુરજ સમગ્ર બ્રહ્માંડને પ્રકાશિત કરે છે. માત્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં જ જીવન પસાર કરનાર ચન્દ્રશેખર મહારાજે એવા શકવર્તિ કાર્યોની શ્રેણિ રચી કે ''જેની નોંધ સમગ્ર ભારતના જૈનોએ લેવી પડી.'' સદીઓ સુધી નોંધ લેવી પડે તેવા કાર્યોની સૂચિ છે.

પૂ. ગુરુદેવે સ્વ પ્રસિદ્ધિ કે સ્વ પ્રતિષ્ઠા માટે કોઈ કાર્ય કર્યું નથી તેનો સાક્ષી સમગ્ર સંઘ છે. પણ પૂ. ગુરુદેવની નિષ્ઠા એટલી દઢ હતી કે તેમના દ્વારા થતા કાર્યો સ્વયં પ્રસિદ્ધ બની ગયા. ગાંધીની આઝાદિની લડત જેવી પૂ. ગુરુદેવની શાસનદાઝની લડત હતી. તેઓ જૈનાચાર્યોને પુરી આમન્યાં સાથે ક્યારેક કહેતા હતા કે ''આપ આચાર્ય છો છતાં આપ આ શાસનની રક્ષા કે ઉત્કર્ષ માટે કેમ ગંભીર નથી.'' અમને શિષ્યોને કહેતા ''મેં ટોળાઊભા કરી મારો વટ પાડવા તમને શિષ્ય નથી બનાવ્યા. મારે તો તમારામાં મરજીવા પેદા કરવા છે'' અને પોતાની નિકટના શ્રીમંતોને પૂજ્ય ગુરુદેવ કહેતા ''તમને મળેલાં અમાપ ધનમાંથી ખાવા પુરતુ ધન રાખી બાકીનું મને આપો મારે ઘટઘટમાં પ્રભુ શાસન અને મહાવીર દેવની કરૂણાને વહેવડાવવી છે.

ગુરુદેવના આ માત્ર શબ્દો ન હતા. બલ્કે આ હૃદય હતું. તેમના શબ્દોમાં તેઓ ખુદ દેખાતા હતા. ચાલો પૂ. ગુરુદેવના સમગ્ર જીવનના જીવન્ત કાર્યોના Flash Back ને જોઈ લઈએ શું Management Power હશે. જૈન શાસન અને સાથે સંસ્કૃતિનું કોઈ ક્ષેત્ર બાકી નહી રહ્યું હોય, જ્યાં ગુરૂદેવે પોતાનો ફાળો ન નોધાવ્યો હોય.

હવે સર્જનોના દશ્ય પુરાવાઓ રજુ કરવાનું મન થાય છે. વ્યક્તિ સ્વયં એક સામ્રાજ્ય બનીને વિસ્તરી શકે છે. તે સંદેશ ચન્દ્રશેખર મહારાજનું જીવન આપે છે. તેમના દરેક સર્જનમાં બે બાબતોના દર્શન થયા કરે છે. દરેક સર્જનનો આરંભ પાછળ પૂ. ગુરુદેવનો ભાવના વૈભવ ડોકાય છે. તો તે સર્જનની સંપન્નતા પાછળ વિરાટ પુણ્ય વૈભવના દર્શન અચૂક થાય. ભાવના તો ઘણા પાસે હોય પુણ્ય કો'ક જ વિરલા પાસે હોય છે. શિષ્યોના સર્જનથી માંડી દરેક સર્જન હવે પછીના વિભાગમાં જોવા-જાણવા મળશે.



* વડલાની વડવાઈઓ (અમદાવાદ તપોવન જિનાલય) * પૂ. ગુરુદેવનો સંયમ - સ્વાધ્યાય સમૃદ્ધ શિષ્ય પરિવાર

# ૧૦૦ શિષ્યોની સંઘને ભેટ માળીના મુનિપુષ્પો

૧૦૨

પૂજ્યપાદ ગુરૂદેવશ્રીના આરંભના વર્ષોમાં ચાર કે પાંચ શિષ્યો સાથે ની સંયમ યાત્રા ચાલતી હતી. ગુરૂદેવશ્રી એવું માનતા હતા કે ''શિષ્યોની બાબતમાં મારું પુણ્ય પાતળું છે'' તેથી ઘણાં મુમુક્ષુઓ તેમની પાસે દીક્ષિત થવા આવતા હતા. પણ તેઓ તેમને અન્યત્ર મોકલી દેતા હતા. આજે એવા અનેક મહાત્માઓ છે કે જેઓ સ્વમુખે આ સંદર્ભે વાત કરતા કહે કે ''ચન્દ્રશેખર મહારાજના પ્રવચનો ના શ્રવણે કે પુસ્તકોના વાંચનના લીધે મારો માહ્યલો જાગ્યો અને હું મહાભિનિષ્ક્રમણના માર્ગે વળ્યો'' આમ તો મારા ગુરૂદેવે તે સુયોગ્ય આત્માઓને વિવિધ સમુદાયના વિવિધ ગુરુઓ પાસે દીક્ષા માટે પ્રેરિત કરીને, ગુરૂદેવે દરેક સમુદાયમાં પોતાનો એકાદ સ્વજન તૈયાર કર્યો છે.

નાના ગ્રુપમાં જ રહીને શાસન સેવાની પ્રવૃત્તિ કરવાની મનોગત વિચારણામાં કડાકો બોલાય છે અને પૂ.ગુરૂદેવ વિ.સ.૨૦૩૬ની સાલથી પુનઃદીક્ષા આપવાની અને શિષ્યો બનાવવાની શરૂઆત કરે છે. વિ.સં.૨૦૨૭ની સાલથી વિ.સં.૨૦૩૫ના નવ વર્ષ દરમ્યાન પૂ.ગુરૂદેવે માત્ર ત્રણ દીક્ષા આપી. હતી. અને વિ.સં.૨૦૩૬ થી વિ.સં.૨૦૭૦ સુધીના ૩૪ વર્ષમાં ૯૦ આત્માઓને પ્રભુ મહાવીર દેવની સર્વવિરતિના ધારક બનાવ્યા. આ પણ પૂ.ગુરૂદેવની જિનશાસનને અદ્‌ભૂત ભેટ હતી. ૩૦૦ પુસ્તકોનું સર્જન તે જ્ઞાનપ્રતિભા હતી. પણ શિષ્યોનું સર્જન તો પુણ્યાનું બંધી પુણ્યની પ્રતિભા હતી. આજે આ ૯૯ મહાત્માઓ દ્વારા જિનશાશન સંઘની સેવાના શ્રેષ્ઠ કાર્યો થાય છે. પૂ.ગુરૂદેવે કેવલ શિષ્યો જ તૈયાર કર્યા છે. તેવું નથી આ શિષ્યો તો ''ટીમ ઇન્ડિયા'' ની જેમ સર્વ ક્ષેત્રોમાં પ્રવીણ શિષ્યોનું જુથ તૈયાર કર્યું છે. આજે પણ ભારતમાં જૈન સંઘોમાં એવી શ્રદ્ધા છે કે ''ચન્દ્રશેખર મહારાજના શિષ્યો જો ચાતુર્માસ માટે પધાર્યા હોય તો તે સંઘોને ખોટા બોજા કે અન્ય વિવાદોમાંથી પસાર થવું જ ન પડે. પૂ.ગુરૂદેવશ્રી ના દરેક શિષ્યોને પ્રથમ શિક્ષા એ જ હોય કે સંઘોમાં ક્યારેય વિવાદ ઉભો ન કરશો.'

આવા મુનિપુષ્પો જે જિનશાસનના ચરણે ધર્યા છે તે મુનિપુષ્પોની ગુણ-શક્તિ સુવાસનું અવલોકન કરશું ...

૧. **મુનિરાજશ્રી હર્ષસેનવિજયજી** જેમણે પૂ.ગુરૂદેવની લગભગ ૨૮ વર્ષ લગાતાર સેવા કરી. આ મહાત્મા અપૂર્વ સંયમી હતા. તેમને લગભગ ૧૦૦ બાધા હતી. સદૈવ માળા સાથે જ આ મહાત્માના દર્શન થતા હતા.

૨. **મુનિરાજશ્રી જયચન્દ્રવિજયજી** પર્યાય વૃદ્ધ છે. નાદુરસ્ત સ્વાસ્થ્યમાં ઉત્તમ આરાધના કરવા પૂર્વક સમય પસાર કરે છે.

૩. **પં. ઇન્દ્રજિતવિજય** કેવલ ૭ વર્ષની ઉંમરે ગુરૂદેવશ્રીના ચરણોમાં સમર્પિત થયા.અપૂર્વ વાત્સલ્ય મેળવ્યું. જ્યોતિષ આયુર્વેદ એલોપથી આદિનો ખુબ ઉંડો અભ્યાસ કરેલ છે. પૂ.ગુરૂદેવશ્રીની છેલ્લા ૩૦ વર્ષથી અપૂર્વ સેવા કરેલ હતી. નિઃસ્પૃહતા અને ઉદારતા જેમનો મુખ્ય ગુણવૈભવ છે.

૪. **પં. યશોભૂષણવિજય** અપૂર્વ સંયમી વર્ધમાન તપની ૧૦૦ ઓળીના આરાધક હતા અને ઉગ્ર તપસ્વી અને આરાધક હતા.

૫. **મુનિરાજશ્રી ગિરિભૂષણવિજય** - ઘોર તપસ્વી ૧૬-૧૬ ઉપવાસ ૨૯ વાર કરી ચૂક્યા છે. વર્ધમાન તપની ૮૦ ઉપરાંત ઓળીના આરાધક છે.

૬. **પં. મેઘદર્શનવિજયજી** જેઓ જૈન ધર્મના તત્વજ્ઞાનને સરળભાષામાં પ્રવચન, પુસ્તકો, અને ટપાલ દ્વારા તત્વજ્ઞાન સમજાવવામાં Master છે. જ્ઞાન દીપક બનો યોજના દ્વારા હજારો લોકોને પંચ પ્રતિક્રમણ શુદ્ધિ સાથે બોલતા કર્યા છે.

૭. **પં. જિનસુંદરવિજયજી** વિશિષ્ટ પ્રવચન શક્તિ અને પુણ્ય દ્વારા અનેક ધનવાનો ધનને સન્માર્ગે વળાવવામાં તેઓ નિમિત્ત બને છે. આ તેમની વિશિષ્ટ પુણ્ય શક્તિ છે.

૮. **પં. પદ્મદર્શનવિજયજી** ૧૦૦ ઓળીના આરાધક પં. ધર્મબોધિવિજયજી, પં. રાજરક્ષિતવિજયજી, પં. કલ્પરક્ષિતવિજયજી આદિ એવા મહાત્માઓ છે કે "જેમનાં પ્રવચનો", જેમનું પુણ્ય અને વિશુદ્ધ સંયમ શ્રી સંઘોમાં અનેક સત્પ્રવૃત્તિઓમાં નિમિત્ત બન્યા છે.

૯. **પં. મલયકીર્તિવિજયજી** Child specialist છે. અખિલ ભારતીય સ્વાધ્યાયપીઠ દ્વારા પ્રાથમિક સૂત્રો અર્થ વિગેરેના અભ્યાક્રમથી ભવિષ્યની પેઢીને તૈયાર કરે છે.

૧૦. **પં. હંસકીર્તિવિજયજી, પં.ભવ્યકીર્તિ** આ બે ભાઈઓ તપોવન અમદાવાદ ખાતે લગભગ ૧૭ વર્ષથી બાળ સંસ્કરણના મહાયજ્ઞની ધુણી ધખાવીને બેઠા છે. જૈન સંઘના ભાવિનું અદ્‌ભૂત ઘડતર તેઓ કરી શકયા છે. વળી વાચના અને વ્યાખ્યાનમાં પણ પ્રાવીણ્ય ધરાવે છે.

૧૧. **મુનિરાજશ્રી હંસબોધિવિજય** :- વ્યક્તિગત જીવનમાં તેઓ ખુબ નિઃસ્પૃહી તો છે જ વળી તેમના હૃદયમાં સાધર્મિકો માટેની પણ કરૂણા છે. માત્ર પૂ.ગુરૂદેવના એક જ વાક્ય ઉપર અમદાવાદમાં વસતા જૈન પરિવારોનાં હજારો બાળકોને વરસો વરસ લાખોનું અનુદાન દ્વારા સ્કુલ ફી માટે મદદ કરે છે. બંને તપોવનોમાં કરોડોનું યોગદાન કરાવ્યું

૧૨. **પં. ધર્મરક્ષિતવિજયજી** ૧૦૦ ઓળીના આરાધક છે. ઉગ્રતપસ્વી અને પ્રવચનકાર છે હાલ ગીરનાર તીર્થની સુરક્ષા કાજે છેલ્લા પાંચ વર્ષથી ત્યાંજ ચર્તુમાસ કરે છે.

૧૩. **પં. જિતરક્ષિતવિજય** ઉત્તમ સંયમ સાથે ગામડે ગામડે પાઠશાલાઓ ધબકતી રહે તે માટે અધ્યાપકો ને તૈયાર કરતી સંસ્કૃત પાઠશાલાના મૂળ પ્રેરણા સ્રોત છે. અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ પંડિતો તૈયાર કાર્યા છે.

૧૪. **પં. મનોભૂષણવિજય "LEARN AND TURN"**ના બેનર હેઠળ જૈનત્વના પાયાનો અભ્યાસ ક્રમ તેમણે તૈયાર કર્યો છે. મુંબઈમાં લગભગ ૪૦ સેન્ટરોમાં છ થી આઠ હજાર જૈન બાળકો જૈન ધર્મ અભિમુખ થયા છે.

૧૫. **મુનિશ્રી જિનપદ્મવિજય** પૂ. ગુરુદેવના કે અન્ય સ્વાધ્યાયી લેખક મહાત્માઓના પુસ્તકોના પ્રુફ જોવામાં અવ્વલ છે.

૧૬. **પં. હેમવલ્લભવિજય** સમગ્ર તપગચ્છના ૧૫,૦૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતોમાં આ મહાત્મા શ્રેષ્ઠ ગણી શકાય તેવા છે. પૂજ્યપાદ હિમાંશુ સુરીશ્વરજી મ.સા.ની શ્રેષ્ઠ સેવા તેઓએ કરી છે. લગભગ ૬,૦૦૦ આયંબિલ લગાતાર થયા છે અને આજીવન આયંબિલની પ્રતિજ્ઞા છે હાલ ગીરનાર તીર્થની સુરક્ષા કાજે છેલ્લા પાંચ વર્ષથી ત્યાં જ ચાતુર્માસ કરે છે. વળી તેઓ શ્રીસંઘમાં બીજા હિમાંશુસુરિ મ.સા. બનવા જઈ રહ્યા છે.

૧૭. **મુનિરાજશ્રી વિમલહંસવિજય** પરમહંસ વિજય મૂળ બારડોલીના પિતા-પુત્ર હતા હવે ગુરૂ-શિષ્ય છે છેલ્લા ચાર વર્ષથી અંતરિક્ષ તીર્થની સુરક્ષા કાજે સતત પ્રયત્ન શીલ છે.

૧૮. **મુનિરાજશ્રી ગુણહંસવિજય** પૂ.ગુરૂદેવના શિષ્ય ગણમાં અત્યંત વિદ્વાન મહાત્મા છે અનેક આગમ ગ્રંથો ઉપર વિવેચના કરી રહ્યા છે. સાધુ-સાધ્વીજી ભગવંતોના અભ્યાસમાં ઉપયોગી ગ્રંથોની શ્રેણિ પ્રકાશિત કરી રહ્યા છે. તથા ઉત્તમ અધ્યાપક પણ છે. તેમની જેમ જ મુનિ **શીલરક્ષિત વિજય** પણ ઉત્તમ પાઠક છે.

૧૯. **મુનિશ્રી પદ્મરક્ષિતવિજય,** મુનિશ્રી અનંતસુંદરવિજય તથા મુનિરાજ હંસવિજય સુંદર શાસ્ત્રાભ્યાસ સાથે ગુરુદેવશ્રીની જોરદાર સેવાભક્તી કરી છે.

- આવા ૯૯ શિષ્યો ઉત્તમ સંયમ પાલન સાથે વિવિધ શાસન સંઘ સેવાની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સદીઓ સુધી પ્રભુના ધર્મની પરંપરાને ચલાવનાર શિષ્ય પરંપરાના પૂજ્ય ગુરૂદેવ સર્જક હતા.

- છેલ્લા બે વર્ષથી માનસિક અસ્વસ્થતા અને વિસ્મરણના કારણે પૂ. ગુરુદેવ વિધિવત્ કોઈને પોતાના ઉત્તરાધિકારી નિયુક્ત કરી ન શકયા. તેથી પૂ. ગુરુદેવનો શિષ્ય સમુદાય પૂ. ગચ્છાધિપતિની નિશ્રામાં સંયમ જીવનની આરાધના કરે છે.

# તારા પુસ્તકો ભવિષ્યમાં શાસ્ત્ર બનશે. ૧૦૩

ચન્દ્રશેખર વિજયજી મહારાજના પ્રવચન કરતાયે કદાચ કલમ વધું તેજાબી હતી. જાણે કે શાહીને બદલે તેજાબમાં બોળી લખાતી હોય કોઈપણ ક્ષેત્ર બાકી ન હતું. જેમાં તેમની કલમે ડગ ન માંડ્યા હોય. પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ખાસ ધ્યાન રાખી તેની ચકાસણી કરતા હતા. કારણ તેઓ કહેતા હતા. ચન્દ્રશેખર તારા પુસ્તકો ભવિષ્યની પેઢી માટે શાસ્ત્ર બનશે.

શ્રેષ્ઠ સાહિત્ય સર્જક.... લેખન તે તેમનો શોખ હતો, કલા હતી. લખતા લખતા તેઓ થાકતા નહી તેમની પેન તલવારની જેમ સડસડાટ ચાલતી હતી. દિવસના ૧૦૦/૨૦૦ પેઈજ લખવા તેમના માટે રમત હતી. આપણે જોઈએ સમાજના કેટ કેટલા વર્ગને સ્પર્શતા સાહિત્યનું સર્જન કર્યું છે...

| | | |
|---|---|---|
| **સંયમજીવન માટે :** | ૧. મુનિજીવનની બાળપોથી | ૨. હવે તો માત્ર ને માત્ર સર્વ વિરતી |
| | ૩. ઉપદેશ માળા | ૪. વિરતિદૂત માસિક |
| **જૈન તત્વ જ્ઞાન :** | ૧. પ્રતિક્રમણ સૂત્ર વિવેચના | ૨. અધ્યાત્મ સાર, યોગ સાર |
| | ૩. ચૌદ ગુણ સ્થાનક | ૪. નવ પદ ચિન્તન |

ઘેરબેઠા તત્વજ્ઞાન માસિકના પ્રકાશન દ્વારા જૈનસંઘમાં ધાર્મિક Postal-Tution નો પ્રારંભ કરાવેલ.

| | | |
|---|---|---|
| **પ્રભુ ભક્તિ :** | ૧. ત્રિભુવન પ્રકાશ મહાવીરદેવ | ૨. વંદેવીરમ્ |
| | ૩. મારી ત્રણ પ્રાર્થના | ૪. અરિહંત ધ્યાન |
| | ૫. પરમાત્મા મહાવીરની વિશ્વને ચાર ભેટ | |
| **ગુરૂભક્તિ :** | ૧. ગુરૂ માતા | ૨. વિરાગની મસ્તિ |
| | ૩. ક્યારે બનીશ હું સાચો રે સંત | |
| **યુવાનો માટે :** | ૧. બ્રહ્મચર્ય | ૨. જો જે અમૃત કુંભ ઢોળાયના |
| | ૩. એ યુવાન ઉઠ ઊભો થા | ૪. ભવ આલોચના |
| **બહેનો માટે :** | ૧. નારી તું નારાયણી | ૨. ઓ જીજા મૈયા જલદી શિવાજીના દર્શન દો |
| | ૩. બેન તુ સંસ્કૃતિ તરફ પાછી વળ | ૪. ઘેર ઘેર ઘોર હિંસા |

જૈનસંઘના ઉત્કર્ષની Blue Print વિશ્વશાંતિનો મૂલાધાર

| | | |
|---|---|---|
| બાળકો માટે : | ૧. ટચુકડી કથાઓ ૧-૬ ભાગ | ૨. જૈન ધર્મનો મૌલિક પાઠ્ય ક્રમ ૧-૬ ભાગ |
| દાંપત્યજીવન માટે : | ૧. વર્ધમાનનું લગ્ન જીવન | ૨. જીવન જીવવાની કળા |
| પરિવાર માટે : | ૧. ગુણી કુટુંબ સુખી કુટુંબ | ૨. રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ ૧-૨ |
| રાજકારણ ઉપર : | ૧. આંધી આવી રહી છે | ૨. સ્વરાજનું લોખંડી ચોકઠું |
| | ૩. ભારત v/s. ઇન્ડિયા | ૪. ઈતિહાસનું ભેદી પાનું. |
| અનુભવ વાણી : | ૧. દાદાજીની વાતો ૧,૨,૩ | |
| બુદ્ધિ જીવીઓ માટે ; | ૧. વિજ્ઞાન અને ધર્મ | ૨. જૈન દર્શનમાં કર્મ વાદ |
| | ૩. ગાંધી વિચાર સમીક્ષા | ૪. જાગતા રેજો. |
| જૈન સંઘ માટે : | ૧. સળગતી સમસ્યાઓ ૧-૬ | ૨. ધાર્મિક વહીવટ વિચાર |
| વક્તાઓ માટે : | ૧. તારો જીવન પંથ ઉજાળ પાંચભાગ ઇતિહાસની ઝલકો | |
| અંગ્રેજી સાહિત્ય : | ૧. Call for Vigilece | ૨. Science and Religion |
| | ૩. Divine Lord Mahavir | |

પૂ. ગુરુદેવના જીવનનું સૌથી પ્રથમ પુસ્તક સાધાનાની પગદંડીએ હતું. અને છેલ્લુ પુસ્તક પશુનાશથી પર્યાવરણ નાશ દ્વારા માનવ જાતિનો નાશ હતું.


ભવ આલોચના નામના તેમના પુસ્તકની ૧ લાખ જેટલી નકલ વેચાઈ છે. જ્યારે જો જે અમૃત કુંભ ઢોળાયના ૫૦ હજારના આંકડાની પાસે પહોંચી ગઇ છે. ગુરૂદેવને જ્યારે પુછયું આપના પ્રમાણે આપનું શ્રેષ્ઠ પુસ્તક કયું ? ત્યારે તેમનો જવાબ હતો.

''ત્રિભુવન પ્રકાશ મહાવીરદેવ'' નું નામ આપેલ તેની પણ પચાસ હજાર જેટલી નકલો છપાઈ છે. બ્રહ્મચર્ય, કુંટુમ્બે સ્નેહભાવ, રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ ૧-૨,

જે ગુણી કુંટુમ્બ તે સુખી કુંટુંમ્બ, ટચુકડી કથાઓ ૧-૨, જેવા પુસ્તકોની વીશ હજાર જેટલી નકલો પ્રકાશિત થઇ છે. દસ હજાર જેટલી નકલો જેની છપાઇ હોય તેવા ૫૦ થી વધુ પુસ્તકો છે.

''તારો જીવન પંથ ઉજાળ'' પુસ્તકની ભૂમિકામાં કમલ પ્રકાશન ટ્રસ્ટ લખે છે. અઢી વર્ષ પૂર્વે ગુરૂદેવે આ પુસ્તક લખીને અમને સોપ્યું હતું. અન્ય પુસ્તકો પ્રકાશનની લાઇનમાં ઊભા હોવાથી સમય લાગ્યો. કેવી હશે લખવાની ઝડપ અને કેવી લગન હશે...

લગભગ ૩૦૦ નાના મોટા પુસ્તકોના સરેરાશ ૧૦૦ પાના ગણીએ તો ૩૦૦૦૦ પાના છપાયા એટલે કે ગુરૂદેવે સ્વહસ્તે લગભગ એક લાખથી વધુ પેજ લખ્યા હશે. આજે પણ ઘણા લેખો પ્રકાશિત થયા નથી. મોટા ભાગના પુસ્તકો આજે અપ્રાપ્ય છે.



* લેખન : મારો ધ્યાનયોગ

## ૧૦૪ મિશન ધર્મરક્ષા

### શિક્ષણ સાથે સંસ્કાર આપતા બે તપોવનો ... ...
### નવસારી  સાબરમતી






* ૧૦૦૦૦ થી વધુ બાળકોનું સંસ્કરણ
* ૫૦ જેટલા તપોવની બાળકો સંયમ પંથે
* વેકેશન શિબિરો દ્વારા હજારો બાળકોનું પ્રાથમિક ઘડતર
* બેઉ તપોવનનું સંચાલન હવે ભૂતપૂર્વ તપોવનીઓ દ્વારા.












DAY SCHOOL

# તપોવન વાત્સલ્યધામ - અમદાવાદ
# તપોવન વિદ્યાલય - ભાયંદર




## મિશન ઈન્શાન નિર્માણ



ઑડીટોરીયમ



અષ્ટપ્રકારી પૂજા (સ્કુલના સંકુલનમા)



એક્ટીવીટી



ઈ-લરનીંગ ક્લાસ રૂમ



નસરી ક્લાસ રૂમ

* સાત વર્ષથી અમદાવાદમાં
  બે વર્ષથી ભાયંદરમાં
* ૧૦૦૦ થી વધુ બાળકોનું સંસ્કરણ
* C.B.S.E. Base English Medium School
* દરરોજ એક પીરીયડ જૈન ધર્મ
  આધારીત Moral Education.
* પાંચમાં ધોરણથી છોકરા અને
  છોકરીની જુદી જુદી સ્કુલ

જૈન તત્વજ્ઞાન જગતમાં પહોચાડવા

# પ્રેમસૂરીસ્વરજી સંસ્કૃત પાઠશાળા

(૨૦ વર્ષના સંચાલનમાં)

**૪૫ વિદ્યાર્થીઓ સંયમ પંથે પ્રયાણ**
**૧૨૮ વિદ્યાર્થીઓ પંડિત તરીકે તૈયાર**
**૮ સ્થળે સાધુ-સાધ્વી વિદ્યાપીઠ**
**સાથે-સાથે**











તેમજ વેકેશન શીબીરો
થકી હજારો વિદ્યાર્થીઓને
જૈન ધર્મનું પ્રાથમિક જ્ઞાન
પહોંચાડયું છે.



# ૧૦૫-મિશન કરૂણા

# મિશન ભાતૃભાવ

## આવાસ યોજના













* વિનયનગર - મીરા રોડ
* રાજીવનગર - વિરાર
* સુરત
* નવસારી
* અમદાવાદ

* ૨૦૦૦ જેટલા સાધર્મિકોને ફ્લેટો અપાયા
* સંકુલમાં જ દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા, આયંબિલશાળા, ગ્રહઉદ્યાગ



# જીવદયા - જીવરક્ષા















* છેલ્લા ત્રીસ વર્ષમાં ગુરૂદેવની પ્રેરણાથી ૧૦૦૦૦૦ વધુ જીવોને અભયદાન આપી એને નિભાવવામાં આવ્યા છે.
* ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ ૨૦૦ જેટલી પાંજરાપોળોને કરોડો રૂપિયાનું દાનની પ્રેરણા કરાવી.
* ૧૦ થી વધુ પશુ–પક્ષી સારવાર માટે એમ્યુલન્સ

# ૧૦૬ મિશન શાસન પ્રભાવના

## મિશન માનવતા

## કુદરતી આફતો વખતે સદા યુવાનોને સ્થળ પર મોકલી કરોડોનું રાહત કાર્ય






## * ૧૦૦ કરોડથી વધુના રાહત કાર્યના પ્રેરક

* મચ્છુ ડેમ હોનારત
* કચ્છ ભૂકંપ
* સુનામી હોનારત – તામિલનાડું
* મુંબઈમાં પુર રાહત કાર્ય
* સુરતમાં પુર રાહત કાર્ય
* બુંદેલ ખંડમાં દુષ્કાળ રાહત કાર્ય
* બિહારમાં પુર રાહત કાર્ય
* કચ્છ દુકાળમાં કેટલ કેમ્પ
* મહારાષ્ટ્ર દુકાળમાં કેટલ કેમ્પ



## મિશન
## સંઘ
## ભક્તિ





## વૈયાવચ્ચ ધામ

* ઘાટકોપર
* ભાયંદર
* અમદાવાદ
* સુરત









* બારમાસી ચૌવિહાર હાઉસ
* પ્રીન્સેસ સ્ટ્રીટ(લુહારચાલ)
* ઓપેરા હાઉસ
* વિરતિવૃંદ આયોજીત કન્યા શિબિરો
* વર્ષ ૨૦૦૮માં ૧૩૨૫ યુવાનોની સ્પેશિયલ ટ્રેન દ્વારા ચોવિહાર છઠ્ઠ કરીને ગિરિરાજની ૭ યાત્રા
* પૂજા કરનાર બાળકોને પ્રભાવના
* ફટાકડા વિરોધી રેલી
* બાળકોની અષ્ટપ્રકારીપૂજા અને સામાયિક
* ૧૦૦ ઉપરાંત ગૃહ ચૈત્યોની સ્થાપના

# ૧૦૭-મિશન શાસન પ્રભાવના

## મહાવીર ખીચડી ઘર




મુંબઇ, ગુજરાતના અનેક સેન્ટરોમાં ગરીબોને ભોજન આજે પણ અઠવાડિયે એકવાર ૧૦૦ વધુ સેન્ટરમાં ખીચડી ઘર સુરતમાં દરરોજ ભિક્ષુક ભોજન

* શિયાળામાં ધાબળા વિતરણ
* આદીવાસી,
  અપંગો માટે શિક્ષણ આદિ સહાય
* કારગીલના શહિદ સૈનિકો માટે
  આર્થિક સહાય





યાદ રહે દરેક ખીચડી ઘરમાં
જમવા આવતા ગરીબો પાસે
નવકાર બોલાવાય છે.
મહાવીર દેવની જય બોલાવાય છે.











# ૧૦૮ મૌન સમર્પણ અને બોલતી શ્રદ્ધાનું પ્રતિક : મહાનંદાશ્રીજી

નામ મંજુલા હતું. સુભદ્રાબહેન અને કાન્તીભાઈના જ દિકરી ઈન્દ્રવદનથી સવા વર્ષ નાની બહેન

૨૦૦૮ના વૈશાખ મહિને ઈન્દ્રવદનની દીક્ષા થયા બાદ મંજુલાએ સંસારની દિશા પોતાના માટે બંધ કરી દીધી. તેણીનું અતંર પણ વૈરાગ્ય વાસિત બન્યું. બાહુબલિ પાછળ બ્રાહ્મીજી પણ સાધ્વી માર્ગે આવ્યા હતા. તે જ રીતે મંજુલાએ ભાઈની દીક્ષા બાદ પોતાની જીવન શૈલી બદલી નાંખી.

શંખેશ્વર મહાતીર્થમાં ઉપધાન કર્યા ત્યાર બાદ વિ.સં. ૨૦૧૪ માં પાલિતાણા ખાતે દીક્ષા જીવનનો સ્વીકાર કર્યો.

સાધ્વીશ્રી મહાનંદાશ્રીજી તરીકે સંયમયાત્રાનો આરંભ થયો. આ મહત્તરા પાસે જગત્ નોંધે તેવી કોઈ સિદ્ધિ ન હતી છતાં ય જગત્ ને તેમની હાજરી અનુભવાય તેવી ગુણ ગરિમા તેમની પાસે હતી.

મહાનંદાશ્રી એવી આસ્થાનું કેન્દ્ર છે. કે તેમને પૂ. ગુરુદેવે સમગ્ર જીવન કાળ દરમ્યાન ક્યારેય મહત્ત્વ નથી આપ્યું છતાં તેમની ગુરુદેવ પ્રત્યેની તીવ્ર શ્રદ્ધા ક્યારેય મંદ મેં નથી જોઈ. આ આસ્થા અપેક્ષા મુક્ત હતી માટે જ મજબૂત હતી.

પ્રારંભના વર્ષોમાં તો દીક્ષા જીવનની મર્યાદાના લીધે વર્ષોના વર્ષો બાદ ભાઈ મહારાજના દિદાર થતા. તે સમયે પણ વધુમાં વધુ અડધો કલાક ડર સાથે બેસવાનું પુનઃ વિભક્તિમાં ચાલ્યા જવાનું. પાછળથી તો પૂ. ગુરુદેવનો શિષ્ય પરિવાર પણ વધ્યો તમામ શિષ્યોની માતા બનીને દરેકની નાની મોટી જરુરીયાતોને પૂર્ણ કરવાનું કામ સાધ્વીજી મહારાજ કરતા. અમારી વાત જણાવું તો અમારી દીક્ષા પછી લગભગ સવા કે દોઢ વર્ષ બાદ પહેલીવાર પાલિતાણામાં અમને તેઓ મલ્યા. મારી ઉંમર માત્ર દશ કે અગિયાર વર્ષની મારી પાતરાની જોડમાં મોટું પાતરું ઝોળી બાંધવામાં જોર કરવાના કારણે તૂટી ગયું- તિરાડ પડી. મને સાંધેલું ગમતું ન હતું. પૂ. ગુરુદેવ પાસે માંગવું શી રીતે તે સવાલ હતો ? ત્યારે મહાનંદાશ્રીના માતૃ હૃદયે મારી બેચેનીની નોંધ લીધી અને મને નવું પાતરું


આપેલું તે દિવસે મને જે ખુશી મલી હતી તે ખુશીની ફાઈલ આજે પણ મારા હૃદયના ડેટામાં અપડેટ છે...

આ જ રીતે બીજા બહેન નીરુબહેન ભલે સંસારમાં છે પણ તેમની લેશ્યામાં તેના શ્વાસ-શ્વાસમાં કેવલ ચન્દ્રશેખર મહારાજ જ છે. સદ્ભાગ્ય છે તે બે ય બહેનોનું કે જેમને આ ભાઈ મલ્યા. પણ હું તો કહીશ કે આ ભાઈનું મહાભાગ્ય છે કે આવી બે બહેનો મલી કે જેમના મૌન સમર્પણ અને પ્રેમ ભાઈ માટે અપૂર્વ સંતોષ અને ભેટ બની રહ્યા.

આ જ પરંપરામાં પૂ. ગુરુદેવશ્રીના નાના સંસારીભાઈ પ્રફુલભાઈ આવે છે. પરસ્પરમાં પ્રેમ ભારોભાર હતો. ગુરુદેવશ્રીના આદર્શ પ્રધાન વિચારો સાથે પ્રફુલભાઈનું સમર્પણ જબ્બર હતું. પૂ. ગુરુદેવની સાથે જીવનભર પડછાયો બનીને રહ્યા છે.

પૂ. ગુરુદેવ કરતા વહેલા તેઓ સંસાર છોડી ગયા. પણ વર્ષા બહેન જે તેમના પત્ની છે. તેઓ બહુ મોટા કારોબારને સંભાળનારા સન્નારી છે. ઉત્તમ શ્રાવિકા તરીકેના જીવનને વ્યતિત કરે છે. વર્ષાબહેને સિદ્ધાચલની ૯૯ યાત્રા કરી લીધી છે. વળી સાચા જૈનત્વની પરિભાષાવાળા જીવનને મેળવવાનો તેણીનો પ્રયાસ છે.

તે સિવાય બાપાજી એટલે જીવાભાઈ શેઠના ત્રણ દિકરા ત્રણ પુત્રવધુઓ વસંતભાઈ લીલાવતીબહેન, ચન્દ્રકાન્તભાઈ મીનાક્ષીબહેન નલીનભાઈ જ્યોતિબહેન પણ પૂ. ગુરુદેવશ્રીના જીવન સાથે ગૌરવ ભેર જોડાયેલા છે.



* શ્રદ્ધાપૂર્ણ સમર્પણનો વ્હાલપૂર્ણ સ્વીકાર તા. ૧૨-૧-૨૦૧૧/૧૩-૧-૨૦૧૧
* પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં થયેલી છેલ્લી યુવા શિબિરિ

# ગુરુદેવ સાથેના મારા ૪૧ વર્ષ... ૧૦૯

નવ વર્ષની મારી ઉંમર અને ઈન્દ્રજિત વિજયની સાત વર્ષની ઉંમરે દીક્ષા થઈ. આ ઉંમર ભાવિના વિચારની ઉંમર ન હતી. ભાવિ શબ્દનો અર્થ જ ખબર ન હોય તેવી અણસમજની દુનિયામાં હું હતો. માને ઓળખતો ન હતો એટલે કે જીવનમાં મા નામની વ્યક્તિની શું આવશ્કતા છે. તેના પ્લસ-માઈનસથી હું અજ્ઞાત હતો. વળી ગુરુદેવ કોણ છે ? જીવન માટે ગુરૂ કેટલા ઉપયોગી કે ઉપકારી હોય છે, એવા તત્ત્વજ્ઞાનને હું સમજતો જ ન હતો.

હું વધુ સ્પષ્ટ કહું તો એમ કહીશ કે ''મારા અંતરમાં ગુરુદેવ માટે આકર્ષણ જાગ્યું ન હતું. એટલે હું કહી શકું કે યુગલિક કે સમુચ્છિમ જેવી નિર્વિચાર માનસિકતા સાથે જીવન ચાલતું હતું. તેમાં માબાપના માર્ગદર્શન પ્રમાણે દીક્ષા જીવનમાં પ્રવેશ થઈ ગયો. એટલે માને ઓળખ્યા વિના માને છોડાવી દેવાઈ તો ગુરુને ઓળખ્યા વિના જ ગુરુને પકડાવી દીધા અને અમારી નવી જીવન યાત્રાનો આરંભ થયો. શેરીમાં રમવાના સમયે અમે ઉપાશ્રયમાં હતા. તે અમારો ખુબ નાજુક સમય હતો. બાળપણ તે રમકડા સાથે રમવાનું જીવન છે. એટલે શૈશવ માત્ર ક્રીડા મસ્ત હોય છે.

તેવા નાદાન સમયમાં જ સમગ્ર જીવન માટેના નિર્ણય જેવા મુનિ જીવનમાં પ્રવેશ થઈ ગયો. મુનિ જીવન તે સામાયિકની કે ઉપધાનની ક્રિયા નથી. મુનિજીવન તો જીવન શૈલી છે: બદલાયેલી જીવન શૈલીમાં સ્થિર થવું તે ક્રમ નથી તે તો પડકાર છે.

પૂ. ગુરુદેવની ઉગ્રતા સાથે માસુમીયતનો અમને બહુ ઊંડો અનુભવ છે. તેમના વ્હાલને વિસ્તારથી વર્ણવવા માંગુ છું.

અમે નાના, તોફાની પણ ખરા, માટે મારા ગુરુદેવ ક્યારેક ઉગ્ર બનીને અમને મારતા હતા. પણ ઉભા રહો આ કઠોરતા પછી માત્ર દશ કે પંદર જ મિનિટમાં પૂ. ગુરુદેવ અમારી મા બની જતા. માર ખાવાના કારણે રડતા રડતા અમે સૂતા હોઈએ તો ગુરુદેવ અમારી પાસે આવી વહાલથી ચુમીઓ ભરતા, ખુદ રડતા, અમને શાંત કરતા. અને અમને એવું અનુભવતા કે ''મારા ગુરુદેવની દુનિયામાં માત્રને માત્ર અમે બે જ છીએ'' અને અમને માર ભુલાઈ જતો. વ્હાલ આજે પણ યાદ છે. આગળ વધીને હું કહીશ, કે અમે માર ખાવા માટે જાણીને તોફાન કરતા. મારી નાની સમજમાં એવું ગણિત

ગોઠવાયું હતું. કે જો વ્હાલ મેળવવું હોય, તો માર, તે વ્હાલ મેળવવા માટેનો રસ્તો છે અને માર તો જ મલે જો તોફાન કરીએ. વ્હાલ મને એટલું વ્હાલુ હતું કે તે મળતું હોય તો મને માર પણ ગમતો હતો. આ મારી નાની સમજની ગણતરી હતી. આ રીતે ગુરુદેવ સાથે બાલપણ પસાર થવા લાગ્યું. વિહારો થતા. રસ્તામાં થાકી જતા. રસ્તો રમતા રમતા કપાઈ જાય તે માટે પૂ. ગુરુદેવ અમને વાર્તાઓ કહેતા. જ્યારે અમે ત્રણ જ હતા. ત્યારે ત્રણેય ટાઈમ મારા ગુરુદેવ ગોચરી જતા હતા. ખુબ પ્રેમથી ગોચરી વપરાવતા. બાલપણ વૈભવ શાલી હતું. દીક્ષા લેવાથી મેં શું છોડ્યું છે તેનું ભાન જ ન હતું. પૂ. ગુરુદેવનો પ્રેમ જ એટલો મળતો હતો કે શું છુટ્યું છે તે યાદ જ ન હતું.

ધીરે ધીરે યૌવનમાં પ્રવેશ કર્યો માનવ સહજ શારીરિક વિકાસ સાથે અમુક સંવેદનાઓ જાગવા લાગી. તે મારી જિંદગીનો નાજુક સમય હતો. ભુલો વિનાનું યૌવન ન હતું. તો ભુલો સાથેનું પણ ન હતું. મનમાં જાગતા આકર્ષણો સામે મારા ગુરુદેવે નજર બંદી રાખેલી. પણ અમને બંદીવાન્ તરીકે પુર્યા ન હતા. તેથી અમે ચોરી છુપીથી અલગ જીવન જીવવાનું શીખ્યા ન હતા. દંભ આજે પણ નથી. પૂ. ગુરુદેવના આદર્શોનું ચારિત્ર જીવન મારામાં નથી. પણ એટલું ચોક્કસ કહીશ પૂ. ગુરુદેવ જેવો ઇચ્છતા હતા તેવો સ્વભાવ મને તેમની કૃપાથી મલ્યો છે. તેથી એટલું ચોક્કસ કહીશ જ્યાં જ્યાં ભુલો થઈ. ત્યાં તેના ઑપરેશન થયા અને ભુલો દૂર કરી. અમારી નૈતિકતાને પૂ. ગુરુદેવે પડવા નથી દીધી.

જોકે મારા અને ગુરુદેવના સંબંધોમાં તણાવ આવ્યા છે. પરસ્પર ખુબ લગાવ હતો તેના લીધે જ અપેક્ષાઓ પણ ખુબ હતી. મારી કુપાત્રતાના લીધે હું તેમની અપેક્ષાને આસ્થામાં ન ફેરવી શક્યો. છતાંય મારા ગુરુદેવે મને સાચવ્યો છે. તેમની કૃપા ખુબ હતી. મને યાદ છે ભીવંડીથી થાણા તરફના વિહારમાં રસ્તામાં પાણીનો ઘડો ફુટી જાય છે. હવે માત્ર તરપણીમાં થોડું પાણી બચ્યુ હતું. આગ્રહ છતાં ગુરુદેવે ન લીધું. તે પાણીમાંથી અમને થોડું થોડું પાણી આપીને ચઉવિહાર કરાવ્યો.

ઘણીવાર પૂ. ગુરુદેવ પાસે અમારી ફરિયાદો વિકૃત રૂપે રજૂ થતી હતી. તેથી અનેક વાર પૂ. ગુરુદેવના ગુસ્સાનો ભોગ બનવાનું થયું છે. ત્યારે પૂ. ગુરુદેવ માટે મનમાં ખટાશ જન્મી છે. છતાં પ્યાર તો સલામત જ હતો.

છેલ્લા મિલનની વાત લખી આ પ્રકરણને વિરામ આપીશ. વિ.સં. ૨૦૧૦નું મારું ચાતુર્માસ બોરીવલી – મંડપેશ્વર ખાતે હતું. અને ચાતુર્માસ દરમિયાન જ વિ.સં. ૨૦૧૧નું ચોમાસું ગોવાલીયા ટેન્ક નક્કી થઈ ગયું હતું. તેથી એવો નિર્ણય કર્યો કે શેષ કાળ મુંબઈમાં જ પસાર કરી દેવો.

મને સમાચાર મલ્યા જ હતા કે ''અમદાવાદ તપોવન ખાતે યુવામિલન-દીક્ષા છે. આ પ્રસંગ માટે મને વિનંતી અને નિમંત્રણ પત્ર આવેલ પણ મારે જવું ન હતું. એક દિવસ ઈન્દ્રજિત વિ.એ મને જણાવ્યું'' તમે આવો કારણ કે અહીં બધા સાધુ ભેગા થવાના છે. મેં કહ્યું ૧૨૦૦ કી.મી.નો વિહાર કરવાની મારી ઇચ્છા નથી.

''હું નથી આવવાનો'' એવી જાણ પૂ. ગુરુદેવને ઈન્દ્રજિત વિ. એ કરી, અને ત્યાં પૂ. ગુરુદેવ બોલ્યા કે ''બસ! ચન્દ્રજિત નહી આવે ?'' અને આ સમાચાર મને મલ્યા. મારી બધી જ મુંઝવણો સમસ્યાઓ બાજુ પર મૂકી. હું અમદાવાદ જવા તૈયાર થયો. હૃદયમાં એક જ ઝંખના હતી પૂ. ગુરુદેવનો હાથ માંથે પડી જાય.

અમદાવાદ માત્ર ૩૮-દિવસમાં પહોંચ્યો. તપોવન પૂ. ગુરુદેવ પાસે પહોંચ્યો. ગુરુદેવ સૂતા હતા રક્ત ભ્રમણ મંદ હોવાના કારણે મને જોયો પણ ઓળખી ન શક્યા. પણ થોડા સમય બાદ બેઠા થયા. રક્ત ભ્રમણ બરાબર શરૂ થતા જ મને જોયો માંથુ હલાવ્યું. ઓળખી ગયા અને રડી પડ્યા. આ મારા માટેનું યાદગાર મિલન હતું. ઉપધિ વગેરે ઉતારી પુનઃ મલવા નીચે ગયો. લગભગ મૌન રહેનારા ગુરુદેવ એકદમ મને પુછે છે. ''આ લોકોએ તારું સન્માન જાળવ્યું છે ને ?'' પુનઃ મૌન ત્યારબાદ લગભગ દોઢ મહિનો સાથે જ રહ્યો.

મને મારા ગુરુદેવે ૪૦ વર્ષમાં ખુબ આપ્યું. અમારી વચ્ચે સંઘર્ષો થતા, સંકલેશો રહેતા છતાં અપાર સ્નેહ હતો. મને એવી લગીરેય ધારણા ન હતી આટલી ઝડપથી ગુરુદેવ ચાલ્યા જશે.

મારી પાસે મારા ગુરુદેવની ઇચ્છા મુજબનું સંયમ નથી. છતાં એક વાત જરૂર લખીશ કે ગુરુદેવની કૃપાથી સરળતા મને મળી છે.

અંતમાં એક વાત જણાવી હું ૪૦ વર્ષ મને તેમની નજીક રહેવા મળ્યું. તેના લીધે મને જે સરળતા અને સ્પષ્ટતા મલી છે તેનો ખુબ સંતોષ છે. તેઓ હતા, ત્યારે જે હું હતો તેવો જ તેઓ નથી ત્યારેય છું તેમની ગેરહાજરી મારા અસ્તિત્વને ખંડિત કરી ગઈ છે. શૂન્ય કરી ગઈ છે. મારે તે ભરવી નથી કારણ કે તે ખંડ કે શૂન્યમાં મને મારા ગુરુદેવનો અભાવ અનુભવાય છે. મારી દૃષ્ટિએ ચન્દ્રશેખર મહારાજ એટલે અદમ્ય ઉત્સાહ, અપૂર્વ ઉદારતા અને આવશ્યક આક્રોશનું મૅચિંગ છે.


જે દુનિયાને અશક્ય લાગતું હતું તે જ કાર્ય ને અદમ્ય ઉત્સાહથી વધાવી લેવાની ક્ષમતા તેમનામાં હતી. જે લોકો ચન્દ્રશેખર મહારાજને પોતાના દુશ્મન ગણતા તેઓની બાબતમાં તેમની અપૂર્વ ઉદારતા મેં જોઈ છે. તપોવનના વિવાદમાં સામ સામે રહેનાર મુંબઈના અરવિંદ પારેખની તેમના ઘરે જઈને ક્ષમાયાચના પૂ. ગુરુદેવે કરી હતી. તેમનો ગુસ્સો સ્પીરીટ જેવો હતો દાહક હતો પણ તરત જ ઉડી જતો હતો.

અને જે બાબતમાં આક્રોશ કરવો જ પડે તે બાબતમાં તેમણે ક્યારેય શાંતિ રાખી ન હતી. ચંદનબાળામાં ચાતુર્માસ હતું. નીચેના પ્રવચન હોલમાં રાતના બાર વાગ્યા સુધી જોરદાર માઈક સાથે ભાવના ચાલતી હતી જેમાં છોકરા-છોકરીઓના નૃત્ય ચાલતા હતા. અને રાતે જ ભરભાવનામાં જઈ તીવ્ર આક્રોશ સાથે ભાવના બંધ કરાવી હતી. ચન્દ્રશેખર મહારાજ મારા માટે બધું જ હતા. આજે તે નથી ત્યારે મનમાં જે મુંઝવણ છે તે શબ્દાતીત છે. તેમની જગા લઈ શકે તેવું કોઈ જડતું નથી.

છેલ્લે એટલું જ કહીશ ગુરુદેવ ! આપ હતા ત્યારે આપનો ડર અને પ્રેમ બેય હતા. હવે માત્ર આપના માટેની શ્રદ્ધા છે. ખોટો હોઈશ તો ય આપનો છું. સાચો છું તોય આપનો છું.

**- પંન્યાસ ચન્દ્રજિત વિજય**

# તપોવન વાત્સલ્ય ધામ સમાધિતીર્થ સદીઓ સુધી યાદ રહેશે.



ગુરૂદેવ ! ઓ ગુરૂદેવ
મારે કરવા છે ... દર્શન આપના
કરું છું પ્રેમે વંદના ...
માગું છું આશિષ આપના ...(૧)

ચન્દ્રશેખર વિજય નામ ધરીને,
બન્યા શાસનનાં યોધ્ધા
વીર પ્રભુની વાણી સુનાવી,
તાર્યા અમ જીવનને
આપ વિરહના ભીના અશ્રુ (૨)...
નયનમાં ... કરું છું પ્રેમે... (૨)

વીરપ્રભુની કરૂણા વરશે,
ચંદ્રશેખરજી ઝીલે ...
આપની આજ્ઞા દિલમાં ધારી,
રહીશું તુમ ચરણોમાં,
આપો ભક્તિ, મૈત્રી, શુદ્ધિ (૨) ...
ગુરૂમાં ... કરું છું પ્રેમે... (૩)

ગૌતમને મળ્યા વીર પ્રભુ એવા,
તારક અમને મળ્યા
સમણું આપનું પૂરણ કરશું,
બનશું શાસન રખવાળા
શક્તિ અમોને દેજો એવી (૨) ...
કૃપાળા કરું છું પ્રેમે વંદના ...
માગું છું આશિષ આપના ...(૪)

# उत्पस्यते वसुधा वलये नऽसुयः

મહાકવિ ભવભુતિનું આ શાશ્વત વિધાન છે. તેઓ કહે છે ''કાળના મહાપ્રવાહમાં મારા પ્રયત્નને સાર્થક બનાવનાર કોક જન્મશે.''

મહાવીરદેવના શાસનમાં સદીઓથી પ્રયત્નો થયા અને તેમના ભૂતકાલીન પ્રયત્નોને સાર્થક કરનારા નરબંકા જન્મ લેતા રહ્યા છે.

પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સા. યુગ પુરુષ હતા.

''ચન્દ્રશેખર મહારાજ'' ધર્મ મહાસત્તાનું ૨૧ મી સદી માટેનું સર્જન હતા.

સદીને આનંદ થાય તેવું આ વ્યક્તિત્વ હતું.

યુગ પુરુષનું કામ પ્રાચીન પરંપરામાં નવ પ્રાણનો સંચાર કરવાનું છે. પુરાણી પરંપરાને update કરી newlook આપવાનું દુષ્કર કાર્ય પૂ. ગુરુદેવે કર્યું હતું.

મહાજન સંસ્થાનું જ update version વર્ધમાન ધામ છે. તો ગુરુકુલ વિદ્યા પદ્ધતિની પરંપરાનો newlook તપોવન છે. તેઓ ૭૭ વર્ષ શરીરમાં જીવ્યા.

હવે ૭૦૦ વર્ષ લોકહૃદયમાં જીવશે. અને યુગ પુરુષ તરીકે સહસ્ત્ર વર્ષ સુધી ઈતિહાસમાં સચવાશે.

ચન્દ્રશેખર મહારાજ લડ્યા ઝઘડ્યા-સંઘર્ષો કર્યા છતાં તેમને લોકોએ વ્હાલથી ચાહ્યા.


ચન્દ્રશેખર મહારાજનું જીવન પત્થરના શિલ્પ જેવું નાજુક ન હતું. પણ કિલ્લાના પત્થર જેવું રફ-ટફ હતું.

**પૂ. ગુરુદેવનું જીવન એટલે...**

વિચાર અને પ્રતિબદ્ધતાનું કપલ...

આગ અને શિતલતાનો સમન્વય...

સંઘર્ષ અને મૈત્રીની ધરોહર...



યુગ પુરુષ